હરિ: ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન
જીવનચરિત્રમાળા – ૬

# જીવન-તીર્થ

[ પાંચ પ્રેરક જીવનચરિત્રો ]

મુકુલભાઈ કલાર્થી

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

© મુકુલભાઈ કલાર્થી

કિંમત : રૂા. ૬–૦૦

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૦

પ્રકાશક :

મગનભાઈ ઓઝા,

ચરોતર એજ્યુકેશન સોસાયટી,

આણંદ, જિ. ખેડા.

મુદ્રક :

પ્રભાતસિંહ ઇનામદાર

પબ્લિકા પ્રિન્ટરી,

વલાસણ,

આણંદ થઈને, જિ. ખેડા.

ફોન નં. ૭૨૮૫ ( વલ્લભવિદ્યાનગર )

# પ્રકાશકનું નિવેદન

ગુજરાતના લોકશિક્ષક સ્વ. મોતીભાઈસાહેબને પ્રિય એવો સાહિત્ય-વિષય જીવનચરિત્રનો. જગતભરના મહાન પુરુષોનાં જીવનચરિત્રો વંચાવવાં, લખાવવાં, પ્રકાશિત કરવાં અને વાંચવા માટે ભલામણ કરવી એ એમનો અંતરઉર્મિનો આનંદ હતો.

એમની શતાબ્દીને વર્ષે એક વખત પૂ. મોટા અને શ્રી નંદુભાઈ સાથેની વાતચીતમાં મેં શ્રી સાહેબના એ જીવનરસની ચર્ચા કરી અને જીવનચરિત્રપ્રકાશન માટે કંઈક વ્યવસ્થા વિચારવા વિનંતી કરી. લોકઘડતર અને નવી પેઢીના ઘડતરમાં અદમ્ય ઉત્સાહ ને રસ ધરાવનાર પૂ. મોટાને આ વાત ગમી અને તેમણે ચરોતર એજ્યુકેશન સોસાયટીને જીવનચરિત્રો પ્રકાશિત કરવા રૂા. ૨૫૦૦૦ નું 'હરિઃ ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્ર ટ્રસ્ટ" સોંપ્યું. અને સોસાયટીએ પૂ. મોટાની ભાવનાને અનુરૂપ એવાં જીવનચરિત્રો પ્રકાશિત કરવાનું શરૂ કર્યું.

મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળાનું પહેલું પુષ્પ "ગુજરાતનું ગૌરવ," સન ૧૯૭૪માં, બીજું પુષ્પ "પ્રેરણાનાં ઝરણાં" સન ૧૯૭૪, ત્રીજું પુષ્પ "આત્માનાં અજવાળાં" સન ૧૯૭૬માં, ચોથું પુષ્પ "જીવન પંચામૃત" સન ૧૯૭૭માં અને પાંચમું પુષ્પ "અમૃતનું આચમન" સાહિત્ય પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

કથામાળાના ચોથા પુષ્પની તો દ્વિતીય આવૃત્તિ પણ સન ૧૯૭૮માં બહાર પાડવામાં આવી છે.

"જીવનતીર્થ" એ આ જીવનચરિત્રમાળાનું છઠ્ઠું પુષ્પ છે. એમાં ચૈતન્ય મહાપ્રભુ, શ્રીરામભક્ત ત્યાગરાજ, ભિક્ષુ અખંડાનંદ, કેદારનાથજી અને મહર્ષિ દયાનંદ સરસ્વતીની ત્યાગ, વૈરાગ અને ભક્તિસભર જીવનકથાઓ આપવામાં આવી છે. આ પાંચેય પ્રેરણાદાયી અને પ્રસંગાત્મક ચરિત્રકથાઓ પણ સંક્ષિપ્તમાં શ્રી મુકુલભાઈએ લખી આપી એ આ માળાનું સદ્ભાગ્ય રહ્યું છે.

ભગવદ્‌કૃપા હોય તો આવા સુભગ સંયોગો સર્વત્ર પ્રાપ્ત થાય. પૂ. શ્રીમોટાના આશીર્વાદ એ અમારે મન ભગવદ્‌કૃપાનું વર્ષણ છે. એમની પ્રેમમય શ્રદ્ધાને પાત્ર અમે સૌ નીવડતાં રહીએ તેવી પ્રાર્થના સહ પૂ. મોટાનો, ભાઈ નંદુભાઈનો, ભાઈ મુકુલભાઈનો તથા ભાઈ પ્રભાતસિંહ ઇનામદારનો હું આભાર માનું છું.

આશા રાખું કે આ ચરિત્રપુષ્પ ગુજરાતી વાચકોને ગમશે, અને આવાં અનેક પુષ્પો આપવાની પ્રેરણા, આ પુષ્પો વસાવી, ગુજરાતની ગુણજ્ઞ પ્રજા અમને આપતી રહેશે.

ચ. એ. સોસાયટી,
તા. ૨૦–૫–૮૦

ઈશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | ચૈતન્ય મહાપ્રભુ | ૧ |
| ૨ | શ્રીરામ–ભક્ત ત્યાગરાજ | ૩૫ |
| ૩ | ભિક્ષુ અખંડાનંદ | ૬૧ |
| ૪ | શ્રી કેદારનાથજી | ૯૪ |
| ૫ | મહર્ષિ દયાનંદ સરસ્વતી | ૧૨૫–૧૫૯ |

જીવન-તીર્થ

મુકુલભાઈ કલાર્થી

# ચૈતન્ય મહાપ્રભુ

ગુરુજીને ત્યાં એક વિદ્યાર્થી સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કરે. એ વિદ્યાર્થી ખૂબ જ તેજસ્વી હતો. તેને એક મિત્ર હતો. તેનું નામ હતું રઘુનાથ. બંને મિત્રો ભણવામાં હોશિયાર.

આ બન્ને જણે ન્યાયશાસ્ત્ર ઉપર ગ્રંથ લખવાનો વિચાર કર્યો. બંનેના મનમાં એમ કે, ગ્રંથ પૂરો થયા પછી જ મિત્રને જાણ કરવી. આથી આ વાતની એકબીજાને ખબર ન હતી. બંને એમ જ સમજતા હતા કે, 'હું એકલો જ આ વિષય ઉપર ગ્રંથ લખું છું.'

આ વાતને ઘણા દિવસો વહી ગયા. એક દિવસ બંને મિત્રો ગંગા નદીમાં હોડીમાં બેસી સહેલગાહે નીકળ્યા.

પેલા વિદ્યાર્થીએ ગ્રંથ પૂરો કર્યો હતો. તે પોતાનો ગ્રંથ રઘુનાથને બતાવવા માગતો હતો. તેણે ગ્રંથ ઝોળીમાંથી બહાર કાઢ્યો અને રઘુ-નાથને કહ્યું :

'રઘુ, મેં ન્યાયશાસ્ત્ર પર ગ્રંથ લખ્યો છે. એમાંનું થોડું તને વાંચી સંભળાવું છું. એ કેવો લખાયો છે, એ તું કહેજે. મારે તારો અભિપ્રાય જાણવો છે.'

એમ કહીને વિદ્યાર્થી વાંચવા લાગ્યો.

રઘુનાથ એ સાંભળીને ઊંડા વિચારમાં ડૂબી ગયો. એ જોઈને પેલા વિદ્યાર્થીને નવાઈ લાગી. તેણે પૂછ્યું :

'રઘુ, કેમ આમ અચાનક વિચારમાં પડી ગયો ? મારા વિચારોમાં કચાશ તો નથી ને ? એવું કંઈ હોય, તો મિત્રભાવે મને જરૂર કહે.

તારો અભિપ્રાય મારે મન ખૂબ કીમતી છે. હું એ પ્રમાણે ગ્રંથમાં સુધારાવધારા કરીશ.'

રઘુનાથ થોડી વાર મૌન બેસી રહ્યો. તે ખૂબ મૂંઝવણ અનુભવતો હતો. મિત્રને શું કહેવું એ તેને સમજાતું ન હતું.

પેલા વિદ્યાર્થીને થયું : 'જરૂર, મારા ગ્રંથમાં ભારે કચાશ હશે. એટલે રઘુનાથ એ બતાવતાં સંકોચ પામે છે.'

એટલે તેણે પ્રેમભાવે કહ્યું :

'ભાઈ રઘુ, તું શા માટે મૂંઝાય છે? તારે મારા ગ્રંથ વિશે જે કહેવું હોય એ ખુશીથી કહે. મને જરાયે ખોટું લાગશે નહિ. તું મારો મિત્ર છે. મિત્રને મિત્ર સાચી સલાહ આપી શકે. સંકોચ છોડી દે અને તારા વિચારો મને કહે. તું સરળ ભાવે દોષો બતાવશે, તો મને આનંદ થશે. ભાઈ, જગતમાં વખાણ કરનાર ઘણા હોય. પણ દોષ બતાવનાર વિરલા જ હોય. તું મારો મિત્ર છે. એટલે મારા હિતમાં જ મારી ભૂલો બતાવશે. તું સંકોચ ન કર. તારા મનમાં જે હોય તે મને કહે.'

રઘુનાથ પોતાના મિત્રનો આગ્રહ જોઈને ખૂબ મૂંઝાઈ ગયો. છેવટે સંકોચ સાથે આંખમાં ઝળઝળિયાં લાવી તે બોલ્યો :

'ભાઈ, એવું કશું નથી. વાત એમ છે કે, હું પણ આ જ વિષય ઉપર ગ્રંથ લખી રહ્યો છું. તમારું લખાણ સાંભળીને મને થયું : તમારો ગ્રંથ મારા કરતાં ખૂબ જ ચડિયાતો છે! તેથી તમારું લખાણ જ્યાં સુધી હશે, ત્યાં સુધી મારો ગ્રંથ સૌથી ઉત્તમ ગણાશે નહિ!

'પરંતુ હવે મને મારી મોટી ભૂલ સમજાઈ છે. મને ક્ષમા કરો. મિત્રની અદેખાઈ કરવી સારી નહિ.'

એ સાંભળીને એ મિત્ર હસતો હસતો બોલ્યો :

'અરે ભાઈ, એમાં શી મોટી વાત છે! તમારી ઇચ્છા પૂર્ણ થશે. તમારો જ ગ્રંથ સૌથી ઉત્તમ ગણાશે. મને શી ખબર કે, તમે પણ એ જ વિષય પર લખો છો?'

એમ કહીને એ મિત્ર વિદ્યાર્થીએ પોતાના ઉત્તમ ગ્રંથને ગંગાજીમાં પધરાવી દીધો !

આવી સહજ રીતે અદ્દ્ભુત ત્યાગ કરનાર અને પોતાના મિત્રની વિમાસણ ટાળનાર એ વિદ્યાર્થી કોણ હતા ?

તે તો હતા ચૈતન્ય મહાપ્રભુ !

ચૈતન્ય મહાપ્રભુ તો હતા ભગવાનના વિરહમાં રાતદિવસ આકુળ-વ્યાકુળ થઈ જતા મહાન ભક્ત-સંત. એમનું જીવન સમજવા જેવું છે. તેઓ બહુ મોટા પંડિત હતા. પરંતુ મહાન જ્ઞાની પણ ભક્તિના રંગમાં તરબોળ થઈ શકે છે, એ વાતનું તેઓ જીવંત દૃષ્ટાંત રૂપ હતા.

એમની નમ્રતા અપાર હતી. મહાપ્રભુએ રચેલી એક જ કૃતિ મળી આવે છે. એમાં એક શ્લોકમાં તેમણે એ ભાવના વ્યક્ત કરી છે. એ શ્લોક ખરેખર મોઢે કરવા જેવો છે :

तृणादपि सुनीचेन तरोरपि सहिष्णुना ।
अमानिना मानदेन कीर्तनीयः सदा हरिः ॥

—'ભક્તજન પોતાની જાતને તણખલાથી પણ વધારે હલકી, નીચી ગણે છે. વૃક્ષથી પણ વધારે સહનશીલતા ધારણ કરે છે; તે પોતે માન લેતો નથી પણ બીજાઓને માન આપે છે. આવો સ્વભાવ રાખીને ભક્તજને સદા પ્રભુનું કીર્તન કરવું જોઈએ.'

## સૌનો વહાલુડો બાળક

ચૈતન્ય મહાપ્રભુનો જન્મ શકે ૧૪૦૭ના ફાગણ સુદ પૂર્ણિમા, તા. ૧૮-૨-૧૪૮૬ના શુભ દિને થયો હતો. તે દિને હોળીનો શુભ પર્વ હતો.

બંગાળના ગૌડ પ્રદેશના નવદ્વીપમાં નદિયામાં માયાપુર નામે ગામ છે. ત્યાં મહાપ્રભુનો જન્મ થયો હતો.

પિતાનું નામ હતું પંડિત જગન્નાથ મિશ્ર અને માતાનું નામ શચિદેવી હતું.

શચિદેવીએ આઠ પુત્રીઓને જન્મ આપ્યો હતો. પરન્તુ તે બધી નાની ઉંમરમાં જ ગુજરી ગઈ હતી. તે પછી વિશ્વરૂપ નામે પુત્રને જન્મ આપ્યો ત્યાર બાદ દસ વર્ષ પછી શચિદેવીએ બીજા પુત્રને જન્મ આપ્યો.

બાળક સુંદર હતો. સુંદર વાંકડિયા વાળ, ગૌર મનોહર વદન, અમી વરસાવતી વિશાળ આંખો. માયાપુર ગામનાં બધાં સ્ત્રી–પુરુષો બાળકને જોઈને ગાંડાંતૂર થઈ જતાં. જાણે ગોકુળમાં બાળકૃષ્ણ પધાર્યા !

માતાપિતા ધાર્મિક હતાં, પિતા તો સંસ્કૃતના મોટા વિદ્વાન પણ હતા. બાળક ચૈતન્ય મહાપ્રભુના કાનમાં પહેલા શબ્દનું ઉચ્ચારણ થયું : ‘ હરિ બોલ ! ’

શચિમાતાના પિતાજી પંડિત નીલાંબર ચક્રવર્તી નદિયાના જાણીતા જ્યોતિષી હતા. તેમણે બાળકની જન્મકુંડલી બનાવી. ગ્રહોનું ફળ જોઈને તે ખૂબ જ રાજી થઈ ગયા. તેમણે કહ્યું :

‘ આ બાળક મહાન થશે. તેના દ્વારા અસંખ્ય જીવોનું કલ્યાણ થશે. તેના ગ્રહોથી થયેલો રાજયોગ સ્પષ્ટ બતાવે છે કે, તે એક અસાધારણ મહાપુરુષ થશે. તેની કીર્તિ સર્વત્ર ફેલાશે.’

રાશિ પ્રમાણે બાળકનું નામ ‘ વિશ્વંભર ’ રાખવામાં આવ્યું. પરંતુ તેના આકર્ષક સુંદર ગૌર દેહને જોઈને બધાં તેને ‘ ગૌરાંગ ’ કહેતાં હતાં. માતાએ તેનું લાડકવાયું નામ રાખ્યું ‘ નિમાઈ.’

એની પાછળ કારણો હતાં : એક તો નીમ એટલે લીમડાના વૃક્ષની નીચે તેનો જન્મ થયો હતો. બીજું લીમડો યમના દૂતોને પાછા વાળે છે, એવી માન્યતા પ્રચલિત હતી. તે ઉપરથી માતાએ એનું હુલામણું નામ ‘ નિમાઈ ’ રાખ્યું.

પિતાને નાનકડા પુત્રની પરીક્ષા કરવાનું મન થયું. તેમણે એક પાટલા પર સોનું, અન્ન, વસ્ત્ર, લેખણ અને ભાગવત ગ્રંથ આટલી વસ્તુઓ મૂકી. તેમાંથી એક વસ્તુ લેવાનું નાનકડા નિમાઈને કહેવામાં આવ્યું.

ચળકતી અને સારી દેખાતી ચીજ ઉપાડવાને બદલે બાળકે નાના કોમળ હાથે ભાગવત ગ્રંથ ઉપાડયો !

એ જોઈને સૌ ખૂબ પ્રસન્ન થયાં. તેઓ હર્ષથી બોલી ઊઠ્યાં :

'નિમાઈ ઘણો મોટો પંડિત થશે.'

મોટો ભાઈ વિશ્વરૂપ નિમાઈ પર ખૂબ જ ભાવ રાખતો હતો. તે પાસેની શ્રી અદ્વૈતાચાર્યની પાઠશાળામાં ભણવા જતો હતો. એક વાર ભોજનનો સમય થઈ ગયો, છતાં વિશ્વરૂપ ઘેર ન આવ્યો. એટલે માતાએ બાળક નિમાઈને કહ્યું : 'દીકરા, પાઠશાળાએ જઈને મોટાભાઈને બોલાવી લાવ.'

નાની પગલીઓ પાડતો પાડતો નિમાઈ પાઠશાળામાં પહોંચી ગયો. શ્રી અદ્વૈતાચાર્યજી તે વખતે ભાગવતમાંની શ્રીકૃષ્ણની બાળલીલા ગાઈ રહ્યા હતા. શ્રીકૃષ્ણના બાળસ્વરૂપનું વર્ણન સંભળાવતાં સંભળાવતાં આચાર્યજીનું ભક્તહૃદય પ્રેમથી ભરાઈ ગયું. ત્યાં તો મીઠડા બાળક નિમાઈને જોતાં જ તે મુગ્ધ બની ગયા.

નિમાઈ મોટાભાઈના ખોળામાં બેસી ગયો અને મીઠી વાણીમાં બોલ્યો : 'ભાઈ ચાલોને ! બા બોલાવે છે.'

આચાર્યને પ્રણામ કરીને વિશ્વરૂપ ચાલ્યો અને નિમાઈ તેની ધોતલીનો છેડો પકડીને તેને દોરવા લાગ્યો.

શ્રી અદ્વૈતાચાર્યનું હૈયું એ વહાલુડા બાળકે હરી લીધું. આચાર્યજી તેને જતો જોઈ જ રહ્યા.

નિમાઈનો અક્ષરારંભ કરાવનાર પહેલા ગુરુ તેના પિતા હતા. થોડા દિવસમાં જ બાળકને બધા અક્ષરો આવડી ગયા. તે લખતો–વાંચતો થઈ ગયો. પિતા તેની મધુર વાણી અને અક્ષરના સુંદર મરોડ જોઈને ખૂબ રાજી થઈ જતા.

પાંચમે વર્ષે નિમાઈને જનોઈ આપવામાં આવી. હવે તે માયાપુરની વ્યાકરણ પાઠશાળામાં પંડિત ગંગાદાસ પાસે ભણવા જવા લાગ્યો. બીજા વિદ્યાર્થીઓ પાણિનિનાં સૂત્રો મોટેથી ગોખતા હોય. એ સાંભળીને જ નિમાઈને તે યાદ રહી જતાં. તેની કુશાગ્ર બુદ્ધિ જોઈને ગુરુજી ખૂબ આનંદ પામતા. થોડા જ વખતમાં નિમાઈએ વ્યાકરણ ઉપરાંત ન્યાય તથા સાહિત્યનું જ્ઞાન પણ મેળવી લીધું.

## મોટાભાઈનો ગૃહત્યાગ

મોટાભાઈ વિશ્વરૂપના મનમાં સંસારનો રસ રહ્યો ન હતો. એથી એનું ચિત્ત બીજાં શાસ્ત્રોમાં ન લાગતાં, ભાગવતમાં જ લાગેલું રહેતું હતું. તેના ગુરુજી શ્રી અદ્વૈતાચાર્ય પણ ભક્તિથી રંગાયેલા હતા.

ભક્તિના રંગ સાથે સંસારનો વૈરાગ્ય ભળે, તો ભક્તજનનું જીવન સફળ થઈ જાય. એટલે વિશ્વરૂપ દિવસે દિવસે સંસાર ભણી વિરક્ત બનતો જતો હતો. તેની આવી ઉદાસીનતા જોઈને માતાપિતાએ તેને લગ્નના બંધનમાં બાંધવા વિચાર્યું. એની જાણ વિશ્વરૂપને થતાં જ તે એક દિવસ વહેલી સવારે ઘરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. ગંગાજી પાર કરીને તે કઈ દિશામાં ગયો, એની કોઈને ખબર પડી નહિ. વિશ્વરૂપે સંન્યાસ ગ્રહણ કર્યો.

મોટા દીકરાના ચાલ્યા જવાથી માતાપિતા ખૂબ દુઃખી થયાં. હવે તેઓ નિમાઈને સાચવવા તરફ ધ્યાન આપવા લાગ્યાં. બાળક નિમાઈ ભણવામાં વિશેષ ધ્યાન આપતો હતો. તેને ગંભીર અને ઠાવકો જોઈને માતાપિતાને બીક લાગી કે, એ પણ સંન્યાસી તો નહિ થઈ જાયને !

પિતાએ આ કારણે નિમાઈને પાઠશાળામાંથી ઉઠાડી મૂક્યો.

## નિમાઈનાં તોફાન

બાળક નિમાઈને આ ગમ્યું નહિ. તેને તો ભણવાની ચાનક લાગી હતી. ઘેર રહીને કરવું શું ? બાળક બીજું કરે પણ શું ? તેનાં તોફાનમસ્તી શરૂ થઈ ગયાં.

સરખેસરખા ગોઠિયાઓને લઈને નિમાઈ ગંગાજીને ઘાટે જતો. તેઓ બધા પાણી ઉછાળી રમતો રમતા. માટીના લાડુ બનાવી પંડિતોની ઝોળીમાં ભરી દેતા. કિનારે સ્નાન કરી સંધ્યા કરતા બ્રાહ્મણોને પાણી ઉછાળી હેરાન કરતા.

એક વાર નિમાઈએ ભારે તરખાટ મચાવ્યો. ઘરના વાડામાં ઉકરડો હતો. ત્યાં એઠાં–જૂઠાં, માટીનાં ફૂટેલાં હાંડલાં નાખવામાં આવતાં. નિમાઈ ઉકરડા ઉપર જઈને બેઠો. હાંડલાં પરની કાળી મેશથી તેણે પોતાના આખા શરીર પર ટીલાં કર્યાં ! એકાદ હાંડલીનો કાંઠલો ગળામાં ભરાવ્યો

અને માટલીનાં ઠીકરાં હાથમાં લઈ જાણે કરતાલ વગાડતા હોય એમ, 'હરિ બોલ, હરિ બોલ, હરિ હરિ બોલ !' ગાવા લાગ્યો.

આ જોઈને લોકો હસાહસ કરવા લાગ્યા. એક જણે જઈને શચિદેવીને આ વાત કરી. એટલે તે દોડતાં દોડતાં ત્યાં આવી ગયાં અને તેને ઠપકો આપતાં બોલ્યાં :

'અલ્યા તોફાની, તું આ શું કરી રહ્યો છે ? આવી અપવિત્ર અને ગંદી જગ્યાએ બેસાય ખરું ? ચાલ, ઊઠ જોઉં !'

નિમાઈ હસતો હસતો બોલ્યો :

'મા, આ ઠીકરાં અપવિત્ર શાથી ? તેમાં તો ભગવાનનો પ્રસાદ તૈયાર થતો હતો. ભગવાનની વસ્તુઓ કદી અપવિત્ર થાય ખરી ? અને ધાર કે થાય, તોપણ હરિના નામથી બધું પવિત્ર થઈ જાય. એટલે હું હરિનું નામ બોલી, આ બધી ચીજોને પવિત્ર બનાવું છું.'

આ સાંભળી માતા રોષભર્યા અવાજે બોલ્યાં :

'નિમાઈ, તારાં તોફાન ખૂબ વધી ગયાં છે. તારા પિતા પણ કંટાળી ગયા છે. હવે તું આ બધાં તોફાન બંધ કર અને ડાહ્યો થઈ જા.'

એ બોલની અસર તોફાની નિમાઈ પર શાની પડે ? તે ખડખડાટ હસતો હસતો બોલ્યો :

'મા, મારી એક શરત તું માન્ય કરે, તો હું આ તોફાન બંધ કરું. પિતાજીએ મને પાઠશાળામાંથી ઉઠાડી મૂક્યો. મારે તો આગળ ભણવું છે. મારે આખો દિવસ બીજું કરવાનું પણ શું છે ? એટલે તોફાન સૂઝે છે. મા, મને પાઠશાળામાં ભણવા મોકલવા પિતાજીને તું સમજાવ.'

માતાએ કહ્યું :

'સારું ભાઈ, સારું ! પણ હમણાં તું ઉકરડા પરથી નીચે ઊતર. પછી તારા પિતાજીને સમજાવી તને નિશાળે ભણવા મોકલીશું.'

એ વાત સાંભળી નિમાઈ રાજી રાજી થઈ ગયો. તેણે ઠીકરાં ફેંકી દીધાં. નાહી–ધોઈને ભણવા માટે તૈયાર થઈ ગયો.

## પિતાનું દુઃખદ અવસાન

નિમાઈ હવે પાછા ભણવા જતા હતા. રોજ આવીને પિતાજીનાં ચરણોમાં પ્રણામ કરતા.

એક દિવસ નિમાઈએ જોયું, કે પિતાજીને તાવ આવ્યો છે। નિમાઈ પિતાજીની પાટ પર બેસી ગયા અને તેમના માથે હાથ ફેરવવા લાગ્યા.

થોડી વાર પછી પિતાજીએ આંખો ખોલી અને નિમાઈના હાથથી પાણી પીધું. નિમાઈએ ગદ્ગદ કંઠે પૂછ્યું:

'પિતાજી, હવે આપને કેમ છે?'

પિતાજીએ સંતોષથી નિમાઈના મુખ સામે જોઈને કહ્યું:

'દીકરા, હવે મને સારું છે. પણ તું ભણવા નથી ગયો?'

નિમાઈએ જવાબમાં કહ્યું:

'પિતાજી, જ્યાં સુધી તમને સારું નહિ થાય, ત્યાં સુધી હું ભણવા નહિ જાઉં.'

નિમાઈએ પાઠશાળામાં જવાનું બંધ કર્યું. માતાની આજ્ઞા પ્રમાણે તે પિતાજીની સેવામાં લાગી ગયા.

દિવસે દિવસે પિતાજીની તબિયત વધારે ને વધારે બગડતી ગઈ. એક દિવસ તેમણે શચિદેવીને પાસે બોલાવીને ધીમે સ્વરે કહ્યું:

'સાંભળો. હવે હું જીવી શકું એમ લાગતું નથી. જેવી પ્રભુની ઇચ્છા। તમને હું કાંઈ સુખ આપી શક્યો નથી. ભાઈ વિશ્વરૂપ ચાલ્યો ગયો। ત્યારથી હું હતાશ થઈ ગયો હતો. નિમાઈ હજી નાનો છે; નિર્દોષ બચ્ચું છે. તેનું બરોબર ધ્યાન રાખજો. પ્રભુનું સ્મરણ કરજો.'

એટલું બોલતાં તો તેમને શ્વાસ ચડી ગયો. શચિમાતા ધ્રુસકે ધ્રુસકે રડી પડયાં. નાનકડા નિમાઈએ મીઠી વાણીથી માતાને દિલાસો આપ્યો.

પિતાજીએ મંદ સ્વરે જણાવ્યું: 'મને ભાગીરથીને કિનારે લઈ જાઓ.'

એક ઝોળીમાં નાખીને તેમને નિમાઈ તથા બીજાં કુટુંબીજનો ગંગાજીને તીરે લઈ ગયાં.

નિમાઈએ પિતાજીને વંદન કરીને પૂછ્યું :

'પિતાજી, તમે તો જાઓ છો. પણ મને તમે કોના હાથમાં સોંપી જાઓ છો ?'

પિતાજીએ પોતાનો દૂબળો હાથ નિમાઈના માથા પર હેતથી ફેરવતાં ફેરવતાં કહ્યું :

'નિમાઈ બેટા, ભગવાન વિશ્વંભરના હાથમાં તને સોંપતો જાઉં છું. તે જ તારું રક્ષણ કરશે.'

એમ બોલતાં બોલતાં પિતાજી એ દેહ છોડી દીધો।

શચિમાતાને તો સખત આઘાત લાગ્યો. નિમાઈએ માતાને ખૂબ આશ્વાસન આપ્યું. 'હરિ બોલ'ની ધૂન મચાવી માતાનું દુઃખ હળવું કરવા પ્રયત્ન કર્યો.

## સૌના લાડીલા પંડિત

નિમાઈ બધાં શાસ્ત્રોમાં હોશિયાર થઈ ગયા હતા. એટલે પંડિત ગંગાદાસજીએ પોતાની જ પાઠશાળામાં તેમને અધ્યાપક નીમ્યા. ચૌદપંદર વરસના નિમાઈ અધ્યાપકની કુશાગ્ર બુદ્ધિ અને શાસ્ત્રો સમજવાની ગંભીરતા જોઈને બધા વિદ્વાનો મુગ્ધ બની જતા હતા.

નિમાઈ પંડિતના વખતમાં નદિયા સંસ્કૃત વિદ્યાનું એક ઉત્તમ ધામ હતું. એક એકથી ચડિયાતા પંડિતો ત્યાંની પાઠશાળાઓમાં અધ્યાપનનું કામ કરતા હતા. નિમાઈ પંડિત ઉંમરમાં આ બધા પંડિતો કરતાં નાના હતા. પરન્તુ તેમની શીખવવાની શૈલી એવી સરળ અને સાદી હતી કે, તેમની પાઠશાળામાં સેંકડો વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. તેમની ભણાવવાની પદ્ધતિ અપૂર્વ હતી. ગોખાવવાનું તેમને પસંદ ન હતું. ગમે તેવો જટિલ વિષય હોય, તોપણ તે સરળ રીતે વિદ્યાર્થીઓના મનમાં ઉતારી દેતા.

બીજું, નિમાઈ પંડિત હતા, પરંતુ તેમનામાં ખોટી ગંભીરતા, આડંબર કે દેખાવ જેવું કાંઈ જ નહોતું. એમને પોતાની વિદ્વત્તાનું જરાયે

અભિમાન ન હતું. અંદરખાનેથી તેમનું હૃદય ભક્તિશીલ હતું. તેઓ તો માનતા હતા કે —

> ‘वेंदस्याध्ययनं कृतं परिचितं शास्त्रं पुराणं स्मृतम् ।
> सर्वं व्यर्थमिदं पदं न कमलाकान्तस्य चेत् कीर्तितम् ।
> उत्खातं सदृशीकृतं विरचितः सेकोऽम्भसा भूयसा ।
> सर्वं निष्फलमालवालबलये क्षिप्तं न बीजं यदि ॥’

—‘જેમ જમીનને બરાબર ખેડી હોય, ખાડાટેકરા દૂર કરી સારી રીતે સમતલ કરી હોય અને ખૂબ પાણી સીંચ્યું હોય, છતાં જો તેમાં અનાજનાં બી વાવ્યાં ન હોય, તો તે બધું વ્યર્થ છે; એ જ રીતે વેદોનું અધ્યયન કર્યું હોય, શાસ્ત્રો–પુરાણો વગેરે મોઢે કર્યાં હોય, છતાં જો કમલાપતિ ભગવાનનાં ચરણકમળનાં ગુણગાન ન કર્યાં હોય, તો તે બધું વ્યર્થ જ છે.’

નિમાઈ પંડિતને બીજા પંડિતો ખોટો આડંબર કરતા એ જરાયે ગમતું નહિ. તેમનો એ અણગમો વિનોદમાં પરિણમતો. નાનપણમાં તે ગંગાકિનારે બ્રાહ્મણોની મીઠી મજાક કરતા હતા, એમ ઘણી વાર નિમાઈ વર્તતા હતા. એવા પંડિતો સાથે વાદવિવાદ કરવામાં અને તેમને ચીડવવામાં નિમાઈને અનેરો આનંદ આવતો.

નિમાઈને ડોળ કરનારા વૈષ્ણવોની મજાક કરવાનું પણ ગમતું. એવો કોઈ વૈષ્ણવ સામો મળે, તો તેને નિમાઈ પ્રશ્ન કરતા : ‘किं तावत् वैष्णवत्वम् ।’— વૈષ્ણવપણું એ શું છે ?

પેલો વૈષ્ણવ વિચારવા ઊભો રહે, ત્યાં તો બીજો પ્રશ્ન પૂછે : ‘ऊर्ध्वपुंड्रेन किं स्यात् ।’ ઊંચું ટીલું કરવાથી શું થાય ?

નિમાઈના આવા પ્રશ્નોથી બિચારો વૈષ્ણવ હેરાન હેરાન થઈ જતો. નદિયાના વૈષ્ણવો નિમાઈને મળતાં પણ ડરતા હતા. કેટલાક તો કહેતા : ‘ઘોર કળિયુગ આવ્યો છે ! પંડિતો પણ વૈષ્ણવોની નિંદા કરે છે !’

શ્રી અદ્વૈતાચાર્યજી નિમાઈના અંતરંગને પારખી ગયા હતા. કોઈ પંડિત આવીને નિમાઈની આવી મજાક અંગે પોતાનો રોષ ઠાલવે, તો શ્રી અદ્વૈતાચાર્યજી તેને આશ્વાસન આપતાં કહેતા :

'નિમાઈ પંડિત એક દિવસ વૈષ્ણવ થશે અને આપણા સૌના માર્ગદર્શક બનશે. માટે ધીરજ રાખો. સમય પાકવા દો.'

આમ તો નિમાઈની મજાક એવી નિર્દંશ અને મીઠાશભરી હતી કે પંડિતો અને વૈષ્ણવો ભલે બહારથી ખોટો રોષ બતાવવા, પણ મનમાં તો તેઓ નિમાઈને ચાહતા હતા.

આ સમય દરમિયાન જ નિમાઈનાં લગ્ન પંડિત વલ્લભાચાર્યની સુપુત્રી લક્ષ્મીદેવી સાથે થયાં. નિમાઈ અને લક્ષ્મીદેવી શચિમાતાની સારી રીતે સેવા કરતાં.

## નિમાઈની ભાવનાશીલ વિવેકદૃષ્ટિ

તે સમયે જગન્નાથપુરીમાં શ્રી માધવેન્દ્રપુરીજીના પટ્ટશિષ્ય ઈશ્વરપુરીજી હતા. તેઓ એક વાર ફરતા ફરતાં નદિયામાં શ્રી અદ્વૈતાચાર્યના અતિથિ બન્યા. ઈશ્વરપુરીજીએ નિમાઈની પ્રશંસા સાંભળી હતી. તેમની ઇચ્છા એ મહાન પંડિતને મળવાની હતી.

એવામાં એક દિવસ નિમાઈ પોતે જ અદ્વૈતાચાર્યને ત્યાં આવી ચડચા. તેમણે ઈશ્વરપુરીજીને ભાવભર્યા પ્રણામ કર્યા.

ઈશ્વરપુરીજી તો મંત્રમુગ્ધ બનીને નિમાઈને જોઈ જ રહ્યા. તેમના અદ્ભુત રૂપલાવણ્યને જોઈ જોઈને તેઓ ધરાતા જ નહોતા. તેમને ખાતરી થઈ કે, આ કોઈ અદ્ભુત મહાપુરુષ છે.

નિમાઈએ આદરથી કહ્યું : 'પ્રભો ! આજે આપ મારે ઘેર ભિક્ષા લેવા પધારવા કૃપા કરો.'

પુરીજીએ તરત જ તેમના નિમંત્રણનો સ્વીકાર કર્યો. તેઓ નિમાઈ સાથે એમના ઘેર ગયા. શચિમાતા પણ ખૂબ જ પ્રસન્ન થયાં.

ઈશ્વરપુરીજી 'શ્રીકૃષ્ણલીલામૃત' નામનો ગ્રંથ રચતા હતા. નિમાઈ પંડિત જ્યારે મળવા આવતા, ત્યારે પ્રસંગ કાઢીને પુરીજી શ્લોકો સંભળાવતા. તે સાંભળીને નિમાઈ ખૂબ જ રાજી થતા.

એક વખત પુરીજીએ તેમને કહ્યું :

'હું તમને મારી વિદ્વત્તા બતાવવા શ્લોકો સંભળાવતો નથી. તમે મોટા જાણીતા પંડિત છો. એટલે મારા શ્લોકોમાં અશુદ્ધિઓ દેખાય તો મને બતાવો.'

એટલે નિમાઈ પંડિત નમ્રભાવે બોલ્યા :

'પ્રભો! શ્રીકૃષ્ણકથામાં શુદ્ધિ કે અશુદ્ધિ કેવી? પોતાના ભાવના આવેશમાં ભક્તજન જે કાંઈ ગાય, તે શુદ્ધ જ હોય. જે પદમાં ભાગ-બદ્ધભક્તિ છે, જે છંદમાં શ્રીકૃષ્ણલીલાનું વર્ણન છે, તે અશુદ્ધ હોવા છતાં શુદ્ધ જ છે. હા, જેમાં કૃષ્ણકથા ન હોય, તેની ભાષા ભલેને ગમે તેવી શુદ્ધ હોય, તોપણ તેનું ગાન નકામું છે. આપ તો ભક્તહૃદય છો. એટલે અશુદ્ધિને અવકાશ નથી. જેમ કે,

'मूर्खो वदति विष्णाय धीरो वदति विष्णवे ।
उभयोस्तु शुभं पुण्यं भावग्राही जनार्दनः ।।

વ્યાકરણ ન જાણનાર 'विष्णवे नमः' એમ બોલવાને બદલે ભૂલમાં 'विष्णाय नमः' બોલે અને વિદ્વાન માણસ વ્યાકરણ પ્રમાણે विष्णवे એમ શુદ્ધ બોલે. આમ ભલે રૂપમાં ફેરફાર થવા છતાં અશુદ્ધિ અને શુદ્ધિ આવવા છતાં — ભગવાનનું નામ લેવાનું શુભ ફળ બંનેને મળે છે. કારણ કે ભગવાન તો હૃદયનો ભાવ જુએ છે, તે કાંઈ ભાષાનાં રૂપ જોવા બેસતા નથી.'

નિમાઈનો એ ઉત્તર સાંભળીને ઈશ્વરપુરીજી ખૂબ જ પ્રસન્ન થઈ ગયા. તે બોલ્યા :

'આ ઉત્તર તો તમારી મહત્તા બતાવે છે. તમે તો શ્રીકૃષ્ણલીલાનો મહિમા વધારી આપ્યો.'

થોડા વખત પછી વૃદ્ધજનો અને વડીલ પંડિતોના કહેવાથી નિમાઈ પંડિત પૂર્વ બંગાળની યાત્રાએ ગયા. એ યાત્રા દરમિયાન ઘેર તેમનાં ધર્મપત્ની લક્ષ્મીદેવીનું અચાનક દુઃખદ અવસાન થયું।

નિમાઈને પત્નીના અવસાનની ખબર યાત્રામાં જ મળી ગઈ હતી. એથી તેમના દિલને આઘાત લાગ્યો. પણ ઘેર આવી તેમણે ખૂબ જ ગંભીરતા અને ધીરજથી, કલ્પાંત કરતાં શચિમાતાને આશ્વાસન આપ્યું.

નિમાઇએ ફરી પાછું પોતાની પાઠશાળામાં ભણાવવાનું શરૂ કરી દીધું. હવે તેમના સ્વભાવમાં થોડી ગંભીરતા આવી હતી.

## દિગ્વિજયી પંડિતનું જીવન-પરિવર્તન

એ દિવસોમાં કેશવ કાશ્મીરી નામના એક દિગ્વિજયી પંડિત ફરતા ફરતા નદિયામાં આવી ચડયા. નદિયાના પંડિતો તો તેમનું નામ સાંભળીને જ ડરી ગયા હતા. બધાને ખબર હતી કે કેશવ પંડિત શાસ્ત્રાર્થ કરે છે, ત્યારે સાક્ષાત્ સરસ્વતી તેમની જીભ પર બેસે છે. પંડિત નિમાઇને પણ તેમના વિદ્યાર્થીઓએ ખબર આપી. પરંતુ તે શાંત અને સ્વસ્થ રહ્યા. તેમણે એમની સાથે શાસ્ત્રાર્થ કરવાની પણ તત્પરતા બતાવી નહિ.

એવામાં કેશવ પંડિત ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઈને બધા ઊભા થઈ ગયા. નિમાઇએ તેમને બેસવાની પ્રાર્થના કરી. પરંતુ એ દિગ્વિજયી પંડિતને બધા વિદ્યાર્થીઓ સાથે એક પંગતમાં બેસતાં સંકોચ થયો. આ જોઈને એક વિદ્યાર્થીએ કહ્યું :

'પંડિતરાજ, અહીં આ અમારા ગુરુજી નિમાઇ પંડિત છે. અમે બેઠાં બેઠાં વાર્તાવિનોદ કરીએ છીએ. આપની સાથે વાર્તાલાપ કરવામાં અમને ખૂબ આનંદ થશે.'

કેશવ પંડિતે મિમાઇનું નામ તો સાંભળ્યું જ હતું. તેમને નિમાઈને જોઈને ખૂબ આનંદ થયો.

નિમાઇ પંડિતે પોતાની શાલ પાથરીને પંડિતરાજને બેસાડયા.

બધા ગંભીર બનીને પંડિતરાજને જોઈ રહ્યા. એટલે કેશવ પંડિતે કહ્યું:

'બધા કેમ ચૂપ છો ? મારા આવતાં પહેલાં ખૂબ ચર્ચા ચાલતી હતી. તો હવે કોઈ શાસ્ત્રની ચર્ચા થવા દો.'

નિમાઇએ નમ્રતાપૂર્વક કહ્યું :

'પંડિતરાજ, અમે તો અમસ્તા વાર્તા કરતા હતા. ત્યાં આપના આવવાથી વિશેષ આનંદ થયો. આપે તો વિદ્યા અને બુદ્ધિથી બધાને જીતી લીધા છે. આપની કવિત્વ-શક્તિની પણ પ્રશંસા અમે સાંભળી છે. તો કૃપા કરી આપ કવિતા સંભળાવો. અમને આનંદ થશે.'

પંડિતરાજને નદિયામાં પોતાની વિદ્વત્તા બતાવવાની આ પહેલી તક સાંપડી હતી. તેમણે પ્રસન્નતાથી કહ્યું :

'તમારે જે સાંભળવું હોય તે હું સંભળાવીશ. માટે તમે જ વિષય પસંદ કરો.'

નિમાઈ પંડિત સરળ ભાવે બોલ્યા :

'પંડિતરાજ, આ પાવનકારી ભગવતી ગંગામૈયાનો જ મહિમા ગાઓને! તેથી કાન પણ પવિત્ર થાય અને કાવ્યરસનો આસ્વાદ પણ મળે.'

એ સાંભળતાં જ દિગ્વિજયી પંડિત ગંગાજીની મહત્તાનું વર્ણન કરતા શ્લોકો એક પછી એક સંભળાવવા લાગ્યા. તેઓ નવા જ શ્લોકો તરત જ રચીને બોલ્યે જતા હતા. જાણે કે તેમણે પહેલાંથી જ શ્લોકો મોઢે કર્યા હોય. આમ સોએક શ્લોકો પંડિતરાજે જોતજોતામાં બોલી નાખ્યા!

વિદ્યાર્થીઓ તો સરસ્વતીના એ વહેતા પ્રવાહને સાંભળી મુગ્ધ બની ગયા. આવી વાગ્ધારા એ લોકોએ પહેલી વાર જ સાંભળી હતી.

સૌને શાંત થઈ ગયેલા જોઈને નિમાઈએ કહ્યું :

'પંડિતરાજ, આપના મુખની અમૃતવાણી સાંભળીને અમારાં હૈયાં ડોલી ઊઠયાં છે. આપ જેવા મહાકવિનાં દર્શન કરી અમે ધન્ય થઈ ગયા. આપના કાવ્યને બરાબર સમજવાની શકિત પણ ઘણામાં નથી. કૃપા કરીને આપ એકાદ શ્લોકનો ભાવ સંભળાવો, તો આનંદ થશે. સાથે સાથે તેના ગુણદોષની પણ ચર્ચા કરો, તો વિશેષ આનંદ આવશે.'

ગુણદોષની વાત સાંભળીને એ અભિમાની પંડિત બોલી ઊઠયા :

'અરે, કેશવની સુંદર કવિતામાં દોષ તો હોય જ શાના? હા, વિવરણ કરવાનું કહો તો તે કરું. કહો, કયા શ્લોકનું વિવરણ કરું?'

એ ગર્વિષ્ઠ પંડિતને મનમાં એમ કે, મારા આટલા બધા શ્લોકો-માંથી કોઈને એક પણ શ્લોક શાનો યાદ હશે? એટલે એમાંનો કોઈ શ્લોક તેઓ બતાવી શકશે નહિ. એ રીતે છેવટે મારો જ વિજય થશે.'

પ્રભુની કૃપાથી નિમાઈ પંડિત તો હતા જ, પરંતુ સાથોસાથ તેઓ અવધાન–શક્તિ પણ ધરાવતા હતા. એટલે તેમણે કેશવ પંડિતે ગાયેલા શ્લોકોમાંનો એક શ્લોક સડસડાટ ગાઈ સંભળાવ્યો!

પોતાનો રચેલો એક શ્લોક નિમાઈએ આટલી સરળતાથી કહી સંભળાવ્યો, એ જોઈને થોડીક ક્ષણ તે દિગ્મૂઢ જેવા બની ગયા. પરંતુ પોતાની આબરૂના કાંકરા થતા જોઈને તે આ ચર્ચાનો અંત લાવવા બોલ્યા :

'નિમાઈ પંડિત, તમારી યાદદાસ્ત ભારે છે! હું આટલી ઝડપથી શ્લોકો બોલ્યે જતો હતો, છતાં તમે શ્લોક કંઠે કરી લીધો.'

પરંતુ નિમાઈ આમ એમને છોડે એવા ન હતા. તેમણે કહ્યું :

'પંડિતરાજ, એ બધી આપ જેવા વડીલોની કૃપા છે. હવે એ શ્લોકના ગુણદોષ સંભળાવો તો સારું.'

આ સાંભળીને કેશવ પંડિત છંછેડાઈને બોલ્યા :

'પંડિત, એ તો અલંકારનો વિષય છે. તમે તો વ્યાકરણ-શાસ્ત્રી છો. એટલે તમને એમાં સમજ નહિ પડે.'

નિમાઈ નમતું જોખે એવા ન હતા. તેમણે કહ્યું :

'આપની વાત બરોબર છે. પરંતુ અહીં કેટલાક વિદ્યાર્થીઓ અલંકાર ભણે છે. તેઓ એ સાંભળીને આનંદ પામશે.'

એટલે છેવટે પંડિતરાજે અલંકાર વગેરે બતાવી થોડીક વાત કરી.

પંડિતરાજનું કહેવું પૂરું થતાં, નિમાઈએ વિનયથી કહ્યું :

'મહારાજ, જો આજ્ઞા હોય અને અવિવેક થતો ન હોય, તો હું આ શ્લોકના ગુણદોષની ચર્ચા કરું.'

આ સાંભળીને પંડિતરાજ મનમાં ખૂબ અકળાઈ ગયા. તેમને થયું : આ નાનકડો જુવાનિયો મારા શ્લોકના ગુણદોષની ચર્ચા કરવા નીકળી પડયો! છતાં શું થાય? તેમનાથી ના પડાય એમ હતું નહિ. એટલે તે રોષભર્યા અવાજે બોલ્યા :

'સારું, સારું! બતાવો, શ્લોકમાં શા ગુણદોષ છે?'

એટલે નિમાઈએ વિનયપૂર્વક પ્રથમ ગુણો બતાવ્યા. પછી તે એના દોષો બતાવવા લાગ્યા. દોષો સાંભળીને વિદ્યાર્થીઓ હસવા લાગ્યા. નિમાઈએ તેમને શાંત પાડીને કેશવ પંડિતની ક્ષમા માગતાં કહ્યું :

'મહારાજ, આ તો વાર્તાવિનોદ છે. એમાં કશું ગંભીરતાથી લેવાનું નથી. છતાં પણ મારાથી કંઈ અજાણતાં અપરાધ થઈ ગયો હોય, તો ક્ષમા કરશો. આ તો ગુણદોષની વાત રહી. નહિ તો સૃષ્ટિની કોઈ પણ વસ્તુ દોષ વિનાની નથી. કાલિદાસ, ભવભૂતિ, જયદેવ વગેરે મહાકવિઓનાં કાવ્યોમાં રહેલા ગુણદોષની ચર્ચા થાય જ છે. જો કયાંય દોષ ન હોય, તો ગુણોની મહત્તા શી રીતે અંકાય?'

થોડી વારમાં બધા વિખેરાઈ ગયા. આખા નદિયામાં એ શાસ્ત્રચર્ચાની વાત ફેલાઈ ગઈ. કેશવ પંડિતને તો આખી રાત ઊંઘ જ ન આવી. નિમાઈ પંડિતની અદ્‌ભુત પ્રતિભા અને નમ્રતાની તેમના દિલ પર ઊંડી છાપ પડી ગઈ હતી.

બીજે દિવસે વહેલી સવારે ઊઠીને તે દિગ્વિજયી પંડિતરાજ સાદો વેશ ધારણ કરી પૂછતા પૂછતા નિમાઈને બારણે આવીને ઊભા!

નિમાઈ સંધ્યાપૂજા કરીને તુલસીના કયારામાં ગંગાજળ રેડતા હતા. ત્યાં દૂરથી જ તેમણે પંડિતરાજને જોયા. તેમને અચાનક આવેલા જોઈને નિમાઈને ખૂબ આશ્ચર્ય થયું. ત્યાં તો પંડિતરાજ દોડતા દોડતા આવીને નિમાઈનાં ચરણમાં નમી પડયા. તેમનું બધું અભિમાન હરાઈ ગયું હતું. નિમાઈએ તેમનો હાથ પકડીને ઉઠાડતાં ઉઠાડતાં નમ્રભાવે કહ્યું:

'મહારાજ, આપે ઘણી તસદી લીધી. આ ગરીબની ઝૂંપડી પાવન કરી. મને આજ્ઞા આપી હોત, તો હું આપની સેવામાં હાજર થાત.'

પંડિતરાજ ગદ્‌ગદ કંઠે બોલ્યા:

'મહારાજ, તમે તો મારા પ્રભુ છો. મારાં તો ભાગ્ય ઊઘડી ગયાં! આપે મારી આંખો ખોલી. હવે કૃપા કરીને આ જીવનો ઉદ્ધાર કરો.'

પડિતરાજનાં આવાં નમ્રતાભર્યાં વચનો સાંભળીને નિમાઈ પ્રેમથી બોલ્યા:

'મહારાજ, આપ તો શાસ્ત્રોના મર્મજ્ઞ છો. આપને મારે શું કહેવું?'

'મનુષ્ય માત્રનું એક જ કર્તવ્ય છે કે, સર્વ સાધનો છોડીને પ્રભુને શરણે જવું. સંસારના ભોગો અથવા વાણીના વિલાસોથી ભગવાનની શરણા-

ગતિ મળતી નથી. માટે આપ દયાળુ પ્રભુને શરણે જાઓ. તે આપનાં સર્વ પાપો અને દોષો હરી લેશે.'

નિમાઈની આશિષ લઈને એ કેશવ પંડિતે બધો ઠાઠમાઠ છોડી દીધો. હાથી, ઘોડા, પાલખી વગેરે દાનમાં આપી દીધાં. તે એકલા જ કોઈ અજાણ્યા સ્થળે ચાલી ગયા.

## નિમાઈ પંડિતની પ્રેમળ પ્રતિભા

આગળ જતાં શચિમાતાના કહેવાથી નિમાઈએ બીજી વાર લગ્ન કર્યાં. નદિયાના રાજપંડિત સનાતન મિશ્રનાં સુપુત્રી વિષ્ણુપ્રિયાદેવી સાથે તેમનાં લગ્ન થયાં.

વિષ્ણુપ્રિયાદેવીનો સ્વભાવ ખૂબ જ મૃદુ અને સંકોચશીલ હતો. તે ઘણું ઓછું બોલતાં. પરંતુ શચિમાતા અને નિમાઈની સેવાચાકરી કરવામાં તે રાત કે દિવસ જોતાં નહિ. શચિમાતાનું ઘણુંખરું કામ તેમણે હોંશથી સંભાળી લીધું.

નિમાઈ પંડિતનું માન પંડિતવર્ગમાં ખૂબ જ વધી ગયું હતું. છતાં તેમનામાં પંડિતમાં હોય એવું ઠાવકાપણું અને ગંભીરતા નહોતાં; કારણ કે તેમનું અંતઃકરણ નિર્મળ હતું.

નિમાઈ પંડિતને કોઈ ગંભીર બનવાનો ઉપદેશ આપે, ત્યારે તે સહજ ભાવે કહેતા :

'હા, ભાઈ, તમારી વાત બરોબર છે. હવે પંડિતોમાં મારી ગણના થવા લાગી છે. એટલે મારે ગંભીર બનવું જોઈએ. પરંતુ એ માટે શું કરવું જોઈએ, તેની મને સૂઝ પડતી નથી! ક્યાંક જઈને ગંભીરતા શીખી લાવીશ.'

નિમાઈ જ્યારે પાઠશાળાએ, ગંગાતટે કે પછી કોઈ સ્નેહીસજ્જનને મળવા જવા નીકળે, ત્યારે એકલા તો હોય જ નહિ. સાથે વિદ્યાર્થીઓનું ટોળું હોય જ.

નિમાઈ પંડિત કોઈ વાર કાપડની દુકાને જઈ પહોંચતા. દુકાનદાર ઊભો થઈ પ્રણામ કરીને પૂછે :

'કહો મહારાજ, શું જોઈએ ?'

હસતા હસતા નિમાઈ પંડિત કહે :

'જેવી યજમાનની ઇચ્છા ! પાસે પૈસા નથી અને ચીજ ઉધાર લેવી નથી. બોલો, શી મરજી છે ?'

દુકાનદાર હાથ જોડીને આગ્રહપૂર્વક કહે :

'મહારાજ, અમારું અહોભાગ્ય ! આપની કૃપાથી શું વધારે છે ? આપની કૃપા એ જ અમારે લાખો રૂપિયા છે.'

એમ કહીને દુકાનદાર આગ્રહ કરી કરીને કાપડ આપે. નિમાઈ પંડિત દુકાનદારને પૈસા ગણી આપતા.

કોઈ વાર નિમાઈ વણકરને ત્યાં જઈ પહોંચતા અને તેણે વણેલો તાકો લઈ એની કિંમત પૂછતાં કહે :

'વણકર ભાઈ, આની વાજબી કિંમત બોલ.'

વણકર કિંમત કહે, એટલે નિમાઈ હસીને કહે :

'ના, ભાઈ, ના ! આપણી પાસે એટલા બધા પૈસા નથી ! એમ ને એમ આપશો ? કહો તો લઈ લઉં.'

વણકર હસતો હસતો શ્રદ્ધાપૂર્વક કહે :

'હા મહારાજ, ખુશીથી લઈ જાઓ. આ બધું આપનું જ છે ને !'

નિમાઈ કિંમત ચૂકવી આપે અને તાકો લઈને હસતા હસતા આગળ જાય.

કોઈ વાર નિમાઈ વિદ્યાર્થીઓને લઈ ગોવાળોના ઘરે જાય. ત્યાં જઈને નિમાઈ વિદ્યાર્થીઓ સાથે દૂધ, દહીં, માખણ વગેરે પ્રેમથી આરોગતા અને સૌને આનંદની લહાણી કરાવતા.

એક દિવસ નિમાઈ ગંગાજીમાં સ્નાન કરીને ઘેર જતા હતા. રસ્તામાં વૃદ્ધ શ્રીવાસ પંડિત મળ્યા. નિમાઈ તેમને પ્રણામ કરી ઊભા રહ્યા. પંડિતજીએ નિમાઈને મીઠો ઠપકો આપતાં કહ્યું :

'નિમાઈ, હવે તમે બાળક નથી. હવે જરા ગંભીર બનો. તમારા પિતા તો પરમ વૈષ્ણવ હતા.'

નિમાઈ સરળ ભાવે જવાબ આપતા :

'મહારાજ, થોડા દિવસ આપ રાહ જુઓ. પછી હું પૂરેપૂરો જ વૈષ્ણવ બની જઈશ.'

અને આખરે એ મંગળ દિવસ પણ આવી પહોંચ્યો.

## ભક્તિનું ઝરણું ફૂટ્યું

નિમાઈ પંડિત ઘણા વખતથી પિતાજીનું ગયાજીમાં શ્રાદ્ધ કરવા ઇચ્છતા હતા. હવે તેઓ પોતાની મંડળી સાથે ગયાજી જવા નીકળ્યા. ત્યાં સ્નાન, સંધ્યાવંદન કરીને ગદાધર ભગવાનનાં દર્શન કરવા મંદિરે ગયા. મંદિરમાં ગદાધર કૃષ્ણ ભગવાનની મૂર્તિ વિરાજમાન હતી. ભક્તજનોની ભીડ જામી હતી. બ્રાહ્મણો મધુર કંઠે ભગવાનના ચરણકમળના મહિમાનાં સ્તોત્રો ગાઈ રહ્યા હતા. એનો ભાવાર્થ હતો.

'...જ્ઞાની ભક્તજનો ચિત્તની ચંચળતા છોડી પ્રભુના ચરણોદકને માથે ચડાવે છે. યોગીઓ એ ચરણનું હૃદયમાં ધ્યાન ધરે છે. જેણે ભગવાનનાં ચરણ સેવ્યાં, તેને યમના દૂતો લેવા આવતા નથી, પણ ભગવાનના દૂતો આવે છે.

'...ઓ પુણ્યશાળી જનો! ભગવાનનાં ચરણકમળ સેવો. એ પાપ, તાપ અને સંતાપ હરનારાં છે, એ ભવરોગને મટાડનારાં છે. આવો, આવો, ઓ ભકતોજનો! એવા પરમ કૃપાળુ પ્રભુનાં ચરણોનું શરણું લો!'

ચૈતન્ય એ શ્લોકોના ભાવને અમૃતની જેમ પી રહ્યા. તેમને જાણે કે પ્રભુ જ બોલાવી રહ્યા હતા. તેમનું શરીર કંપવા લાગ્યું. મૂર્ચ્છા આવતાં જ તે નીચે ઢળી પડ્યા. સાથીઓએ તેમને ઊંચકી લીધા અને મંદિરના ચોગાનના એક ખૂણામાં સુવાડ્યા.

આ વખતે સ્વામી ઈશ્વરપુરીજી અકસ્માત જ મંદિરે દર્શન કરવા આવી ચડ્યા. નિમાઈનો આ ભકિતભર્યો ભાવાવેશ નિહાળીને તેઓ ખૂબ

પ્રસન્ન થયા. થોડી વાર પછી ચૈતન્ય ભાનમાં આવ્યા. તેમણે સ્વામીજીનાં ચરણ પકડી લીધાં. તે ગદ્‌ગદ કંઠે બોલ્યા :

'મહારાજ ! આજે મારું જીવન સફળ થયું. ગયાજીની યાત્રા મને ફળદાયી નીવડી.

'મહારાજ ! આપ તો જીવંત તીર્થ સમાન છો. કૃપા કરો અને મારો હાથ ઝાલો. આપ જ મારા ગુરુ છો.'

ઈશ્વરપુરીજીએ નિમાઈને સારી રીતે ઓળખી લીધા હતા. તે જ્યારે ભાવાવેશમાં હતા, ત્યારે તેમને નિમાઈમાં સાક્ષાત્ કૃષ્ણસ્વરૂપનાં દર્શન થયાં હતાં. તેમણે નમ્રભાવે કહ્યું :

'નિમાઈ પ્રભુ, તમે પોતે જ કૃષ્ણરૂપ છો. ભક્તિનું રહસ્ય આ કળિકાળમાં સમજાવવા, સમસ્ત સંસારને પ્રેમનાં દાન કરવા માટે તો તમે ધરતી ઉપર પધાર્યા છો.'

નિમાઈને પોતાનાં વખાણ સાંભળવાનું ક્યાંથી ગમે ? તેમણે આર્તભાવે કહ્યું :

'મહારાજ, આપ તો સંતપુરુષ છો. મારી અવગણના શા માટે કરો છો ? કૃપા કરી મને શ્રીકૃષ્ણમંત્ર આપો.'

ઇશ્વરપુરીજીએ એમને ખૂબ સમજાવ્યા અને પોતે મંત્ર આપવાને લાયક નથી એમ કહ્યું. પરન્તુ નિમાઈ શાના માને ?' છેવટે પુરીજીએ તેમના કાનમાં દશ અક્ષરવાળો મંત્ર 'गोपीजनवल्लभाय नमः' ભણ્યો.

પછી નિમાઈને તેમના સાથીઓ જેમતેમ સમજાવીને નદિયા લઈ ગયા હતા. તે હવે તદ્દન બદલાઈ ગયા હતા. હવે તે નિમાઈ પંડિત રહ્યા નહોતા. ભક્તિભાવથી તેમના હૃદયની આતુરતા વધી ગઈ હતી. તેમને હવે બધા 'ચૈતન્યપ્રભુ' તરીકે ઓળખવા લાગ્યા.

મહાપ્રભુના આ નવા ભાવની ચર્ચા નદિયામાં ઘેરઘેર થવા લાગી. શ્રીવાસ પંડિત તો ખૂબ જ આનંદમાં આવી ગયા. નિમાઈએ એક વાર એમને ગમ્મતમાં કહેલી વાત સાચી ઠરેલી જોઈને વયોવૃદ્ધ શ્રીવાસ પંડિત ઉમંગભેર બધા વૈષ્ણવોને જણાવવા લાગ્યા :

'નિમાઈ પંડિત જો સાચેસાચ બદલાઈ ગયા હોય, તો વૈષ્ણવોનાં ભાગ્ય ઊઘડી ગયાં સમજો. વૈષ્ણવોને એથી ધર્મલાભ જ છે.'

## પાઠશાળામાં મહાપ્રભુ ચૈતન્ય

બધા વૈષ્ણવ ભક્તોને મળ્યા પછી ચૈતન્ય મહાપ્રભુ પોતાના શિક્ષાગુરુ ગંગાદાસજીને મળવા ગયા. તે તો પુસ્તકિયા પંડિત હતા. શાસ્ત્રો ભણવાં અને ભણાવવાં એ જ તેમના જીવનનો વ્યવસાય હતો. તેમને નિમાઈ ઉપર ખૂબ જ ભાવ હતો. કારણ કે એ કુશળ વિદ્યાર્થીને લીધે ગંગાદાસજીની પ્રતિષ્ઠા ખૂબ જ વધી હતી. નિમાઈની ભણાવવાની સરળ અને સચોટ શૈલીથી તે વધારે પ્રસન્ન હતા.

નિમાઈ પંડિત જીવનભર વિદ્યાર્થીઓના પ્રિય અધ્યાપક બની રહે અને નદિયાની પ્રતિષ્ઠા વધારે, એ સિવાય ગુરુની બીજી શી મહેચ્છા હોય ? તેથી જ્યારે તેમણે સાંભળ્યું કે, નિમાઈના હૃદયનું પરિવર્તન થયું છે, ત્યારે તેમને એ વાત જરાય ગમી નહોતી.

ચૈતન્ય મહાપ્રભુએ ગુરુજીનાં ચરણકમળમાં સાદર પ્રણામ કર્યા. ગંગાદાસજી તેમને ઉમળકાથી ભેટી પડચા અને માથા પર હાથ ફેરવતા બોલ્યા :

'ભાઈ નિમાઈ, તમે મારા પ્રિય વિદ્યાર્થી છો. તમારા જેવા સુપાત્ર વિદ્યાર્થીને ભણાવવાથી મારો પરિશ્રમ સફળ થયો છે. તમે એક સમર્થ પંડિત બનીને મારું નામ વિશેષ દીપાવ્યું છે. અધ્યાપનકાર્યમાં પણ તમે ઘણી નામના મેળવી છે. તમારું નામ સાંભળી સેંકડો વિદ્યાર્થીઓ નદિયામાં ભણવા આવે છે. તમારો સ્વભાવ પણ ખૂબ પ્રેમાળ અને સરળ છે. તમે ભણાવવાનું કામ કદી છોડશો નહિ,

'ભાઈ, આમ ભક્તિને રવાડે ચડી જવું એ તમારા જેવા જ્ઞાની પંડિતને શોભતું નથી. જેઓ ભણેલાગણેલા નથી અને જેમનામાં બુદ્ધિ હોતી નથી, તેવાઓ જ ભક્તિઘેલા બની જાય છે. ખરી રીતે, તેઓ આવી ભાવ–ઘેલછા બતાવીને અજ્ઞાન પ્રજાને ભોળવે છે અને તેઓ દ્વારા પૂજાવાના અને 'વાહ વાહ' પામવાના દંભ અને પાખંડ સેવે છે. ભાઈ, તમે ક્યાં એ માર્ગમાં ફસાઈ ગયા!

'તમારા જેવા સમજુ માણસે ચિત્તને ઠેકાણે રાખવું જોઈએ. સમજુ બનીને હવે વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કરી દો. ભગવાન તમારું કલ્યાણ કરો!'

ચૈતન્ય મહાપ્રભુએ ગુરુજી સાથે વાદવિવાદ ન કર્યો, 'જેવી આપની આજ્ઞા' એમ કહી પ્રણામ કરી પાછા ફર્યા.

વડીલોના સમજાવવાથી ચૈતન્યે પાઠશાળા પાછી શરૂ કરી. વિદ્યાર્થીઓ આનંદ પામી પાઠશાળામાં હાજર ચૈતન્ય મહાપ્રભુ ભણાવવા તૈયાર થયા.

પરંતુ મહાપ્રભુની સ્થિતિ હવે શાસ્ત્રોને ભણાવી શકે એવી ક્યાં હતી? તેમના હૃદય ઉપર તો ભગવાને સ્થાન મેળવી લીધું હતું. વિદ્યાર્થીઓએ પાઠ ભણાવવા આગ્રહ કર્યો. એટલે મહાપ્રભુ બોલ્યા :

'ભાઈઓ, આ લૌકિક શાસ્ત્રોમાં શો સાર રહેલો છે? શ્રીકૃષ્ણનું નામ એ જ એક માત્ર સાર છે. કૃષ્ણનું નામ ઘણું જ મધુર છે. તેનું જ પાન કરો. તે કૃષ્ણ જ સર્વના ઉદ્ધારક છે અને સર્વના હૃદયમાં વિરાજમાન છે. તેમની ઇચ્છાથી સર્વ કંઈ થયા કરે છે. તેમની કૃપા મેળવવી, એ જ જીવનની સિદ્ધિ છે. માટે કૃષ્ણ કૃષ્ણનું રટણ કરવું એ જ સાચી વિદ્યા છે.'

વિદ્યાર્થીઓ એ સાંભળીને વિમાસણમાં પડી ગયા. વિદ્યાર્થીઓએ અભ્યાસ અંગેના પ્રશ્નો પૂછ્યા, તો એના જવાબમાં પણ શ્રીકૃષ્ણની જ વાત!

થોડી વાર પછી મહાપ્રભુ રુદન કરવા લાગ્યા અને બોલ્યા :

'વિદ્યાર્થીઓ! શ્રીકૃષ્ણકીર્તનથી જ ઉદ્ધાર થશે. સર્વસિદ્ધિઓને આપનાર શ્રીકૃષ્ણનું નામ છે. શાશ્વત શાંતિ આપનાર અને પ્રાણીમાત્રનું કલ્યાણ કરનાર શ્રીકૃષ્ણ જ છે. માટે હવે તમે બધા ઊંચેથી કૃષ્ણકીર્તન કરો. હરિ બોલ! હરિ બોલ!'

ચૈતન્ય મહાપ્રભુ ભાવાવેશમાં આવીને ગાઈ રહ્યા. વિદ્યાર્થીઓ પણ બધું ભૂલીને એક સ્વરથી બોલવા લાગ્યા :

'હરિ બોલ! હરિ બોલ! હરિ હરિ બોલ!'

કીર્તનના મધુર ધ્વનિથી ચારે દિશાઓ ગૂંજવા લાગી. બીજા લોકો પણ આવીને કીર્તન કરવા લાગ્યા.

નામકીર્તન પૂરું થતાં જ બધા ચૂપચાપ શાંત થઈ ગયા. થોડી વારે મહાપ્રભુ ઊઠ્યા અને એક પછી એક બધા વિદ્યાર્થીઓને ભેટવા લાગ્યા.

વિદ્યાર્થીઓ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. એ લોકોને થયું : 'હવે ચૈતન્ય મહાપ્રભુ પાઠશાળામાં નહિ પધારે!'

સાચે જ મહાપ્રભુની એ છેલ્લી મુલાકાત નીવડી. તેમને હવે શાસ્ત્રોની પંક્તિઓ સૂઝતી નહોતી. તેમને તો હવે કૃષ્ણકીર્તનની લગની લાગી હતી.

વિદ્યાર્થીઓ બધા જ તેમના પગે પડી આશીર્વાદ માગવા લાગ્યા અને કરુણ સ્વરે વિનંતી કરતા બોલ્યા :

'ગુરુદેવ, અમને ભૂલશો નહિ. ભલે આપ ભણાવવા ન આવો, પરંતુ અમને આપની સાથે રાખજો. અમે પણ કૃષ્ણકીર્તન કરીને જીવનનું કલ્યાણ કરીશું.'

## શ્રીકૃષ્ણમય જીવન

ચૈતન્ય મહાપ્રભુ રોજ સાંજે ગંગાકિનારે જતા. ત્યાં વૈષ્ણવ ભકતજનોની ભીડ જામતી હતી. ચૈતન્ય મહાપ્રભુ એ સૌ ભકતજનો સાથે કૃષ્ણકીર્તન કરતા. તેમના વાર્તાલાપમાં એક જ વાત મુખ્યતઃ રહેતી :

'નિરંતર કૃષ્ણકીર્તન કરતા રહેવું એ જ જીવનનો સાર છે. શ્રીકૃષ્ણનું મનોહર નામ વાણીને પવિત્ર કરે છે.

'આખું જીવન કૃષ્ણમય બની જાય, તો જ પ્રેમરસ જાગે.

'ખાતાં કૃષ્ણ, પીતાં કૃષ્ણ, ચાલતાં કૃષ્ણ, ઊઠતાં કૃષ્ણ, બેસતાં કૃષ્ણ, હસતાં કૃષ્ણ, રડતાં — આ રીતે સદા કૃષ્ણ કૃષ્ણ કહેતાં કૃષ્ણમાં તન્મય રહેવું જોઈએ...'

ચૈતન્ય મહાપ્રભુની આવી દશા જોઈને શચિમાતા તેમની ખૂબ જ ચિંતા કરતાં હતાં. ચૈતન્યની દશાને ભકિતનો ઊભરો કહેવો કે ગાંડપણ

કહેવું, તેનો નિર્ણય તે કરી શકતાં ન હતાં. તેમના ખાવાપીવામાં, હરવા-ફરવામાં કે સૂવાબેસવામાં કોઈ પણ જાતની નિયમિતતા રહી ન હતી. કોઈ તેમને જમાડે તો જમે, કોઈ સુવડાવે તો સૂએ. આ બધું જોઈને શચિ-માતા તેમ જ વિષ્ણુપ્રિયાદેવી ખૂબ મૂંઝવણ અનુભવતાં.

એક દિવસ શ્રીવાસ પંડિતને બોલાવવા શચિમાતાએ એક માણસને મોકલ્યો. પંડિતજી તરત જ આવી પહોંચ્યા.

માતાએ પોતાના પુત્રની આવી દશા વિષે દુઃખ વ્યક્ત કર્યું. શ્રીવાસ પંડિત તેમને ધીરજ આપતા બોલ્યા :

'શચિમાતા, તમારું જીવન ધન્ય છે! તમે ભાગ્યશાળી છો. તમે એવા પુણ્યશાળી પુત્રને જન્મ આપ્યો છે કે, જે સર્વ જીવોનું કલ્યાણ કરશે ચૈતન્યમાં ભક્તિનો જે ભાવાવેશ જોવા મળે છે, એ દશાને જેઓ વાયુરોગ કહે છે, તેઓ પોતે જ વાયુરોગથી પીડાતા લાગે છે. આ કોઈ રોગ નથી. માટે ચિંતા દૂર કરો.

'અમે બધા ઇચ્છતા હતા કે, નિમાઈ વૈષ્ણવ બની જાય, તો વૈષ્ણવ ધર્મનો બેડો પાર થઈ જાય. પ્રભુએ અમારી વાત સાંભળી છે.'

શ્રીવાસ પંડિત જેવા વયોવૃદ્ધ વૈષ્ણવની વાત સાંભળીને શચિમાતાને થોડી શાંતિ થઈ.

શ્રીવાસ પંડિતને ચૈતન્ય મહાપ્રભુ સાથેના વાર્તાલાપ પરથી ખાતરી થઈ કે, તેમને જે ભાવાવેશ આવે છે, તે ભક્તિનો જ ભાવાવેશ છે. શ્રીવાસ પંડિતને ત્યાં દરરોજ કૃષ્ણકીર્તન થતું હતું. પંડિતજીએ ચૈતન્ય મહાપ્રભુને પણ નિમંત્રણ આપ્યું. કીર્તનમાં મૃદંગ, કરતાલ, મંજીરાં વગેરે વાદ્યો સાથે કીર્તનની રમઝટ જામતી. મહાપ્રભુ બધા ભક્તોની વચ્ચે ઊભા થઈને નાચવા લાગી જતા. તેમનું નૃત્ય ઘણું જ મધુર લાગતું. બીજા ભક્તો પણ આનંદના આવેશમાં આવી જઈ મહાપ્રભુ સાથે નાચવા લાગી જતા.

ધીરે ધીરે ભક્તજનોની ભીડ વધવા લાગી. આખી રાત સંકીર્તન ચાલતું. આગળ જતાં અદ્વૈતાચાર્યજી અને બીજા પંડિતો પણ કીર્તનમાં ભાગ લેવા લાગ્યા.

ચૈતન્ય મહાપ્રભુના સંકીર્તનમાં એક ભક્તજનનો ઉમેરો થયો. નિમાઈની સાથે નિતાઈનો ઉમેરો થતાં બન્ને જણની જુગલજોડી જામી. બન્ને જાણે કે એક જ ભક્તિમાતાના પુત્રો હોય, તેવા એકરૂપ બની ગયા. નિમાઈ એટલે ચૈતન્ય મહાપ્રભુ અને નિતાઈ એટલે સંન્યાસી નિત્યાનંદ.

નિમાઈ–નિતાઈની જોડી હવે તો સાથે જ નીકળતી અને નાચીકૂદીને 'હરિ બોલ, હરિ બોલ'ની ધૂન મચાવતી બધે ફરતી.

## ભક્ત હરિદાસની આપવીતી

અદ્વૈતાચાર્ય સૌથી વયોવૃદ્ધ વૈષ્ણવ હતા. તેઓ પણ નિમાઈ–નિતાઈની સાથે નૃત્યમાં ભળતા.

અદ્વૈતાચાર્યને ત્યાં હરિદાસ નામના યુવાન ભક્ત રહેતા હતા. તે પણ હવે મહાપ્રભુની સાથે કીર્તનમાં ભળ્યા. મહાપ્રભુના તે પરમ ભક્ત બની ગયા.

ભક્ત હરિદાસની જીવનકહાણી સાંભળવા જેવી છે. હરિદાસ મુસલમાન માતાપિતાના સંતાન હતા. બાલ્યકાળમાં તે અનાથ બન્યા. નાની ઉંમરમાં જ ઘર છોડીને ઘોર જંગલમાં ચાલ્યા ગયા. પાસેના ગામમાંથી ભિક્ષા માગી લાવે અને જંગલમાં રાતદિવસ ભગવાનનું નામસ્મરણ કરે.

થોડા વખતમાં તે આસપાસનાં ગામોમાં જાણીતા થઈ ગયા. બધા તેમને 'હરિદાસ'ને નામે બોલાવવા લાગ્યા. તેમનું મૂળ નામ તો ભુલાઈ જ ગયું. તેમનો મુખ્ય મંત્ર હતો :

'હરે રામ, હરે રામ, રામ રામ હરે હરે ।
હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે ।'

એ જપ તેમના હોઠ પર સદા રમ્યા કરતો હતો. ઘણી વાર તે ત્રણ લાખ જપ કરવાનો નિયમ લેતા અને રાતદિવસ જપ ચાલુ રાખતા. ચાર દિવસ સુધી તેમનું હરિસ્મરણ ચાલતું. ત્યાર પછી જ તે ભિક્ષા લેવા ગામમાં જતા.

હરિદાસ પછી શાંતિપુરમાં આવીને રહ્યા. તે પોતે મુસલમાન હોવા છતાં હરિ નામનો જપ જપતા, એ કેટલાક મુસલમાનો અને કાજીઓ

ગમ્યું નહિ. એ લોકોએ એમને ખૂબ સમજાવ્યા. પણ તે તો પોતાની ધૂનમાં મગ્ન રહેતા હતા. એક કાજીએ તેની વિરુદ્ધ બાદશાહ મુલુકપતિ આગળ ફરિયાદ કરી. બાદશાહે તેમને પકડી મંગાવ્યા.

હરિદાસની સરળતા અને સાધુતા જોઈને બાદશાહે તેમને ધીમેથી કહ્યું :

' ભાઈ તમે જાતના મુસલમાન છો. તમારે તો કલમા પઢીને મહંમદ પેગંબરસાહેબને આશરે આવવું જોઈએ. તમારા મુખમાં હરિનામ શોભતું નથી.'

હરિદાસે નમ્રતાપૂર્વક ટહ્યું :

' બાદશાહ, આપે જે કહ્યું તે આપના વિશ્વાસ પ્રમાણે બરાબર છે. દરેક માણસનો વિશ્વાસ જુદો જુદો હોય છે. જેનો જેવો વિશ્વાસ, તેવું તેને ફળ મળે છે. ધમકાવવાથી કે ભય બતાવવાથી વિશ્વાસ બદલાતો નથી. આપના હુકમથી મારો વિશ્વાસ શી રીતે બદલી શકું ? '

બાદશાહે એમની સાથેની વાતચીત પરથી એટલું જાણી લીધું કે હરિદાસની નિષ્ઠા અચળ અને અનન્ય છે. બાદશાહે તેમને જવા દીધા.

હરિદાસ શાંતિપુરમાં થોડો વખત રહી નદિયામાં અદ્વૈતાચાર્યને ત્યાં આવ્યા. તેમણે એમનું શરણું યાચ્યું. આચાર્યે તેમને પોતાનો પુત્ર ગણીને રાખ્યા. કેટલાક વૈષ્ણવોએ એનો વિરોધ કર્યો. પણ આચાર્યે કોઈનું ગણકાર્યું નહિ.

## જગાઈ–મધાઈનો હૃદયપલટો

એ દિવસોમાં નદિયાની આસપાસનાં ગામોમાં જગાઈ અને મધાઈ નામના બે બ્રાહ્મણકુમારો આચાર–વિચારે રાવણના કુળના હતા. તેઓ ઘણા જ દુષ્ટ હતા. ચોરી, લૂંટફાટ, ખૂન, ત્રાસ વગેરેથી તેઓ ત્યાંના લોકોને હેરાનપરેશાન કરી મૂકતા હતા. તેઓ આસપાસના સ્થળોમાં રખડયા કરતા અને ગ્રામજનો પર કેર વરતાવતા હતા. દારૂ પીને ધાંધલ મચાવતા. કાજી, સરકારી અમલદારો વગેરે તેમને કશું કહેતા નહિ; કારણકે એ બન્નેની લૂંટફાટમાંથી તેમનાં પણ ખીસાં ભરાતાં હતાં.

આ બંને જણા કીર્તનના વિરોધી હતા. બંનેને આવી ધાર્મિક બાબત ગમતી નહિ. કેટલાય ભક્તોને તેઓ રંજાડતા પણ હતા.

એક દિવસ હરિદાસ અને નિત્યાનંદ જગાઇ અને મધાઈના ત્રાસનો શિકાર થઈ પડચા. હરિદાસ મગ્ન બનીને કીર્તન કરતા કરતા આવતા હતા. ત્યાં આ જોડીનો ભેટો થઈ ગયો. ભક્તો તો કીર્તન કરતા એકદમ થંભી ગયા અને દુષ્ટોને જોઈને કાંપવા લાગ્યા. પરંતુ હરિદાસે નિર્ભયતાથી કીર્તન કરવાનું ચાલુ રાખ્યું.

જગાઈ–મધાઈએ તેમને કીર્તન બંધ કરવા હુકમ કર્યો. પરંતુ હરિદાસ તો પોતાની ધૂનમાં મસ્ત હતા. આ જોઈને જગાઇ–મધાઇ રોષે ભરાઇને તેમને લાઠીથી ફટકારવા લાગ્યા. પણ તેથી કાંઈ કીર્તન બંધ કરાય? હરિદાસ તો જેમ જેમ માર પડતો ગયો, તેમ તેમ ઓર રંગમાં આવીને કીર્તન કરવા અને નાચવા લાગ્યા.

બેચાર ભક્તજનો દોડીને મહાપ્રભુ પાસે ગયા. એટલે મહાપ્રભુ હરિદાસ પાસે આવી પહોંચ્યા. હરિદાસના માથામાંથી લોહીની ધારા નીકળતી હતી. હરિદાસે મહાપ્રભુનાં ચરણ પકડી લીધાં.

જગાઈ–મધાઇ પણ મહાપ્રભુનું પ્રેમળ સ્વરૂપ જોઈને દિગ્મૂઢ બની ગયા. ત્યાં મહાપ્રભુ પોતે જ ઉમળકાથી જગાઈ–મધાઈને પ્રેમથી ભેટી પડચા!

જગાઈ–મધાઈમાં રહેલી બધી દુષ્ટતા ક્યાંની ક્યાં જતી રહી. તેઓ બંને પ્રભુનાં ચરણ પકડી માફી માગવા લાગ્યા. તેઓ બંને મહાપ્રભુનાં ભક્ત બની ગયા.

## મહાપ્રભુએ સંન્યાસ ગ્રહણ કર્યો

ચૈતન્ય મહાપ્રભુનાં કીર્નનની લોકો ઉપર ભારે અસર થઈ રહી હતી. ભક્તિનું નૂતન મોજું જ જાણે ઊછળી રહ્યું હતું. પરંતુ ધીમે ધીમે ચૈતન્યની આંતરિક અવસ્થા પણ બદલાતી જતી હતી. તેમનું ચિત્ત હવે કીર્તનમાં પણ લાગતું ન હતું.

શ્રીકૃષ્ણદર્શનની તાલાવેલી મહાપ્રભુને આકુળવ્યાકુળ બનાવી મૂકતી હતી. સંસારનાં બધાં જ બંધનો છોડી દૂર દૂર ભાગી જવાની તેમની ઇચ્છા

ભકતોથી છૂપી રહી નહિ. બધાને ખાતરી થઈ ગઈ કે, હવે ચૈતન્ય મહાપ્રભુ તેમની વચ્ચે બહુ રહેશે નહિ!

શચિમાતા અને વિષ્ણુપ્રિયાને પણ મહાપ્રભુના ત્યાગની ખાતરી થઈ ગઈ હતી. બન્ને તેમની સેવામાં ખૂબ જ સાવધાન રહેતાં. તેમની મરજી વિરુદ્ધ કોઈ પણ કાર્ય કરતાં નહિ. બંને માટે મહાપ્રભુના હૃદયમાં પણ ખૂબ જ આદરભાવ હતો. પરંતુ જયાં અલૌકિક ભક્તિભાવ પ્રગટ થવાનો હોય, ત્યાં ત્યાગ અને વૈરાગ્ય સિવાય બીજી બાબતો સંભવી શકતી નથી.

છેવટે એ દિવસ પણ આવી લાગ્યો. એક રાતે ચૈતન્ય મહાપ્રભુ ઘર છોડીને ચાલી નીકળ્યા. તે વખતે તેમનું વય ચોવીસ વર્ષનું હતું, તેઓ એકલા જ ગંગા પાર કરીને કટવા નામે ગામમાં પહોંચ્યા.

ત્યાં ગંગાજીને કિનારે સ્વામી કેશવ ભારતી પર્ણકુટીમાં નિવાસ કરતા હતા. મહાપ્રભુએ આવીને તેમનાં ચરણોમાં પ્રણામ કર્યા અને સંન્યાસદીક્ષા આપવા માટે વિનંતી કરી.

સ્વામી કેશવ ભારતી ચૈતન્યનાં ભકિત, ભાવ, ત્યાગ, વૈરાગ્ય વગેરે ઉચ્ચ ગુણોથી પરિચિત હતા. પરંતુ તેમને સંન્યાસદીક્ષા આપવા તેમનું મન તૈયાર ન હતું. સ્નેહી ભકતજનો અને સ્વજનોથી વિખૂટા પાડવાનું તથા સુંદર વાંકડિયા વાળ, પીતાંબર, સુકોમળ કાયા વગેરે એટલાં મનોહર હતાં કે, એમને સંન્યાસ આપી એ બધાંથી વંચિત કરી દેવાનું સ્વામી કેશવ ભારતીને ઠીક ન લાગ્યું.

પરંતુ મહાપ્રભુએ ખૂબ ખૂબ આગ્રહ કર્યો. એટલે સ્વામીજી તેમને સંન્યાસ આપવા તૈયાર થયા. તેમના વાંકડિયા રેશમદાર વાળ ઉતારી મુંડન કરવામાં આવ્યું. 'કૃષ્ણ કૃષ્ણ' નામ રટતાં રટતાં મહાપ્રભુએ ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં. તેમણે એક હાથમાં કમંડલ અને બીજા ખભા પર દંડ ધારણ કર્યો.

ગુરુએ તેમના કાનમાં મંત્ર ફૂંકયો. ગુરુપરંપરા પ્રમાણે તેમનું નામ 'દંડી સ્વામી શ્રીકૃષ્ણ ચૈતન્ય ભારતી' રાખવામાં આવ્યું.

ચૈતન્યે જયારે વિધિસર સંન્યાસ ગ્રહણ કર્યો, ત્યારે આખાય નદિયામાં શોકનું ઘેરું વાતાવરણ ફેલાઈ ગયું હતું. કેટલાંય ભકતજનો ધ્રુસકે ધ્રુસકે

રોયાં. રૂઢિચુસ્ત લોકોને પણ ચૈતન્યની ભક્તિનો વિરોધ કર્યા બદલ બહુ જ પશ્ચાત્તાપ થયો. જ્યાં જુઓ ત્યાં બસ ચૈતન્યની જ વાત થતી હતી.

એમની ખ્યાતિમાં સેંકડો લોકગીતો રચાયાં. આ ગીતો આજે પણ ગવાય છે. યુવાવસ્થામાં સૌના પ્રિય ચૈતન્યે સંસારનાં મોહમાયાનો ત્યાગ કરીને સંન્યાસ ગ્રહણ કર્યો એ બદલ લોકોને થયેલા પારાવાર દુઃખની લાગણી આ ગીતોમાં છલોછલ ભરેલી છે.

આવો એકનો એક પુત્ર જ્યારે દીક્ષા લે, ત્યારે માતાને કેટલું દુઃખ થયું હશે, એ તો કલ્પી શકાય એમ નથી. એ વખતે શચિમાતાએ બાર દિવસ કશું ખાધું-પીધું નહિ.

ચૈતન્ય સંન્યાસી અવસ્થામાં માતાને પ્રણામ કરવા આવ્યા ત્યારે વહાલસોયી વયોવૃદ્ધ માતાની કેવી દશા થઈ હશે, એની કલ્પના જ કરવી રહી. છતાં માતાએ તો હૈયા પર પથરો મૂકીને પુત્રને શુભાશિષ જ આપી :

'ચૈતન્ય દીકરા ! તારો માર્ગ મંગલમય બનો. તું અમારો મટીને વિશ્વનો બન્યો છે. તારાથી અનેકનાં કલ્યાણ થશે. અમારું રક્ષણ તો ભગવાન કરશે, એ વિનંભર છે. માટે તું નચિંત થા.'

આમ તો સંન્યાસ ગ્રહણ કર્યા પછી ચૈતન્યનો વિચાર વૃન્દાવનમાં રહેવાનો હતો. પરંતુ માતાએ ચૈતન્યને વૃન્દાવન જેટલે દૂર જઈને વસવાટ કરવાનો નિર્ણય છોડી જગન્નાથપુરી જઈને રહેવાનો આગ્રહ કર્યો. તેમણે પુત્રને કહ્યું.

'પુરી બંગાળથી નજીક છે. અનેક લોકો ત્યાં યાત્રા કરવા જાય છે' નદિયાના ઓળખીતા લોકો અને ભક્તો પણ કોઈ વાર તને મળવા પુરી આવી શકશે. એ રીતે અમને તારા સમાચાર મળતા રહેશે. બીજા અનેક યાત્રાળુઓ જગન્નાથનાં દર્શને પુરી જાય છે, તેમની પાસેથી પણ હું તારા ક્ષેમકુશળ જાણી શકીશ.'

ચૈતન્યે હસતે મુખડે માતાની વિનંતી માન્ય રાખી. માતાની ઇચ્છા અનુસાર ચૈતન્ય સંન્યાસ લીધા પછી પુરીમાં રહેવા ગયા. ત્યાં તેઓ અઢાર વર્ષ રહ્યા હતા અને ત્યાં જ તેમણે જીવનલીલા સંકેલી હતી.

ચૈતન્ય સંન્યાસી બન્યા હતા, છતાં તેઓ માતાને જરાયે વીસર્યા ન હતા. તેઓ દર વરસે જગદાનંદ નામના પોતાના શિષ્ય સાથે માતાને જગન્નાથજીનો પ્રસાદ મોકલતા અને આશ્વાસનનો સંદેશો પણ પાઠવતા એ સંદેશો કેવો હતો એનું વર્ણન કવિરાજ ગોસ્વામીએ કાવ્યમાં કર્યું છે. તેનો ભાવાર્થ આ મુજબ છે :

'હે માતા ! તમારી સેવા છોડી પાગલ થઈને સંન્યાસ ધારણ કરી લીધો છે. આ મેં પુત્રધર્મથી વિરુદ્ધ આચરણ કર્યું છે. પણ મારો અપરાધ તમે મનમાં લાવશો મા.

'હે માતા ! હું અત્યારે પણ તમારે જ આધીન છું. નિમાઈ તમારો પુરાણો પુત્ર છે. જગન્નાથપુરીમાં હું તમારી જ આજ્ઞાથી રહું છું અને જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી પુરીને નહિ છોડું.'

સાથેસાથ ચૈતન્યનાં ધર્મપત્ની વિષ્ણુપ્રિયાદેવીને ભક્તિભાવથી યાદ કરી લઈએ. તેઓ પણ માનને પાત્ર છે. યુવાન વયમાં જ તેમને પતિથી વિખૂટા થવું પડયું. તેમણે પોતાની ઇચ્છાથી અતિ કઠિન તપસ્વી જીવન ગાળવા માંડયું. એમનું આયુષ્ય લાંબું હતું. ચૈતન્ય પછી નહીં નહીં તોયે લગભગ પચાસ વર્ષ સુધી તેઓ જીવ્યાં હતાં. તેમણે જિન્દગીના છેલ્લા શ્વાસ સુધી ચૈતન્યનાં ધર્મપત્નીને શોભે એવું અત્યંત સાત્ત્વિક, ભક્તિપરાયણ તથા સંયમશીલ જીવન ગાળ્યું હતું.

ચૈતન્યે સંન્યાસી થયા પછી તેમના શિષ્યમંડળ સાથે છૂટક છૂટક છ વર્ષ સુધી ભારતનાં જુદાં જુદાં તીર્થધામોમાં યાત્રા–પરિભ્રમણ કર્યું. ઠેર ઠેર ભક્તજનોનો મેળો ઊભરાતો હતો. ભક્તિમાર્ગનો નવો જ યુગ શરૂ થઈ ગયો. રંકથી રાજા સુધીના સૌ કોઈ તેમના ભકત બની ગયા.

ચૈતન્ય પ્રેમની સાક્ષાત્ મૂર્તિ સમાન જ હતા. તેમના સમાગમમાં જે કોઈ આવતું તે ભક્તિના અપૂર્વ રંગથી રંગાઈ જતું, અહીં બે એક ઉદાહરણો જોઈએ :

પહેલો પ્રસંગ મશહૂર વેદાંતી પંડિત વાસુદેવ સાર્વભૌમ સાથેનો છે. વાસુદેવ પંડિતે ચૈતન્યને ખાંડાની ધાર જેવું સંન્યાસી જીવન છોડીને

વેદાંત તરફ વાળવા સમજાવવા પ્રયત્ન કર્યો. તેમનો વચ્ચેના પરિસંવાદ કેટલાય દિવસો સુધી ચાલ્યો.

પરંતુ વાસુદેવ પંડિત ચૈતન્ય મહાપ્રભુની અમૃત વાણી સાંભળતા ગયા, તેમ તેમ તેઓ એમના ભક્ત જેવા બનતા ગયા. તેઓ ચૈતન્યથી ચાળીસ વર્ષ મોટા હતા. પરંતુ મહાપ્રભુના સમાગમથી એમનું બધું અભિમાન ગળી ગયું. તેઓ શુષ્ક ગાની જ્ઞાની મટી સહૃદય ભક્તજન બની ગયા.

સર્વભૌમ પંડિતે ચૈતન્યને પ્રણામ કરી નમ્રતાથી પૂછ્યું :

'પ્રભો, ભગવાનનાં ચરણકમળમાં અનન્ય ભકિત ઉત્પન્ન થાય, એ માટે સર્વોત્તમ સાધન શું ?'

ચેતન્ય મહાપ્રભુ બોલ્યા :

'શાસ્ત્રમાં અનેક સાધન અને ઉપાયો બતાવ્યાં છે. પરંતુ આ કાળમાં તો હરિનામસ્મરણ સિવાય બીજું સાધન સુગમ નથી- આ કળિકાળમાં ભગવાનનું નામ એ જ સર્વોત્તમ સાધન છે. જ્યારે પણ સમય મળે, જ્યાં પણ બને અને જે દશામાં હો, મુખેથી ભગવાનનું નામ રહ્યું

'ભગવાનના પ્રિય રૂપનું ધ્યાન ધરો. ભગવાનનાં ગુણગાન ગાઓ. ભગવાનની કથાઓ સાંભળો. એમ કરતાં કરતાં પ્રભુમય બની જાઓ, એ જ જીવનનું કલ્યાણ છે.

'મન, શરીર, પ્રાણ તથા ઇન્દ્રિયોને સંસારના વિષયોથી ઉઠાવી લઈને માનવે સર્વ રીતે ભગવત્પરાયણ થવું જોઈએ. ભગવાનની એ મનમોહક શ્યામસુંદર છબી આંખની કીકામાં વસી જાય, પછી બીજું કાંઈ જોવાનું રહે જ નહિ.'

ચૈતન્ય કહાપ્રભુની આ મધુર અમૃતમય વાણીનું પાન સાર્વભૌમ પંડિત મુગ્ધભાવે કરી રહ્યા. તેમણે સર્વસ્વનો ત્યાગ કરીને પ્રભુનાં ચરણકમળમાં પોતાની જાતને સોંપી દીધી.

હવે બીજો એક પ્રસંગ.

ચૈતન્ય મહાપ્રભુ દક્ષિણનો પ્રવાસ કરીને ખંડવા દેશમાં ચોરાનંદી વનમાં આવી પહોંચ્યા. એ વનમાં લૂંટારાઓનો અડ્ડો હતો. તેમનો સરદાર નૈરોજી ઘણો જ ક્રૂર અને ઘાતકી હતો. તેના નામથી લોકો થરથરતા હતા.

એ વનમાં ચૈતન્ય મહાપ્રભુએ એક વૃક્ષ નીચે આસન જમાવ્યું. મહાપ્રભુએ મીઠા મધુરા સ્વરે હરિનામનું રટણ કરવા માંડ્યું.

નૌરોજીનો પડાવ નજીક જ હતો. તેના કાન પર શ્રીચૈતન્ય મહાપ્રભુના શ્રીમુખેથી ઉચ્ચારાતું હરિનામ પડતાં જ તેનાં ભાગ્ય ઊઘડી ગયાં. તેનું પથ્થર જેવું હૃદય પણ પીગળી ગયું. નૌરાજી દોડતો દોડતો શ્રીમહાપ્રભુ પાસે આવી તેમનાં ચરણકમળમાં મસ્તક મૂકી પ્રાર્થવા લાગ્યો :

'પ્રભો ! આપે આજે મારા પર જાદૂ કર્યો ! આપ જે મંત્રનો પાઠ કરો છો. તે મંત્રનો ઉપદેશ મને આપો. હું આપના ચરણની રજ છું. હિંસા, ચોરી, લૂંટફાટ કરીને મેં ઘોર પાપ એકઠાં કર્યાં છે. હું પતિત છું, પાપી છું ! આપ મારો ઉદ્ધાર કરો.'

શ્રીમહાપ્રભુજીએ તેને આશ્વાસન આપી પ્રેમથી કહ્યું :

'નૌરોજી, તું ઘણો જ ભાગ્યશાળી છે. શ્રી કૃષ્ણકીર્તન કરવું, એ જ જીવનનો સાર છે. તું ગભરા નહિ.

'ભગવાને પોતે કહ્યું છે : 'ભલેને, કોઈ ગમે તેટલો દુરાચારી હોય, પરંતુ જો મને તે અનન્ય ભાવથી ભજે, તો તેને સાધુ જ માનવો.'

'નૌરોજી, તારા પર પ્રભુની દયા છે, તેથી તને આવી સદ્બુદ્ધિ સૂઝી છે. હવે તું નિરંતર હરિનામનું કીર્તન કર્યા કર. તારું ભગવાન જરૂર કલ્યાણ કરશે.

નૌરોજી સર્વસ્વનો ત્યાગ કરી ચૈતન્ય મહાપ્રભુની ભકત મંડળી સાથે યાત્રામાં જોડાઈ ગયો.

આ રીતે મહાપ્રભુજીએ કેટલાય જીવોનો ઉદ્ધાર કર્યો.

## જ્યોતમાં જ્યોત ભળી ગઈ

આગળ જતાં ચૈતન્ય મહાપ્રભુ એવી ઉચ્ચ દશાએ પહોંચ્યા કે, તેમને પ્રત્યેક વસ્તુમાં ભગવાન શ્રીકૃષ્ણનાં જ દર્શન થવા લાગ્યાં. તેમની વિરહ-

વેદના દિવસે દિવસે વધતી જતી હતી. ભક્તજનો તેમને સંભાળવા રાત-દિવસ જાગ્રત રહેવા લાગ્યા.

પરંતુ એક રાતે શ્રી મહાપ્રભુજી સફાળા જાગ્યા અને ઊંઘતા ભકતોની વચ્ચેથી બહાર નીકળી ગયા. તેઓ ગાંડાતૂર બની દોડતા દોડતા સમુદ્ર-કિનારે આવી ચડચા.

વિશાળ સાગરનાં આસમાની મોજાં ઊછળતાં હતાં. તેમાં તેમને યમુનાનાં દર્શન થયાં. તેમના હૃદયમાં પણ સુમધુર દિવ્ય સંગીત ગૂંજી રહ્યું હતું. એને વશ થઈ મહાપ્રભુ આગળ ને આગળ સમુદ્રમાં ધપવા લાગ્યા. તેમને સમુદ્રની સ્મૃતિ ચાલી ગઈ. ' હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! ' નો જોરથી પોકાર કરતા તેઓ સમુદ્રનાં જળમાં કૂદી પડચા !

સૌ ભકતો સવારે જાગ્યા. પરંતુ મહાપ્રભુ કયાં ? તેઓ બેબાકળા બની ચારેકોર શોધવા દોડી ગયા. સમુદ્રકિનારે શોધ કરતાં એક માછીએ નાખેલી જાળમાં મહાપ્રભુનો દેહ પડેલો જોવા મળ્યો !

બધા જ ભકતોને લાગ્યું કે, ' હવે તો શ્રી ચૈતન્ય પ્રભુ આ લોક છોડીને ચાલ્યા ગયા છે ! '

છતાં એ લોકોએ આશા છોડી નહિ. પ્રભુના દેહને ઊંચકીને શીતળ છાયામાં સુવાડચો. પછી બધા ભકતોએ પ્રાણ રેડીને નામ-સંકીર્તન શરૂ કરી દીધું.

નામસ્મરણના મધુર ગુંજનથી શ્રીમહાપ્રભુમાં ચેતન આવ્યું. તેઓ બોલી ઊઠચા :

' અરે ! વૃંદાવનમાંથી મને અહીં કોણ લઈ આવ્યું ? શું કૃષ્ણ કનૈયાથી હું છૂટો પડચો ? '

એમ કહેતાં કહેતાં શ્રીમહાપ્રભુજીએ ભાન ગુમાવ્યું.

સંવત ૧૫૯૦નો અષાઢ માસ હતો. ઈ. સ. ૧૫૩૩ની સાલ હતી. દર વર્ષની જેમ રથયાત્રાનો મહોત્સવ ઊજવાતો હતો.

તે અવસરે શ્રીચૈતયન્ય મહાપ્રભુજી બેભાન અવસ્થામાંથી સફાળા જાગ્યા અને જગન્નાથજીના મંદિર ભણી દોટ મૂકી. બધાને કોરે મૂકીને તેઓ

જગન્નાથજીની મૂર્તિ પાસે પહોંચી ગયા અને ભગવાનનાં ચરણમાં લય પામી ગયા !

દિવ્ય જ્યોતમાં જ્યોત વિલીન થઈ ગઈ.

આમ, ભક્તિના પ્રેમમય સ્વરૂપમાં શ્રીચૈતન્ય મહાપ્રભુ આ જગતને છોડીને ચાલ્યા ગયા. પરન્તુ આજે પણ જ્યાં 'હરિ બોલ ! હરિ બોલ ! હરિ હરિ બોલ !'નું સંકીર્તન ચાલે છે, ત્યાં શ્રીચૈતન્ય મહાપ્રભુની ચેતનાનો સ્પર્શ થયા વિના રહેતો નથી.

વંદન હો શ્રીચૈતન્ય મહાપ્રભુને !

## ૨

# શ્રીરામભક્ત ત્યાગરાજ

તંજોરના રાજા સરભોજીને એક ભક્તજનનું સંગીત સાંભળવાનું મન થયું. એટલે રાજાએ કેટલાક અધિકારીઓને એ ભક્તને ત્યાં મોકલ્યા.

અધિકારીઓ ભક્તને પ્રણામ કરીને બોલ્યા :

'ભગવન્, અમને તંજોરના મહારાજશ્રીએ આપની પાસે મોકલ્યા છે.'

ભકતજન એ સાંભળીને રાજી થયા. તે નાના હતા ત્યારે એમના પિતાશ્રી સાથે રાજા સરભોજીના સ્વર્ગસ્થ પિતા તુલજાજીના દરબારમાં જતા હતા. તેથી તે રાજદરબારથી અપરિચિત ન હતા. તુલજાજીના દરબારમાં તેમના પિતાજી જ્યારે રામાયણ સમજાવતા હતા, ત્યારે આ કિશોર વયના ભકતજન તેમને ગાવામાં સાથ આપતા હતા.

ભકતજને કહ્યું :

'સરભોજી મહારાજ કુશળ તો છે ને ? બોલો, તમારા આગમનનું કારણ શું છે ?'

અધિકારીઓ ઉત્સાહભેર બોલ્યા :

'મહારાજશ્રી આપના મધુર સંગીતના ચાહક છે. ઘણા વખતથી તેમની ઇચ્છા રાજદરબારમાં આપના સંગીતનો – ભજનકીર્તનનો કાર્યક્રમ ગોઠવવાની હતી. મહારાજશ્રીનો જન્મદિવસ આવે છે. તે વખતે આપશ્રી પધારો એવી તેમની વિનંતી છે.'

એટલું કહીને અધિકારીઓ થોડી વાર થોભ્યા. પછી ધીરે અવાજે તેઓ બોલ્યા :

'આ શુભ પ્રસંગે આપશ્રી મહારાજ સાહેબની સ્તુતિનાં એક–બે

ગીતો રચીને લઈ આવો અને દરબારમાં આપના સુરીલા મધુર કંઠે ગાઓ, એવી અમારી સૌની – મહારાજાશ્રીની પણ ઇચ્છા છે.

'મહારાજસાહેબ એથી રાજી થઈને આપશ્રીને ૫૦ એકર જમીન અને સોનાની લગડી ભેટરૂપે ધરશે.'

ભકતજન આ સાંભળીને ગંભીર બની ગયા. જન્મદિને તેમને દરબારમાં ભજનકીર્તન કરવાનું ગમત. પણ રાજાની પ્રશસ્તિનાં ગીતો ગાવાની અને આવી કિંમતી ભેટોનું પ્રલોભન આપવાની શરતી વાત સાંભળીને તે નારાજ થઈ ગયા.

ભકતજને ભારે અવાજે કહ્યું :

'અરે, અમે તો રહ્યા સાધુ માણસ ! અમને આટલી બધી જમીન અને સોનાની લગડીની શી જરૂર ! આવી માયામાં અમે પડી જઈએ, તો અમારી અધોગતિ જ થાય ! શ્રીરામનું નામ એ જ અમારી પરમા સંપદ્ છે.

'વળી ભગવાનનાં ગુણગાન ગાવાને બદલે મૃત્યુને વશ એવા પામર જીવોની સ્તુતિ કરવાના લોભમાં હું ફસાઈ જાઉં, તો પછી આટલાં વરસ આવી ભિખારી સ્થિતિમાં શા માટે પડી રહ્યો ? પહેલાંથી જ કોઈ રાજા-મહારાજાનાં કે ધનવાનનાં પડખાં સેવ્યાં ન હોત ? માટે મહારાજશ્રીને કહેજો કે, આ જીવ તો એકલા રામના જ ગુણ ગાવા ટેવાયેલો છે. દિવસ–રાત રામનું જ રટણ મારા અંતઃકરણમાં ગુંજ્યા કરે છે. એટલે આવો સાત્ત્વિક આનંદ છોડીને દુન્યવી આનંદ કે કીર્તિ આ જીવને લોભાવી શકે એમ નથી.'

અધિકારીઓ આ ભકતજનની આવી નિર્લોભી વૃત્તિ જોઈને તેમને ભકિતભાવથી પ્રણામ કરી પાછા ચાલ્યા ગયા.

આ ભકતજન હતા ત્યાગરાજ. –

એમના જીવનની પ્રેરક વાતો સાંભળીએ.

## જન્મ અને બાળપણ

ભકત ત્યાગરાજનો જન્મ દક્ષિણના તંજોર જિલ્લાના તિરુવૈયારમાં ૪ થી મે ૧૭૬૭માં થયો હતો. તે મુલકનાડુ પંથના તેલુગુ બ્રાહ્મણ હતા.

પિતાજીનું નામ હતું રામબ્રહ્મમ્ અને માતાજીનું નામ હતું સીતામ્મા.

ત્યાગરાજના ચારિત્ર્યને ઘડવામાં તેમનાં ભકિતશીલ માતાનો પ્રભાવ હતો. માતા સારાં ગાયક હતાં. તેમને સંત પુરંદરદાસનાં ઘણાંબધાં ભજનો મોઢે હતાં. કામ કરતાં કરતાં તે મધુર કંઠે એ ભજનો ગાતાં. બાળકને રમાડતાં પણ ભજનોનું રટણ કરતાં. એથી નાનપણથી ત્યાગરાજના મન પર ભકિત અને સંગીતની છાપ ઊંડી પડી હતી.

તંજોરના મહારાજા તુજાલજીને રામબ્રહ્મમમાં એક પરમ અને પ્રખર અભ્યાસીની પ્રતીતિ થઈ. તેમણે રામબ્રહ્મમને વિનંતી કરી :

'હે વિપ્રવર, તમે રામનવમીને દિવસે અમારા દરબારમાં પધારજો અને અમને શ્રીરામના જીવન વિશે સમજાવવા રામાયણ વાંચજો અને શ્રીરામના સદ્‌બોધનું પાન કરાવજો.'

રામબ્રહ્મમે રાજાની વિનંતીનો સ્વીકાર કર્યો. આ પ્રસંગોએ નાનકડા ત્યાગરાજ પિતાને સાથ આપવા જતા. ત્યાગરાજ રામાયણના શ્લોકો વાંચતાં અને પિતા એ શ્લોકો સમજાવતા. આમ ત્યાગરાજ કિશોરવયમાં જ આ મહાકાવ્યનું વસ્તુ અને મર્મ સાથે પરિચિત થઈ ગયા.

## અભ્યાસકાળ

ત્યાગરાજનાં માતાપિતાએ એમને ખૂબ લાડકોડમાં ઉછેર્યા હતા. પહેલાં ત્યાગરાજે પિતા પાસે અને પછી સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કર્યો હતો.

બચપણથી જ તેમનામાં મહાપુરુષ થવાનાં લક્ષણો જણાતાં હતાં. કિશોર વયમાં પણ તેમણે સંગીત–રચનાઓ કરવાની પોતાની શક્તિનો પરિચય કરાવ્યો હતો. વિદ્યાર્થી અવસ્થામાં કરેલી રચનાઓ તે ઘરની દીવાલો પર લખતા.

એક દિવસ તેમના પિતાએ એ રચનાઓ જોઈ. એ જોઈને પિતા ખૂબ આનંદ પામ્યા. તેમને આવા શક્તિસંપન્ન પુત્ર માટે ગૌરવ થયું. પિતાએ આ બધી રચનાઓ એ વખતના સમર્થ સંગીતજ્ઞ રામશેષ શાસ્ત્રી અને ભાષ્યમ્ કૃષ્ણનને બતાવી. એ જોઈને એ સંગીતજ્ઞોએ આનંદ પામી અભિપ્રાય આપ્યો :

'ખરેખર, આ રચનાઓ સત્ત્વશીલ અને સંઘરવા જેવી છે. આગળ જતાં ત્યાગરાજ નામના પામશે.'

ત્યાગરાજના પિતાજી ભજન વખતે વિજય ગોપાલ અને બીજા રચયિતાઓનાં દિવ્ય નામકીર્તન ગાતા હતા. તેથી સ્વાભાવિક રીતે જ બાળ ત્યાગરાજ ઘણાંબધાં દિવ્ય નામકીર્તનથી જાણીતા થયા હતા. એટલે તેમણે પ્રારંભમાં પોતાની સર્જનશક્તિ એવાં કીર્તનોની રચનામાં પરોવી હતી.

ત્યાગરાજ નાના હતા, ત્યારે પિતાજીની રોજની પ્રાર્થના માટેનાં પુષ્પો લેવા તે રોજ સવારે બગીચામાં જતા. રસ્તામાં મહાન સંગીતજ્ઞ સોણ્ટિ વિન વેંકટરમણ દાસનું ઘર આવતું હતું.

ત્યાગરાજ એમના ઘર આગળ ઊભા રહેતા અને મહાન ગુરુ પોતાના શિષ્યોને સંગીતશિક્ષણ આપતા એ ધ્યાનથી સાંભળતા. આ તેમનો નિત્યનો ક્રમ થઈ ગયો હતો. એ રીતે ત્યાગરાજ થોડું થોડું સંગીતશિક્ષણ મેળવવા મથતા હતા.

એક દિવસ એવું બન્યું કે, એમના પિતા એ રસ્તે થઈને આવતા હતા. તેમણે કિશોર ત્યાગરાજને વેંકટરમણ દાસના ઘર આગળ ધ્યાનમગ્ન થઈ સંગીત સાંભળવા ઊભેલા જોયા. પિતા સમજી ગયા કે, ત્યાગરાજને સંગીતશિક્ષણ લેવાની તીવ્ર ઇચ્છા છે.

પિતા તરત જ વેંકટરમણ પાસે ગયા અને બધી વાત કરીને વિનંતી કરતા બોલ્યા :

'ગુરુવર્ય, મારા દીકરા ત્યાગરાજને સંગીતનું જ્ઞાન આપશો, તો મહદ્ ઉપકાર થશે.'

ગુરુએ તેમની વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો.

પછી તો ત્યાગરાજ ઉમંગભેર ગુરુજી પાસે સંગીતશિક્ષણ લેવા લાગ્યા. થોડાક જ વખતમાં ગુરુજીએ જોઈ લીધું કે, ત્યાગરાજ તો વયના પ્રમાણમાં વિસ્મય પમાડે તેવી શક્તિ ધરાવે છે! ગુરુજી જેટલું શિખવાડી શકે તેમ હતું એ બધું શીખતાં ત્યાગરાજને એક જ વર્ષ લાગ્યું. અભ્યાસને અંતે ગુરુજીએ ત્યાગરાજને હેતથી આશીર્વાદ આપ્યા.

ત્યાગરાજે સંગીત–રચયિતા તરીકેની કારકિર્દી માટે સારી પેઠે પૂર્વ-તૈયારી કરી હતી.

તેમનું કુટુંબ સાહિત્ય અને સંગીતની વિદ્વત્તા માટે જાણીતું હતું. એટલે જન્મથી તેમને એ સંસ્કાર વારસામાં મળ્યા હતા. માતા પણ સારાં સંગીતજ્ઞ હતાં. તેમની પાસેથી ત્યાગરાજ ભક્ત પુરંદરદાસનાં ઘણાં ભજનો-ગીતો શીખ્યા હતા.

ત્યાગરાજે પિતા પાસેથી સંસ્કૃત અને તેલુગુ ભાષા શીખીને બંને ભાષાઓમાં વિદ્વત્તા મેળવી હતી. તેમણે પિતાજીનાં રામાયણ પરનાં વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં. તેથી એ મહાકાવ્યનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરવામાં તેમને ઘણી મદદ મળી હતી.

ત્યાગરાજે સંગીતશાસ્ત્ર અંગેના ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તે જમાનામાં ઘણા ગ્રંથો કંઠસ્થ કરીને જ શીખવવામાં આવતા હતા. ખૂબ દુઃખની વાત છે કે, મુદ્રણકળાના આગમનની સાથે જ કંઠસ્થ કરવાની આપણી શક્તિ ખૂબ ઘટી ગઈ છે.

સંગીતશાસ્ત્રના અભ્યાસથી ત્યાગરાજ ઘણા નવા રાગોનું સર્જન કરી શક્યા અને તે રાગોમાં ઘણીબધી ઉત્તમ રચનાઓ રચી શક્યા. તે મૌલિક દૃષ્ટિવાળા સંગીત–રચયિતા હતા.

અહીં એક વાતનો સાથોસાથ ઉલ્લેખ કરી લઈએ. ત્યાગરાજનાં લગ્ન અઢારમે વરસે થયાં હતાં. તેમને સીતાલક્ષ્મી નામે એક જ દીકરી હતી.

## ત્યાગરાજનું સાધુચરિત જીવન

ત્યાગરાજ સાદું અને ભક્તિભાવથી ભર્યું ભર્યું જીવન જીવ્યા હતા. તેમનું જીવન સાદી રહેણીકરણી, ઉચ્ચ વિચાર, અપરિગ્રહ અને માનવસેવા જેવા ઉચ્ચ આદર્શોથી પ્રેરાયેલું હતું. બાપદાદાઓના મકાનનો એક ભાગ અને થોડીક જમીન સિવાય તેમની પાસે મિલકત કહેવાય એવું કશું નહોતું.

ત્યાગરાજે પોતાના ઘરનું તેમ જ શિષ્યોનું પોષણ ઉન્છવૃત્તિથી ભિક્ષા માગીને જ કર્યું હતું. તેમના શિષ્યો ઉપરાંત ઘણા સંગીતકારો

પંડિતો અને ભાગવતો તેમના ઘરમાં પ્રેરણા તથા આધ્યાત્મિક શાંતિ મેળવવા માટે દિવસોના દિવસો ધામો નાખીને રહેતા હતા. એ સૌના જમવા કરવાની વ્યવસ્થા ત્યાગરાજ ઉન્ચવૃત્તિથી જ કરતા. તે અઠવાડિયામાં એક જ દિવસ ઉન્ચવૃત્તિ માટે જતા. તેનાથી તેમના ઘરનું, શિષ્યોનું અને એમને ત્યાં આવતા અતિથિઓનું ભરણપોષણ થઈ રહેતું.

ઉન્ચવૃત્તિ સાદગી અને શિસ્ત માગી લે છે. એ બહુ કપરી સાધના છે. તેથી જ તંજોરના રાજા સરભોજીએ લોભામણી દરખાસ્ત કરી હતી એને ત્યાગરાજે નકારી કાઢી હતી. આ કંઈ નાનીસૂની વાત નથી.

ત્યાગરાજની ઉન્ચવૃત્તિનું એક પ્રેરક દૃષ્ટાંત જાણવા જેવું છે.

સરભોજી ત્યાગરાજના સંગીતના ખૂબ ચાહક હતા. તેમને ખાતરી થઈ ગઈ હતી કે, ત્યાગરાજ એમને આપેલું દાન કદી સ્વીકારશે નહિ. એટલે તેમણે એક યુકિત શોધી કાઢી.

એક દિવસ સરભોજીએ પોતાના બે દૂતોને ત્યાગરાજના ઉન્ચવૃત્તિ ભજનના ભકતોની સાથે ભળી જઈને તેમના ઉન્ચવૃત્તિ પાત્રમાં ધીમેથી કેટલાક સોનાના સિક્કા સરકાવવાનું કહ્યું.

સામાન્ય રિવાજ એવો હતો કે, ઉન્ચવૃત્તિ ભાગવતો ઈશ્વરનાં સ્તોત્રો ગાતાં ગાતાં રસ્તેથી પસાર થતા, ત્યારે રસ્તાની બંને બાજુએ આવેલાં ઘરોમાંથી લોકો આવીને જીવન–જરૂરિયાતની ચીજો—દાળ, ચોખા અને અન્ય સામગ્રીઓ ખૂબ પૂજ્યભાવથી ભાગવતોની ઝોળીમાં પધરાવતા હતા.

સરભોજીના દૂતો ત્યાગરાજની ભકતમંડળી પાછળ પાછળ ચાલવા લાગ્યા. પછી તેમણે ત્યાગરાજ ન જુએ એમ થોડા થોડા સમયના અંતરે ભકતોના ઉન્ચપાત્રમાં એક પછી એક સોનાનો સિક્કો સરકાવવા માંડયો.

હવે બન્યું એવું કે, એક વખત એ દૂતોએ પાત્રમાં એક સિક્કો નાખ્યો, તે પાત્રની એક ધારને અથડાયો અને ખણુણુ કરતો અંદર પડયો ।

પહેલાંના સિક્કાઓ પાત્રમાંના ચોખા, દાળ વગેરે અનાજની બરાબર વચમાં પડયા હતા. તેથી એનો ખણુણુ અવાજ થયો ન હતો.

ત્યાગરાજે સિક્કાનો અવાજ સાંભળ્યો. તેમણે ભકતોને પૂછપરછ કરી. તપાસ કરતાં જણાયું કે, સરભોજીના માણસો છાનામાના સોનાના સિક્કા પાત્રમાં નાખતા હતા!

ત્યાગરાજને આ ગમ્યું નહિ. તે તો ઉન્ચવૃત્તિ દ્વારા જીવનજરૂરિયાતની વસ્તુઓ જ માગતા હતા. સોનાના સિક્કાઓની તેમને શી જરૂર? ત્યાગરાજે પોતાની મંડળીના માણસોને કહ્યું:

'આ ઉન્ચ-પાત્રમાંનું બધું રસ્તા પર ઠાલવી દો. સોનાના સિક્કઓના સ્પર્શથી પાત્રમાંનું બધું અનાજ અભડાઈ ગયું છે. આપણાથી એ ન લેવાય.'

ભકતોએ પાત્રમાં જે હતું એ બધું રસ્તા પર ઠાલવી દીધું. પછી ત્યાગરાજ ભજન ગાતા ગાતા આગળ ચાલ્યા.

## સંગીત–રચયિતા તરીકે ખ્યાતિ પામ્યા

ત્યાગરાજે પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો, ત્યારે તંજોર જિલ્લામાં સંગીતજ્ઞો અને સંગીતકારોનો તોટો નહોતો. દક્ષિણ હિન્દુસ્તાની સંગીતના ક્ષેત્રમાં આ જિલ્લો સૌથી મોખરે રહ્યો છે. સને ૧૬૦૦ થી ૧૯૦૦ સુધી તંજોર એક મોટું સંગીતધામ બની ગયું હતું. ત્યાંના રાજ્યકર્તાઓ કલાના આશ્રયદાતા અને જ્ઞાતા હતા.

યુવાન વયે જ ત્યાગરાજની ખ્યાતિ પ્રથમ પંક્તિના સંગીત–રચયિતા તરીકે ચોતરફ પ્રસરી હતી. દૂર દૂરના સ્થળેથી રસિકો તથા સંગીતક્ષેત્રના જાણીતા કલાકારો તેમનાં દર્શને આવતા હતા.

આટલા બધા મહાનુભાવોને પોતાને ત્યાં આવતા જોઈને ત્યાગરાજ વિનમ્ર ભાવે શ્રીરામ ભગવાનને સંબોધીને પોતાના એક ગીતમાં કહે છે:

'હે રામ પ્રભુ! તેં મારું હૃદય ભરાઈ જાય ત્યાં સુધી મારા નામને જુદા જુદા પ્રદેશમાં પ્રખ્યાત બનાવ્યું છે...'

ત્યાગરાજ જાણતા હતા કે, તેમની રચનાઓ ઉત્તમ કક્ષાની છે અને તેનું ઉદ્ભવ–સ્થાન અલૌકિક છે. પોતે તો એ રચનાઓને શબ્દરૂપ આપવ માટે નિમિત્તરૂપ જ છે. તેથી તેમણે ગાયું છે:

'ઈશ્વર ! તેં મને કીર્તન શિખવાડચાં છે. એ કીર્તનોએ મને મુક્તિ અને સમૃદ્ધિ બક્ષી છે.'

ત્યાગરાજ પ્રખ્યાત વીણાવાદક હતા. વીણા પરના તેમના પ્રભુત્વને લીધે જ તેમની સંગીત–રચનાઓમાં વીણાની લાક્ષણિકતા જોવા મળે છે. તે પોતાની વીણાને પૂજાઘરમાં રાખતા હતા અને અવારનવાર વગાડતા હતા.

## ૯૬ કરોડ રામનામ જપ

ત્યાગરાજ અઢાર વરસના હશે, ત્યારે એક મહત્ત્વનો પ્રસંગ બન્યો.

કાંચીપુરમ્ સ્થળેથી એક હરિદાસ તેમની પાસે આવ્યા. તેમણે ત્યાગ-રાજને કહ્યું :

'બેટા, તું ૯૬ કરોડ રામનામના જપ કર. તારું કલ્યાણ થશે.'

ત્યાગરાજે હરિદાસનાં વચનોને આજ્ઞારૂપે સ્વીકારી લીધાં. એને ભગવાનનો આદેશ જ માન્યો.

ત્યાગરાજ રોજ રામનામના એક લાખ અને પચીસ હજાર જપ કરવા લાગ્યા. આ પાવનકારી કાર્ય પૂરું કરતાં તેમને એકવીસ વરસ લાગ્યાં. આ કાર્યમાં તેમનાં ધર્મપત્નીએ બહુ સાથ આપ્યો હતો.

કહેવાય છે કે, ત્યાગરાજની આ કઠોર તપસ્યા દરમિયાન ભગવાન શ્રીરામે અનેક વાર તેમને દર્શન આપીને આશીર્વાદ આપ્યા હતા. દરેક કરોડ જપના અંતમાં તેમને અચૂક રીતે ભગવાનની કૃપાનો પ્રત્યક્ષ અનુભવ થતો હતો.

## એ સંન્યાસી કોણ હતા ?

ત્યાગરાજના જીવનનો બીજો એક પ્રસંગ પણ જાણવા જેવો છે.

એક દિવસ સવારના સમયે એક સંન્યાસી તેમને ઘેર આવ્યા. એ અજાણ્યા સંન્યાસીએ ત્યાગરાજનું ભક્તિપૂર્ણ સંગીત સાંભળ્યું.

એ સંન્યાસીએ સંગીતના કેટલાક ગ્રંથો તેમને ત્યાં મૂકીને કહ્યું :

'હું કાવેરી નદીએ સ્નાન કરવા જાઉં છું. ત્યાંથી આવીને તમારે ત્યાં ભિક્ષા ગ્રહણ કરીશ.'

એમ કહીને સંન્યાસી સ્નાન કરવા ગયા.

આ બાજુ ત્યાગરાજે ઘણા વખત સુધી એમની રાહ જોઈ. સાંજ થઈ ગઈ. પણ એ સંન્યાસી આવ્યા જ નહિ. ત્યાગરાજે આખો દિવસ ઉપવાસ કર્યો.

એ સંન્યાસીને રાતે શોધવા પણ ક્યાં? એમના વિચારમાં ને વિચારમાં ત્શાગરાજ ઊંઘી ગયા.

તે રાતે ત્યાગરાજને સ્વપ્નમાં પેલા સંન્યાસી દેખાયા। તેમણે ત્યાગરાજને કહ્યું :

'હું નારદ છું અને તને સંગીતના કેટલાક ગ્રંથો આપવા માટે ખાસ આવ્યો હતો. આમાંથી તું પ્રકાશ અને પ્રેરણા મેળવશે.'

ત્યાગરાજ સફાળા જાગી ગયા. તેમણે સંન્યાસીએ મૂકેલા ગ્રંથો જોવા માંડયા. આવા અમૂલ્ય ગ્રંથો પામીને તે ખૂબ આનંદ પામ્યા.

## આપેલું વચન પાળ્યું

ત્યાગરાજના સમયમાં કુંભકોણમની પાસે તિરિભુવનમ નામે સ્થળ છે. ત્યાં સ્વામીનાથ અય્યર નામના એક ગાયક અને અભિનેતા થઈ ગયા. તેમણે આનંદ–ભૈરવી નામના રાગ ઉપર ખૂબ સાધના કરીને પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. સંગીતજ્ઞો અને વિદ્વાનો તેમની આ સિદ્ધિની મુકત કંઠે પ્રશંસા કરતા હતા.

એક વખત સ્વામીનાથ પોતાની નાટકમંડળી સાથે તિરુવૈયાર આવ્યા. તેનાં નાટકો જોઈને લોકો મુગ્ધ બની ગયા. એક રાતે ત્યાગરાજના શિષ્યો તેમનું નાટક જોવા ગયા.

સ્વામીનાથે આનંદભૈરવી રાગમાં ગીત ગાયું. એ સાંભળીને ત્યાગરાજના શિષ્યો મુગ્ધ બની ગયા. એ લોકોએ આવીને ત્યાગરાજ આગળ એમનાં ખૂબ વખાણ કરતાં કહ્યું :

'ગુરુજી, સ્વામીનાથ આનંદભૈરવી રાગ અદ્‌ભુત રીતે ગાય છે. એ રાગમાં આલાપ લેવાની એમની શકિત અસાધારણ છે. આવું અમે પહેલી વાર જ સાંભળ્યું.'

શિષ્યોની વાતો સાંભળીને ત્યાગરાજને થયું : શિષ્યોની વાતમાં કંઈક સત્ય તો હશે જ. લાવ, હું પણ એમને સાંભળવા જાઉં.

પણ ત્યાગરાજ જાહેર રીતે સ્વામીનાથને સાંભળવા જાય, તો ત્યાગરાજ જેવા મહાન સંગીતશાસ્ત્રી આગળ પોતાનું સંગીત સાંભળવાનો સ્વામીનાથ સંકોચ પામ્યા વિના રહે નહિ. એટલે ત્યાગરાજ કોઈને ખબર ન પડે એ રીતે ગુપ્ત વેશે નાટક જોવા ગયા.

ત્યાગરાજને આનંદભૈરવી રાગ ખૂબ પ્રિય હતો. તેમણે એ રાગમાં ત્રણેક રચનાઓ કરી હતી. એ રાગમાં સ્વામીનાથને સાંભળવા તે ઇચ્છતા હતા. એની તે ઉત્સુકતાથી રાહ જોવા લાગ્યા.

છેવટે એ ઘડી આવી પહોંચી. સ્વામીનાથે બહુ જ સુંદર રીતે આલાપ લીધા.

ત્યાગરાજ પોતાને રોકી શકયા નહિ. અભિનય અને સંગીત પૂરાં થતાં જ તે પોતાની મહત્તાનો સહેજ પણ ખ્યાલ કર્યા વિના પોતાની જગ્યાએથી ઊભા થઈને સ્વામીનાથ પાસે જઈ તેને ધન્યવાદ આપવા અને કદરના બે બોલ કહેવા માટે સમુદાય વીંધીને જવા લાગ્યા.

જ્યારે પ્રેક્ષકોને ખબર પડી કે, આ તો મહાન સંગીતશાસ્ત્રી ત્યાગરાજ પોતે છે। ત્યારે ભારે ખળભળાટ મચી ગયો. તેમને રંગમંચ સુધી જવાનો માર્ગ મોકળો કરી આપ્યો.

એકદમ ગાઢ શાંતિ છવાઈ ગઈ. બધા જ લોકો સંગીતશાસ્ત્રી ત્યાગરાજને સાંભળવા અધીરા બની ગયા.

ત્યાગરાજને નજીક આવતા જોઈને સ્વામીનાથ રંગમંચ પરથી કૂદી પડયા અને તેમનાં ચરણોમાં પડી ગયા. પછી તેમણે નમ્રતાથી કહ્યું :

'ઓ ગુરુદેવ, આપની હાજરીમાં મેં આનંદભૈરવી ગાવાનો પ્રયત્ન કર્યો, એ મારી નરી ધૃષ્ટતા જ છે. મને ખબર નહિ કે, આપ અહીં હાજર છો. નહિ તો આવો અવિવેક મારાથી ન થાત. કૃપા કરીને મને ક્ષમા કરો.'

'ત્યાગરાજે મધુર અવાજે કહ્યું :

'એમાં કશું અજુગતું થયું નથી. ક્ષમા માગવાની કશી જરૂર નથી. આ તો મારા શિષ્યોએ મને આનંદભૈરવીના આલાપ લેવાની તમારી

અસાધારણ શક્તિ વિશે વાતો કરી હતી. તેથી હું જાતે જ આલાપ સાંભળવા આવ્યો હતો. તમારા સંગીતથી હું ખૂબ આનંદ પામ્યો છું. મારા તમને અભિનંદન !'

પછી તો તાળીઓના ગડગડાટથી આખું વાતાવરણ ગાજી ઊઠયું. ત્યાગરાજ જેવા મહાન સંગીતકારે કરેલાં વખાણથી ગૌરવ પામીને સ્વામીનાથ ઘડીભર ક્ષોભ પામ્યા. પછી અચકાતાં અચકાતાં તેમણે ત્યાગરાજને કહ્યું :

'વંદનીય ગુરુવર્ય, મારે આપની પાસે એક વચન માંગવું છે.'

ત્યાગરાજે સહજ ભાવે કહ્યું :

'વત્સ, તમારા માગતાં પહેલાં જ તે અપાઈ ચૂક્યું છે. બોલો, ખુશીથી બોલો.'

સ્વામીનાથે આનંદ પામીને કહ્યું :

'ગુરુદેવ, મને વચન આપો કે, આપ આનંદભૈરવી રાગમાં રચનાઓ નહિ કરો. પછીથી ભાવિની પેઢીઓ પૂછશે કે, ત્યાગરાજ જેવા મહાન સ્વરકારે આનંદભૈરવીમાં ત્રણ રચનાઓ ઉપરાંત બીજી રચનાઓ શા માટે કરી નહિ ? તે વખતે તેઓ આ પ્રસંગને યાદ કરશે અને આમ આ પ્રસંગ દ્વારા મારું નામ અમર થઈ જશે.'

સ્વામીનાથની આવી વિચિત્ર અને ઉદ્ધત માગણી સાંભળીને સાંભળનારા લોકોના શ્વાસ અદ્ધર ચડી ગયા !

પરંતુ ત્યાગરાજ સ્વસ્થ રહ્યા. તેમણે પ્રેમાળ સ્મિત ફરકાવી હકારમાં માથું હલાવ્યું અને ત્યાંથી વિદાય લીધી.

ત્યાગરાજને આનંદભૈરવી રાગ પ્રિય હતો. તેમની ત્રણ રચનાઓ અમર થઈ ગઈ છે. પરંતુ તેમણે આપેલું વચન જિંદગીભર પાળ્યું. ત્યાર બાદ ત્યાગરાજે આનંદભૈરવીમાં એકેય રચના કરી નહિ.

## નાના માણસને પણ આવકાર

ત્યાગરાજનાં ભજન-કીર્તન સાંભળવા ઘણા ભકતજનો આવતા. એ કાર્યક્રમ સાંભળવા એક દરવાન પણ આવતો હતો.

એક દિવસ એ ગરીબ દરવાન ત્યાગરાજને નમ્રતાપૂર્વક પ્રણામ કરીને બોલ્યો :

'સંતબાબા, આપને ચરણે આ ગરીબની નમ્ર પ્રાર્થના છે. મને આપ એક ભજન શીખવવા કૃપા કરો.'

ત્યાગરાજે એનો અવાજ અને એની ગાવાની આવડત જાણવા માટે કહ્યું :

'હું તને ભજન જરૂર શીખવીશ. પણ પહેલાં તું એક કામ કર. તને ગમતું કોઈ પણ એક ભજન ગા. મનમાં જરાયે સંકોચ રાખતો મા.'

ભક્તહૃદયના દરવાને પોતાને ગમતું એક ભજન ગાયું.

ત્યાગરાજે એ ભજન ધ્યાનપૂર્વક સાંભળ્યું. પછી એની આવડતને ખ્યાલમાં રાખીને ત્યાગરાજે એક સાદું ભજન રચીને તેને શીખવ્યું.

દરવાન રાજી થતો ભકતરાજને પ્રણામ કરી ઘેર ગયો.

## શિષ્યની વીણા સાંભળવા બેઠા

વીણકુપ્પય્યર નામનો એક સંગીતકાર ત્યાગરાજ પાસે સંગીત–રચનાઓ શીખવા આવ્યો. તે વીણા વગાડવામાં ખૂબ પ્રવીણ હતો. પરંતુ તેણે આ વાત નમ્રપણે ગુરુદેવને જણાવી ન હતી. તેને મનમાં નક્કી કર્યું હતું કે, 'મારે તો ગુરુદેવ પાસે સંગીત શીખવું છે. મને વીણા સરસ વગાડતાં આવડે છે, એનાં બણગાં ફૂંકવાની શી જરૂર?'

ત્યાગરાજ પણ વીણા અવારનવાર વગાડતા હતા. વીણકુપ્પય્યરને મનમાં ઘણી વાર થઈ આવતું કે, ગુરુદેવની વીણા વગાડવા મળે તો કેવું સારું !

એક દિવસ ત્યાગરાજ કોઈ કામસર બહાર ગયા હતા. બીજા શિષ્યો પણ બહાર ગયા હતા.

કુપ્પય્યરને થયું, 'આજે ઘરમાં કોઈ નથી. લાવ, ગુરુદેવના ઓરડામાં જઈને થોડી વાર વીણા વગાડું.'

એમ વિચારીને તે ગુરુદેવના ઓરડામાં ગયો અને ખૂબ સુન્દર રીતે વીણા વગાડવા લાગ્યો.

આટલું સુમધુર વીણાવાદન સાંભળીને ત્યાગરાજનાં ધર્મપત્નીને આશ્ચર્ય થયું. તેમણે રસોડામાંથી બહાર આવીને પૂજાઘરમાં ડોકિયું કર્યું, તો બીજું કોઈ નહિ પણ શિષ્ય કુપ્પય્યર વીણા વગાડતો દેખાયો !

તે દેખાય નહિ તેમ એક બાજુ ઊભાં રહ્યાં અને ખૂબ રસથી આ અદ્ભુત સંગીતને સાંભળવા લાગ્યાં.

થોડી વાર પછી ત્યાગરાજ પણ અચાનક આવી પહોંચ્યા. તેઓ પણ વીણાના સુમધુર સંગીતથી આનંદ પામતા ઘર આગળ જ ઊભા રહી ગયા. તેમને આશ્ચર્ય થયું કે, આટલું સુન્દર વીણાવાદન કોણ કરતું હશે !

સંગીત એટલું મુગ્ધ કરે એવું હતું કે, મહાન સંગીતશાસ્ત્રી ત્યાગ-રાજ પણ ઘર આગળ ઓટલા પર બેસી ગયા અને સાંભળવા લાગ્યા.

અંતે ત્યાગરાજથી રહેવાયું નહિ. તેઓ ઊભા થઈને વીણાવાદકને જોવા માટે અંદર ગયા.

કુપ્પય્યરે ગુરુદેવને પૂજાઘરમાં આવેલા જોયા કે, તરત જ તેણે વીણાને યથાસ્થાને મૂકી દીધી, ધ્રુજતા હાથે ગુરુનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તે બોલી ઊઠયો :

'ગુરુદેવ, આપની રજા વગર આપની વીણા વગાડી. માટે ક્ષમા કરશોજી. મારી જરાયે યોગ્યતા નથી !'

ત્યાગરાજ પ્રેમભર્યું સ્મિત ફરકાવી શિષ્યનો વાંસો થાબડતા બોલ્યા,

'વત્સ ! શાબાશ, શાબાશ ! તું કેટલી સુંદર રીતે વીણા વગાડી શકે છે, એ મેં આજે જાણ્યું. તેં મને અગાઉથી કેમ જણાવ્યું નહિ કે તું આવી સરસ વીણા વગાડી શકે છે ? આજે ઘણે વખતે આવું મધુર વીણાવાદન સાંભળવા મળ્યું.'

ગુરુદેવનાં પ્રોત્સાહનભર્યાં વચનો સાંભળીને શિષ્યનું હૈયું આનંદથી ઊભરાઈ ગયું.

## રાગદ્વેષથી પર

ત્યાગરાજ કદી કોઈની ઈર્ષા કરતા નહિ. તેઓ બીજાની સ્વર–રચ-નાઓ અને સર્જન–પ્રવૃત્તિને ભાવભર્યો આવકાર આપતા.

ગોપાલકૃષ્ણ ભારતી તામિલ ગીતોના સારા સ્વર–સંયોજક તરીકે જાણીતા થયા હતા. એ જુવાન સ્વરકારને એક વાર મહાન સંત ત્યાગરાજનાં દર્શન કરવાનું અને તેમના આશીર્વાદ લેવાનું મન થયું.

એક દિવસ ગોપાલકૃષ્ણ તિરુવૈયાર ગયા. ત્યાગરાજે તેમને આવકાર્યા અને પૂછ્યું :

'તમે ક્યાંથી આવો છો ?'

ભારતીએ પોતે માયવરમ્ ગામના છે એમ જણાવ્યું.

એ સાંભળીને ત્યાગરાજે કહ્યું :

'તમે ગોપાળકૃષ્ણ ભારતીને ઓળખો છો ખરા ? તેમણે તામિલ ભાષામાં કેટલાંક ગીતોનું ખૂબ જ સુંદર સ્વર–સંયોજન કર્યું છે. મને એ ગીતો ખૂબ જ ગમી ગયાં છે. એમના સ્વમુખે સાંભળવાનો જેમને લહાવો મળ્યો હશે, તે ખરેખર ધન્ય છે!'

ગોપાલકૃષ્ણને તો કલ્પનાય નહોતી કે, તિરુવૈયારના સંત પાસેથી પોતે આવી પ્રશંસા પામશે. તેમણે પોતાના નમ્ર સ્વભાવ પ્રમાણે ખૂબ સંકોચ સાથે ધીરા અવાજે કહ્યું :

'ગુરુદેવ ! આ તુચ્છ શરીર જ ભારતી છે!'

ત્યાગરાજ એ સાંભળીને ખૂબ પ્રસન્ન થયા અને તરત જ ગોપાલકૃષ્ણ ભારતીને હેતથી ભેટી પડ્યા.

## તીર્થયાત્રાએ

લગભગ ૧૮૩૪ની સાલમાં ઉપનિષદબ્રહ્મને સંત ત્યાગરાજને પત્ર લખી પોતાને ઘેર કાંચીપુરમ્ આવવા નિમંત્રણ આપ્યું :

'ખૂબ ખૂબ આશિષો.'

'મારા પૂર્વાશ્રમમાં હું અને તમારા પિતા સહપાઠી અને ગાઢ મિત્રો હતા. તમારાં સુંદર સ્વર–સંયોજનો વિષે મેં ઘણા પાસેથી સાંભળ્યું છે.

'હું તમને મળવા ઇચ્છું છું. મારી ઉમ્મર ૧૦૦ વરસથી વધારે હોવાથી હું તમને મળવા તિરુવૈયાર આવી શકું એમ નથી. તમે કાંચી આવીને મારા અતિથિ તરીકે રહેશો તો મને આનંદ થશે.'

ત્યાગરાજ કાંચીની મુલાકાતે જવા તૈયાર થયા. એટલે તેમના શિષ્યોએ આ પ્રવાસ દરમિયાન તિરુપતિ વગેરે અન્ય તીર્થોની જાત્રા કરવાનો તેમ જ કેટલાંક સ્થળોની મુલાકાત લેવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. શિષ્યોએ ગુરુદેવને પાલખીમાં બેસાડીને યાત્રા કરાવી હતી.

ત્યાગરાજ કાંચીપુરમ્ ગયા અને ઉપનિષદ્ બ્રહ્મના અતિથિ તરીકે થોડા દિવસ રહ્યા હતા. એમનાં ભજનો સાંભળવા ઘણા ભક્તજનો ભેગા થતા હતા. જે કોઈએ તેમનું સંગીત સાંભળ્યું, તે પ્રત્યેકે અનુભવ્યું હતું : પોતે શુદ્ધ થઈ ગયા છે.

## તિરુપતિમાં અદ્‌ભુત ચમત્કાર

ત્યાગરાજ યાત્રા કરતા કરતા તિરુપતિ પહોંચ્યા.

એ દિવસોમાં શિખર સુધી પહોંચવા માટે યાત્રિકોને સાત માઈલ સુધી પહાડનાં પગથિયાં ચડવાં પડતાં હતાં. ત્યાગરાજે અને તેમના શિષ્યમંડળે પ્રાતઃકાળથી ચડાણ શરૂ કર્યું અને લગભગ અગિયાર વાગ્યે તેઓ શિખરે પહોંચ્યા હતા.

ત્યાગરાજ તિરુપતિ ભગવાનનાં દર્શન કરવા ખૂબ આતુર હતા. તેમણે તરત જ પવિત્ર કુંડમાં સ્નાન કર્યું અને પ્રાર્થના કરીને મંદિર ભણી પ્રેમવિભોર થઈ દોડી ગયા.

ત્યાગરાજ મંદિરના અગ્રભાગની નજીક ગયા, ત્યારે ભગવાનના દર્શનને અવરોધતો પડદો જોઈને તેઓ ખૂબ નિરાશ થઈ ગયા !

ત્યાગરાજે વિચાર્યું કે, તેમનો પોતાનો અહમ્ પડદાના રૂપમાં તેમને ભગવાનનાં દર્શન કરતાં અટકાવે છે : એટલે તેમણે ખૂબ દીન અને આર્ત ભાવે એક ગીત બનાવીને મધુર સ્વરે ગાવા માંડ્યું. એ ગીતમાં ભગવાનનાં દર્શન કરવાની તાલાવેલી અને ભગવાનનાં દર્શન થતાં નથી એનું મનદુઃખ નીતરતાં હતાં.

અને ત્યાં તો ચમત્કાર થયો ! ગીત પૂરું થતાં જ પડદો આપમેળે ખસી ગયો અને ત્યાગરાજને ભગવાન વેંકટેશ્વરનાં તેજોમય દર્શન થયાં !

ત્યાગરાજ અવર્ણનીય આનંદથી ભાવવિભોર બની ગયા. ભગવાનનાં પાવનકારી ચરણકમળમાં તેમણે ભક્તિભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

મંદિરના પૂજારીઓએ પણ દોડતા આવીને ભકત ત્યાગરાજનો ભાવ-ભર્યો આદર કર્યો. એ સૌને પછીથી જ ખબર પડી કે, એ તો મહાન સંત ત્યાગરાજ હતા.

## ભગવાને સહાય કરી

ત્યાગરાજ પછી પોતાના સંઘ સાથે મદ્રાસ વગેરે સ્થળોની મુલાકાત લઈને આગળ જતાં કૌવુર મુકામે આવ્યા. ત્યાં કૌવુરના સુંદર મુદલિયારે આ મહાન સંગીતશાસ્ત્રી સંત ત્યાગરાજ પ્રત્યેની ઉત્કટ ભક્તિથી પ્રેરાઈને ત્યાગરાજની જાણ બહાર તેમની પાલખીમાં ૧૦૦૦ સુવર્ણમુદ્રાની થેલી મૂકી દીધી.

મુદલિયારજીએ ત્યાગરાજના શિષ્યોને કહ્યું હતું કે, આ રકમ રામ-નવમી, શ્રી જયંતી અને વૈકુણ્ઠ એકાદશીને દિવસે થતા મહોત્સવમાં ઉપયોગમાં લેવાની છે, તેથી લેવાની ના પાડશો નહિ. શિષ્યોએ એ માન્ય કર્યું.

યાત્રા કરતાં કરતાં તેઓને એક રાતે જંગલમાંથી પસાર થવાનું આવ્યું. વનમાં એક જગ્યાએ બહારવટિયાઓનો અડ્ડો હતો. ત્યાગરાજ અને તેમનો સંઘ આ લૂંટારાઓથી ઘેરાઈ ગયા. શિષ્યોએ જ્યારે આ વાતની જાણ ત્યાગરાજને કરી, ત્યારે તેમણે કહ્યું :

'આપણે લૂંટારાઓથી શા માટે ડરવું જોઈએ ? તેમને ચોરવાનું મન થાય એવું આપણી પાસે છે શું ?'

એક શિષ્યે ધીમે અવાજે તેમને કહ્યું :

'ગુરુદેવ, સુન્દર મુદલિયારજીએ ૧૦૦૦ સુવર્ણમુદ્રાઓ આપની પાલ-ખીમાં મૂકેલી છે. રામનવમી વગેરે મહોત્સવ વેળાએ એનો ઉપયોગ કરવાનું તેમણે જણાવ્યું છે.'

ત્યાગરાજ સહજ ભાવે બોલ્યા :

'ઓહો ! એમ વાત છે ? તો પછી એ સુવર્ણમુદ્રાઓ લૂંટારાઓ સામે ફેંકી દો.'

ત્યાં તો એક શિષ્ય બોલી ઊઠયો :

'નહિ, નહિ ગુરુદેવ ! આ ધન તો રામનવમી, શ્રી જયંતી અને વૈકુણ્ઠ એકાદશીના ઉત્સવો વખતે વાપરવા માટે અપાયું છે. લૂંટારાઓ માટે ફેંકી દેવાનો આપણને કોઈ અધિકાર નથી.'

ત્યાગરાજ એ સાંભળીને બોલ્યા :

'જો એ ઈશ્વરનું ધન છે, તો ઈશ્વર તેની સંભાળ લેશે. આપણે એ માટે શાને ચિંતા કરવી ?'

આમ કહેતાં કહેતાં ત્યાગરાજ ધ્યાનસ્થ બની ગયા. તેમણે એક ગીત ગાયું. એ ગીતનો સાર એ છે કે—

'ખર અને મુર રાક્ષસોને હણનાર હે રામ ! આવો. લક્ષ્મણની સાથે તુરત જ આવીને અમને આ આપત્તિમાંથી ઉગારો.'

'अग्रतः पृष्ठतश्चैव पार्श्वतश्च महाबलौ ।
आकर्णपूर्ण धन्वानौ रक्षेतं रामलक्ष्मणौ ॥

ત્યાં તો બે કુમારો દેખાયા ! તેમણે લૂંટારાઓ પર તીર વરસાવ્યાં. આથી લૂંટારાઓ ભયના માર્યા ખૂબ દૂર ભાગી ગયા.

પછી બંને તેજસ્વી કુમારો ધીમેધીમે પાલખીની ખૂબ નજીક આવ્યા અને મધુર ઘંટડીના જેવા મીઠા અવાજે ત્યાગરાજ ભણી જોઈને ધીમેથી બોલ્યા :

'લૂંટારાઓનો ભય હવે દૂર થયો છે. તમે બધા નિશ્ચિંત મને જાઓ.'

એ કુમારો થોડેક જઈને અદૃશ્ય થઈ ગયા.

યાત્રા આખો દિવસ ચાલતી રહી. સંધ્યા સમયે સંઘ એક ગામડા પાસે પહોંચ્યો. ગામમાં મંદિરના ચોકમાં એ લોકોએ ઉતારો કર્યો.

શૂરવીર કુમારોથી બરોબર માર ખાધેલા લૂંટારાઓ છેટું અંતર રાખીને ત્યાગરાજના સંઘની પાછળ પાછળ આવતા હતા. વહેલી સવારે એ લૂટારાઓ ત્યાગરાજ પાસે આવ્યા અને નમ્રતાપૂર્વક પ્રણામ કરીને પૂછવા લાગ્યા :

'પેલા તીર વરસાવનારા બંને કુમારો કોણ હતા? તેઓ ક્યાં ગયા?'

ત્યાગરાજના મનમાં રામ અને લક્ષ્મણ સિવાય બીજા કોનો વિચાર આવે? અતિ આનંદમાં આવીને તેમણે રામ–લક્ષ્મણનાં ગુણગાન ગાતું ગીત ગાયું.

પછી આ દિવ્ય કુમારોનાં દર્શન કરવા સદ્‌ભાગી થયેલા લૂંટારાઓને રામનામનો ઉપદેશ આપ્યો અને એ લોકોને સત્પંથે દોર્યા.

## ત્યાગરાજની બહુવિધ પ્રતિભા

સંત ત્યાગરાજ આજન્મ સ્વર–સંયોજક હતા. તેમની સ્વર રચનાઓ સાચે જ ઉચ્ચ કોટિની છે. તેઓ અસાધારણ સહજતાથી વિપુલ પ્રમાણમાં સ્વર–સંયોજનો કરતા હતા. તેમની પ્રતિભા બહુમુખી હતી. ત્યાગરાજને મન સંગીત એ સાધનમાત્ર ન હતું, પરંતુ સ્વયમેવ સાધ્ય હતું.

સંગીતની સતત પ્રવૃત્તિ થતી હતી એવા કાળમાં ત્યાગરાજ જીવ્યા હતા. દક્ષિણ હિન્દુસ્તાની સંગીતના ઇતિહાસમાં એમનો યુગ સાચે જ ઉજ્જ્વલતમ હતો.

સ્વર–સંયોજન કરવાની કળા તેમનામાં કુદરતી હતી. તેઓ આમ તો સંસ્કૃત અને તેલુગુના પ્રખર અભ્યાસી હતા અને જ્યોતિષ, ગણિત તથા મંત્રશાસ્ત્રના પારંગત હતા. તેમના સંગીતમાં અદ્વિતીય ઉદાત્તતા અને ભવ્યતા હતી. તેમની સ્વર–સંયોજનામાં બુદ્ધિ અને ભાવનું સુન્દર સાયુજ્ય જોવા મળે છે.

દુન્યવી વૈભવ અને સુખની પરવા કર્યા વિના જે પોતાના આદર્શ પ્રમાણે જ જીવ્યા હોય અને એકસાથે કવિ, સંત અને તત્ત્વજ્ઞાની પણ હોય એવા બીજા સ્વર–સંયોજકનું નામ વિશ્વના સંગીતના ઇતિહાસસમાં શોધવું મુશ્કેલ છે.

ભારતને મહાન બનાવનાર ઋષિઓ અને સંતોના સમુદાયમાંના ત્યાગરાજ એક છે. તેમણે સંગીતનું એવું સામ્રાજ્ય સ્થાપ્યું જે કાળની કસોટીએ પણ ટકશે. તેમણે ભારતની આધ્યાત્મિક ગૌરવગાથા અને

પ્રણાલિકાઓને જીવંત રાખી છે. તેમનાં ગીતો દ્વારા તેમણે ભારતના સંતોના સાશ્વત મૂલ્યબોધની ઉદ્દ્ઘોષણા કરી છે.

ત્યાગરાજ સાચા અધ્યાત્મિક ગાયક હતા. તેમણે પોતાનું સંગીત ઈશ્વર સિવાય બીજા કોઈને અર્પણ કર્યું નથી. તેઓ શ્રીરામના પરમ ભક્ત હતા અને રોજ રામાયણ વાંચતા હતા.

આ વિશે તે વખતના એક જાણીતા સ્વર-સંયોજક અને તેલુગુ તથા સંસ્કૃત ભાષાના પંડિત નરસિંહદાસે યોગ્ય જ કહ્યું છે :

'રામભકિતમાં ત્યાગરાજની તોલે આવે એવી અન્ય વ્યકિતનું નામ આપવું અશકય છે. જો ત્યાગરાજ એક વાર પ્રેમભાવથી 'રામ!' એટલું જ કહે તો તરત જ શ્રીરામ તરફથી તેનો પ્રત્યુત્તર આવે. 'ઓ ત્યાગરાજ! હું અહીં છું. તારી શી ઇચ્છા છે?"'

ત્યાગરાજનો અવાજ સૂરમાં ઊંચો હતો. તેમનો રૂપાની ઘંટડી જેવો અવાજ ત્રણેય સપ્તકમાં ફરી શકતો હતો. તેમનો અવાજ સંવાદિતાથી સમૃદ્ધ અને અને મધુર હતો.

એક વખત મહાવૈદ્યનાથ અય્યરના પિતા આગળ તેમના મિત્રે પુત્રના મોહક કંઠ બદલ અભિનંદન આપ્યા. તે વખતે પિતાએ સહજ ભાવે કહ્યું :

'મહાન ત્યાજરાજના સૂરીલા કંઠ આગળ મારા પુત્રના કંઠની શી કિંમત?'

ત્યાગરાજ આવા પ્રતિભાશળી હોવા છતાં તેઓ ખૂબ વિનમ્ર હતા. તેમનામાં સાદાઈ ખૂબ જ હતી. કોઈની પણ સાથે તેઓ સરળતાથી ભળી જતા.

ત્યાગરાજ જીવનની આકરી અગ્નિપરીક્ષામાંથી પણ પસાર થયા હતા. એ પરથી તેમણે બોધપાઠ તારવ્યો છે કે,

'ગમે તેવી મુશ્કેલીઓમાં સત્યના માર્ગને દઢતાથી વળગી રહો. અને કદાચ તમે તે સમયે ન જોઈ શકો છતાં ઈશ્વરની કૃપા તમારી સાથે જ રહેશે.'

## ભક્તની ચિંતા ભગવાનને

ભકતરાજના જીવનના પ્રારંભકાળનો આ પ્રસંગ છે. એક દિવસ ત્યાગરાજ પાસે ભોજન કરવા માટે અન્ન ન હતું. આખો દિવસ તેઓ ભૂખ્યા રહ્યા.

રાતે લગભગ અગિયાર વાગ્યે એક વૃદ્ધ પુરુષ માથા પર વજનદાર પોટલું લઈને એક સ્ત્રી અને નોકરની સાથે ત્યાગરાજને શોધતો શોધતો આવ્યો.

ત્યાગરાજે તેમને આવકાર આપ્યો. પણ સાથે સાથે તેઓ ઊંડી વિમાસણમાં પડી ગયા કે, 'મારે આંગણે મહેમાનો આવ્યા છે. હવે એમને શું ખવડાવીશ? ઘરમાં તો કશું જ નથી!'

તેઓ મનમાં દુઃખી દુઃખી થઈ ગયા.

ત્યાં તો વૃદ્ધ પુરુષે વહાલભર્યા અવાજે કહ્યું:

'ત્યાગુ! ચિંતા કરીશ નહિ. હું બધું સીધુંસામાન લઈને જ આવ્યો છું.'

આમ કહીને તેણે પોતાના નોકરને રસોઈ કરવાનો હુકમ આપ્યો.

રસોઈ થઈ રહી હતી, ત્યારે વૃદ્ધ પુરુષ અને તેની પત્ની ત્યાગરાજની સાથે વાતો કરવા લાગ્યાં.

રસોઈ તૈયાર થઈ ગઈ. ત્યાગરાજે ભગવાનને નૈવેદ્ય ધરાવ્યું. પછી બધાંએ પ્રેમથી ભોજન કર્યું.

જમ્યા પછી તેઓ બધાં પાછાં વાતો કરવા લાગ્યાં. પ્રાતઃકાળ થવાની તૈયારી હતી. એટલે વૃદ્ધ પુરુષ જવા ઊઠયા. તેમણે ત્યાગરાજને આશીર્વાદ આપ્યા અને કહ્યું:

'ત્યાગુ! તું મહાન પુરૂષ થશે.'

એમ કહીને ત્રણે જણાં ઘર બહાર નીકળી ગયાં.

તેઓ કઈ બાજુ જાય છે એ જોવા ત્યાગરાજ બહાર નીકળ્યા. પણ મારગે કોઈ દેખાયું નહિ. તેમણે આજુબાજુ જોયું, આમતેમ દોડીને જોયું

પણ એ લોકોનો ક્યાંય પત્તો ન મળે! તેઓ ક્યાં અદશ્ય થઈ ગયાં? ભગવાન જાણે?

થોડી વાર પછી તેમને અંતઃકરણની પ્રેરણાથી સમજાયું કે, એ વૃદ્ધ પુરુષ અને સ્ત્રી બીજાં કોઈ નહિ પણ મારાં શ્રીરામ અને સીતાજી જ હતાં! રસોઈ કરનાર નોકર બીજો કોઈ નહિ પણ હનુમાનજી જ હતા!

ત્યાગરાજ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે ભાવવિભોર થઈ એક સ્તુતિ-ગીત રચ્યું. એમાં તેમણે ખૂબ અહોભાવપૂર્વક કહ્યું છે:

'હે મારા પ્રભુ! તમે મારે ઘેર પધાર્યા અને મારી સાથે પેટ ભરીને વાતો કરી. હવે કૃપા કરીને તમે મારા હૃદયમાં નિવાસ કરો અને તમારો થાક ઉતારો.'

## ભીડભંજન ભગવાન

ત્યાગરાજને બે ભાઈઓ હતા. ત્યાગરાજ સૌથી નાના. વચલો ભાઈ રામનાથન નાનપણમાં જ ગુજરી ગયો હતો. સૌથી મોટાભાઈ જલ્પેસનને પોતાના નાના ભાઈ ત્યાગરાજની ભક્તિઘેલછા અને સંન્યાસી જેવી નિર્લોભ વૃત્તિ પસંદ ન હતી. એટલે ઘણી વાર ગુસ્સામાં આવી જઈ ત્યાગરાજને તે સતાવતો હતો.

તંજોરના રાજા સરભોજીએ જ્યારે ત્યાગરાજને લોભાવનારી ભેટ-સોગાદ લેવા રાજદરબારમાં આવવા નિમંત્રણ પાઠવ્યું હતું; ત્યારે ત્યાગ-રાજે નમ્રભાવે એનો સ્વીકાર કર્યો ન હતો.

આ વાતની જલ્પેસનને ખબર પડી. એટલે તે ખૂબ ગુસ્સે થઈ ગયો. તે રોષમાં બોલી ઊઠ્યો:

'શું રામભજન તારું પેટ ભરશે? એ શું તારું શરીર ઢાંકશે?'

ત્યાગરાજે શાંતિથી બધું સાંભળી લીધું.

◻

બીજો પણ એક પ્રસંગ શરૂઆતના દિવસમાં બન્યો હતો.

ત્યાગરાજ આખો વખત રાજભજનમાં કાઢતા હતા. જલ્પેસનને એમનુ આવું સાધુચરિત જીવન ગમતું ન હતું. તે મનમાં ને મનમાં ધૂંધવાયા કરતો હતો. કોઈ વાર અકળાઈને બોલી ઊઠતો :

'તું મૂર્તિની પૂજા પાછળ કેટલો બધો વખત બગાડે છે ? કંઈ કામધંધો કર. આમ તારું સંસારનું ગાડું ક્યાં સુધી ચાલશે ? જરા વ્યવહાર શીખ.'

ત્યાગરાજ મોટાભાઈને સામો જવાબ કદી આપતા નહિ.

એક વાર એક ધાર્મિક તહેવારનો દિવસ હતો. તે દિવસે જલ્પેસન ત્યાગરાજને વિના કારણ ભાંડવા લાગ્યો. એ જોઈને ત્યાગરાજને મનમાં બહુ દુઃખ થયું.

એ પછી થોડા દિવસો બાદ ત્યાગરાજ એક દિવસે ઉન્ચવૃત્તિ માટે બહાર ગયા હતા. એ દિવસોમાં ત્યાગરાજના ઘણાબધા શિષ્યો નહોતા અને ત્યાગરાજ એટલા જાણીતા પણ ન હતા.

તે વેળાએ ત્યાગરાજનો એવો નિયમ હતો કે, ઉન્ચવૃત્તિનું પાત્ર ચોખાથી ભરાઈ જાય, એટલે તે પાછા ઘેર આવતા. એ માટે તેમને આસપાસનાં ગામોમાં પણ જવું પડતું.

ત્યાગરાજ ભિક્ષા માટે બહાર ગયા. એટલે તેમના મોટાભાઈએ ત્યાગરાજ જે રામમૂર્તિની રોજ પૂજા કરતા હતા, તેને ઊંચકીને કાવેરી નદીમાં ફેંકી દીધી!

ત્યાગરાજ ઘેર આવીને જુએ, તો રામની મૂર્તિ પૂજાઘરમાં ન મળે!

ભગવાન શ્રીરામની મંગળ મૂર્તિ ન જોઈને ત્યારાજ ખૂબ આકુળ-વ્યાકુળ થઈ ગયા. તેમણે ઘરમાં બધાંને પૂછપરછ કરી પણ કોઈ એ વિશે કહી શક્યું નહિ.

ત્યાગરાજે મોટાભાઈને પૂછ્યું :

'મોટાભાઈ, પૂજાઘરમાંથી મૂર્તિ ક્યાં ગઈ ? એને કોણ ઉપાડી ગયું ?'

મોટાભાઈએ મોં ચડાવીને કહ્યું :

'તારી મૂર્તિની મને શી ખબર ? તારા ભગવાનને જ પૂછ ને।'

ત્યાગરાજ આર્ત સ્વરે ભગવાનને પોકારવા લાગ્યા. તેમણે કરુણ સ્વરે પ્રભુને પ્રાર્થતું ગીત ગાયું.

મૂર્તિ ખોવાયાના સમાચાર બધે ફેલાઈ ગયા. ત્યાગરાજના શિષ્યોએ ત્યાગરાજના મનને બીજે વાળવા માટે પોતાને ઘેર ભજનકીર્તન કરવા આવવાનું આમંત્રણ આપ્યું. થોડા દિવસ ત્યાગરાજ એકબે સ્થળે જઈ આવ્યા. પણ તેમનું ચિત્ત તો મૂર્તિમાં જ પરોવાયેલું હતું.

છેવટે તેઓ પાછા તિરુવૈયાર આવ્યા. તેમને એક રાતે સ્વપ્નું આવ્યું.

સ્વપ્નામાં કાવેરી નદીમાં જે સ્થળે મૂર્તિ નાખવામાં આવી હતી એ સ્થળ ચોખ્ખું દેખાયું!

ત્યાગરાજ તરત જ ત્યાં દોડી ગયા. તેમને સ્વપ્નમાં બતાવેલી જગ્યાએથી મૂર્તિ મળી ગઈ.

તેઓ આનંદમાં આવી ગયા અને ભગવાનનો ખૂબ ખૂબ આભાર માનવા લાગ્યા.

## ભગવાને દર્શન દીધાં

ચૈત્રોત્સવનો મંગળ દિવસ હતો. ત્યાગરાજ એ દિવસે શ્રીરંગમ ગયા.

તે પવિત્ર દિવસે શ્રીરંગમમાં ભગવાનની મૂર્તિને ઘોડાની પીઠ પર સોનાના સિંહાસન ઉપર બેસાડીને સવારી કાઢવામાં આવે છે.

લોકોની ખૂબ જ ભીડ જામી હતી. ત્યાગરાજને ભગવાનનાં દર્શન નજીકથી કરવાની તીવ્ર ઇચ્છા હતી. પણ ભકતજનો અને દર્શનાર્થીઓ એટલા ધક્કા-મુક્કી કરીને મૂર્તિ આગળ જવા ધસતા હતા કે, ત્યાગરાજ બહુ પાછળ ફેંકાઈ ગયા.

ત્યાગરાજ માટે ભગવાનનાં દર્શન પાસે જઈને કરવાનું મુશ્કેલ થઈ પડયું એટલે તે નિરાશ બની એક બાજુએ ઊભા રહી ગયા.

તે જ ઘડીએ ચમત્કાર થયો ! ત્યાગરાજ જ્યાં ઊભા હતા એ રસ્તાનો ખૂણો ઓળંગી રહેલી સવારી એકાએક થંભી ગઈ ! ભગવાનનો રથ ખેંચનારાઓના પગ જાણે જમીન સાથે જડાઈ ગયા !

આવા પ્રસંગોએ લોકોમાં એવી માન્યતા પ્રચલિત છે કે, કોઈ ખરાબ માણસની છાયા ભગવાનની મૂર્તિ પર પડી છે. આ વખતે પણ એમ જ માનવામાં આવ્યું. એટલે એને દૂર કરવાના ઉપાયો અજમાવી જોયા. પણ એનું કશું પરિણામ ન આવ્યું.

થોડી વાર પછી મંદિરના પૂજારીઓમાંના એકને એવી અંતઃપ્રેરણા થઈ કે તેણે ત્યાગરાજ ઊભા હતા એ બાજુ આંગળી ચીંધીને કહ્યું :

'એક ભક્તરાજ ઊભા છે. તેમને અહીં લાવવામાં આવે અને દેવ-દર્શન કરાવવામાં આવે, તો જ સવારી આગળ વધી શકશે.'

તરત જ મંદિરના કર્મચારીઓ અને પૂજારીઓ ત્યાગરાજ પાસે દોડી ગયા. એ લોકોએ ત્યાગરાજને બધી વાત કહી.

ત્યાગરાજ ભગવાને કરેલી કૃપાથી અહોભાવભર્યા ભાવાવેશમાં ડૂબી ગયા. તેમણે દિલ ભરીને ભગવાનનાં દર્શન કર્યાં. એટલે સવારી પહેલાંની માફક આગળ ચાલવા લાગી.

## પ્રભુના ચરણકમળમાં

આમ, ત્યાગરાજ દિવસે દિવસે વધારે ને વધારે પ્રભુમય બનતા ગયા. તેમનાં સંગીતબદ્ધ ગીતોમાં પ્રભુનો મહિમા મુક્ત કંઠે તેમણે ગાયો છે. પદેપદે ઉત્કટ ભક્તિ નીતરે છે.

ત્યાગરાજ પરમ રામભક્ત હતા. તેથી તેમણે રામાયણ સંગીતબદ્ધ સુરાવલિમાં રચ્યું છે એ રામાયણ વાલ્મીકિ રામાયણ અને ભક્તકવિ તુલસીદાસજીના રામાયણની માફક દક્ષિણમાં ઘરોઘર જાણીતું થયું છે. ઘણાબધા પ્રસંગોને તેમણે મૌલિક રીતે વર્ણવેલા છે.

ઈ. સ. ૧૮૪૭ની સાલ ચાલતી હતી. એક દિવસ ત્યાગરાજને સ્વપ્નું આવ્યું. એમાં જણાવવામાં આવ્યું કે, દસ દિવસમાં જ તેમને પ્રભુના ચરણકમળમાં બોલાવી લેવામાં આવશે.

ત્યાગરાજ પ્રભુનો એ સંદેશ સાંભળીને ભાવવિભોર બની ગયા. એ મંગળ અવસરની તેઓ આતુરતાથી રાહ જોવા લાગ્યા.

એ જ અરસામાં પુષ્ય સુદ એકાદશી આવી. એ રાતે હંમેશની માફક ભજનકીર્તન થયું. પછી ભજનનો કાર્યક્રમ પૂરો થતાં ત્યાગરાજે ભકતમંડળને ઉદ્દેશીને કહ્યું :

'આવતી પુષ્ય બહુળ પંચમીએ એક ચમત્કાર થશે. તે દિવસે આપ સૌ જરૂર પધારજો.'

ચતુર્થીના દિવસે, એટલે કે તેમના દેહાંતને આગલે દિવસે, ત્યાગરાજે પરમહંસ બ્રહ્માનન્દ સ્વામીજીને વિનંતી કરી :

'ગુરુદેવ, કૃપા કરી મને સંન્યાસ આશ્રમમાં દાખલ કરો.'

પ્રથમ તો સ્વામીજીએ ના પાડતાં કહ્યું :

'ત્યાગરાજ, તમે તો જીવન્મુક્ત છો જ. તમને સંન્યાસાશ્રમમાં સામેલ થવાની જરૂર નથી.'

પરંતુ ત્યાગરાજે આગ્રહપૂર્વક વારે વારે વિનંતી કરી. એટલે તેમને સંન્યાસાશ્રમમાં દાખલ કરવામાં આવ્યા. તેમનું નામ 'નાદબ્રહ્માનંદ' રાખવામાં આવ્યું.

ત્યાર બાદ ત્યાગરાજે ત્યાં ભેગા થયેલા ભકતજનોને કહ્યું :

'ભગવાન શ્રીરામે મને વચન આપ્યું છે કે, આવતી કાલે પંચમીને દિવસે સવારે અગિયાર વાગ્યે તેઓ મને લઈ જશે. મારી વિનંતી છે કે, અત્યારથી આપ સૌ સતત ભજન ચાલુ રાખો.'

આ સમાચાર વાયુવેગે બધે પ્રસરી ગયા. બીજી સવારે હજારો લોકો અને ભક્તો સંત ત્યાગરાજને અંતિમ વિદાય આપવા ઊમટયા.

ત્યાગરાજ યોગસમાધિમાં બેઠા. નિર્ધારેલા સમયે સમુદાયે સંતના મસ્તક પરથી ઉદ્ભવતો ગેબી નાદ સાંભળ્યો. ત્યાર બાદ સતત જ સૌએ બ્રહ્મરંધ્રમાંથી નીકળતી જ્યોતિ જોઈ, જે ધીમે ધીમે ઉત્તર તરફ ઊંચે જઈને લય પામી ગઈ.

પછી સંત ત્યાગરાજના મૃતદેહને સન્માનપૂર્વક સતત સંગીત સાથે કાવેરી નદીને તીરે લઈ જવામાં આવ્યો.

ત્યાગરાજના ગુરુદેવ સોણ્ટિ વેંકટરમણુય્યની સમાધિ પાસેના સ્થાને ત્યાગરાજના મૃતદેહને આદર અને ભક્તિભાવથી પધરાવવામાં આવ્યો.

આજે પણ હજારો સંગીતકારો, સંગીતપ્રેમીઓ અને ભક્તજનો આ સમાધિસ્થાને પુણ્યતિથિના પવિત્ર મહોત્સવમાં આવે છે અને આ પરમ સંતને ભાવભરી અંજલી આપે છે.

સંત ત્યાગરાજ ક્ષર દેહ છોડીને ગયા, પણ તેમનાં અસંખ્ય ગીતો અને સંગીત–સુરાવલિઓથી જનસમાજના હૃદયમાં અમર થઈ ગયા છે.

વંદન હો એ મહાન રામભક્ત ત્યાગરાજને !

૩

# ભિક્ષુ અખંડાનંદજી

સંસ્કૃતમાં એક સુભાષિત છે :

परोपकाराय फलन्ति वृक्षाः ।
परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः ।
परोपकाराय सतां विभूतयः ।

—પરોપકાર માટે વૃક્ષો ફળ આપે છે. પરોપકાર માટે નદીઓ વહે છે. પરોપકાર માટે ગાયો દૂધ આપે છે. પરોપકાર માટે સંતજનોની બધી વિભૂતિઓ હોય છે. સંત પુરુષો પોતાનું સર્વસ્વ પરોપકાર માટે સમર્પી દે છે.

એક સ્વામીજીની જિંદગીની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી હતી. રાતનો વખત હતો. ઠંડી સખત હતી. રાતે લગભગ બાર વાગ્યા હતા.

સ્વામીજીએ ઈશારાથી પોતાની સેવામાં રહેલા પરિચારકને પાસે બોલાવ્યો.

પરિચારકના મનમાં થયું કે સ્વામીજીને કંઈ જોઈતું હશે. પાણી–બાણી પીવું હશે. એટલે તે પાસે જઈને બોલ્યો :

'બોલો સ્વામીજી, આપને કશું જોઈએ છે ?'

સ્વામીજીથી બરોબર બોલાતું ન હતું. છતાં મંદ અવાજે તેઓ બોલ્યા :

'મારે કશું જોઈતું નથી. પણ એક કામ કર.'

'રસ્તા ઉપર જે ઓઢયા વગર સૂતા હોય, એ સૌને ગરમ કામળા ઓઢાડી આવ.'

પરિચારકે તરત જ એ કામ પાર પાડ્યું.

એકાદ કલાક પછી સ્વામીજીએ હંમેશને માટે આંખો મીંચી દીધી.

આમ અંત સમયે પણ દરિદ્રનારાયણની ચિંતા કરનારા એ સ્વામીજીની યાદ આવતાં ઉપરનો શ્લોક સહેજે આંખ સામે તરી આવે છે.

આ સ્વામીજી તે બીજા કોઈ નહિ પણ ભિક્ષુ અખંડાનંદજી.

ભિક્ષુ અખંડાનંદજીને દીન–દુઃખી–નિરાધાર માણસો માટે ખૂબ જ ભાવ હતો. એમનું કરુણામય હૈયું આવાં માણસોની સેવા માટે સદા ઝંખતું જ હોય.

છેલ્લી માંદગી વખતે અખંડાનંદજી ખૂબ જ અશક્ત થઈ ગયા હતા. છતાં 'સસ્તું સાહિત્ય કાર્યાલય'ના ઓટલે બેસી ચોમાસાના દિવસોમાં છત્રા વિનાના જતા ગરીબોને છત્રીઓ વહેંચતા હતા. રાતે રસ્તા પર ઉઘાડા સૂતેલા ગરીબો માટે કામળા મોકલતા હતા.

આવા પરોપકારી ભિક્ષુ અખંડાનંદજીનું જીવન આપણને પ્રેરણાનું અમૃતપાન કરાવે એવું છે.

## ભગવદ્‌ભક્તિના સંસ્કાર

ચરોતર પ્રદેશના બોરસદ ગામમાં જગજીવન નથ્થુભાઈ ઠક્કર નામે લોહાણા વેપારી થઈ ગયા. તેમને ત્યાં ભિક્ષુ અખંડાનંદજીનો જન્મ ઈ. સ. ૧૮૭૪માં થયો હતો.

અખંડાનંદજીનું પૂર્વાશ્રમનું નામ લલ્લુભાઈ હતું.

લલ્લુભાઈના પિતાજી લોખંડનો, ચિનાઈ માટીનાં વાસણોનો અને અનાજનો વેપાર કરતા હતા.

પિતા જગજીવન તથા માતા હરિબા ભગવદ્‌–ભક્ત હતાં. એમને ત્યાં અવારનવાર સાધુસંન્યાસીઓ પધારતા, ભજનોની ધૂન ચાલતી ને કથા-કીર્તન થતાં. બાળક લલ્લુ મુગ્ધ ભાવે આ બધું જોતો.

જાણ્યે–અજાણ્યે બાળક પર આ બધાંની અસર અંકાઈ ગઈ. મોટી

વયે અખંડાનંદજીમાં ભજન તથા સંગીત પ્રત્યે રુચિ થઈ હતી, એના સંસ્કાર બાળવયથી જ પડચા હતા.

બાળક લલ્લુ ઘેર વારંવાર પધારતા સાધુ વેરાગીઓથી ટેવાઈ ગયો. હતો. એટલે તેને જરાયે અજાણ્યું લાગતું નહિ. એ સાધુ બાવાઓના ખોળામાં જઈને બેસતો અને એમની માળા અને બેરખા સાથે રમતો.

એક દિવસ કુલગુરુ મોહનદાસજી જગજીવનભાઈને ત્યાં પધાર્યા. ત્રણેક વરસનો લલ્લુ સંકોચ વિના મહારાજશ્રીના ખોળામાં ચડી બેઠો અને એમના બેરખા સાથે રમવા લાગ્યો।

મહારાજશ્રી બાળક સામે જોઈ રહ્યા. પછી ગંભીર સ્વરે બોલ્યા :

'ઠક્કર, આ તારો દીકરો ભારે હોનહાર છે. એ મહાસમર્થ સંન્યાસી થશે.'

ધર્મપરાયણ માતાપિતાને એ સાંભળીને આનંદ થયો.

લલ્લુભાઈને નાનપણથી જ કથાકીર્તન, સાધુ સમાગમ, ભજન વગેરેનો બહુ જ શોખ હતો; એ શોખ એમનાં માતા હરિબાએ કેળવ્યો હતો.

હારબાને પૂજાપાઠ, ભજન કીર્તન ખૂબ જ પ્રિય હતાં. તે નિયમિત દેવદર્શન કરવા મંદિરે જતાં અને ત્યાં કથાવાર્તા સાંભળવા બેસતાં. પોતાનાં બાળકો પણ ધાર્મિક વૃત્તિનાં થાય એમ તે ઇચ્છતાં. તેથી પોતાની સાથે બાળકોને પણ દેવદર્શન અને કથામાં લઈ જવા હરિબા આગ્રહ રાખતાં.

બાળક લલ્લુને બા સાથે જવાનું ગમતું. પણ જરા મોટી ઉંમર થતાં તે ખેલવા કૂદવા તરફ વળી ગયો. એટલે તે દેવદર્શને કે કથા સાંભળવા જવાનું ટાળવા લાગ્યો.

માતા બહુ આગ્રહ કરતાં :

'જો લલ્લુ, આજે તો નવા પુરાણી આવ્યા છે. તે બહુ સરસ કથા કરે છે. ભજન તો એવાં મજાનાં ગાય કે, જાણે સાંભળ્યાં જ કરીએ. ચાલ. મારી જોડે તને મજા પડશે.'

નાનકડો કિશોર લલ્લુ માથું ધુણાવી ના પાડી દે તો. કોઈ વાર તે ગમ્મતમાં કહેતો :

'બા, હજી મારે વાર છે. તમે કથા સાંભળો અને તમારું વિમાન આવશે; ત્યારે અમે એનો દંડો ઝાલીશું.'

એક દિવસ હરિબા આગ્રહ કરતાં બોલ્યાં :

'દીકરા, સાંભળ. જો તું કથામાં નહિ આવે, તો કાલથી હું ખાવાનું તજી દઈશ.'

માતાને ભૂખી કેમ રખાય? નાનકડો લલ્લુ તરત જ કથામાં જવા તૈયાર થઈ ગયો. પછી તો એ તેનો નિત્યક્રમ થઈ ગયો.

## જીવનની પાઠશાળામાં ભણતર

લલ્લુભાઈ ઘરમાં સૌથી નાના હતા. એમના કરતાં મોટા ત્રણ ભાઈઓ અને બે બહેનો હતાં.

માતાપિતાનું છેલ્લું સંતાન હોવાથી બાળક લલ્લુ સ્વાભાવિક રીતે જ માતાપિતા અને ભાઈબહેનોના હાથમાં લાડકોડથી ઊછર્યો હતો. લલ્લુ નાનપણમાં ખૂબ તોફાની હતો. નિશાળમાં પણ જવાનું ટાળતો. ગોઠિયાઓ સાથે વગડામાં રમવા ચાલ્યો જતો.

આમ કરતાં કરતાં પાંચ ધોરણ સુધી તેણે અભ્યાસ કર્યો. એ જ અરસામાં પિતાજીનું અવસાન થયું! તે વખતે લલ્લુની ઉંમર તેર વરસની હતી.

લલ્લુના મોટાભાઈ શિવલાલ ખંભાતથી સાતેક ગાઉ દૂર આવેલા જંબુસર તાલુકાના સારોદ નામે ગામમાં લોખંડનો સામાન અને અનાજની દુકાન ચલાવતા હતા. પિતાના અવસાન પછી આખું કુટુંબ ત્યાં રહેવા ગયું.

શિવલાલે લલ્લુભાઈને દુકાને બેસાડ્યા. ગુજરાતી પાંચ ચોપડી જેટલું જ તે ભણેલા. શાળામાં ભણતર પ્રત્યે તેમને રુચિ ન હતી. પણ શાળા છોડ્યા પછી લલ્લુભાઈને વાંચવાનો ભારે નાદ લાગ્યો. પોતાના વડીલ ભાઈઓ સાથે તે દુકાને બેસતા. પણ એમનું ધ્યાન મોટે ભાગે વાંચવામાં જ હોય. માલ વેચતાં વેચતાં પણ ચોપડીમાં આંખ ફેરવી લે.

પરંતુ આમ છતાં દુકાનના કામકાજમાં કે હિસાબ–કિતાબમાં એ

બરોબર ધ્યાન આપતા. લલ્લુભાઈ દૃઢતાથી માનતા હતા કે, વેપારમાં પણ સત્ય, પ્રામાણિકતા ને નીતિ બરોબર જળવાવાં જોઈએ. એમનો બધો હિસાબ ચોખ્ખો રહેતો. તે કોઈને છેતરતા નહિ.

નાનપણથી જ લલ્લુભાઈને દંભ અને જૂઠાણા પ્રત્યે ભારે અણગમો હતો. કહેવું કંઈ ને કરવું બીજું, એ તેમના સ્વભાવમાં જ ન હતું. સાચા સિદ્ધાંતની બાબતમાં બાંધછોડ કરવી તેમને જરાયે ગમતી નહિ. એટલે વેપારની બાબતમાં પણ સત્ય ને પ્રામાણિકતાના આદર્શને જરાય ઢીલો કરવા તે કદી તૈયાર થતા નહિ.

એમના ભાઈઓ 'વેપારી-બુદ્ધિ'ના હતા. એમને પોતાના આ નાના ભાઈની આવી સત્યનિષ્ઠા ક્યાંથી પસંદ પડે ? એટલે મોટાભાઈએ એમાંથી માર્ગ કાઢવા રસ્તો કાઢ્યો. એક દિવસે તેમણે લલ્લુભાઈને કહ્યું :

'જો, લલ્લુ! દુકાન પર બેસીને વેચાણ કરવા માટે આપણે બધા ભાઈઓને બેસવાની શી જરૂર ? માલ ખરીદ કરવા એકાદ જણ બહાર ગામ જાય એ બહુ જરૂરનું છે. માટે હવે એમ કરીએ કે, તું ખરીદીનું કામ ઉપાડી લે અમે અહીં વેચાણનું કામ કરીશું.'

લલ્લુભાઈને તો આ પ્રસ્તાવ ગમી ગયો. એમને નાનપણથી રખડવાનો બહુ શોખ હતો. લલ્લુભાઈ હવે માલની ખરીદી કરવા અવારનવાર બહાર-ગામ જવા લાગ્યા. બહુ જ ચોકસાઈથી તે માલની ખરીદી કરતા. તે જેમ કોઈને છેતરતા નહિ, તેમ કોઈથી છેતરાતા પણ નહિ. હમેશાં કસીને સોંઘો ને ઉત્તમ પ્રકારનો માલ તે ખરીદતા. એટલે ભાઈઓને એ ખરીદી કરી આવતા તેમાં વાંધો લેવાનું કોઈ જાતનું કારણ મળતું નહિ.

પરંતુ એક મુશ્કેલી ઘણી વાર ઊભી થતી. નાનપણથી લલ્લુભાઈને સાધુસમાગમ, કથાકીર્તન ને પુસ્તક-વાચનનો નાદ લાગ્યો હતો. માલ ખરીદવા માટે તે નીકળ્યા હોય અને રસ્તે કોઈ સાધુસંતોનો સમાગમ થઈ જાય, તો તે ત્યાં ધામા નાખતા અને ખરીદીનું કામ બાજુએ રહી જતું.

વળી તેમની નજરે સારાં સારાં પુસ્તકો પડતાં, તો કિંમતનો કંઈ વિચાર કર્યા વિના તે પુસ્તકો ખરીદી લેતા.

કોઈક ગરીબ, દીન, દુઃખી દેખાય, તો તેને મદદ કર્યા વિના રહેતા નહિ.

આમ, એક તરફથી લલ્લુભાઈ દુનિયાદારીના વેપારમાં પડી લોખંડ અને અનાજનો વેપાર કરતા હતા, તો બીજી તરફથી 'કર મન ભજનનો વેપાર' એ પદમાં કહ્યું છે એમ, ભજનનો—ઈશ્વરના નામસ્મરણ અને ગુણકીર્તનનો વેપાર કરતા હતા.

## ગૃહસ્થાશ્રમ

તે જમાનાના રિવાજ પ્રમાણે લલ્લુભાઈનાં લગ્ન નાનપણમાં લગભગ સાતઆઠ વરસની વયે થઈ ગયાં હતાં. તેમનાં ધર્મપત્નીનું નામ સદાબહેન હતું. ઓગણીસ–વીસ વરસની વયે લલ્લુભાઈ એક પુત્રના પિતા થયા હતા.

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, મહાપુરુષોની સ્ત્રીઓનું જીવન ઘણી વાર કષ્ટમય વીતે છે. જીવનમાં કંઈ મહાભારત કાર્ય કરી જવા નિર્માયેલા એ પુરુષો મોટે ભાગે ધૂની, મનસ્વી, ધારી વાત કોઈ ઉપાયે ન મૂકનારા હોય છે. એટલે ઘરસંસારમાં સ્ત્રીની દશા કફોડી થઈ જાય છે. સ્ત્રી તો લોકવ્યવહારમાં માનતી હોય છે, ત્યારે પુરુષ પોતાની ધૂનમાં મગ્ન રહી લોકવ્યવહારને બાજુએ રાખીને વર્તતો હોય છે. આથી ઘણી વાર આવા પુરુષોનું ગૃહજીવન મનમેળ વિનાનું જોવા મળે છે.

લલ્લુભાઈ પણ એવા જ ધૂની હતા. જ્યારે સદાબહેન શ્રીમંત ઘરમાં લાડકોડમાં ઊછરેલાં હતાં. તેમનો સ્વભાવ માની હતો. એટલે પતિની મનોવૃત્તિ તે સમજી શકતાં નહિ, એટલું જ નહિ, એ સમજવા પ્રયત્ન પણ ભાગ્યે જ કરતાં.

આમ, એમનો ગૃહસંસાર ચાલ્યા કરતો હતો. લલ્લુભાઈ તો પોતાની ધૂનમાં મસ્ત રહેતા. દિન–પ્રતિદિન તેમનો ઝોક સાધુસંગતિ તરફ વધારે ને વધારે ઢળતો રહ્યો.

## મનગમતું વાતાવરણ મળ્યું

આગળ જતાં લલ્લુભાઈએ બોરસદ આવી સ્વતંત્ર વેપાર માંડ્યો. અહીં તેમના જીવનને નવો વળાંક આપે એવા સંજોગો ઊભા થયા.

અહીં નડિયાદવાળા ગોપાળદાસજી મહારાજનો તેમને સમાગમ થયો. ...પુરુષ તરીકે મહારાજશ્રીની ભારે પ્રતિષ્ઠા હતી. તેઓ નિત્ય કથા કરતા, ...માં હજારો સ્ત્રીપુરુષો આવતાં. લલ્લુભાઈએ એમની કથામાં જવા માંડ્યું. ...રે ધીરે પરિચય વધતો ગયો.

મહારાજશ્રીને પણ લલ્લુભાઈ સત્પાત્ર લાગ્યા. તેમણે એમને યોગ-...સિષ્ઠ, ગીતા, એકાદશસ્કંધ વગેરે ધર્મશાસ્ત્રનાં ઉત્તમ પુસ્તકો વાંચવા ...પ્યાં. એ પુસ્તકોના વાચન અને મનનને પરિણામે લલ્લુભાઈના હૃદયમાં ...પ્ત પડેલા સંસ્કારો જાગ્રત થવા લાગ્યા. એમની જિજ્ઞાસા વધતી ...લી.

ધીમે ધીમે લલ્લુભાઈએ સંસાર તરફથી ચિત્ત ખસેડી લઈ સાધુ-...ન્યાસીઓ, ભગવદ્‌ભજન, ઈશ્વરસ્મરણ, ધાર્મિક પુસ્તકોનાં શ્રવણમનન ...ને નિદિધ્યાસન તરફ ચિત્ત પરોવવા માંડ્યું.

આ અરસામાં શેરખીવાળા વયોવૃદ્ધ પરમહંસ જાનકીદાસજી મહારાજ ...સે પણ લલ્લુભાઈ વારંવાર જતા.

મહારાજશ્રીને વ્યસન પ્રત્યે ભારે નફરત હતી. તેમાંયે તંબાકુના ...સન તરફ એમને ખૂબ તિરસ્કાર હતો.

લલ્લુભાઈને બીડી સિવાય બીજું કોઈ વ્યસન ન હતું. ઘણી વાર ...ા છોડવાનો તેમણે વિચાર કરેલો. પણ વ્યસન છૂટી શકતું નહોતું.

એક વખત સંવત ૧૯૫૯ના અષાડ સુદ પૂનમે લલ્લુભાઈ જાનકીદાસજી ...ગયા હતા. વાતમાં ને વાતમાં સંસારત્યાગનો વિષય નીકળ્યો.

મહારાજશ્રીએ લલ્લુભાઈને ચોખ્ખું સંભળાવી દીધું :

'સામાન્ય પામર જીવોથી સંસારનો ત્યાગ કેમ કરીને થઈ શકે? ... આ બીડીનું વ્યસન પણ તારાથી છોડી શકાતું નથી, તો પછી ...રનો ત્યાગ કરવાની તો વાત જ ક્યાં રહી? સંસાર ત્યાગ કરનારની ... જ જુદી.'

લલ્લુભાઈ સંકોચ અનુભવતાં કહે :

'મહારાજશ્રી, એક વાર પેટ ભરીને બીડી પી લઉં, પછી બીડીના ...નું પાણી મૂકીશ.'

મહારાજશ્રી ટોણો મારતાં બોલ્યા:

'એમ જ આપણે આપણા મનને મનાવીએ છીએ. જેને છોડવ
છે તેના તરફ આસક્તિ રાખવી ને પછી જળ મૂકવાની વાત કરવી,
એ કેમ બને?'

લલ્લુભાઈ માટે આટલી ટકોર પૂરતી હતી. તે બોલી ઊઠચા:

'મહારાજશ્રી, આજથી બીડી છોડી. હવે કદી ન પીઉં, બસ!'

અને તે દિવસથી લલ્લુભાઈએ હંમેશને માટે બીડીનો ત્યાગ કર્યો

અને છેવટે સમય પાકતાં લલ્લુભાઈએ સંસારનો પણ ત્યાગ કર્યો

## સંન્યાસને પંથે

મોહનદાસજી મહારાજે બાળક લલ્લુને જોઈને પિતાને કહ્યું હતું:

'ઠક્કર, તારો આ દીકરો સંન્યાસી થશે.'

વળી વીસ વરસની વયે એક બીજો પ્રસંગ બન્યો. ગોવિંદ
નામના ધુરંધર જ્યોતિષી પાસે લલ્લુભાઈ ભવિષ્ય જોવડાવવા ગયા હ
એ મદ્રાસી જોશી જન્મકુંડળી જોયા વિના, નામઠામ પણ પૂછ્યા
પ્રશ્ન પૂછવા આવેલાને નામઠામ સાથે પ્રશ્નનો જવાબ કાગળ પર લખ
આપી દેતા. એ જોશીએ લલ્લુભાઈનું ભવિષ્ય ભાખતાં જણાવ્યું હતું

'કાં તો તારી પાસે બહુ જ પૈસા આવશે, કાં તો તું બાવો થઈ

અને આખરે એવું જ બન્યું. સંવત ૧૯૩૦ના મહા વદ અગિ
શને દિને તેમણે ઘર છોડવાનો દૃઢ નિશ્ચય કર્યો. ઘર છોડીને લલ્લુ
અમદાવાદ આવ્યા. ત્યાં વયોવૃદ્ધ સંન્યાસી શિવાનન્દ પાસે તેમણે સં
૧૯૬૦ની મહાશિવરાત્રીએ સંન્યાસ–દીક્ષા લીધી. તે વખતે તેમની ઉ
૨૮–૨૯ વર્ષની હતી. હવે લલ્લુભાઈ લલ્લુભાઈ મટીને બન્યા સ્
અખંડાનંદજી.

અખંડાનંદજીનો સંન્યાસ આકસ્મિક નહોતો. એમની વૈરાગ્
એકાએક ઉદ્ભવ પામી ન હતી. ગૃહજીવનના કે દુનિયાદારીના કલે
કંટાળીને સંસાર પ્રત્યે વિમુખ બનવા ઇચ્છતી એ કાયરની ભીરુતા
નહોતી. એ સંસારથી થાકેલા જીવની ભાગેડુ વૃત્તિ પણ ન હતી.

લલ્લુભાઈને પત્ની સાથે ઝાઝો મેળ નહોતો એ સાચું, પણ બન્ને વચ્ચે એવો વિખવાદ પણ નહોતો, જેથી એમને સંસાર–ત્યાગ કરવાનું મન થાય.

અખંડાનંદજીના આ સંન્યાસ પાછળ વર્ષોના વિચાર અને મનનના પરિપાકે ઘડાયેલી, કેળવાયેલી, પરિપુષ્ટ ને દૃઢ થયેલી વૃત્તિ હતી.

## હિમાલયની ગોદમાં

સંન્યાસ લીધા પછી અખંડાનંદજી પ્રયાગ ગયા. ત્યાંથી પગપાળા પ્રવાસ કરતા કરતા ઉત્તર કાશી પહોંચ્યા. અહીં તે આઠેક માસ રહ્યા. એમણે ત્યાં યોગવાસિષ્ઠનું ઊંડું અધ્યયન કર્યું.

ભગવાં વસ્ત્રમાં સજ્જ થઈ સ્વામીજી ખુલ્લે પગે કરાડો ચઢતા, ડુંગરાઓ ઓળંગતા, બરફવાળા રસ્તે ચાલતા દુર્ગમ સ્થળે ભમતા હતા. આ રીતે ચાલવાને લીધે તેમના પગે ચીરા પડી ગયા હતા.

સ્વામી અખંડાનંદને તો પહેલેથી જ સાધુ–સમાગમનો શોખ હતો. હિમાલય આવ્યા પછી અનેક સાધુઓ અને સંન્યાસીઓના તે સંપર્કમાં આવ્યા. જેમની પાસેથી કંઈ પણ લેવા જેવું મળ્યું એ સૌની પાસેથી કંઈ ને કંઈ એમણે મેળવ્યું. સાધુજનોની સેવાચાકરી પણ કરી.

એ અરસામાં સ્વામી રામતીર્થ લખનૌમાં વ્યાખ્યાનો આપતા હતા. અખંડાનંદજી લખનૌ આવી તેમનું વ્યાખ્યાન સાંભળવા ગયા.

સ્વામી રામતીર્થના પહેલા જ વ્યાખ્યાનનો તેમના પર ખૂબ પ્રભાવ પડ્યો. વ્યાખ્યાન પૂરું થયા પછી સ્વામીજી સ્વામી રામતીર્થને મળવા ગયા.

અખંડાનંદજીએ ઓરડામાં પ્રવેશ કર્યો. સામે બેઠેલા સ્વામી રામતીર્થે 'હરિ ૐ'નો ઘોષ કરી એમનો સત્કાર કર્યો. તેનો પ્રતિધ્વનિ અખંડાનંદજીના હૃદયમાં પણ પડ્યો. તેમણે સ્વામી રામતીર્થના ચરણમાં મસ્તક મૂક્યું.

ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાજી પણ સ્વામી રામતીર્થના સત્સંગનો વારંવાર લાભ લેતા હતા. આથી સ્વામી અખંડાનંદને માલવિયાજીના સમાગમનો પણ લાભ મળ્યો.

આમ તેઓ સ્વામી રામતીર્થના સત્સંગનો લાભ લેતા હતા. પર
સમય જતાં સ્વામી અખંડાનંદને જેમ હિમાલયનો સાદ સંભળાતો હતો
જે આત્મદર્શન ને જ્ઞાનપ્રાપ્તિની મહેચ્છા એમને ઘર છોડીને દૂર–સુદૂ
ચાલી નીકળવા પ્રેરી રહી હતી, તે ભક્તિ ને જ્ઞાનમાં મસ્ત બને
અખંડાનંદજીને ગુજરાત અજ્ઞય ને ગૂઢ રીતે સાદ કરી રહ્યું હતું. એમ
સ્વાભાવને એક ને એક સ્થળે પડી રહેવું રુચ્યું નહિ.

પ્રસંગવશાત્ સ્વામી રામતીર્થ લખનૌથી પંજાબ તરફ જ
ઊપડયા. એટલે સ્વામી અખંડાનંદ થોડા સમય માટે ગુજરા
કાઠિયાવાડ તરફ આવ્યા.

પરંતુ વિધિનાં નિર્માણ જુદાં જ હતાં.

## જ્ઞાનદાનની પરબ માંડી

સ્વામી અખંડાનંદે જ્ઞાનની સર્વોચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવા મ
હિમાલયનાં ઉચ્ચ શિખરો પર વસીને જીવન ગાળવાનો નિશ્ચય કર્યો હ
પરંતુ એમને લલાટે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી આત્મકલ્યાણ સાધી ઇ
કર્તવ્યતા માની સંતોષ સેવતા સંન્યાસને પંથે પળવાનું લખાયું ન હ

સ્વામીજીને માટે તો જેમ અધ્યાત્મજ્ઞાન મેળવવાનું નિર્માયું હ
તેમ જ જ્ઞાનનું દાન કરવાનું પણ નિર્માયું હતું.

સ્વામીજીએ જ્ઞાન મેળવ્યું એ કરતાં આપ્યું વધારે. શિષ્યોના સ
દાય સમક્ષ વ્યાખ્યાન આપીને નહિ, પણ ઉચ્ચ કોટીના જ્ઞાનના ગ્ર
સોંઘામાં સોંઘી કિંમતે ગુજરાતને ઘેર ઘેર પહોંચાડીને એમનું આ ક
મૌલિક અને અજોડ હતું.

ભક્તિપરાયણ સંસારી સંન્યાસધર્મ સ્વીકારી જ્ઞાનમાર્ગને પંથે પ
અને જ્ઞાની સંન્યાસી અખંડાનંદ હિમાલયની ગોદમાંથી નીચે ઊતરી અ
ગુજરાતમાં દૃઢ આસન જમાવી 'સસ્તું' સાહિત્યવર્ધક કાર્યાલ
સ્થાપીને કર્મયોગી ભિક્ષુ અખંડાનંદ બન્યા.

એ માટેના સંજોગો પણ કેવા ઉપસ્થિત થયા!

સ્વામી અખંડાનંદને 'શ્રીમદ્ ભાગવત' વાંચતાં એમાંનો એકા
સ્કંધ ખૂબ જ ગમી ગયો. એમાં આધ્યાત્મિક વિષયો અધિક સ્પષ્ટ

અને વિસ્તારથી સમજાવેલા હોવાથી એ ગ્રંથ ગીતા કરતાં પણ વધુ ગમ્યો. તે વખતે સ્વામીજીને થયું : આ એકાદશ સ્કંધ પુસ્તક રૂપે છાપીને સસ્તી કિંમતે લોકોને આપી શકાય, તો કેવું સારું !

સંવત ૧૯૬૩ના ઉનાળામાં સ્વામીજીએ ફરી હિમાલય તરફ જતાં પહેલાં મુંબઈ જઈ ત્યાંના એક સમારંભમાં ભાગ લેવા વિચાર્યું. સાથોસાથ એકાદશ સ્કંધ છાપવાનું પણ તેમણે વિચાર્યું હતું.

મુંબઈ આવ્યા પછી એક પુસ્તક ખરીદવા તેઓ એક પ્રકાશકની દુકાને ગયા. તેમણે પુસ્તકની કિંમત પૂછી. કિંમત સાંભળીને સ્વામીજી વિચારમાં પડી ગયા. તેમને થયું :

'આટલું બધું મોંઘું ! ગરીબ માણસ એ શી રીતે ખરીદી શકે ?'

આ પ્રસંગથી એકાદશ સ્કંધ ખૂબ સસ્તી કિંમતે પ્રસિદ્ધ કરવાનો એમનો મૂળ વિચાર દૃઢ થયો. પછી તો એ માટેની અનુકૂળતા પણ થઈ ગઈ.

જેમ કોઈ મહાનદીનું મૂળ સાવ નાનું હોય અને એ જોઈ કોઈને કલ્પના પણ ન આવે કે, એક દિવસ આ ઝરણું હજારો માઈલની ધરતીને ભીંજવતું, પોષતું, પુલકિત કરતું છેક મહાસાગર સુધી પહોંચી જશે, તેમ સસ્તું સાહિત્ય વિશે પણ એવું જ બન્યું છે.

સ્વામી અખંડાનંદે 'એકાદશ સ્કંધ'નું પ્રકાશન કર્યું, ત્યારે તો એક સારું કામ પતાવી હિમાલય ભણી ચાલ્યા જવાની જ એમની ઇચ્છા હતી. પરંતુ એમનું અંતર સાદ પાડતું હતું કે, દેશમાં નવજાગૃતિની ઉષા તો ઊગી છે, પણ તેનો પ્રકાશ દૂર દૂરનાં ગામડાંમાં અને સામાન્ય માણસોનાં ઘરોમાં પહોંચી શકતો નથી.

સ્વામીમાં જેવી સાત્ત્વિક બળતરા પોતાને માટે હતી, તેવી જ બળતરા જનસમાજ માટે પણ હતી. એ કારણે જ 'એકાદશ સ્કંધ'ના નાના ઝરણામાંથી સેંકડો પ્રકાશનોનો મહાનદ વિસ્તાર પામ્યો.

## 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'ના સ્થાપક

જે દિવસે સ્વામી અખંડાનંદે 'સસ્તું સાહિત્ય'નો પાયો નાખ્યો,

તે દિવસે જ્ઞાનના ક્ષેત્રમાં જે સ્થિતિ હતી, તે આજે છે જ નહિ. તે દિવસે થોડાક વિદ્વાનો સાહિત્યનો ઉપભોગ કરી શકતા હતા. પરાપૂર્વથી ચાલી આવતી ધર્મકથાઓનો પ્રવાહ ક્ષીણ થતો જતો હતો. સામાન્ય મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ માટે કોઈ લખાણુ ન હતું.

આવા સંજોગો વચ્ચે સ્વામી અખંડાનંદજીએ આપણા પ્રાચીન વારસાને સજીવ કરવા, ક્ષીણ થઈ જતા ધર્મકથાના પ્રવાહને વેગ આપવા અને માનવીમાં માનવતા જગાડવા ‘ સસ્તું સાહિત્ય ’ની સ્થાપના કરી. પોતે સ્વામી અખંડાનંદ મટી ભિક્ષુ અખંડાનંદ બન્યા.

અખંડાનંદજીએ એ પણ જોઈ લીધું હતું કે, સારા અને ઉપકારક ગ્રંથો લોકો નથી વાંચતા, તેનું કારણ એમની રુચિનું અને સંસ્કારના અભાવનું તો છે જ, પરંતુ પુસ્તકો સુલભ નથી અને સસ્તાં નથી એ પણ મહત્ત્વનું કારણ છે.

જે દેશમાં સોમાંથી નેવું માણસો વાંચી જ ન જાણતા હોય, તે દેશમાં બાકીના દસ માણસોને પણ વાંચનથી વંચિત રહેવું પડે એ કેવું મોટું દુર્ભાગ્ય !

ઈ. સ. ૧૯૦૮માં, એટલે સંવત ૧૯૬૪ના અક્ષય તૃતીયાના પવિત્ર દિવસે ‘ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય ’ની સ્થાપના થઈ. એ સંસ્થા સાચોસાચ અક્ષય જ નીવડી.

પ્રથમ મુંબઈમાં અને પછી અમદાવાદમાં એ સંસ્થાનું કાર્યાલય શરૂ થયું. આજે તો એ સંસ્થા ફૂલીફાલીને મહાન વટવૃક્ષ સમી બની ગઈ છે. એ પાછળ ભિક્ષુ અખંડાનંદનું તપ જ રહેલું છે.

## અથાક પરિશ્રમ

ભિક્ષુ અખંડાનંદજીના મન ઉપર પ્રથમથી જ હબસીઓના કુલગુરુસમા બૂકર ટી. વૉશિંગ્ટનની ઊંડી છાપ પડી હતી. બૂકર ટી. વૉશિંગ્ટને અમેરિકામાં પોતાના હબસી બાંધવો માટે જે મહાન સંસ્થા ખડી કરી હતી, તેવી સંસ્થા ગુજરાતની ધરતી પર ઊભી કરવાનાં સ્વામીજી સ્વપ્નાં સેવતા હતા.

સવારમાં ખૂબ વહેલા ઊઠી મોડી રાત સુધી સતત કામ કરવાની અખંડાનંદજીને ટેવ હતી. કોઈ પ્રકારનું વ્યસન એમને હતું નહિ. કામમાં શિથિલતા આવે, ત્યારે કોઈ જાતની ઉત્તેજનાની એમને જરૂર ન હતી. એમની સાથે કામ કરનારાઓ થાકી જાય, પણ તેઓ થાકતા નહિ.

ભિક્ષુજીના અંતરનું બળ અપાર હતું. ધૂની તો એવા હતા કે, પરોઢિયે ચાર વાગ્યે ફાનસ સળગાવીને લખવા બેઠા હોય, તે સવારના અગિયાર વાગ્યા સુધી ફાનસ બળતું જ હોય અને સ્વામીજી પોતાનું કામ કર્યે જતા હોય. આસપાસની દુનિયાને ભૂલી જવા જેટલા તેઓ કાર્યમાં મશગૂલ બની જતા.

વહેલી સવારથી બપોર સુધી પત્રો લખવાનું ચાલતું. વચ્ચે વચ્ચે બીજાં કામો નીકળતાં. કેટલીક વાર તો બબ્બે વાગ્યા સુધી પેટમાં કંઈ પણ પધરાવ્યા વિના તેઓ કામમાં મંડ્યા રહેતા. કામ અધૂરું રહે ત્યારે જમવાનું પડ્યું રહેતું. પણ કોઈ દિવસ કામનો ઢગલો થતો નહોતો.

કામ અધૂરું રહેતું, ત્યારે રાતના બબ્બે વાગ્યે ઊઠવાના પ્રસંગો પણ બનતા. પોતે જ્યારે થાકી જાય, ત્યારે સૂતા સૂતા સાંભળતા અને સુધારાઓ સૂચવતા. શરીર જ્યાં સુધી નિદ્રાધીન ન થાય, ત્યાં સુધી એમનું કાર્ય ચાલુ રહેતું.

એમને ઘણા કહેતા કે, 'આપની સાથે કોઈને મદદગાર તરીકે રાખો તો સારું.' પરંતુ અખંડાનંદજી એમની વાતને સ્વીકારતા નહિ.

એક વાર શ્રી મોતીભાઈ અમીને એમને આ બાબતમાં ખૂબ આગ્રહ કર્યો, ત્યારે ભિક્ષુજીએ એમને જવાબમાં કહ્યું :

'મારું જમવાનું એક ટંક, તેમાં સમયનો કોઈ નિયમ નહિ. વળી રાંધવા કરવાનું હાથે જ ફાવે, અથવા તો ક્યાંક લૉજમાં જમી લઉં. અનુકૂળ પડે ત્યાં રોજ અથવા એકાંતરે માધુકરી લાવીને ચલાવી લઉં. કોઈ જગ્યાએ પગ ઠેરવીને રહું નહિ. ત્યાં મદદગાર શી રીતે રાખું ?'

## વ્યવહારદક્ષ સંન્યાસી

સંન્યસ્ત જીવન જીવતા ભિક્ષુ અખંડાનંદજી વ્યવહારની શુદ્ધિ જાળવવામાં એટલા જ સજાગ હતા. તેઓ માનતા હતા કે, જે સંસ્થા શુભ

આશયથી સ્થાપવામાં આવી હોય, તે સંસ્થામાં વહીવટ પ્રત્યે સહેજ પણ દુર્લક્ષ સેવવામાં આવે, તો તેના ઉચ્ચ આશયો સંચાલકના મનમાં ને મનમાં કે માત્ર કાગળ પર જ રહી જાય.

સ્વામીજીએ નિયમ તરીકે જ સ્વીકાર્યું હતું કે, સંસ્થાનો તમામ વ્યવહાર રોકડેથી જ કરવો. હિસાબને લંબાવવાનું એમને પસંદ ન હતું. કોઈ વાર પૈસા આપવામાં એકાદ બે દિવસની ઢીલ થતી તો પણ તેમને ઊંડું દુઃખ થતું. આથી કાર્યકરોને તેઓ હમેશાં કહેતા :

'એક હાથમાં માલ અને બીજા હાથમાં પૈસા જો ન હોય, તો કામ થોભાવી દેવું અથવા બંધ કરવું એ વધારે ઈષ્ટ છે.'

વિકસતી જતી પ્રવૃત્તિ તરફ સ્વામીજી બે દૃષ્ટિએ જોતા હતા :

એક દષ્ટિ તો અનંતકાળ સુધી પોતે જીવવાના જ હોય એ રીતે કામ વધાર્યા જવાની અને બીજી દષ્ટિ થોડીક ક્ષણોમાં જ મૃત્યુ આવવાનું હોય તેવી સાવચેતીની.

સ્વામીજીની ગેરહાજરીમાં કોઈ વ્યકિતને કે સંસ્થાને સહેવું ન પડે એની તેઓ ખૂબ કાળજી રાખતા. સંસ્થાના માણસો સાથે પણ ઉધારનો વ્યવહાર રાખવામાં આવતો ન હતો. કાર્યાલયમાં એક પાટિયું લટકાવીને લખ્યું હતું : 'ઉધાર, ઉછીના કે બક્ષિસમાં કોઈએ કશું માગવું નહિ.'

કામની ચીવટ તો એટલી હતી કે, તેનું અનુકરણ કરવાનું જ મન થાય. સ્વદેશીનું વાતાવરણ તેમને પ્રથમથી જ પ્રિય હતું. શરૂઆતમાં સ્વદેશી વસ્ત્રો પહેરતા અને ગાંધીયુગ પછી ખાદી જ વાપરતા. સ્ટેશનરી વાપરતા તે પણ સ્વદેશી. શરૂઆતમાં સ્વદેશી અને પરદેશી કાગળો વચ્ચે ભેદ નહોતો રહ્યો. પરંતુ થોડાં વરસો પછી આગ્રહપૂર્વક સ્વદેશી કાગળો જ પુસ્તકોમાં વાપરતા.

હિસાબની બાબતમાં સ્વામીજી કેટલા ચોક્કસ હતા, તેના અનેક દાખલાઓ છે. પાછલી અવસ્થામાં તેઓ પૂરું બોલી શકતા નહિ અને ધ્યાન પણ આપી શકતા નહિ. એ સ્થિતિમાં પણ સંસ્થા હિસાબની બાબતમાં સહેજ પણ પાછળ ન રહે, એની સતત ચિંતા તેઓ કરતા.

એક વાર કલકત્તાની એક દેશી પેપર મિલના એજંટ પાસેથી કાગળોનો મોટો જથ્થો મંગાવ્યો હતો. એજંટ અંગ્રેજ વેપારી હતો. એનો આંકડો જોતાં સ્વામીજીને એમાં ભૂલ માલૂમ પડી. તેઓ બોલી શકતા ન હતા. છતાંયે જેમતેમ કરીને તેમણે બતાવ્યું કે, આ બિલમાં ભૂલ થયેલી છે.

એટલે બિલ પાછું મોકલ્યું. પણ સામેથી જવાબ આવ્યો કે. અમારા હિસાબનીસે બરાબર હિસાબ કરી તપાસીને જ બિલ મોકલ્યું છે.

સ્વામીજીએ ફરી એની એ વાત કરી અને ભૂલ બતાવી.

સ્વામીજીએ ફરી એની એ વાત કરી, એટલે અંગ્રેજ વેપારીએ ધ્યાનપૂર્વક હિસાબ ફરીથી તપાસી જોયો. તેને સ્વામીજીએ બતાવેલી ભૂલ બરોબર લાગી. તેણે સ્વામીજીને ભૂલ બતાવ્યા બાબત આભાર માન્યો.

વ્યવહારની ચોખ્ખાઈ પણ સ્વામીજી બરોબર જાળવતા. અહીં એક ઉદાહરણ બસ થશે.

એક વાર ભિક્ષુ અખંડાનંદજી પેટલાદ ગયા હતા. એમને અચાનક પૈસાની જરૂર પડી. એટલે તેમણે એક સજ્જન પાસે એકસો રૂપિયા ઉછીના લીધા.

પાછળથી એ સજ્જનને વિચાર આવ્યો અને એમણે સ્વામીજીને લખ્યું :

'મારી એ રકમ ભેટ તરીકે ગણજો અને આપને યોગ્ય લાગે તે કામમાં વાપરજો.'

સ્વામીમીજીને આ વાત બરોબર ન લાગી. તેમણે જવાબમાં લખ્યું :

'એકસો રૂપિયાવાળી રકમ નહિ મોકલવા તમે લખ્યું. પણ એ તો ઉછીદાખલ જ માગી લીધી છે. એ તમારે લેવી જ જોઈએ. અહીં આવીને તે તરફનો હિસાબ હજી નોંધાવ્યો નથી. તેથી એ રકમ મોકલવી રહી ગઈ છે. માટે હા, આવા નિમિત્ત સિવાય માત્ર સ્વેચ્છાથી જ પ્રેરાઈને તમે જ્યારે પણ તમારા તરફથી સન્માર્ગે વ્યય કરવા માટે કાંઈ પણ મોકલી આપશો ત્યારે ખુશીની સાથે તેવા કાર્યમાં વાપરવા બનતું કરીશ.'

સંસ્થાના ગ્રાહકો સાથે પણ સ્વામીજી આવો જ ચોખ્ખો વ્યવહાર રાખતા હતા. એક પ્રસંગ જોઈએ.

વડોદરાના જાણીતા ઈતિહાસજ્ઞ પ્રો. હિંમતલાલ કામદાર મહાભારતના ગ્રંથોની યોજના અનુસાર ગ્રાહક થયા હતા. એ વાતને ઘણાં વરસ વીતી ગયા પછી સ્વામીજીએ તેમને તા. ૫-૯–'૨૭ ને રોજ પત્ર લખી ચોખવટ કરતાં જણાવ્યું :

'તા. ૮–૫–'૧૬ના આપના પત્ર અનુસાર રૂા. ૩૦] ત્રીસ મની ઑર્ડરથી મળેલા. મહાભારતના ગ્રાહક તરીકે એ નાણાં આપે મોકલાવેલાં પણ ગ્રંથો રવાના કરવા સારું પેકિંગનો એક રૂપિયો આપે ઓછો મોકલ્યો હતો. તેથી એ રકમ આપના અંગત ખાતે જમા રાખી, એક રૂપિયો મગાવેલો પણ તે આપે મોકલેલો નહિ.

'હવે હમણાં ગ્રાહકોને પેકિંગ ખર્ચમાંથી મુક્ત કર્યા છે અર્થાત વિના ચાર્જે સંસ્થા ગ્રાહકોને પારસલ મોકલી આપે છે. આથી આપનું ગ્રાહક તરીકે નામ નં. ૭૯૬થી દાખલ કરી દીધું છે. તે જાણશો. મહાભારતના સાતે ગ્રંથ આ માસની આખરે ગ્રાહકો તરફ પારસલ દ્વારા રવાના કરવામાં આવશે તે જાણવું.'

## અંતર ઈશ્વરને આધીન

ભિક્ષુ અખંડાનંદજી આમ વ્યવહારમાં મશગૂલ હોવા છતાં એમનું અંતર ઈશ્વરને આધીન જ રહેતું. એમના દિલની સ્થિતિ એમના નીચેના ઉદ્દગારો પરથી સહેજે સમજાય એવી છે :

' ...પ્રેસ ઈશ્વરેચ્છાથી જ નીકળ્યું છે અને તેથી ઈચ્છા હશે તેમ તે પ્રકારે ચાલે યા બંધ પડે, જે જ્યારે થાય ત્યારે, તેની જ ઈચ્છા. તેની કળા અકળ છે.

'આવતી કાલે સર્વ જેમનું તેમ રાખી ચાલી નીકળવું હોય, તો લોકોની તુચ્છ સ્તુતિ–નિન્દાને ન ગણકારતાં ચાલી નીકળાય, એનું માનસિક સ્વાતંત્ર્ય અને તત્પરતાના બળ ઉપર જ આ સંસ્થાની શરૂઆત થઈ. આટલાં વર્ષ વીત્યાં, આગળ ઉપર જે થાય તે ખરું.'

સ્વામીજીનો બધો સમય કૃષ્ણાર્પણ થયેલો હતો. એક સ્નેહી સજ્જને તેમની પાસે માગણી કરી કે, આપ અઠવાડિયે એક વાર પત્ર લખો તો સારું.

સ્વામીજીએ તેમને જવાબ આપ્યો :

'અઠવાડિયે એક વાર તો શું. પણ મહિને એક વાર પણ પત્ર લખવાનું બીજાં રોકાણો ના પાડે છે. જે સમય ૫૦ હજાર કે લાખ માણસ માટે ઉપયોગી થતો હોય, તે સમયનો એવા કામમાં ઉપયોગ કરવાનું મન કેવી રીતે થાય ?'

સ્વામીજીને મળવા આવનારને તેઓ હોંશથી મળતા અને ભગવદ્‌ભક્તિની અથવા તો લોકોપયોગી વાતો પણ કરતા. છતાં સ્વામીજી કહેતા :

'જ્યારે કામમાંથી ઊઠવું પડે છે, ત્યારે મનને એક પ્રકારની ગ્લાનિ થાય છે !

'હું તો મારા માલિકનું પશુ છું. મને ક્યાં બાંધવું, ક્યાં રાખવું, ક્યારે છોડવું, ક્યારે એને શું ખાવાનું આપવું એ પશુપતિ પરમાત્માના હાથમાં જ છે.'

આવી ભાવના સેવવામાં એમને અપૂર્વ આનંદ આવતો.

આવું બધું કરતાં અને વિચારતાં સ્વામીજીની દૃષ્ટિ સમગ્ર વિશ્વના સંચાલક પરમાત્મા તરફથી ખસતી નહોતી. સવારે કે સાંજે ફરવા જતા કે જ્ઞાનવાર્તા કરતા, ત્યારે તેઓ અનેક વાર બોલી ઊઠતા :

'સસ્તું સાહિત્ય તો વચ્ચે આવી પડેલું કામ છે. જીવનની ખરી ખૂબી તો ઈશ્વરનિષ્ઠામાં જ રહેલી છે.'

કોઈ વાર કોઈ સજ્જન સ્વામીજીની પ્રશંસા કરતાં કહે :

'સ્વામીજી, આવી સુંદર સંસ્થા આપ જ ચલાવી શકો. અમારું કામ નહિ.'

સ્વામીજી તુરત જ કહેતા :

‘ભાઈ, સહુનો પ્રેરક પ્રભુ પોતે જ આવાં શુભ કાર્યોના પ્રેરક અગ્રણી અને કર્તાહર્તા છે; એ ંજિન ચલાવનાર છે. પછી તે કોઈ ડબાને આગળ જોડે ને કોઈ ડબાને પાછળ જોડે, તેમાં આગલા ડબાની વિશેષતા ને પાછલાની ન્યૂનતા નથી. છતાં પહેલ કરવાનું માન તમે મને આપો, તો એ તમારી માત્ર ઉદારતા જ છે.’

થોડી વાર અટકીને સ્વામીજી કહેતા :

‘ભાઈ, પ્રથમ નંબરનું કામ ઈશ્વરધ્યાન. બીજા નંબરનું કામ સસ્તું સાહિત્યના કાર્યાલયનું.’

‘નિશાળમાંથી છૂટેલા નિશાળિયાને રમતગમત ગમે છે, તેમ ત્રીજા નંબરનું કામ વખતોવખત વિશ્રાંતિ મેળવવા માટે સારાં કામો થતાં હોય ત્યાં જવું, જોવું, સાંભળવું એ છે.’

‘સસ્તું સાહિત્ય’ની પ્રવૃત્તિને સ્વામીજી હરિકથાનો જ એક પ્રકાર માનતા હતા.

## ‘અર્પણ પત્રિકા’ પાછળનો શુભ હેતુ

સ્વામીજીએ વિવિધ ગ્રંથમાળા શરૂ કરી હતી. તેના પ્રથમ પુસ્તકને તેમણે લીમડીનરેશ દોલતસિંહજીને અર્પણ કર્યું.

અર્પણ કરવાની પાછળ તેમને કોઈ પ્રકારની સ્વાર્થભાવના ન હતી. માત્ર સદ્ગુણોની કદર કરવાની વૃત્તિ હતી.

પરંતુ ધનવાનો અને રાજવીઓ સામાન્યપણે એમ જ માનતા હોય છે કે, તેમનામાં સદ્ગુણ હોય કે ન હોય, પણ એમની ધનસંપત્તિને જ માન આપવામાં આવે છે અને અર્પણપત્રિકાનું માન તેમની પાસેથી પૈસા કઢાવવાની વૃત્તિથી જ આપવામાં આવે છે.

લીમડીનરેશે એવા જ હેતુથી આ અર્પણપત્રિકાના જવાબમાં રૂપિયા એકસોની રકમ સ્વામીજીને મોકલી આપી.

સ્વામીજીએ એ રકમ પરત કરી અને પત્રમાં લખ્યું :

રૂા. ૧૦૦ની રકમ ઓછી લાગવાથી અમે ના પાડી એમ બિલકુલ માનવા જેવું નથી.

'અર્પણુપત્રિકાને પૂર્ણ નિષ્કામભાવે જ અર્પણુ કરવાનું અમે ધોરણ રાખેલું છે. અને તેના નિમિત્તથી કાંઇ પણુ રકમ લેવાય એ તો સત્કારને વેચવા તુલ્ય અમે માનીએ છીએ. જેથી કોઇ સ્વેચ્છાથી કંઇ રકમ મોકલવા ઇચ્છે, તોપણુ નિષ્કામતાના એ ધોરણુને જાળવવા માટે અમારે ઉપકાર સાથે તે પાછી વાળવી એ જ કર્તવ્ય છે...'

## પરમાર્થનો પુનિત પ્રવાહ

સ્વામી અખંડાનંદજી અનેક વેળા અંતરની શાંતિ માટે હૃષિકેશ જઈને રહેતા હતા. જ્યારે મુંબઇ અને અમદાવાદના ધમાલિયા વાતાવરણુથી થાકતા, ત્યારે તેઓ આવા શાંત સ્થળે નવું જીવન મેળવવા આવતા.

અહીં સવારના ચાર વાગ્યે ઊઠવામાં જરાયે ફેર પડતો નહિ. શરીરનું સ્વાસ્થ્ય સુધારવા માટે પ્રયોગો કરતા. તેઓ ઊભા ઊભા કામ કરવાની ટેવ પાડતા. કોઈ વાર ભિક્ષા માગવા જતા તો કોઈ વાર કોઈ ભોજનગૃહમાં જમવા જતા. ભિક્ષામાં રોટલા–રોટલી કોઈ વાર કાચાં મળ્યાં હોય, તો પોતાના ઉતારા પર આવીને સ્વામીજી દેવતા પર શેકી લેતા.

સ્વામીજીની થેલીમાં શું શું હોય? બહારથી આવેલા પત્રો, પુસ્તકો, ટપાલનો બધો સામાન, ફાઉન્ટન પેન, હિસાબનાં કાગળિયાં, પ્રેસ–પ્રૂફની ગેલીઓ વગેરે.

સામાન્ય રીતે તેઓ રાતે નવ–દસ વાગ્યે સૂઈ જતા. પરંતુ કામ વધારે હોય, તો હૃષિકેશમાં પણુ ઉજાગરો કરવામાં પાછા પડતા નહિ. સ્વામીજીને કોઈ આરામ લેવાનું કહેતું, તો તેઓ હસતા હસતા જવાબ આપતા :

'ચક્કી ચલતી હૈ।'

ત્યાં કોઈ વાર ફરવાની ધૂન જાગતી, ત્યારે તેઓ એકલા ટેહરી તરફને માર્ગે લક્ષ્મણઝૂલા તરફ, સ્વર્ગાશ્રમ ભણી તો કોઈ વાર ગાઢ જંગલોમાં પણુ ઘૂમવા નીકળી પડતા.

એક વાર અર્ધગાંડા જેવા એક અવધૂતનો તેમને ભેટો થઈ ગયો.

તેમને કોઈ પણ પ્રશ્ન પૂછવામાં આવે, તો જવાબ એક જ મળતો : 'બ્રહ્મ !'

સ્વામીજીને આ બહુ ગમતું. એમને માટે તેઓ બજારમાંથી સારું સારું ખાવાનું લઈ જતા. આ સાધુ મહારાજ ખાવા વિશે બહુ બેદરકાર હતા. કેટલીક વાર ખાવાનું જોઈને નાસી જતા. સ્વામીજી એમને પકડી પાડતા અને જમવા માટે બેસાડતા.

એવે વખતે એમના ભોજનમાં કાગડાઓ અને વાંદરાઓ પણ ભાગ લેતા. કોઈ વાર ગાયમાતા પણ આવી ચડતાં. પણ એ અવધૂતજી તો કશાની પરવા કર્યા વિના સૌની સાથે લહેરથી જમી લેતા.

આ જોઈને સ્વામીજીએ ત્યાં ભેગા થતા લોકોને એક વાર કહ્યું : 'આ કોઈ ઊંચો આત્મા છે.'

એક ભાઈએ પૂછ્યું : 'શા આધારે આપ આવો અભિપ્રાય આપો છો ?'

સ્વામીજીએ હસતા હસતા જવાબ આપ્યો :

'કાગકી ભાખ કાગ હી જાને !'

સ્વામીજી ઘણી વાર ભિક્ષાનું અન્ન લેતા. પરન્તુ અપંગ, અશક્ત સાધુઓ માટે બજારમાંથી ખરીદીને સારું ખાવાનું લઈ આવતા.

એક વાર સ્વામીજીએ એક ઝાડ નીચે એક સાધુને પડેલો જોયો. સ્વામીજી પાસે જઈ જુએ તો એ સાધુ ઘણા વખતથી બીમાર પડેલો માલૂમ પડ્યો. ઘણા દિવસથી ખાધા વિના રહ્યો હતો !

સ્વામીજી તરત જ બજારમાં જઈને એને માટે સારું ખાવાનું લઈ આવ્યા. સાધુએ પ્રસન્નતાથી ખાવાનું ખાધું.

એની પ્રસન્નતા જોઈને સ્વામીજી બીજે દિવસે ખાવાનું લઈ ગયા. પરન્તુ એ બાપડો તો મરણ પામ્યો હતો !

સ્વામીજીના દિલ પર એની ખૂબ ઊંડી અસર થઈ. એ પછી માંદા સાધુઓની સારવાર કરવાનું પ્રમાણ વધી ગયું. કોઈ કોઈને તો તેઓ પોતાની ઓરડીએ પણ લઈ આવતા.

બીજાને ઉપયોગી થવાની ભાવના એમનામાં પ્રથમથી જ હતી. જ્યાં સુધી એમની પાસે ધન નહોતું, ત્યાં સુધી તન અને મનથી સેવા કરતા. જ્યારે ધન આવ્યું, ત્યારે ધન ખરચતાં તેઓ અચકાતા નહિ.

આ ધનરૂપી સાધન એમનું પોતાનું ન હતું. પોતે તો ટ્રસ્ટી જ હતા. અને એમણે સંન્યાસધર્મ સ્વીકારેલો હતો. એટલે જે ધર્મભાવના સંસ્થાની સ્થાપનાના મૂળમાં હતી, તે ભાવનાને અનુરૂપ જ તેઓ દાન આપતા.

આમ છતાં લાગણીશીલ સ્વભાવને લીધે કોઈ કોઈ વાર વધારે ઉદારતાથી દાન આપવા લાગી જતા અને લાગણીનું બીજું મોજું આવતાં 'આ સંસ્થાનો પૈસો તો મારાથી ખર્ચાય જ કેમ?' એમ માની તેઓ સંકોચ પણ અનુભવતા.

એમની દાનવૃત્તિનાં થોડાંક દૃષ્ટાંતો જોઈએ.

એક વાર સ્વામી અખંડાનન્દજી પંઢરપુર ગયા હતા. ત્યાં હરિજનો માટે ધર્મશાળા હતી. પરન્તુ તે બહુ જ નાની હતી.

એક દિવસ ભારે વરસાદ પડ્યો. સ્વામીજીએ જોયું કે હરિજન સ્ત્રી-પુરુષો અને બાળકો એ ધર્મશાળામાં ખીચોખીચ ભરાઈ બેઠાં છે!

સ્વામીજીથી આ જોયું ન જોવાયું. એમને વિચાર આવ્યો કે, 'વરસાદ તો રાતે પણ ચાલુ જ રહેશે. આ બધાં શું કરશે? ક્યાં સૂશે? આ લોકોને ભવિષ્યમાં આવી તકલીફ ન વેઠવી પડે એ માટે કંઈક કરવું જોઈએ.'

એ દિવસોમાં ગાડગે મહારાજ પંઢરપુરમાં રહીને જનસેવાનું કામ કરતા હતા. સ્વામીજીએ તેમને કહ્યું:

'હરિજનો માટે ધર્મશાળા મોટી કરવાની જરૂર છે.'

મહારાજે પૈસાની માગણી કરી. એટલે સ્વામીજીએ તરત જ ૨૫૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું. સાથે સાથે શરત કરાવી કે સ્વામીજીનું નામ કે છબી ન હોવાં જોઈએ

ગાડગે મહારાજે આ રકમમાંથી બહુ કરકસર કરીને થોડાં છાપરાં બનાવ્યાં અને બાકીની રકમ સ્થાયી ફંડ તરીકે જમા કરાવી.

એક વાર સ્વામીજી ભાવનગર ગયેલા. તે વખતે સ્વામીજી ત્યાંની ગરીબ વસ્તીમાં ફરવા ગયા. એ લોકોની કંગાળ હાલત જોઈને તેમણે ઝૂંપડાં બાંધવા માટે પાંચસો રૂપિયાનું દાન કર્યું. દર્દીઓ માટે સ્ટ્રેચર, ઠેલણગાડી, આરામખુરશી વગેરે મોકલી આપ્યાં.

નડિયાદના અનાથાશ્રમને પણ તેઓ અવારનવાર મદદ કરતા હતા.

તીર્થધામોમાં ઠંડીને કારણે કેટલાક નબળા શરીરના સાધુઓ સ્નાન વગેરે કરી શકતા ન હતા. તેમને માટે સ્વામીજી ગરમ પાણીની સગવડો કરી આપતા.

સ્વામીજી કુંભમેળામાં છૂટે હાથે ગીતાની લહાણી કરતા. આવા મેળાઓમાં તેઓ કોઈ વાર તંબૂ ભાડે લઈ મુકામ કરતા અને દિવસ ઊગ્યે વીંછીની દવાઓ, થોડાંક કપડાં, ગીતા, આંખનાં ટીપાંની શીશીઓ વગેરે લઈને બહાર નીકળી પડતા અને એ બધી વસ્તુઓનું છૂટે હાથે દાન કરતા.

છેલ્લા દિવસોમાં માંદગીમાં સપડાયા હતા, ત્યારે પણ ગરીબોને ખાવા માટે ચણા, પહેરવા માટે કપડાં અને ઠંડીથી બચવા માટે તેઓ કામળાઓનું દાન કરતા.

ગુરુકુળોના ઉત્સવોમાં સ્વામીજી જતા, ત્યારે ત્યાં વ્યાખ્યાન કદી આપતા નહિ. પરન્તુ બધું પૂરું થાય અને વિદાય લેવાનો સમય આવે, ત્યારે તેઓ ગુપ્ત રીતે ૫૦–૧૦૦ રૂપિયા સંસ્થાને ભેટ તરીકે આપી દેતા.

અમદાવાદમાં તો અનેક માણસોએ સ્વામીજીને ભદ્રના કિલ્લામાં અનાજ, કપડાં વહેંચતા જોયા હતા. કેટલીક વાર તેઓ છત્રીઓ લઈને બેસે અને કોઈ ગરીબ છત્રી વિના વરસાદમાં ભીંજાતો ટાઢે થથરતો પસાર થતો હોય તેને બોલાવી છત્રી આપે. આવી જ રીતે તેઓ ગરીબોને લોટાઓ પણ આપતા.

કોઈ વાર સ્વામીજી ટાઢથી બચવા કામળો ઓઢીને બેઠા હોય કે ક્યાંકથી પસાર થતા હોય અને સામે ટાઢથી ધ્રુજતું માનવશરીર દેખાય,

તો સ્વામીજી તરત જ એને પોતાનો કામળો ઓઢાડીને ઝટપટ ચાલ્યા જાય.

દુઃખી વિધવાઓને ગુપ્ત દાન દેવાના પ્રસંગો પણ બનતા. ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની પણ ગોઠવણ કરી આપતા.

દૂર દૂર સુધી સ્વામીજીનો દાનપ્રવાહ વહેતો હતો. આંધ્રના દુકાળમાં એમણે ચાર હજાર રૂપિયા મોકલ્યા હતા. આંધળાં–મૂગાંની શાળાઓમાં પણ તેઓ અવારનવાર મદદ કરતા હતા.

એક વાર સ્વામીજી રાતે દસ વાગ્યાને સુમારે રસ્તા પરના ઓટલા પર સૂતેલા માણસોની દશા જોવા અને કંઈક મદદ કરવા નીકળ્યા હતા.

તેમણે એક ખૂણામાં એક બાઈને જોઈ. તે સુવાવડી હતી. શરીર ઢાંકવા પૂરતુ વસ્ત્ર પણ ન હતું. સુવાવડ પછી શક્તિ માટે ગોળ, ઘી, સૂંઠ એ બાપડીને કોણ ખવડાવે ? એ બાઈ સ્વામીજી ભણી આતુર નજરે જોઈ રહી.

સ્વામીજીએ તરત જ એને માટે બધી સગવડ કરી આપી, આવું જોયા પછી પરદુઃખભંજન સ્વામીજીનું દિલ હાલી જાય એમાં નવાઈ શી ?

## સ્વામીજીના દાનની વિશેષતા

સ્વામી અખંડાનંદજીનાં દાનોમાં વિશેષ દાન તો પુસ્તકોનું જ હતું.

અમદાવાદ સુધરાઈને તેમણે પુસ્તકોનું જે મોટું દાન આપ્યું હતું એમાં હિંદી, મરાઠી, બંગાળી, અંગ્રેજી ને ગુજરાતી આઠથી દશેક હજાર પુસ્તકોની કબાટ સહિત લાયબ્રેરી આપી છે. જે આજે પણ ' શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય 'માં જોવા મળે છે.

સંતરામ મહારાજની શતાબ્દી પ્રસંગે લગભગ દસ હજાર રૂપિયાની કિંમતના ધાર્મિક ગ્રન્થો તેમણે વહેંચ્યા હતા.

પ્રવાસમાં સ્વામીજી એક ઝોળી રાખતા અને તેમાં ગીતાના ગુટકાઓ ભર્યા હોય. કોઈ અધિકારી વ્યક્તિ દેખાય કે એને ગીતા ભેટ આપતા. કોઈ એમનો ચરણસ્પર્શ કરવા આવે, ત્યારે તેઓ અકળાઈ જતા, કદી ગુસ્સે પણ થઈ જતા, પણ ગીતા તો આપે જ આપે.

બીડી પીનાર તરફ એમને ભારે ચીડ. ઘણી વાર એની પાસે જઈને બીડી છોડવાનું તેઓ સમજાવતા અને તમાકુના ગેરફાયદા દર્શાવતો લેખ વાંચવા માટે આપવા.

કેટલીક વાર માણસો પાસે જઈને સ્વામીજી કહેતા :

'લેશો ભાઈ. ગીતા ? સાવ મફત છે.'

માણસ ગીતા લેવા હાથ લંબાવે. એટલે સ્વામીજી કહે :

'ભાઈ, તમે વાંચશો ? વાંચવાના હો તો ગીતા આપું !'

એ ભાઈ જવાબમાં હા કહે, તો સ્વામીજી ગીતા આપતા. અને જો ના કહે, તો 'પાપનો ભાર વધશે' એમ કહીને તેઓ ચાલતા થાય.

હરિજનો તરફ એમને વિશેષ મમતા હતી. પ્રસંગ આવ્યે હરિજન-શાળાઓને અને સંસ્થાઓને સ્વામીજી પુસ્તકોનું દાન કરતા.

શ્રીરામકૃષ્ણ મિશનને એમણે પુષ્કળ પુસ્તકો આપ્યાં છે. અન્ય જનોને પણ તેઓ શ્રીરામકૃષ્ણ મિશનને સહાય મોકલવાની સલાહ આપતા.

કેટલીક સંસ્થાઓને સ્વામીજી પુસ્તકો મોકલીને સૂચના આપતા : 'ઘરમાં રાખી મૂકે નહિ. અને પ્રેમપૂર્વક વાંચે અને બીજાને વંચાવે તેમને આ પુસ્તકો આપજો.'

કુંભમેળા વખતે સ્વામીજીએ શ્રીકૃષ્ણ વગેરેની છબીઓ એક લાખ જેટલી વહેંચી હતી. વળી સારી હિન્દી ટીકા સાથે ભગવદ્ગીતાઓ પાંચેક હજાર અને એકાધ્યાયી ગીતાની અસંખ્ય પ્રતો તેમણે મફત વહેંચી હતી.

સ્વામીજીની દાનપ્રવૃત્તિમાં લોકોપકારક દવાઓનું પણ મહત્ત્વનું સ્થાન છે.

એક વાર ખાખરાના મૂળના અર્કની એમને જરૂર પડી. તપાસ કરતાં જણાયું કે, એક શીશીની કિંમત પાંચ રૂપિયા હતી. સ્વામીજીથી આ શી રીતે સહન થાય ? આપણા દેશમાં ખાખરાનાં જંગલો અને તેના અર્કની કિંમત પાંચ રૂપિયા !

સ્વામીજીએ સંસ્થા તરફથી જ ખાખરાના મૂળનો અર્ક આપવાનો નિશ્ચય કર્યો. એનું યંત્ર તૈયાર કરવાના પ્રયોગમાં પાંચસો–સાતસો રૂપિયા

ખરચી નાખ્યા. ધુતપાપેશ્વર વગેરે ફાર્મસીમાં તેમણે તપાસ કરી. અંતે ખાખરાના મૂળના શુદ્ધ અર્કની શીશી માત્ર ચાર આનામાં તેમણે આપવા માંડી. લાખોની સંખ્યામાં શીશીઓ વેચાવા લાગી. હજી પણ એ પ્રવૃત્તિ સંસ્થા તરફથી ચાલે છે.

ખાખરા પછી શુદ્ધ મધનો વારો આવ્યો. તે પછી વીંછીની દવા પણ તેમણે તૈયાર કરી. હૃષિકેશમાં એક લાખ શીશીઓ વીંછીની દવાની બનાવી હતી.

## જીવન-નિર્વાહ બાબત સ્વામીની સજાગતા

આવાં બધાં પરોપકારનાં કાર્યોમાં સ્વામી અખંડાનંદજી પ્રવૃત્ત રહેતા હતા અને છૂટે હાથે પૈસા દાનમાં આપતા હતા. પરંતુ પોતાના નિર્વાહની બાબતમાં તેઓ ખૂબ જ સભાન રહેતા હતા.

સ્વામીજીના જીવનનો મુખ્ય ઝોક પહેલેથી છેલ્લે સુધી 'સસ્તું સાહિત્ય-વર્ધક કાર્યાલય'ની પુસ્તક-પ્રવૃત્તિ ભણી જ હતો. એ સંસ્થાને સ્થાપનાર, એની વૃદ્ધિ કરનાર અને પગભર કરનાર, કર્તાહર્તા સ્વામીજી જ હતા. છતાં પોતાના જીવનનિર્વાહ માટે તેમણે ઊંડું મનોમંથન છેલ્લી ઘડી સુધી અનુભવ્યું હતું.

'સસ્તું સાહિત્ય'ને તેઓ પ્રભુનું કામ માનતા હતા. પ્રભુના કામમાં કોઈ જાતની કચાશ ન રહેવી જોઈએ, એવી તેમની માન્યતા હતી. પ્રભુને ચરણે તેમને પોતાની જુવાની ધરી હતી, એટલું જ નહિ પણ શરીર અને મનને નિચોવી નાખવામાં પાછું વાળીને જોયું નહોતું. એટલે પોતે સ્વીકારેલા પ્રભુનિષ્ઠ સંન્યસ્તધર્મને સાચવીને તેઓ બધી પ્રવૃત્તિ કરતા હતા.

સંન્યાસીએ ભિક્ષાન્ન ખાઈને આ બધું કરવું જોઈએ એવી માન્યતા સ્વામીજીની હતી. પણ ભિક્ષા લેવા જતાં સંસ્થાનું કામ બરોબર થાય એમ ન હતું. અને સંસ્થામાંથી પૈસા લઈ પેટનો ખાડો પૂરતાં એમ લાગ્યા જ કરતું કે, હું કંઈક ખોટું કરી રહ્યો છું!

સ્વામીજી પોતાનાં ભોજન-વસ્ત્ર માટે શું લેતા હતા? માસિક માત્ર

પંદર રૂપરડી ! એ રકમ જોતાં એમણે ભિક્ષા કરતાંયે ઘણું ઓછું પોતાને માટે લીધું હતું ! છતાં એનો ભાર મન ઉપર રહ્યા કરતો.

સ્વામીજીને હંમેશાં મનમાં લાગ્યા કરતું :

'અમે તો રહ્યા બાવા ! અમારું ખાતું પણ બાવાશાહી. એટલે અમારા જેવાના શારીરિક ખર્ચ માટે ધંધો કે નોકરી નિષિદ્ધ છે. તેથી એ બાબતનો ભાર બીજાઓને શિર રહેલો છે.'

એક પત્રમાં પોતાનું મનદુઃખ વર્ણવતાં તેઓ લખે છે :

'...સંસ્થામાં કામ કરવું અને સંસ્થાને માથે ખર્ચ નાખવો એ મારે મન એક નોકરના જેવું કાર્ય હોઈ મારે માટે તે અતિ દુઃખનો વિષય છે.

'....બેશક મન ગમે તેમ મારીને આ લોકહિતના કાર્યને ખાતર હવે હું સંસ્થાનું કામ કરી પેટ ભરનાર એકાદ નોકરના જેવી બહુ અણ-ગમતી રીતને અનુસરવાને પણ અટકચો નથી.

'....આ સંસ્થાને માલિક તરીકે સ્થાપી અને ચલવી નથી, પણ સેવક તરીકે જ છે. મારો પોતાનો જાતખર્ચ પણ એ ભાવનાને લીધે બન્યું ત્યાં સુધી સંસ્થા પર ન પડવા દેતાં ભિક્ષાના ધોરણે ચલાવ્યો છે. અને છેવટે સંસ્થાના કાર્યને ખાતર જરૂર પડી, ત્યારે જ તે બોજો સંસ્થાને માથે પડવા દીધો છે. એને પણ કરજ તરીકે જ માનું છું.'

૧૯૧૨ની સાલમાં એક ગૃહસ્થે સ્વામીજીને અંગત ખર્ચ માટે દસ રૂપિયા મોકલ્યા. સ્વામીજીએ એના જવાબમાં લખ્યું :

'રૂપિયા દસ મળી ગયા છે. જાતના ખર્ચ માટે કોઈ પાસે જવાનું બનતું નથી, એટલે દુઃખી થઈને પણ સંસ્થામાંથી મારે નામે ઉધરાવીને ખર્ચ ચલાવું છું. તેવા સમયે તમારી રકમે મને ઘણો સંતોષ આપ્યો છે.'

હજારોનો વહીવટ ચલાવનાર સ્વામીજી એમાંથી પંદર–વીસ રૂપિયા જેવી જૂજ રકમ લેતાં પણ કેટલા ક્ષોભ પામતા હતા એનું આ પ્રેરક ઉદાહરણ છે.

એક વાર એક સ્નેહીજને સ્વામીજીને ઠંડીના દિવસોમાં ગરમ ઝભ્ભો મોકલ્યો. સ્વામીજીએ તેમને લખ્યું :

'બાવાજીના ઝભ્ભા માટે આટલે વખતે પણ એક સજ્જન કાળજી કરનારો જાગ્યો એ આનંદની વાત...અત્યાર સુધી તો બીજી રીતે ગરમ ઝભ્ભાને ઓઢવાનું મળ્યા કરી ચાલેલું ખરું. પણ હવે 'સસ્તા સાહિત્ય' પર તે પ્રકારનો બોજો પણ પડવા આવેલો તે મટચો.'

સ્વામી અખંડાનંદજીની એક નિર્મળ માન્યતા હતી :

'મારો સંબંધ સંસ્થા સાથે સ્વામીત્વનો નહિ પણ સેવકનો આ કાર્ય પરત્વે છે. માસિક દસ-પંદર રૂપિયાનો ખર્ચ પાછળ કેટલા વખતથી અન્નવસ્ત્ર બદલનો સંસ્થા પર પડતો આવ્યો છે, એ પણ મનથી ઠીક નથી લાગતું. પરંતુ સંસ્થાના જ હિતની અમુક બાબતોને ખાતર મારે મન મારીને પણ તે પ્રકાર ચાલવા દેવો જ પડે છે.'

## 'મો સમ કૌન કુટિલ ખલ કામી!'

સ્વામીજીમાં સાચા સંતનું એક લક્ષણ પોતાના દોષો જાહેર કરવાનું હતું. સંતપુરુષ ખૂબ કઠોર આત્મપરીક્ષક હોય છે. પોતાના રાઈ જેવા દોષને પહાડ જેવડા મોટા ગણે છે અને એ માટે ભયંકર પશ્ચાત્તાપના અગ્નિમાં તપ્ત થઈ શુદ્ધ થવા મથે છે. છતાં પણ તેમને તો ત્યારે જ શાતા વળે, જ્યારે પોતે એ સ્ખલનોને જાહેરમાં વ્યકત કરે.

એ જ રીતે સ્વામીજીએ ગંભીરમાં ગંભીર બાબતો પણ છુપાવી નથી.

મમતા જાગી ઊઠવાના ભયે જેમ કુટુંબીજનોથી સ્વામીજી દૂર રહેતા હતા, તેમ મોહ અને વાસના જાગવાની બીકે તેઓ સ્ત્રીસમાજથી દૂર રહેવાનું પસંદ કરતા. પોતાનું સ્થળ એવું રાખતા કે, જ્યાં સ્ત્રીઓની અવરજવર ન હોય. કોઈ સ્ત્રીને એકાંતે મળવું પડે એવા પ્રસંગ તેઓ ઊભા થવા દેતા જ નહિ.

આટઆટલી કાળજી લેવા છતાં, સ્વામીજી કહે છે એ મુજબ, તેમના જીવનમાં સ્ખલનના પ્રસંગો બન્યા હતા ખરા. સ્વામીજી યાત્રા અને સંત-સમાગમ માટે બહાર ફરતા, તે વેળાએ એવા કેટલાક પ્રસંગો બની ગયા છે કે જ્યારે તેમણે કઠોર રીતે પોતાના સંયમને શોભાવ્યો છે.

એક વાર અજાણતાં સ્વામીજી વામમાર્ગીઓના અખાડામાં જઈ ચડયા. અડધી રાતે સ્ત્રીએ આવી એમના પગ પકડયા. સ્વામી ઝબકીને જાગી ગયા અને તે જ ક્ષણે ત્યાંથી નાસી છૂટયા.

સ્વામીજીએ પોતાનાં સ્ખલનો વિશે ખુલ્લા દિલે એકરાર કર્યો છે. સ્વામીજીએ નિખાલસ દિલે આ અંગે લખ્યું છે :

'આ સેવકથી આ સંન્યસ્ત આશ્રમમાં પણ બેચાર વ્યભિચાર થઈ ગયા છે ! પ્રભુએ તો સેંકડો વખત બચાવ્યો છે. પ્રભુએ ઉપલા ગુના માફ કર્યા છે. પણ હરિજનો અને સંસારીજનો પણ એ પાપો જાણે અને માફ કરે. તથા પોતાના ગુના પણ જાણતાં શીખે, કબૂલતાં શીખે એટલા માટે જ આ સેવક આમ જાહેર કરતો ચાલે છે.'

બીજે સ્થળે તેમણે નોંધ્યું છે :

'ગયા અષાડમાં—ગામે ગયો હતો. જાણું છું કે ત્યાં અનેક બીજપંથી સ્ત્રીપુરુષ હોય છે. પણ ઉમદા ભજનકીર્તન મને એવો સમાધિમય અને આનંદમય બનાવી દે છે કે, તેવા પ્રસંગો તરફ બહુ જ આકર્ષણો રહ્યા કરે છે.—ગામે પણ વખતોવખત એ હેતુથી જાઉં છું.

'પણ આ વખતે ગમે તેટલી સાવચણી અને દૂર રહેવાપણું છતાં પણ એવા સંજોગો આવી પડયા હતા કે બચવું મુશ્કેલ ! પરન્તુ પ્રારબ્ધ-યોગે કંઈક એવું બન્યું કે વૃત્તિ અંકુશમાં રહી ને બચાવ થઈ ગયો.'

'ગમે તેટલા વિરક્તિના સંયોગમાં રહેનારને પણ જીવનમાં જે થોડા-ઘણા પણ આવા સંયોગ મળવાના જ. પરન્તુ દીર્ઘકાળની સુસેવિત દોષ-બુદ્ધિ અને આંતરબળનો પ્રતાપ પણ એવો હોય છે કે, એક યા બીજી રીતે બચાવ થઈ જ જાય છે. આ શરીરને એવો તો પાંચેક વખત બચાવ મળી ચૂકયો છે !'

ખરી રીતે જોતાં, પોતાનાં આવાં સ્ખલનોનો જાહેર એકરાર કરવા માટે કેવા મહાન આત્મબળની જરૂર પડે છે, એ તો સંતમહંતો જ સમજી શકે.

જયારે પ્રતિષ્ઠાના શિખરે બેઠા હોય, સામાન્ય જનસમાજ એમની ચરણધુલિ લેવા ઝંખી રહ્યો હોય, હજારો લોકો એમના દર્શનથી પોતે

પાવન થાય છે એમ શ્રદ્ધાપૂર્વક માનતા હોય; એવે વખતે જે પોતાના દોષોનો એકરાર કરે તે કેટલું મોટું જોખમ ખેડે છે એ સમજવા જેવું છે.

કોઈ પણ વ્યક્તિ જ્યારે કોઈ પ્રકારનું જોખમ ખેડવા તૈયાર થાય છે, ત્યારે એ કરતાં પણ ઘણો મોટો ભાગ મેળવવાની એના દિલમાં ઝંખના હોય છે.

સંતો જ્યારે આવું જોખમ ખેડે છે, ત્યારે તેમના અંતરના જગતમાં પ્રતિષ્ઠા અને પૂજા કરતાં ઘણા ઊંચા અને મોટા લાભો મેળવવાની ભાવના પ્રગટી હોય છે.

સ્વામી અખંડાનંદજીએ જ્યારે એકરાર કર્યો, ત્યારે એમના આત્માએ જે આનંદ અનુભવ્યો હશે, તે આનંદ કદાચ જીવનની બીજી કોઈ પળે એમણે અનુભવ્યો નહિ હોય. ભવસાગર તરી જવા માટે તે દિવસે તેઓ હળવા બન્યા હશે. એ એકરારની સાથોસાથ એમના સમયનું જે દર્શન થાય છે — કઠોર બ્રહ્મચર્ય વિશે જે જાણી શકાય છે, તે જો ધ્યાન બહાર રહે, તો સ્વામીજીને ઓળખવામાં ગંભીર ભૂલ જ થાય.

એટલા ખાતર જ સ્વામીજીએ પોતાનાં સ્ખલનોની વાત કરતાં ઈ. સ. ૧૯૧૭માં પોતાની નોંધપોથીમાંથી જે લખ્યું છે એ ધ્યાનમાં રાખવા જેવું છે :

‘સેવક પણ તેવા ખાડામાં પડી ચૂકેલાઓમાંનો જ એક છતાં છેલ્લાં બાર વર્ષના બ્રહ્મચર્યને યોગે તે આ બાબત સ્પષ્ટ રૂપે અનુભવી શકેલો હોવાથી જ આટલા આગ્રહથી બ્રહ્મચર્ય વિશે ભલામણ કરે છે.’

## અંતિમ ચર્યા

किं बहुना ? સ્વામી અખંડાનંદજી ‘સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય ’ના સત્કાર્યને યજ્ઞરૂપ, કર્તવ્યરૂપ, પ્રભુભક્તિરૂપ માનીને તન્મયતાથી કર્યા કરતા હતા. પરંતુ જ્યારે તેમના સ્વાસ્થ્યનો વિચાર કરીએ, તો અનેક અકસ્માતો, શારીરિક વ્યાધિઓ અને ભાંગેલા શરીરે આટલું બધું સતત અવિરત કાર્ય તેઓ શી રીતે કરી શકયા એનું આશ્ચર્ય થયા વિના રહે નહિ.

સ્વામીજી સાથે કામ કરનારા કહેતા :

'સ્વામીજીના જેવી શારીરિક સ્થિતિ બીજા કોઈની હોય, તો એ પથારીમાં જ પડી રહેવાનું પસંદ કરે.'

નાદુરસ્ત તબિયત હોય છતાં સ્વામીજી પથારીમાં ભાગ્યે જ પડતા. એટલું જ નહિ પણ માંદગીના દિવસોમાં પણ એકલે હાથે ત્રણચાર માણસ જેટલું કામ ખેંચ્યે રાખતા. શરીર તો ખરેખર પ્રભુએ આપેલું જડ સાધન હોય અને પોતે એનાથી સંપૂર્ણ સ્વતંત્ર હોય એવી વિરક્ત સ્થિતિ તેઓ ભોગવતા હતા. અનેક પીડાઓની વચ્ચે પણ તેઓ કર્તવ્ય ચૂક્યા નથી અને પરમાત્માને ભૂલ્યા નથી.

એક વાર સ્વામીજી ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યા હતા. માંદગીનું કારણ દાઝી જવાયું હતું. ડૉક્ટરો સારવાર કરવા આવ્યા હતા. પરંતુ સ્વામીજીએ ના પાડી અને ઉપવાસ પર ઊતર્યા. ઉપવાસ દાઝવા ઉપર ન ચાલી શકે. પરંતુ એમણે કોઈનું માન્યું નહિ. સત્તર દિવસના ઉપવાસ ખેંચી કાઢ્યા.

ગાંધીજીને સ્વામીજી બીમાર છે એવી ખબર પડી. એટલે તેઓ સ્વામીજીને મળવા આવ્યા. વાતચીત કરતાં કરતાં ગાંધીજીએ કહ્યું :

'સ્વામીજી, સસ્તા સાહિત્ય દ્વારા આપ ઘણું સારું કાર્ય કરી રહ્યા છો.'

સ્વામીજીએ સહજ ભાવે જવાબ આપ્યો :

'હું તો આ દ્વારા ભગવાનનું ભજન કરી રહ્યો છું. એથી વિશેષ કંઈ નથી.'

એક વાર હડકાયું કૂતરું કરડી ગયું. અને એની અસર તો જીવનભર રહી ગઈ. છેલ્લાં વર્ષોમાં ઈ. સ. ૧૯૩૨માં તેમને લકવાનું દર્દ ઊપડ્યું. એ વખતે પણ તેમણે વૈદ્ય કે ડૉક્ટરની દવા ન કરી. ૨૪ દિવસ સુધી ઉપવાસ કર્યા. ચોવીસ દિવસના ઉપવાસ પછી તેઓ ઊભા થઈ, હરીફરી શકવા લાગ્યા.

આવી સ્થિતિમાં પણ શરીરને આરામ આપવાની વાત નહિ. દર-રોજ ચાર વાગ્યે ઊઠે. સ્ટવ એક હાથે સળગાવી પાણી ગરમ મૂકે. એનીસા

લે અને ૭ વાગ્યે નાહીધોઈને તૈયારી થઈ પુસ્તક વાંચવા કે પુસ્તકનાં પ્રુફ જોવા બેસી જાય. એ કામ પૂરું કરીને લગભગ આઠ વાગ્યાને સુમારે કથા સાંભળવા માટે સરયૂદાસજીના મંદિરમાં જતા.

પોતાની અપંગ સ્થિતિ હોવા છતાં સંસ્થાને ખર્ચનો બોજો ન પડે એ માટે એક આનામાં બસમાં બેસીને જતા–આવતા. ઘોડાગાડીનો ઉપયોગ ન છૂટકે જ કરતા.

આશ્ચર્યની વાત તો એ છે કે, લકવો થયા પછી પણ સ્વામીજી જંપ્યા નહોતા. ત્રાસ ને દયા છૂટે એવી શારીરિક સ્થિતિમાં પણ સંસ્થાનું કામ કરતા એટલું જ નહિ પરંતુ હૃષિકેશ, હરિદ્વાર, કુંભનો મેળો, શ્રીરામકૃષ્ણ શતાબ્દી ઉત્સવ વગેરે સ્થળે આત્માની ભૂખ સંતોષવા અનેક તકલીફ વેઠીને પણ તેઓ જતા.

સંસ્થાના કામ અંગે મુંબઈ–કલકત્તાની મુસાફરી પણ તેઓ કરતા. જ્યારે અસહ્ય જ થઈ પડે ત્યારે તેઓ બીજા વર્ગમાં બેસતા. નહિ તો ત્રીજા વર્ગમાં જ પ્રવાસ કરવાનું ધોરણ તેમણે છેવટ સુધી રાખ્યું હતું.

છેવટના દિવસોમાં સ્વામીજીએ નડિયાદ રહેવાનું રાખ્યું હતું. તબિયત તો દિવસે દિવસે કથળતી જતી હતી. છતાં તેઓ રોજ રેલવે ગાડીમાં બેસી અમદાવાદ આવતા–જતા.

આ દિવસોમાં ભજનો સાંભળવાનું પ્રમાણ બહુ વધી ગયું હતું. સંસ્થાને ઓટલે બેસી ચોમાસાના દિવસોમાં છત્રી વિના જતા ગરીબોને છત્રીઓ વહેંચતા હતા. રાતે ઉઘાડા સૂતેલા ગરીબો માટે કામળા મોકલતા હતા.

સાથોસાથ એમની આંતરિક સાધના તો ચાલતી જ હતી. આ રીતે કેટલું જીવવું પડશે તેની એમને ચિંતા નહોતી. જ્યાં સુધી શ્વાસ ચાલે, ત્યાં સુધી એ શ્વાસના આપનારનું કામ કર્યે જવું એ જ મનોવૃત્તિ એમની હતી.

૧૯૪૧ના નવેંબરની ૫ મી તારીખે સાંજે અમદાવાદથી નડિયાદ આવી મોડી રાત સુધી તેઓ સંસ્થાનું કામ કરતા રહ્યા. રાતે બે વાગ્યે ખુરશી ઉપરથી ઊભા થવા જતાં શરીરને અચાનક આંચકો લાગ્યો અને

તેઓ નીચે ગબડી પડ્યા. તેમના સાથળનું હાડકું ભાંગી ગયું. આમાંથી તેઓ પાછા બેઠા નહિ થયા.

હવે તો મુખ્ય પ્રવૃત્તિ હરિ ૐ તત્ સત્‌નો જાપ સાંભળવાની ચાલતી હતી. જે ભક્તજન આવે તેની પાસે ભજનો કે રામાયણની ચોપાઈઓ તેઓ ગવડાવતા. એમાં તેઓ પ્રસન્નતા અનુભવતા હતા.

આમ ને આમ બેત્રણ મહિના નીકળી ગયા. પછી ૧૯૪૨ના જાને-વારીની ત્રીજી તારીખે તેઓ જ્યારે સૂતા ત્યારે આ રાત પૂરી નહિ થાય, એવી કોઈને કલ્પના સરખી પણ ન હતી.

સ્વામીજી આંખ મીંચીને પથારીમાં પડ્યા હતા. બાજુમાં એક પરિ-ચારક ભાઈ હતા. રાતે લગભગ બાર વાગ્યે તેમણે એ ભાઈને પાસે બોલાવીને ઈશારાથી સમજાવ્યું કે :

'રસ્તા ઉપર જે ઓઢ્યા વગર સૂતા હોય તે સૌને ગરમ કામળા ઓઢાડી આવ.'

તરત જ એ ભાઈ એ કામ પૂરું કરીને પાછા સ્વામીજી પાસે આવ્યા.

એકનો ટકોરો થયો, ત્યારે સ્વામીજીએ મોસંબીનો રસ માગ્યો. તેમણે શાંતિપૂર્વક રસ પી લીધો. સારવાર કરનાર ભાઈ પાસે જ ઊભા હતા.

ત્યાં તો સ્વામીજી ઊંડા ઊતરતા અવાજે બોલ્યો :

'ખસી જવાય છે!'

પેલા ભાઈ નજીક આવ્યા. તેમણે સ્વામીજીને સહેજ ઉપર લીધા.

સ્વામીજી જરા હસ્યા. તેઓ ખસી જવાનું રહસ્ય પામી ગયા હતા. તેઓ ફરી બોલ્યા :

'હજી પણ ખસી જવાય છે!'

અને તરત જ તેમણે આંખો મીંચી દીધી.

આ દુનિયામાંથી સાચેસાચ તેઓ ખસી ગયા!

તેઓ બ્રહ્મલીન બની ગયા.

સ્વામીજીના દેહાંતના દુઃખદ સમાચાર બધે પ્રસરી ગયા. તેમનાં સૌ ચાહકો ઊંડા શોકમાં ડૂબી ગયાં.

સ્વામી અખંડાનંદજીની અંતિમ ઇચ્છા મુજબ તેમના ક્ષર દેહને સાબરમતીને તીરે દૂધેશ્વરને આરે અગ્નિસંસ્કાર આપવામાં આવ્યો. તેમનો ક્ષર દેહ પંચમહાભૂતમાં ભળી ગયો. પરંતુ તેમનો અક્ષર દેહ તો 'ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી' રૂપ 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'ની સદ્પ્રવૃત્તિ દ્વારા જનહૃદયમાં અમર બની ગયો છે.

વંદન હજો ભિક્ષુ અખંડાનંદજીને !

## ૪

# શ્રી કેદારનાથજી

પિતાજીને ઘણાં વરસોથી તમાકુ ખાવાની ટેવ. તમાકુ ખાનારને વારંવાર થૂંકવું પડે છે. એટલે કેટલાક લોકો જ્યાંત્યાં થૂંકવાને બદલે થૂંકવા માટે થૂંકદાની રાખે છે. એ રીતે પિતાજીએ થૂંકવા માટે થૂંકદાની રાખી હતી.

વયોવૃદ્ધ પિતાજીની સેવા જુવાન દીકરો પ્રેમ અને સદ્ભાવથી કરતો. પુત્ર સમજદાર હતો. તેને બરોબર સમજણ હતી કે, પિતાજીએ સૌ સંતાનોને ઉછેરવામાં વરસો સુધી કેવી મહેનત લીધી હતી. એટલે પુત્રની ફરજ છે કે, માતાપિતા વૃદ્ધ થાય, તો એમની સાચા દિલથી સેવા કરવી જોઈએ. એ રીતે જ પિતૃઋણમાંથી મુક્તિ મળે છે.

માતા તો પુત્ર નાનો હતો ત્યારે જ ગુજરી ગયાં હતાં. તેથી પિતાજી જ બધું સંભાળતા હતા. હવે પિતાજી વૃદ્ધ થયા, એટલે પુત્ર તેમની સેવા કરવા લાગ્યો હતો. તેણે પેલી થૂંકદાની ધોઈને સાફ કરવાની જવાબદારી પણ ઉપાડી લીધી હતી.

સમય જતાં દીકરો જાણીતો થયો અને ઘણા લોકો આ સાધુચરિત, નિષ્ઠાવાન અને દેશપ્રેમી દીકરાને અવારનવાર મળવા આવતા તથા તેની સલાહસૂચના માગતા.

પિતાજી આ બધું જોતા. એટલે હવે દીકરાને થૂંકદાની સાફ કરવી પડતી એ પિતાજીને ખૂંચવા લાગ્યું. આવા 'મોટા' અને 'જાહેર વ્યક્તિ' ગણાતા દીકરાને આવું થૂંકદાની સાફ કરવાનું કામ કરવું પડે એ પિતાજીને જરાયે ગમે નહિ.

એક દિવસ પિતાજીએ જરા ક્ષોભ પામતાં પામતાં મનમાં ક્યારની ઘોળાતી વાત પુત્રની આગળ રજૂ કરતાં કહ્યું :

'બાળ, તને આવા મોટામોટા પ્રતિષ્ઠિત માણસો મળવા આવે અને હું તારી પાસે થૂંકદાની સાફ કરાવું એ મને જરાયે ગમતું નથી। મેં હવે તમાકુ છોડી દેવાનું વિચાર્યું છે.'

દીકરો પિતાજીને 'દાદા' કહીને સંબોધતો. 'દાદા'ની વાત સાંભળીને દીકરો બોલી ઊઠયો :

'દાદા, તમે પણ ખરા છો! આવું તે કંઈ થાય? તમને લગભગ સાઠ વરસથી તમાકુ ખાવાની ટેવ છે. હવે તમારી એંશી વર્ષની ઉંમરે આ વરસોજૂની ટેવ છોડો, તો એથી તમારી તબિયત પર અસર થશે. તમારી તબિયત બગડશે. માટે કૃપા કરીને તમે આવો વિચાર ન કરો.'

'દાદા, તમારી થૂંકદાની સાફ કરવામાં મને જરાયે સંકોચ થતો નથી. હું તો એમાં પિતૃસેવાનો સંતોષ અનુભવું છું. હું ભલેને લોકનજરે મોટો ગણાતો હોઉં, પણ તેથી શું? આખરે તમારો તો દીકરો જ છું ને। દીકરાને પિતાજીની સેવા કરવામાં નાનમ કેવી? એ તો પુત્રનો ધર્મ છે. માટે આવું બધું મનમાં લાવો નહિ અને તમાકુ છોડવાનો વિચાર જ ન કરશો.'

પરંતુ પિતાજી આમ માને એવા ન હતા. તેમણે પોતાની વાત પકડી રાખીને કહ્યું :

'પરંતુ બેટા, તમાકુ ખાવાની ટેવ ગંદી નથી? વારંવાર થૂંક થૂંક કર્યા કરવું પડે એ કંઈ સારું કહેવાય? ખરી રીતે મારે આ વાત પહેલાંથી જ સમજવી જોઈતી હતી. પણ હવે શું થાય? જાગ્યા ત્યારથી સવાર.'

દીકરો શો જવાબ આપે? તે વિચારમાં ડૂબી ગયો.

તમાકુનું લાંબા કાળથી પડેલું વ્યસન છોડે, તો પિતાજીની તબિયત બગડયા વિના ન રહે, એની દીકરાને ચિંતા થવા લાગી. તે જાણતો હતો કે, આવું વ્યસન છોડનારને માથું દુખે છે, કબજિયાત થાય છે, પેટમાં ગડબડ થાય છે. એટલે તમાકુનું વ્યસન એકદમ છોડવું આકરું છે. છોડનાર માણસ બેચાર દિવસમાં કંટાળીને નાસીપાસ થઈને પાછો તમાકુ ખાતો થઈ જાય છે. એટલે એંશી વરસે પિતાજીને એ વ્યસન છોડતાં મુશ્કેલી

પડશે. પરંતુ તમાકુની ટેવ ગંદી નથી, સારી છે, એમ દીકરો શી રીતે કહી શકે?

દીકરાએ આમાંથી રસ્તો કાઢવા પિતાને બીજી રીતે સમજાવતાં કહ્યું,

'દાદા, તમે આને જુદી રીતે કેમ નથી જોતા? પિતૃસેવા જેવી પણ વસ્તુ છે. હું પુત્રધર્મ બજાવું એમાં શું ખોટું છે? મને એમાં જરાયે તકલીફ પડતી નથી, એટલું જ નહિ પણ મને સેવા કર્યાનો સંતોષ મળે છે. તમે પાકી વયે તમાકુ છોડી દો, તે મને બરોબર લાગતું નથી. ઊલટું તમારી તબિયત બગડશે, તો અમારી ઉપાધિ વધશે! માટે તમે એ વિચાર જ ન કરશો. જેમ છે તેમ ચાલવા દો. નાહક દુ:ખમાં પડશો મા.'

પિતાજીએ વાત આગળ ન લંબાવી.

પછી પિતાજી જમી પરવાર્યા. એટલે હંમેશની માફક દીકરાએ તમાકુ તૈયાર કરીને તેમની આગળ ધરી.

એ જોઈને પિતાજી બોલી ઊઠયા :

'તમાકુનું ગંદું વ્યસન મેં આજથી છોડી દીધું છે. હવે એ વાત નહિ.'

દીકરાએ ઘણું કહ્યું, પણ પિતાજી એકના બે ન થયા. 'તમાકુની ટેવ ગંદી છે, માટે છોડું છું,' એમ કહ્યા કર્યું.

પછી છેવટ સુધી પિતાજીએ કદી તમાકુ મોંમાં મૂકી નહિ.

આવા અચળ નિશ્ચયબળવાળા પિતાજીના પિતૃભક્ત ગુણી દીકરા તે બીજા કોઈ નહિ પણ શ્રી કેદારનાથજી હતા.

કેદારનાથજીએ પિતાજી પાસેથી નિશ્ચયબળની પ્રેરણા મેળવી. નાથજી આ પ્રસંગને સદ્‌ભાવથી યાદ કરીને કહેતા :

'દાદા આમ સાઠ વર્ષનું વ્યસન એક ક્ષણના નિર્ણયથી છોડી શકયા. તેની પાછળ નિશ્ચયબળ અને પુત્રપ્રેમ હતાં. તેથી જ્યારે કોઈ કહે કે વરસો-જૂનું વ્યસન કોઈ પણ રીતે ન છૂટે, ત્યારે મને મારા પિતાનું ઉદાહરણ તાજું થાય છે; અને ગમે તેવું વ્યસન છૂટી શકે એમ માનવા પ્રેરાઉં છું.'

જીવનની શુદ્ધિ એ જ જીવનસિદ્ધિ છે, એવું માનનારા, આચરનારા અને એનો જીવનભર પ્રચાર કરનારા, 'સંત પરમ હિતકારી' સમા મહાન સાધક કેદારનાથજીનું જીવન આપણને પ્રેરણા આપનારું છે.

## જન્મ અને કુટુંબ

નાથજીનો જન્મ ઈ. સ. ૧૮૮૩માં થયો હતો. તારીખ અને મહિના અંગે કશી સ્પષ્ટ માહિતી કોઈને નહોતી.

પિતાશ્રીનું નામ આપ્પાજી બળવંત. અટક કુળકર્ણી. કાર્ય અંગે દેશપાંડે પણ કહેવાતા.

મહારાષ્ટ્રમાં કુલાબા જિલ્લાનું પાલી એ એમના પૂર્વજોનું ઘણાં વર્ષોથી રહેવાનું ગામ.

પિતાશ્રીની સરકારી નોકરીને કારણે બહારગામ બદલી થયા કરતી હતી. થાણા, રત્નાગિરિ, ખાનદેશ વગેરે જિલ્લાઓમાં અનેક જગ્યાએ તેમને નોકરી અંગે રહેવાનું થયું હતું. એટલે નાથજીનું બાળપણ આ ત્રણચાર જિલ્લાઓમાં પસાર થયું હતું.

તેઓ કુલ ૭ ભાઈઓ અને ત્રણ બહેનો મળીને નવ ભાંડુઓ હતાં. ઘરની સ્થિતિ મધ્યમ હોવાથી કુટુંબની રહેણી પણ સાદી હતી.

નાથજી નવેક વરસના હતા, ત્યારે તેમનાં માતા પુત્રને જન્મ આપી તરત જ અવસાન પામ્યાં!

આ અણધારી આપત્તિથી પિતાજી અને કુટુંબીજનો મૂંઝવણમાં મુકાઈ ગયાં. નાનાં સંતાનોની અને માતાવિહોણા થયેલા બાળકની સંભાળ કોણ લે? પિતાને નોકરીની જંજાળ હતી જ. હવે શું થાય?

ત્યાં તો નાથજીના મોટાભાઈ શંકરદાદા અને ભાભી બધી જવાબદારી ઉપાડી લેવા આગળ આવ્યાં.

## ભાઈ–ભાભીની શીળી છાયામાં

આ વખતે શંકરદાદાની ઉંમર ૨૦–૨૧નો અને ભાભીની ઉંમર

૧૫–૧૬ વરસની હશે. શંકરદાદા મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં ભણતા હતા. પરંતુ હવે ભાઈબહેનોની જવાબદારી આવી પડેલી હોવાથી તેમણે ભણવાનું છોડી દીધું અને પૂણે શહેરમાં નોકરી લઈ ભાઈઓને ભણાવવા ભાઈભાભી પૂણે આવીને રહેવા લાગ્યાં.

ભાભીએ સૌને એવા હેતથી રાખ્યાં કે, નાથજી વગેરેને માતાની ખોટ વર્તાવા ન દીધી. શંકરદાદા પણ ખૂબ પ્રેમથી ભાઈઓને સાચવતા.

નાનકડા નાથજી શંકરદાદા અને ભાભીની શીળી પ્રેમળ છત્રછાયામાં અભ્યાસ કરવા લાગ્યા. અંગ્રેજી શરૂ થતાં નાથજીએ થોડા વખતમાં જ અંગ્રેજી લિપિના ૨૬ અક્ષરો એ–બી–સી–ડી શીખી લીધા.

એક દિવસ ઉમંગમાં આવી જઈને નાથજી શંકરદાદા પાસે દોડી ગયા અને બોલી ઊઠ્યા :

'શંકરદાદા, મને અંગ્રેજી પ્રાઈમર વાંચતાં આવડી ગઈ. તમને વાંચી સંભળાવું કે ?

'સી એ ટી, ડી ઓ જી, પી આય જી....'

એમ ફટાફટ નાથજી વાંચવા લાગ્યા.

એ સાંભળીને શંકરદાદા હસતા હસતા બોલ્યા :

'અંગ્રેજી આ રીતે નહિ વંચાય.'

નાથજીને થયું, મારા વાંચનમાં જરા પણ ભૂલ નથી. પરંતુ શંકર-દાદાને એ બરોબર લાગતું નથી. તો પછી વાંચવું કઈ રીતે ?

આવી મૂંઝવણ તેમને થવા લાગી. ત્યાં તો શંકરદાદા બોલ્યા :

'સી એ ટી એટલે કેટ એમ વંચાય. ડી ઓ જી એટલે ડોગ, પી આય જી એટલે પિગ એમ વાંચવાનું હોય, સમજ્યો કે ?'

નાથજી એ સાંભળીને કહે :

'આ તો બહુ અઘરું છે ! એ બધું મને શી રીતે સમજાશે ?'

એટલે શંકરદાદાએ સ્પેલિંગ એટલે શું તેનો ઉચ્ચાર કેમ કરવો વગેરે બધી બાબતો વિશે બરોબર સમજ આપી.

આ પ્રસંગ વર્ણવતાં નાથજીએ લખ્યું છે :

'તે વખતનો તેમનો પ્રેમ મને હજી યાદ આવે છે. અંગ્રેજીનો પહેલો પાઠ મને તેમની પાસેથી જ શીખવા મળ્યો.'

શંકરદાદા એટલેથી અટકયા નહિ. તે રોજ રાતે નાથજીને અંગ્રેજી શીખવવા લાગ્યા.

આ રીતે નાથજીના જીવન–ઘડતરમાં ભાઈ–ભાભીનો બહુ મોટો ફાળો હતો. નાથજી તેઓને કૃતજ્ઞભાવે ખૂબ ખૂબ યાદ કરતા. શંકરદાદા અને ભાભીએ નાથજી વગેરેને સંભાળવામાં, ભણાવવામાં–ગણાવવામાં અને આખા કુટુંબને સાચવવામાં પોતાનાં જીવન ઘસી નાખ્યાં હતાં. એ સઘળી વાતો નાથજીએ ભાઈ–ભાભી વિશે લખેલા પુસ્તકમાં ખૂબ ભાવથી અને આદરથી વર્ણવેલી છે. આ ઘરદીવડા સમાં ભાઈ–ભાભીને બિરદાવતાં નાથજીએ જે લખ્યું છે તે સમજવા જેવું છે. દુનિયા ભલે આવી ત્યાગપરાયણ અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિઓને ઓળખતી ન હોય પણ આવી વ્યકિતઓ જ કુટુંબને અને સમાજને ઉપર લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. એટલે જ નાથજી લખે છે :

'આટલી વાત સાચી છે કે ઘરમાં આપણે એકબીજા માટે પ્રેમપૂર્વક જે કષ્ટ વેઠીએ છીએ, જે અડચણો સહન કરીએ છીએ, જે ત્યાગ કરીએ છીએ, એકબીજાને નિભાવી લેવા માટે જે ઉદારતા અને ક્ષમાભાવ દાખવીએ છીએ, એને લીધે બહારનાં કાર્યો જેટલી આપણી પ્રસિદ્ધિ થતી નથી. તેથી ઘરની બાબતોમાં આપણને ભવ્યતા લાગતી નથી.

'પરન્તુ સાર્વજનિક ક્ષેત્રમાં કેટલીય વાત કેવળ પ્રતિષ્ઠા, કીર્તિ, ભવ્યતા અથવા કોઈક પ્રલોભન માટે જ થતી હોય છે. આ વસ્તુ આપણા ધ્યાનમાં આવતી નથી. બહારનાં ક્ષેત્રોમાં થતાં કાર્યોમાં નૈતિક ગુણોનો અંશ ઓછો હોય તોપણ કીર્તિ–પ્રતિષ્ઠાનો ભાગ એમાં ભરપૂર પ્રમાણમાં હોવાને કારણે સામાન્ય માણસો આવાં કાર્યો તરફ સહેજે આકર્ષાય છે.

'પરન્તુ જેણે જીવનની શુદ્ધિ અને સિદ્ધિ સાધવી છે તેણે ઘરમાં કે બહાર કયાંય ચિત્તની શુદ્ધિ અને સસદ્‌ગુણોના ઉત્કર્ષને જ મહત્ત્વ આપવું રહ્યું.'

'शरीरं आद्य खलु धर्मसारः ।'

શંકરદાદા અને ભાભીની વહાલભરી દેખરેખ હેઠળ પૂણે શહેરમાં નાથજીનું થોડુંક ભણતર થયું. બધા ભાઈઓમાં નાથજી વધારે રમતિયાળ, તોફાની હતા. પરન્તુ શંકરદાદા તેમને કદી ઠપકો આપતા નહિ. પ્રેમથી કામ લેતા.

શંકરદાદા દરરોજ વ્યાયામ નિયમિત કરતા. એના પણ સંસ્કાર નાથજી પર ઊંડા પડયા હતા.

મોટપણે નાથજીનું ખડતલ શરીર એમના વ્યાયામ–પ્રેમનું સાક્ષી પૂરતું હતું.

એક દિવસ નાથજીને મળવા શ્રેયાર્થી ભાઈ શાંતાકારમ્ આવ્યા. તેઓની સાથે વાતચીત કરતાં તે બોલ્યા: 'નાથજી, હવે આપની તબિયત કેમ રહે છે?'

નાથજી મીઠું સ્મિત ફરકાવતા બોલ્યા:

'મને ત્રાણું વર્ષ પૂરાં થયાં, ચોરાણુંમું વર્ષ ચાલે છે. શરીર, ઇંદ્રિયો પણ કયાં સુધી કામ આપે? છતાં યુવાનીમાં પુષ્કળ વ્યાયામ કરીને શરીર બરોબર કસેલું. એટલે આટલું પણ કામ આપે છે.

'ઓહો! હજાર બેઠક તો હું રોજની કરતો! છતાં ખોરાક સાદો. થોડુંક દૂધ તે પણ એક કપ જેટલું મળતું એ જ.

'હું તો બધાને વ્યાયામ કરવા કહું છું. રોજ વ્યાયામ કરવો જ જોઈએ.'

શાંતાકારમ્ કહે: 'નાથજી, હું પણ રોજ થોડો વ્યાયામ કરું છું. સૂર્યનમસ્કાર તથા આસનો પણ કરું છું.'

નાથજી બોલ્યા:

'આસનો કરવાથી શરીરના અવયવો નીરોગી અને વ્યવસ્થિત થાય છે. પણ આસનથી શક્તિ આવશે નહિ. સૂર્યનમસ્કારમાં થોડી કસરત મળી રહે છે. પણ તેમાંથી પણ પૂર્ણ વ્યાયામ મળતો નથી. સૂર્યનમસ્કાર, બેઠક,

દંડ આ બધી કસરતોમાં શું છે? એકની એક ક્રિયા વારંવાર કરતા રહેવું પડે છે. એનાથી સ્નાયુઓની મજબૂતી વધે છે.

'પરન્તુ હું જે પૂર્ણ વ્યાયામની દૃષ્ટિથી વાત કરું છું તેમાં મારો હેતુ વ્યાયામથી આપણામાં શક્તિ, સ્ફુર્તિ, ચપળતા, સહનશક્તિ, આરોગ્ય વગેરે આપણને સાધતાં આવડવું જોઈએ. ખાલી આપણે શક્તિ વધારવાની નથી. શક્તિ વધે, પણ આપણામાં ચપળતા ન હોય, તો તે શક્તિનો સમય ઉપર ઉપયોગ થશે કે?'

ભાઈએ કહ્યું: 'ના, જી, નહિ થાય.'

એટલે નાથજી આગળ કહેવા લાગ્યા:

'ચપળતા સાથે સ્ફુર્તિ જોઈશે જ. સ્ફુર્તિ વગર ચપળતા સાધી શકાતી નથી. કેવળ શક્તિ–સ્ફુર્તિ ચપળતાથી ચાલવાનું નથી. આપણામાં સહનશક્તિ પણ જોઈશે. અને કોઈ પણ કાર્ય સતત કરવાનું સાતત્ય પણ જોઈશે.

'આપણા પહેલવાનો શું કરે છે? પાંચ મિનિટમાં કુસ્તી મારી દે છે. ચીત થઈ ગયા કે કુસ્તી ખલાસ. પણ એક ખેડૂત આખો દિવસ ટાઢ-તડકામાં ખેતરમાં ખેડવાનું કે બીજું કામ સતત કરતો રહે છે. તેની બરોબરીમાં પહેલવાનો આવી શકે કે?'

ભાઈ કહે: 'ના જી. ન આવી શકે.'

નાથજી બોલ્યા:

'તો હવે તમને સમજાશે કે, શક્તિ–સ્ફુર્તિ ચપળતા સાથે વ્યાયામથી આપણામાં ટાઢ–તડકો કે ભૂખ–તરસ સહન કરવાની શક્તિ પણ આવવી જોઈએ. વળી કોઈ પણ કામ સતત કરવાની શક્તિ પણ આવવી જોઈએ.

'કોઈ પહેલવાનને બેત્રણ દિવસ ખાવાનું ન આપો અને જુઓ એની હાલત! અરે, એનાથી બેસવા–ઊઠવાનું પણ મુશ્કેલ થઈ જશે! અને એક શ્રમજીવી ખેડૂત કે મજૂર જુઓ. તે ભૂખ–તરસ વેઠીને સતત કામ કરતો આપણને જોવા મળશે.

'આથી આપણને સમજાશે કે, કઈ શક્તિ શ્રેષ્ઠ. જરા આગળ વિચારીએ તો, આ બધી શક્તિઓ સમય ઉપર આપણને કંઈ કામ

આવતી નથી. માટે શારીરિક બળ સાથે માનસિક બળની પણ આવશ્યકતા તેટલી જ છે. તેનો પણ વિકાસ સાથોસાથ થવો જોઈએ. નહિ તો નિર્ભયતા અને હિંમત જેવા માનસિક ગુણ વગર આ શારીરિક શકિતઓ સંકટ સમયે નકામી ઠરવાનો સંભવ છે.'

નાથજીના બેઠકના ઓરડામાં બે મગદળ મૂકેલાં હતાં. નાથજી પહેલાં એ મગદળથી રોજ વ્યાયામ કરતા હતા. એની વાત નીકળતાં નાથજી શાંતાકારમ્‌ને કહેવા લાગ્યા :

'ભારે વજનદાર મગદળ સારાં નહિ. એવાં મગદળ આપણામાં શકિત વધારવાને બદલે આપણી શકિતને ખાઈ જાય છે! આપણા સ્નાયુને ભરાવદાર અને મજબૂત બનાવવા માટે કોઈ પણ ક્રિયા પદ્ધતિસર લાંબો સમય કરવામાં આવે, તો તેથી સ્નાયુઓ ભરાય છે અને તેને યોગ્ય ઘાટ મળે છે. જ્યારે બહુ ભારે સાધનોથી કસરત કરવાથી થાક વહેલો લાગે અને એને વધારે સમય ફેરવી ન શકાય. એથી લાભ ન થતાં ઘણી વાર આપણને નુકસાન થાય છે.

'વ્યાયામ એટલે ચોક્કસ ક્રિયા થાક્યા વગર લાંબો સમય કરતા રહેવાથી આપણા સ્નાયુઓને શકિત અને ઘાટ મળે છે. હમણાં જે સ્પ્રિંગ વગેરે નવાં વ્યાયામનાં સાધનો નીકળ્યાં છે તેનો હું વિરોધ કરું છું. એનાથી નુકસાન થાય છે. સ્યાયુઓ ઉપર અને નાડીતંત્ર ઉપર એની ખરાબ અસર થાય છે.'

## દેશભક્તિના સંસ્કાર

પૂણે શહેર પછી ખાનદેશમાં શિરપુર અને ધૂળિયામાં થોડુંક શિક્ષણ નાથજીનું થયું. ધૂળિયામાં અંગ્રેજી પાંચમીમાં હતા, ત્યારે તેમણે શાળા છોડી. તે વખતે તેમની ઉંમર સત્તરેક વરસની હતી.

નાથજીએ શિક્ષણ છોડયું તે વખતે કોઈ પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિ દેશમાં ચાલતી ન હતી. રાષ્ટ્રીય મહાસભાની–કોંગ્રેસની પ્રવૃત્તિ એટલી મર્યાદિત હતી કે તેનો વિદ્યાર્થીવર્ગ સાથે કશો જ સંબંધ ન હતો. વર્તમાનપત્રો કે ભાષણોનો પણ તે કાળ નહોતો.

નાથજીએ નાનપણમાં ચારપાંચ ભાષણો સાંભળ્યાં હતાં. તેમાંનાં બે-

ત્રણ સ્વદેશી પર હતાં. ઇતિહાસના વાચન પરથી તેમને આપણા દેશ અને પૂર્વજો વિશે અભિમાન તથા ચાલુ પરિસ્થિતિ વિશે દુઃખ થતું.

કયાં કારણો કે સંસ્કારને લીધે એ નાથજીને સમજાતું ન હતું, પણ આઠમા વરસથી તેમના મનમાં સ્વતંત્રતાની ભાવના અસ્પષ્ટપણે પેદા થઈ હતી.

એનું એક કારણ આ પણ હોઈ શકે : તે વખતે નાથજી રત્નાગિરિ જિલ્લાના રાજાપુર ગામે હતા. તે વેળાએ પિતાજી પાસે એક ગૃહસ્થ આવતા. તે ૧૮૫૭ના બળવામાં હતા. એમની વાતચીત પરથી અણજાણપણે બાળવયે નાથજી પર સંસ્કાર પડ્યા હશે.

માતાના અવસાન પછી નાથજી પૂણે રહ્યા હતા. ત્યાં રાષ્ટ્રીય ભાવનાનું પોષણ થતું ગયું. નાનપણમાં તેમણે પૂણે શહેરમાં ફેલાયેલા ભયંકર પ્લેગનું કારમું દૃશ્ય જોયું હતું.

એ અરસામાં રેન્ડ અને આયર્સ્ટ નામના બે અંગ્રેજ અધિકારીઓનાં પૂણેમાં ખૂન થયાં. પ્લેગના કારમા દિવસોમાં એ અધિકારીઓએ પ્રજા ઉપર ભારે જુલમ વરતાવ્યો હતો.

ખૂનને લીધે પૂણે શહેરમાં બધે ભય ફેલાઈ ગયો. લોકમાન્ય ટિળક મહારાજ ક્યારના અંગ્રેજ સરકારની નજરે ચડ્યા જ હતા. આ બહાનું મળતાં લોકમાન્યની ધરપકડ કરવામાં આવી.

આ કાળ દરમિયાન નાથજી પૂણે શહેરમાં જ હતા. એટલે આ બધા પ્રસંગોથી તે વાકેફ થયા હતા. આ બધું જોઈ-સાંભળીને તેમનું મન બહુ વ્યાકુળ થતું. બે વર્ષ પછી ૧૮૯૯નો દુકાળ પડ્યો. પ્લેગ અને દુકાળના કપરા દિવસોમાં લોકોની બેહાલ દશા નિહાળીને કિશોર વયના નાથજી દુઃખી દુઃખી થઈ જતા.

તે તેર-ચૌદ વર્ષના થયા ત્યારથી દેશ સ્વતંત્ર થવો જોઈએ, એમ તેમને સ્પષ્ટપણે લાગવા માંડ્યું. એ જ ભાવના આગળ જતાં વધુ ને વધુ પ્રબળ થતી ગઈ. ચાલુ શિક્ષણથી દેશને સ્વતંત્ર કરી શકાવાનો નથી, એમ ખાતરીપૂર્વક સમજાયા પછી એ જ શિક્ષણ લેતાં રહેવું એમને અસહ્ય થઈ પડ્યું. અને તેને પરિણામે જ છેવટે નાથજીએ ભણવાનું છોડી દીધું.

## આપમેળે જીવન-ઘડતર

શિક્ષણમાં પ્રથમ કક્ષાના વિદ્યાર્થીઓમાં નાથજીની ગણના નહોતી થતી. એવી અભિલાષા પણ તેમને ન હતી. તેમ છતાં વર્ગમાં તેમનો નંબર સાધારણ રીતે ઉપર જ રહેતો. ક્રિકેટ અને બીજી કેટલીક રમતોમાં એમની બરોબરીના વિદ્યાર્થીઓમાં તે પહેલા હતા.

પરંતુ સ્વતંત્રતા માટે આપણે કંઈક કરવું જોઈએ; ત્યાગ, સાહસ, પુરુષાર્થ કરવો જોઈએ એવા દેશના વિચારો જેમ જેમ આવવા લાગ્યા, તેમ તેમ તેમનો રમતગમતનો શોખ ઓછો થવા માંડયો.

તેમને વ્યાયામ તથા તેને અંગેની શિક્ષણની જરૂર જણાવા લાગી અને એ જ હેતુથી નાથજી આપસૂઝથી તાલીમ લેવા લાગ્યા. શાળાનું ભણતર છોડી દીધા પછી તરત જ વ્યાયામ મારફત જુવાનોમાં બળ અને ઉત્સાહ પેદા કરી તેમને રાષ્ટ્રીય કાર્યમાં પ્રવૃત્ત કરવાનો પ્રયત્ન તે કરવા લાગ્યા. જાતે સ્વદેશી વ્રત લીધું અને બીજા પાસે પણ એ લેવડાવવા લાગ્યા.

એ જમાનામાં નાથજીના વિચારોને પોષણ આપે એવી સમાજમાં કોઈ આદર્શ વ્યક્તિ તેમની જાણમાં હતી નહિ. તેથી સમર્થ રામદાસ સ્વામી અને છત્રપતિ શિવાજી મહારાજ તેમને આદર્શ વિભૂતિઓ લાગતા હતા. નાથજીના રાષ્ટ્રીય વિચારોનું વલણ લગભગ આ બે વિભૂતિઓના વિચારોને અનુરૂપ ઘડાવા લાગ્યું.

ઈશ્વર, ધર્મ, નીતિ, ચારિત્ર્ય, શીલ અને સદાચાર પર નાથજીની પહેલેથી જ શ્રદ્ધા હતી. પોતાના સુખ માટે રુચિ નહોતી. સેવાવૃત્તિ હતી. રામદાસ સ્વામીનાં 'दासबोध,' 'मनाचे श्लोक' એ પુસ્તકોની તથા સંત તુકારામના અભંગોની તેમના મન પર ખૂબ ઊંડી અસર તે જ કાળે થઈ હતી. વળી પિતાશ્રીને મોઢે કોઈ કોઈ વાર સાંભળવા મળતાં ભક્તિનાં પદો અને શ્લોકોને લીધે એ જ સંસ્કારો દૃઢ થતા ગયા હતા.

## સદ્ચારિત્ર્યના સંસ્કારનું સિંચન

શરૂઆતથી જ નાથજીની એવી દૃઢ માન્યતા હતી કે, વ્યાયામ દ્વારા શરીરબળનો અને ઈશ્વર, સદાચાર વગેરે પરની શ્રદ્ધા દ્વારા ચારિત્ર્યબળનો

વિકાસ કર્યા વિના આપણે દેશનું કાર્ય કરી શકીશું નહિ. તેથી એ જાતના સંસ્કારો પોતાના પર અને સમાજ પર પાડવાનો પ્રયત્ન તેમણે પોતાની શક્તિ પ્રમાણે કરવા માંડ્યો.

એ જ અરસામાં શસ્ત્રવિદ્યામાં પારંગત એવા એક ગૃહસ્થની તેમને સોબત થઈ. તે પોલીસ ખાતામાં સરકારી નોકર હતા અને પેન્શન લેવાની તૈયારીમાં હતા. તેમનું શરીર કસાયેલું હતું. જુવાનીમાં સરકારની સામે બળવો કરેલો. તેમાં સરકારે તેમને માફી આપીને પોલીસ ખાતામાં નોકરી આપેલી.

આશાસ્પદ યુવાન નાથજી પર તે બહુ પ્રસન્ન હતા. નાથજીને શીખવવા માટે તે કોઈ કોઈ વખત વ્યાયામશાળામાં આવતા.

શસ્ત્રવિદ્યામાં તેમની પ્રવીણતા જોઈને નાથજીને તેમને માટે જેટલો ભાવ–આદર થતો તે કરતાંય વધારે આદર તેમની ચારિત્ર્ય પરની નિષ્ઠા જોઈને થતો. પેન્શન લઈને પોતાને ગામ જતી વખતે તેમણે નાથજી તથા બીજા કેટલાક ભાઈઓને ભેગા કરીને કેટલીક મનનીય વાતો કહી. એ ઉપદેશની અસર નાથજીના ધ્યાનમાં કાયમની પડી હતી.

એ વડીલ જને ઉપદેશ આપતાં કહ્યું :

‘ મારા પિતાશ્રીએ મારી ભરજુવાનીમાં મને કરેલા ઉપદેશના શબ્દો હું આજે તમને કહું છું. તેમનો હું એકનો એક દીકરો હતો. તેમણે મને આગ્રહપૂર્વક કહ્યું હતું કે,

‘ ત્રીસ વર્ષનો થાય તે પહેલાં તું લગ્ન કરીશ નહિ. શરીર અને મન દૃઢ અને પવિત્ર રાખજે. વ્યાયામ કદી છોડીશ નહિ. તારું શરીર એવું ખડતલ અને મજબૂત થવું જોઈએ કે તારે પથ્થર પર પડવાનો પ્રસંગ આવે તો પથ્થરને તારો ડર લાગે, પણ તને તેનો ડર લાગવો ન જોઈએ.’

‘ સદાચાર અને શીલ પર શ્રદ્ધા રાખજે. ધનથી લોભાઈશ નહિ. સ્ત્રીઓને વિશે પવિત્ર ભાવ અને આદર રાખજે. ઈશ્વરને કદી ભુલીશ નહિ. પોતાને સુખી કરવા કરતાં બીજાને સુખી કરવામાં આનંદ માનજે. આ રીતે વર્તીશ તો તારું જીવન ધન્ય થશે.’

'મારા પિતાશ્રીનો મને આ ઉપદેશ હતો. હું પણ આ જ વસ્તુ તમને આગ્રહપૂર્વક કહું છું. આ પ્રમાણે વર્તવામાં તમારું કલ્યાણ છે.'

આ ઉપદેશની વાત કરતાં નાથજી કહેતા :

'આપણા સમાજમાં બાપે દીકરાને આવી જાતનો ઉપદેશ કર્યાના દાખલા ભાગ્યે જ હશે.'

ચારિત્ર્યવિકાસમાં આ બાબતે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

શ્રીમદ્ શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર, સ્વામી રામદાસ વગેરેનાં જીવનચરિતોની પણ નાથજીના મન પર અસર થઈ હતી. ત્યાગી પુરુષોનાં જીવનની અસર નાનપણથી જ તેમના પર વિશેષ થતી હતી.

## આત્મખોજ માટે પરિભ્રમણ

નાથજીનું યુવાન હૃદય દેશ માટે કંઈ કરી છૂટવા ઉદ્યત હતું. પરન્તુ તે વખતની આપણા દેશની સ્થિતિ બહુ ઉત્સાહપ્રેરક ન હતી. એટલે પોતાના સંકલ્પિત હેતુને પાર પાડવા માટે ઈ. સ. ૧૯૦૪માં નાથજી કોઈને કહ્યા વિના ઘર છોડીને નીકળ્યા. પરન્તુ તેમને પિતાશ્રીને છોડીને જવું ઘણું કઠણ થઈ પડયું. પિતૃસેવાની ભાવના અને તેમના જવાને લીધે પિતાશ્રીને થનારા દુઃખની કલ્પના મનને ખૂબ વ્યાકુળ કરતી હતી. એવી સ્થિતિમાં આશરે દોઢસો માઈલ ઉઘાડે પગે પ્રવાસ કરીને સાધુવેશે નાથજી સજ્જન ગઢ ગયા. ત્યાં સમર્થ રામદાસની સમાધિનું તેમણે દર્શન કર્યું. પરન્તુ મનમાં ગડમથલ ચાલતી જ હતી.

નાથજી આ સ્થિતિમાં વધુ વખત રહી શકયા નહિ. તે પાછા ઘેર આવી ગયા.

પરંતુ ઘેર આવીને પણ તેમને ચેન પડી નહિ. દેશનું વાતાવરણ ક્ષુબ્ધ હતું. આખરે નાથજી ઉપવાસ, પારાયણ, ચિંતન, ધ્યાન વગેરે સાધનો દ્વારા એકાંતમાં આરાધના કરવા લાગ્યા. ગુફામાં પણ જઈને રહેતા. પરંતુ જોઈએ તેવું સમાધાન ન મળતાં તે ૧૯૧૧માં હૃષીકેશ તરફ જઈને ત્યાં એકાંતમાં રહેવા લાગ્યા. એક વાર જમ્નોત્રી, ગંગોત્રી, કેદાર અને બદરી-નારાયણ સુધી નાથજી ભ્રમણ કરી આવ્યા.

છેવટે તેમને આગવું જીવનદર્શન લાધ્યું. તેમને લાગ્યું કે આધ્યાત્મિક ભૂમિકાઓ અને અનુભવો પ્રાપ્ત કર્યા પછી આપણામાં જે શારીરિક અને માનસિક સદ્‌ગુણોનો વિકાસ થયો હોય એનો બધાના હિત માટે પ્રામાણિકતાથી ઉપયોગ કરવામાં જીવનની કૃતાર્થતા છે.

## પરિશ્રમી જીવન જીવવાની ઇચ્છા

નાથજી હિમાલયથી પાછા પોતાના પ્રદેશમાં આવી ગયા. પરંતુ તેમણે સ્વાવલંબનથી જ જીવન જીવવાનો નિશ્ચય કર્યો હતો. સમાજને ભારરૂપ થઈ અન્ય સાધકોની માફક પરાવલંબી જીવન જીવવાનું તેમને જરાયે ગમતું નહિ. એ અંગે નાથજીએ લખ્યું છે :

‘ વિવેક અને સાધનાને લીધે મનને થોડી શાંતિ મળ્યા પછી વચગાળાની મનની વ્યાકુળ અવસ્થામાં છોડી દીધેલું પરિશ્રમી જીવન ફરી ચાલુ કરવાનો મેં વિચાર કર્યો. કારણ કે પરિશ્રમી જીવન માનવી ધર્મનો એક મહત્ત્વનો ભાગ છે એ હું સમજ્યો હતો.

‘૧૯૦૮ થી ’૧૮ સુધીના કાળમાં મારી કૌટુંબિક અને બહારની રાષ્ટ્રીય પરિસ્થિતિમાં ઘણો જ ફરક પડી ગયેલો હતો. તેથી તે તે જગ્યાએ પહેલાંનાં જ કામો કરતાં રહેવાનું મારે માટે શક્ય નહોતું. તેથી સ્વતંત્ર રીતે જાતમહેનતનું કોઈ કામ શીખી લેવું અને તે વડે જ પોતાની આજીવિકા ચલાવવી એમ મેં નક્કી કર્યું.

‘પોતાનું જીવન બધી બાજુએથી પવિત્ર, પ્રામાણિક અને ધર્મ્ય બનાવીને પછી તે દ્વારા જનસેવા કરતા રહેવું એ વિચારથી મેં સુથારી, સીવણકામ, વણાટ વગેરે ઉદ્યોગો શીખવાનો પ્રયત્ન કર્યો. તે માટે જુદાં જુદાં કારખાનાંમાં પણ રહ્યો. વણાટ અને સુથારીમાં થોડોઘણો પ્રવેશ પણ કર્યો. એકાદ વરસ નિયમિતપણે સતત તે અભ્યાસમાં ગાળ્યા પછી હું સ્વાવલંબી થઈશ એવો વિશ્વાસ પણ મારામાં પેદા થયો.’

પરંતુ ઘરના તેમ જ બહારના તેમના પહેલાંના જ એકંદરે વ્યાપક જીવનને લીધે તેમના સંબંધો અગાઉથી જ વિશાળ થયેલા હતા. એ બધા સંબંધોના નિમિત્તે નાથજી પર આવી પડતાં કાર્યો કર્તવ્યબુદ્ધિથી પાર પાડવા જતાં કોઈ પણ ઉદ્યોગ રીતસર શીખવા જેટલો સમય જ તેમને

મળ્યો નહિ. તેથી મનમાં ધારેલા સ્વાવલંબનના હેતુની પાછળ સતત તે લાગી શક્યા નહિ.

વળી આધ્યાત્મિક ચિંતનમાં અને સાધનામાં તેમનો કેટલોક વખત પસાર થયેલો હોવાથી મિત્રમંડળમાં અને ઓળખીતા લોકોમાં એ માર્ગના તે જ્ઞાતા કે માર્ગદર્શક ગણાવા લાગ્યા હતા. તેથી જિજ્ઞાસુ અને શ્રેયાર્થી સાધકોને મિત્રભાવે સહાનુભૂતિપૂર્વક મદદ કરવાના પ્રસંગો તેમના પર આવવા લાગ્યા.

આમ, નાથજીની આવી કોઈ આધ્યાત્મિક પ્રવૃત્તિ કરવાની લગારે ઇચ્છા ન હોવા છતાં અનાયાસે એ પ્રવૃત્તિ વધતી જ ગઈ અને તેમની આસપાસ સાધક-જીવોનું મંડળ વધતું જ જવા લાગ્યું.

નાથજીનો કાકાસાહેબ કાલેલકર સાથે પરિચય હતો અને કાકાસાહેબ ગાંધીજીના સાબરમતી આશ્રમમાં રહેતા હતા. એટલે નાથજી તેમને મળવા અવારનવાર આશ્રમમાં આવતા અને થોડા દિવસ રહેતા પણ ખરા. અને જેમ અત્તરની કે ફૂલની સુગંધ આપમેળે જ આસપાસ પ્રસરી જાય છે, તેમ નાથજીના શુદ્ધ અને સાધનામય જીવનની સુગંધ પણ આશ્રમમાં ફેલાયા વિના રહી નહિ. એ નિમિત્તે શ્રેયાર્થી જીવ કિશોરલાલ મશરૂવાળા નાથજીના પરિચયમાં આવ્યા. કિશોરલાલભાઈ એ દિવસોમાં આધ્યાત્મિક મનોમંથનમાંથી પસાર થતા હતા અને તેમને નાથજીનો સમાગમ આશીર્વાદરૂપ નીવડ્યો. કિશોરલાલભાઈને પણ આગવું જીવનદર્શન પ્રાપ્ત થયું. આ અંગે નાથજીનું 'વિવેક અને સાધના' તથા કિશોરલાલભાઈનાં 'જીવનશોધન,' 'સંસાર અને ધર્મ' વગેરે પુસ્તકો વાંચવાં જરૂરી છે.

પછી તો નાથજી બધે સ્વતંત્ર, વિવેકશીલ અને સદાચારપ્રેમી સિદ્ધપુરુષ તરીકે જાણીતા થયા. છેલ્લાં વર્ષોમાં તેમણે શરૂ કરેલું વ્યવહારશુદ્ધિ આંદોલન સારું આવકાર પામ્યું. આજના જમાનાને શીલ, સદાચાર, જીવનવિવેક, સેવાભાવ વગેરે સદ્‌ગુણોનો વિકાસ કરવાની ખાસ જરૂર છે અને માનવસમાજે પણ ફક્ત વિચારમાં નહિ પણ આચરણમાં આ સદ્‌ગુણોને વિકસાવવાની ખાસ આવશ્યકતા છે એ વાત નાથજી હરહંમેશ કહેતા આવ્યા છે.

હવે આપણે નાથજીના જીવન અને વિચારનાં અમુક પાસાં દર્શાવતા થોડાક પ્રસંગો જોઈએ.

## પ્રશ્ન પૂછવામાં વિવેકની જરૂર

નાથજીને ઘણા ભાઈઓ પ્રશ્નો પૂછતા. એ બાબતમાં એક દિવસ નાથજીએ એક ભાઈને કહ્યું :

'મને લોકો પ્રશ્ન પૂછે છે. પણ પ્રશ્ન એટલે શું? આ અંગે ઘણાને સ્પષ્ટ સમજ હોતી નથી.

'જેના જવાબ વિના તમારા ચાલુ જીવનમાં મુશ્કેલી ઊભી થશે, જેના ઉત્તર વગર તમે મૂંઝાઈ જતા હો; અને જેનો જવાબ મળતાં તમે ફરી પાછા સરળતાથી તમારા જીવન-વ્યવહારમાં ચાલવા લાગો—એનું નામ પ્રશ્ન. ખાલી પૂછવા ખાતર, જિજ્ઞાસાથી પ્રેરાઈને કાંઈક પૂછવું, જેની સાથે તમારા ચાલુ જીવનને કશી લેવાદેવા નથી; અથવા તેના જવાબ વગર તમારું કાંઈ અટકી પડવાનું નથી, એને પ્રશ્ન કહીશું કે?

'એક માણસ એક ગામથી બીજે ગામ જઈ રહ્યો છે ને ચાલતાં ચાલતાં આગળ બે રસ્તા ફંટાય છે. અહીં તે ગૂંચવાડામાં પડે છે કે, મારે કયો રસ્તે જવું? આ કે પેલા? ત્યાં એ માણસનો તે પ્રશ્ન કહેવાય. પરંતુ એ ભાઈ ઘરમાં બેઠો બેઠો પૂછે કે, મારે આ રસ્તે જવું કે પેલા? તો શું એ તેનો પ્રશ્ન કહેવાય ખરો?

'મને ઘણી વાર બહાર કશે જવાનું થતાં કંઈ ને કંઈ બોલવાનું કહેવામાં આવે છે. તે વખતે મારે બોલવું પણ પડે છે. પછી સમય બચ્યો હોય તો પ્રશ્ન પૂછવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવે છે : 'નાથજીને કોઈએ કંઈ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો.'

'એટલે હું પહેલાં ચોખવટ કરી લઉં છું કે, હું તે જ પ્રશ્નોના જવાબ આપીશ જેના જવાબ વગર પ્રશ્નકર્તાનું ચાલુ જીવન મૂંઝવણમાં મુકાયું હોય અથવા પ્રશ્નનો સીધો સંબંધ પ્રશ્નકર્તાના જીવન સાથે હોય. બીજું હું તે જ પ્રશ્નના જવાબ આપીશ જેનો મને અનુભવ હોય. મને અનુભવ ન હોય એવા કોઈ પણ પ્રશ્નનો જવાબ હું આપીશ નહિ.

'બસ એટલું કહેતાં તો અડધા પ્રશ્નો આપોઆપ કમી થઈ જતા. એમ છતાં એક વખત એક ભાઈએ સાહસ કરીને મને પૂછ્યું : 'નાથજી, મારી આવક સામાન્ય છે. અને મારી પત્નીને નવી નવી ને ભારે સાડીઓ જોઈએ છે. તો મારે શું કરવું ?'

'મેં એને કહ્યું : 'મેં પહેલાં જ ચોખવટ કરી છે કે, મને અનુભવ હશે તે જ પ્રશ્નનો જવાબ હું આપીશ. મારું લગ્ન થયું નથી. તેથી મને પત્ની નથી, જેના કારણે તમારા જેવો અનુભવ મને થયો નથી!'

'બસ પછી તો પ્રશ્ન પૂછે જ કોણ? જેની સાથે આપણો કંઈ સંબંધ નથી, જેના વગર આપણું કાંઈ અટકી પડયું નથી, એવી બાબતને પણ આપણે જીવનમાં પ્રશ્નને સ્થાને મૂકી દઈએ છીએ અને પછી નકામા દુ:ખી થઈએ છીએ.

'કોઈ મને પૂછે કે, 'નાથજી, આ વિશ્વ કયારે અસ્તિત્વમાં આવ્યું ? એનો અંત કઈ રીતે કયારે આવશે ?' વગેરે પ્રશ્નો પૂછે છે.

'આ બધા પ્રશ્નો વિના આજે આપણા ચાલુ જીવનમાં શું અટકી પડયું છે? અને તે સિવાય પણ ચાલુ જીવનનો આપણો ધર્મ નક્કી કરવા માટે આપણે ચાલુ જીવન તરફ જ જોવું પડશે. વિશ્વ કયારે ઉત્પન્ન થયું એ જાણવાથી આપણને શો ફાયદો થવાનો અને તે જાણીને પણ આપણા ચાલુ જીવનના ધર્મો નક્કી કરવામાં તે આપણને ઉપયોગી થઈ પડશે શું ?

'તમારે આજે મુંબઈથી અમદાવાદ જવાનું છે. તો તે માટે તમે હાલનું ચાલુ ટાઈમ ટેબલ જોશો કે પછી રેલવે જે દિવસે નંખાઈ તે દિવસનું ટાઈમ ટેબલ જોશો? અને તે જોઈને જશો, તો તમને ગાડી મળશે કે?'

## સારો નિયમ પણ સમજીને પાળેલો સારો

એક વાર એક ભાઈએ નાથજીને પૂછ્યું :

'સંસ્થામાં આપણને અમુક નિયમો પાળવાનો આગ્રહ સેવવામાં આવે છે. એ બાબતમાં આપ શું માનો છો ?'

એના જવાબમાં નાથજીએ કહ્યું :

‘ નિયમ કે સિદ્ધાંત ગમે તેટલો સારો હોય, આપણે કોઈની ઉપર લાદવો ન જોઈએ. એમ જો કરવામાં આવે તો એ પ્રમાણે વર્તવાને બદલે છટકબારીઓ શોધવા માણસ પ્રયત્ન કરશે.

‘ અમે સાધના આશ્રમમાં રહેતા હતા ત્યાં કડક નિયમ હતો કે, સવારે પાંચ વાગ્યે ઊઠીને ઠંડા પાણીએ સ્નાન કરવું જ. ન કરે તેને શિક્ષા કરવામાં આવશે.

શરૂ શરૂમાં અમને પૂછવામાં આવતું : ‘ સ્નાન કર્યું ? ’ જવાબ ‘ હા જી ’ માં મળતો અને ચાલી જતું. ખરેખર સ્નાન કોઈએ કર્યું જ નહોતું !

‘ પછીથી આ વાત સંચાલકના ખ્યાલમાં આવી કે, બધા બનાવટ કરી જાય છે ! પછીથી સ્નાન કર્યું કે નહિ એ તપાસવામાં આવતું. હવે તપાસ શી થતી ? તો માથાના વાળ અથવા જેને માથે ચોટલી હોય તે ભીનાં છે કે નહિ એટલું જ તપાસવામાં આવતું. ઓહો ! બધાની ચોટલી અને વાળ ભીનાં ! હવે બધાએ સ્નાન કર્યું છે એની સંચાલકને ખાતરી થઈ જતી. પણ ખરી રીતે થતું શું હતું ? બધા ચોટલી અને વાળ જ ભીનાં કરતા હતા !

‘ વળી ગુરુજીના આશ્રમમાં એવો નિયમ કે અમુક માળા રોજ કરવાની જ. આટલા જાપ પૂરા થવા જ જોઈએ.

‘ હા, ભાઈ ! હા, તેટલા જાપ પૂરા કરવામાં જ આવતા. પણ પ્રકાર શો ? માળાના મણકા ફરતા જ હોય. પણ મંત્રમાં તો ધ્યાન હોય કે નહિ એ ભગવાન જાણે ! પણ માળાના પેલા મેરુના મણકા તરફ ધ્યાન બરોબર હોય ! અરે, હજુ કેમ મેરુ આવ્યો નહિ ? કે પછી આવી ગયો ને આપણને ખબર જ ન પડી ? જરાક આંખ ખોલીને જોઈ લે.

‘ આવું બધું નિયમ લાદવાથી થાય છે. માણસને જ્યાં સુધી સદ્‌ગુણોનું મહત્ત્વ સમજાશે નહિ ત્યાં સુધી નિયમ લાદવાથી કોઈ અર્થ સધાશે નહિ, ઊલટું તેનામાં નવા નવા દુર્ગુણો અજાણતાં ઘૂસી જશે ! ’

## લગ્નજીવન ધ્યેયલક્ષી હોવું જોઈએ

નાથજી માનતા હતા કે લગ્ન કેવળ પરસ્પરના સુખોપભોગ માટે છે, એમ સમજીને પરસ્પરના આકર્ષણથી લોભાઈ જઈને મોહમાં પડી કર્યું હોય, તો તેને ધર્મ્ય લગ્ન કે આદર્શ ગૃહસ્થાશ્રમની દીક્ષા કહી શકાય નહિ. નાથજી કહેતા :

'લગ્ન કેવળ વરકન્યા માટે નથી. તેમની કેવળ તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરવા માટે કે કેવળ સુખ માટે તે નથી. માણસમાં રહેલી દુર્દમ્ય ઇચ્છાઓ અને નૈસર્ગિક પ્રેરણાને કેવળ રસ્તો આપવા માટેય તે નથી. એ બાબતોનો તેમાં સંબંધ હોય તોપણ તેના કરતાંય શ્રેષ્ઠ અને પવિત્ર ધ્યેય સિદ્ધ કરવા માટે માણુસે લગ્નનો ઉપયોગ કરવો જોઈએ અને તે જ તેનો પ્રધાન હેતુ સમજવો જોઈએ.

'લગ્નસંબંધ દ્વારા ગૃહસ્થાશ્રમ સ્વીકારીને બંનેએ એકબીજાની ઉન્નતિમાં મદદ કરતાં રહીને બન્નેએ સાથે મળીને સમાજનાં કર્તવ્યો પાર પાડીને પોતાનું શ્રેય સાધવાનું છે.'

નાથજી એક આદર્શ લગ્નની વાત કરતા.

નાથજી ગાંધી આશ્રમમાં હતા, ત્યારે એક ભાઈ તેમને ઘણી વાર મળવા આવતા. તેમને ગ્રામોદ્યોગ, ખાદી તથા સમાજસેવાના કામમાં રસ.

એક દિવસ એ ભાઈ દર વખતની જેમ નાથજીને મળવા આવ્યા. તેમની સાથે એક યુવાન છોકરી પણ હતી. એ ભાઈની ઉમ્મર ૨૫–૨૬ વરસની હશે નાથજીના સ્વભાવ પ્રમાણે તેમણે એ ભાઈને એ છોકરી બાબત કશું પૂછ્યું નહિ. તેમની સાથે જ કામ કરનારાં બહેન હશે એમ નાથજીએ માન્યું.

પણ એ ભાઈએ જાતે જ એ બહેનનો પરિચય આપતાં કહ્યું :

'નાથજી, આ મારી પત્ની છે. મેં લગ્ન કર્યાં.'

નાથજીએ કહ્યું : 'સારું કર્યું.'

નાથજીએ આ બાબતને સહજ રીતે જ લીધી. યુવાન માણસો લગ્ન કરે જ ને ! એમાં આશ્ચર્ય જેવું શું ?

પરન્તુ એ ભાઈએ ખુલાસો કરતાં કહ્યું :

'નાથજી, એ બહેરી અને મૂગી છે.'

એ સાંભળીને નાથજીને આશ્ચર્ય થયું. એ ભાઈએ બહેરી મૂગી છોકરી સાથે શા માટે લગ્ન કર્યાં હશે? શું તેને બીજી કોઈ સારી છોકરી નહિ મળી હોય? ભાઈ આમ તો દેખાવે સારા અને તંદુરસ્ત હતા. તો પછી તેમણે આવું પગલું શા માટે ભર્યું હશે?

એટલે નાથજીએ પૂછ્યું :

'આ છોકરી બહેરી–મૂગી છે એ તમે જાણતા હતા, તો પછી તમે એની સાથે લગ્ન કરવાનું શા માટે પસંદ કર્યું? એ પાછળ તમારો શો હેતુ છે?'

એ ભાઈ બોલ્યા :

'નાથજી, અમે છેલ્લા ઘણા વખતથી સાથે જ કામ કરીએ છીએ. મારા જીવનનો આદર્શ સેવા, ખાદી અને ગ્રામોદ્યોગ છે. એને પણ એમાં ઘણો રસ છે. આમ અમારા બન્નેનો આદર્શ સરખો હોવાથી અમે એક-બીજાને ખૂબ અનુકૂળ અને મદદરૂપ થઈશું, એવી સમજથી અને આટલા લાંબા સમયથી અમે એક સાથે કામ કરતાં હોવાથી એકબીજાને સમજીને આ પગલું ભર્યું છે.

'રહ્યો ગૂંગાપણાનો અને બહેરાપણાનો સવાલ. એ તો ગૌણ છે. અમે ઘણું બધું ઈશારાથી ચલાવી લઈએ છીએ અને એમાં અમને કોઈ અડચણ પડતી નથી. અને ક્યાંક થોડી કાંઈ અડચણ પડે, તો એને અમે ઉદારતાથી ચલાવી લઈએ છીએ.'

એ ભાઈનો આવો સમજભર્યો ખુલાસો સાંભળીને નાથજીને ઘણો સંતોષ થયો. આ પ્રસંગની વાત કરતાં નાથજી કહેતા :

'ત્યાર પછી આજ દિન સુધી તેમનો સંસાર આનંદથી ચાલે છે, એની તપાસ કરતાં મને જાણવા મળ્યું છે. મારા ખ્યાલથી આ એક આદર્શ લગ્ન છે. એકબીજાને સમજીને સહકારથી અને ત્યાગભાવનાથી ગૃહસ્થાશ્રમ ચલાવનારાં આજે કેટલાં? આ ભાઈ જેવાં આદર્શ લગ્ન કરનાર કેટલાં?'

## વૃદ્ધ માબાપ પ્રત્યે સંતાનોની ફરજ

નાથજી પાસે એક વિદ્વાન શ્રેયાર્થી ભાઈ અવારનવાર સત્સંગ કરવા આવતા. એમણે એક લેખ 'વૃદ્ધાવસ્થાનું કારુણ્ય' લખ્યો હતો. આ અંગે વાચચીત નીકળતાં તેમણે નાથજીને કહ્યું :

'નાથજી, વૃદ્ધ પિતાને બધી જ સગવડો આપવા છતાં અને એમની પૂરેપૂરી કાળજી રાખવા છતાં તેમને કંઈક ઊણું લાગતું હોય છે. એનું કારણ કેવળ માનસશાસ્ત્રીય છે એમ મને લાગે છે.

'જેઓ સંતાનોને આજ્ઞા કરવા ટેવાયા હોય અને સંતાનોએ આજ્ઞા ઉઠાવવી જોઈએ તેવી અપેક્ષા પહેલેથી બંધાઈ હોય તેને બદલે હવે સંતાનો મોટાં થયાં અને પોતે વૃદ્ધ થઈ નિર્બળ બન્યા, એટલે સંતાનોને પિતાની પરવા નથી એવો પૂર્વગ્રહ ઘણી વાર ખોટી રીતે વૃદ્ધોના મનમાં બંધાઈ જાય છે. પરિણામે, પોતે બોજારૂપ છે એમ પોતે માનતા થઈ જાય છે અને સંતાનોને આપણી કશી જરૂર નથી, માત્ર લોકલજ્જાએ બધું કરે છે એવી અનુચિત માન્યતા તેમનામાં ઘર ઘાલી બેસે છે.

'વૃદ્ધોની કક્ષાના કોઈ રહ્યા ન હોય અને જે કોઈ ઘેર આવે તે તો વૃદ્ધોને કોઈક વાર માત્ર ઔપચારિક વંદન કરે, પણ વાતચીત ન કરે અને ઘરનાં જુવાનો, પ્રૌઢો કે બાળકોની સાથે તેઓ વાત કરીને ચાલ્યા જાય તેને લીધે ઉપર્યુક્ત પૂર્વગ્રહ પોષાય છે.

'અને પુત્ર કે બાળકો કરે પણ શું ? પુત્ર પોતાના કામકાજમાં પડ્યો હોય, બાળકો પોતપોતાના રસમાં તલ્લીન હોય, એટલે વૃદ્ધની સાથે વાતચીત કરવાનો વધુ સમય ક્યાંથી કાઢે ? વૃદ્ધની અપેક્ષા હોય કે પુત્રે અને બધાએ એમને બધી વસ્તુઓથી પરિચિત રાખવા જોઈએ.

'જમાનાની રુચિ ફરી હોય, એટલે વૃદ્ધને ભૂતકાળ સુંદર લાગે અને વર્તમાન બગડી ગયો છે એમ લાગે. નવી સ્થિતિને સમજવાની પણ સહાનુભૂતિ ન દાખવે, ત્યારે નવીનોને જૂનું રૂઢિચુસ્ત અને વર્તમાનમાં ઉપયોગી ન હોય તેમ લાગે એમાંથી સર્જાતા કારુણ્યને કેમ રોકાય ? આમાં કોનો વાંક ? આ પરિસ્થિતિને કેમ સુધારાય ?'

આ બધી વાત સાંભળીને ખૂબ ગંભીરતાપૂર્વક નાથજી બોલ્યા :

'વૃદ્ધો વિશેના પ્રશ્નને હું ખૂબ મહત્ત્વનો ગણું છું. તમે કહેલી હકીકતો બરાબર છે અને એમ બને પણ છે. પરંતુ આ પ્રશ્નને હળવો બનાવી શકાય તેમ છે, એમ હું માનું છું.

'મારા એંશી વર્ષના પિતાની સ્થિતિનો પૂરેપૂરો ચિતાર અત્યારે મારા મન સમક્ષ રજૂ થાય છે. મારા પિતા વૃદ્ધાવસ્થાની આખરમાં પોતાની આંખો ગુમાવી બેઠા હતા. વૃદ્ધોની સેવા બરાબર થવી જોઈએ, એ જૂની પરંપરામાં મારી દૃઢ શ્રદ્ધા હતી. હું તેમની સેવા કરતો. એ પરવશ હતા. એમની બધી હાજતો મારે સંભાળવાની હતી અને હું પ્રેમાદરથી એ કાર્ય કરતો તેનો મને હંમેશાં આનન્દ હતો.

'પરંતુ પિતાને એ સાલતું. મારા જીવનમાં પોતે વિઘ્નકર્તા હોય તેમ એમને ભાસતું હતું. તેથી એ મનમાં દુઃખી થતા. એક વાર અતિ કોમળ સૂરે અને સજળ નયણે એમણે મને કહ્યું : 'બેટા, હું તમને બધાંને કેટલી બધી તકલીફ આપી રહ્યો છું! પણ શું કરું? હું અંધ છું, આંખો નથી, એટલે નિરુપાયે તમને હેરાન કરવાં પડે છે. પરમાત્મા આના કરતાં મારી આયુષ્યની દોરી ખેંચી લે એવું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું.'

'મારાથી એકાએક બોલાઈ જવાયું : 'પિતાજી, આ તમે શું બોલો છો? તમારે આંખ નથી એ કોણે કહ્યું? તમારે તો આઠ આંખો છે (અમ ચાર ભાઈઓની.) તમને આવો વિચાર જ કેમ આવ્યો? અમારા બધાની આંખો શા કામની છે?'

આ વાત કહેતાં કહેતાં નાથજીના અવાજમાં દ્રવી રહેલી પિતૃભક્તિની આર્દ્રતા જણાઈ આવી. પોતાની સ્થિતિ સંભાળી લેતાં નાથજી બોલ્યા :

'હું કંઈ સાહિત્યકાર નથી; તોયે પિતાજીને આઠ આંખો છે એવી સાહિત્યિક ભાષા કોણ જાણે કેમ ક્યાંથી આવી તેનું મને પણ આશ્ચર્ય થયું. પણ પિતાશ્રીની કરુણતાથી દ્રવીને મારી તીવ્ર લાગણીમાંથી આ શબ્દો આપોઆપ નીકળી ગયા!'

થોડી વાર થોભીને નાથજીએ વાત આગળ ચલાવી :

'આ સાંભળીને મારા પિતાના હૃદયમાં રહેલો ઉદ્વેગ ચાલ્યો ગયો,

એટલું જ નહિ પણ આનંદનો સ્પષ્ટ આવિર્ભાવ એમના ચહેરા ઉપર તરી રહેલો હું જોઈ શકયો. તમે જેને કારુણ્ય કહો છો એ અદશ્ય થઈ ગયું.

'પિતાના હૃદયમાં પુત્રપ્રેમની સહજ પ્રતીતિ થતાં એમનું હૃદય જીવનની કૃતાર્થતા અનુભવતું હોય છે, બધું આળાપણું અદશ્ય થઈ જાય છે.

'પિતા તમે બધો વખત તેમની પાસે ગાળો એવી અપેક્ષા રાખતા નથી હોતા. તમે તમારો પ્રેમાદર તેમની પ્રત્યે દિવસમાં પાંચ મિનિટ ગાળીને પણ બતાવી શકો છો. તમારા કામે જતી વેળા તેમને કહો કે, 'હું ઑફિસે જાઉં ને?' 'તમે ન જાઓ.' એમ તો પિતા નથી જ કહેવાના ને? તો પછી આવી રીતે કોઈ કોઈ વાર તમે તમારો પૂજ્યભાવ પ્રગટ કરો તો તેમાં શું ખોટું છે?

કોઈ વાર તમારી પત્ની કહે કે, 'બાપુજી, આપણે આજે અમુક વસ્તુઓ રાંધીશું? તમને શું પસંદ છે?' આવું પિતા સાંભળે તો એમને જરાય ઊણું ન લાગે.

'વૃદ્ધજનો તમને અનુકૂળ થવાના જ, માત્ર તમે તમારી લાગણી એકાદ–બે મિનિટ ગાળીને વ્યક્ત કરો એટલું પૂરતું છે. પણ તમે લાગણી ન બતાવો અને બધી સગવડો આપો, પૈસા આપો, નોકરચાકર સેવા માટે આપો, તો તેથી તેમને ઊણું જરૂર લાગવાનું.

'વૃદ્ધજનો ભૂખ્યા છે તમારા પ્રેમના. એ પ્રેમે કોઈ ને કોઈ રીતે આવિષ્કાર થવું જરૂરી છે. તમારા હૃદયમાં પ્રેમ છે એમ માની લઈએ. પણ તમે આવી કોઈ રીતે કોઈ કોઈ વાર વ્યક્ત ન કરો, તો તેમના મનમાં આશંકા ઊભી થાય. એમાં તેમનો શો દોષ? તમારી ઉપેક્ષા એ માટે જવાબદાર નથી? દિવસમાં એકાદ–બે મિનિટ પણ જો તમે પ્રેમથી એમની પાસે ગાળો અને પછી આખો દિવસ તમે તમારા કામમાં રહેશો તો એ તેમને નહિ ખૂંચે. જીવનનો બીજો રસ વિલુપ્ત થઈ જાય ત્યારે તેમના જીવનું રસકેન્દ્ર હોય છે સંતાનપ્રેમ. તેના આવિષ્કાર માટે તે ઝંખતા હોય છે એ ખરું કારણ કે તમે તમારા કામની લગનીમાં એમને ઉવેખતા હો એવી શંકા તેમને થતી હોય છે. એવી આશંકા દૂર કરવી જરૂરી છે.'

થોડી વાર થોભીને નાથજી ધીર ગંભીર અવાજે બોલ્યા :

'હું તો શ્રદ્ધાપૂર્વક પિતૃસેવાને મહત્ત્વની ગણું છું. વડીલોને માન આપવાથી અને તેમની સેવા કરવાથી વૃદ્ધ પિતાનું જીવન આનંદમય બને છે એટલું જ નહિ પણ ઘરનું, કુટુંબનું સમગ્ર વાતાવરણ પ્રેમમય અને પ્રસન્ન બને છે; આપણાં બાળકોને સંસ્કારની તાલીમ મળે છે. બાળકોમાં વડીલો પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે અને કૌટુંબિક કેળવણી મળે છે, તથા વૃદ્ધો બાળકોમાં આ રીતે વાત્સલ્યતાથી પ્રેમના અને સેવાના સંસ્કારો યોગ્ય કાળે સેવે છે.

'આપણે પોતે વૃદ્ધજનો તરફ પૂજ્યભાવ અને પ્રેમ ન બતાવીએ, તો આપણાં બાળકો આપણે વૃદ્ધ થઈએ ત્યારે તેમ જ વર્તવાનાં. બાળકો સાક્ષાત્ અનુભવથી જે શીખે છે તે વિચાર કે ઉપદેશથી એટલું નથી શીખી શકતાં.'

નાથજી જરાક થોભ્યા. પોતાનું એક સ્મરણ વર્ણવતાં તેમણે આગળ કહેવા માંડ્યું :

'હજામત કરવા અમારે ત્યાં એક હજામ કુટુંબના રિવાજ મુજબ નિયમિત આવતો. અમે ભાઈઓની હજામત માટે તે દિવસ અને સમય બરાબર પાળતો. પણ વયોવૃદ્ધ પિતાજી માટે આવવાનું હોય, ત્યારે કોઈ વાર વહેલુંમોડું કરે. કારણ કે પિતાજીને ઘર બહાર જવાનું ન હોય અને અમારા જેટલી ઉપયોગિતા વૃદ્ધજનની એણે ન ગણી હોય, એમ પણ હોય.

'એક વાર પિતાજી હજામની ઇંતેજારીપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. કલાક મોડું થયું તોયે એ ન આવ્યો. ઘેર તપાસ કરાવી ત્યારે એ ઘેરથી બીજા કોઈને ત્યાં ગયો છે એવું જાણવા મળ્યું.

'પિતાજીએ નિશ્વાસ નાખીને કહ્યું : 'એ હજી ન આવ્યો !'

'પિતાજીની વ્યાકુળતા મેં જોઈ. મેં એમને કહ્યું ; 'દાદા, હું હજામત કરી આપું ?'

પિતાજી તો ક્ષણ વાર દિગ્મૂઢ બની ગયા. મેં ફરીથી પૂછ્યું.

'પિતાજીએ કહ્યું : 'તું મારી હજામત કરશે ?'

'મેં કહ્યું : 'હા, એમાં શું ? મારી પાસે સાધના છે. હું ઘણી વાર મારી હજામત હાથે કરું છું. ચાલો, તમારી હજામત કરી આપું.'

'એમ કહીને સાધનો કાઢી મેં એમની હજામત કરી આપી. એમને થોડા ઉઝરડા પણ પડ્યા હશે, કારણ કે હજામની કુશળતા મને ક્યાંથી પ્રાપ્ત થઈ હોય ? પણ પિતાજીના આનંદનો પાર નહોતો. હજામતથી ખુશ હતા. કારણ કે હજામત તો તેમને મન નિમિત્ત હતું. પુત્રપ્રેમની અભિવ્યક્તિથી એમણે ખૂબ સંતોષ અનુભવ્યો અને આનંદના ઉદ્‌ગારો કાઢ્યા. પિતૃભક્તિનો મારોય આનંદ ક્યાં ઓછો હતો ?

'બે-એક કલાક પછી હજામ આવ્યો. પિતાશ્રીની હજામત કરેલી જોઈ એને આશ્ચર્ય થયું. તેણે ગભરાતાં ગભરાતાં મને કહ્યું : 'હજામત માટે કોને બોલાવ્યો ? મોડું કર્યું તે મારી ભૂલ થઈ.'

'મેં હસીને કહ્યું : 'મેં જ હજામત કરી છે. તારી રાહ જોઈ. ઘેર તપાસ કરાવી. તારો પત્તો ન લાગ્યો. એટલે પિતાજીને રાહ જોવરાવવાની વધુ તકલીફ ન આપવા માટે મેં જ મને જેવી આવડી તેવી હજામત કરી. ઘરાકી તો તારી જ રહેવાની.'

'તે દિવસ પછી પિતાશ્રીને માટે હમેશાં આપેલો સમય પાળ્યો હતો. અમારો પિતાજી તરફનો ભાવ જોઈને તેણે પિતાશ્રીની કદીયે ઉપેક્ષા કરી નહિ. અમે પિતાજીને માન આપીએ તેની અસર તેના ઉપર પડ્યા વિના કેમ રહે ?'

આ મનનીય સંસ્મરણ કહીને નાથજી બોલ્યા :

'એ જ પ્રમાણે આપણે આપણા પિતા પ્રત્યે માનપૂર્વક વર્તાવ કરીએ, તો આપણાં સંતાનો પણ તેમને માન આપતાં શીખવાનાં. તમે તેમને કેટલું મહત્ત્વ આપો છો તે જોઈને તેઓ તેને અનુરૂપ પોતાનું વર્તન ઘડવાનાં. એટલું જ નહિ, પણ આપણે વૃદ્ધ થઈએ, ત્યારે તેને એ વખતે મળેલું ચારિત્ર્ય-શિક્ષણ ઉપયોગમાં આવવાનું અને આપણા પ્રત્યે પણ તેઓ તેવું જ માનભર્યું વર્તન કરવાનાં.

'તેથી જ ઘણી વાર સંતાનો પ્રત્યે અત્યંત વહાલ બતાવનાર માબાપ પોતાનાં વૃદ્ધ માતાપિતા પ્રત્યે અણછાજતો વર્તાવ કરે, તો તેમનાં વહાલસોયાં સંતાનો પણ મોટાં થાય ત્યારે પોતાનાં માબાપ પ્રત્યે એવો જ અણછાજતો વર્તાવ કરતાં જોવા મળે છે. તેઓ તેમની ફરિયાદ કરતાં હોય છે, પણ એમાં દોષ માબાપનો જ છે, એ તેઓ સમજી શકતાં નથી. દરેકે આ બોધપાઠ લક્ષમાં રાખવા જેવો છે.'

## કરુણાભર્યો વિવેક

નાથજી કેટલા કરુણાભર્યા હતા એનો એક પ્રસંગ પ્રેરક છે.

એક વાર કેદારનાજી, કાકાસાહેબ કાલેલકર અને આચાર્ય કૃપાલાણીજી હિમાલય પ્રદેશની યાત્રાએ ગયા. એક સ્થળે જવા માટે ઘોડાગાડી કરી.

કાયદા પ્રમાણે ઘોડાગાડીમાં ત્રણ જણ બેસી શકે. એમાં ગાડી હાંકનાર પણ આવી જાય. પહાડી પ્રદેશમાં આવી ગાડીનો ઘોડો વધુ વજન ઊંચકી ન શકે. તેથી ઘોડાની શક્તિને ધ્યાનમાં રાખીને ત્રણ માણસોથી વધારે ગાડીમાં બેસે તો ગુનો ગણાય એવો કાયદો ત્યાં કરવામાં આવ્યો હતો.

નાથજી એ ત્રણેમાં વધારે સશક્ત હતા. તેમને પહાડી પ્રદેશમાં ચાલવામાં તકલીફ પડતી ન હતી. એટલે ઘોડાગાડીમાં કૃપાલાણીજી અને કાકાસાહેબ બેઠા અને નાથજી ગાડીની પાછળ ચાલતા જતા હતા.

થોડેક દૂર ગયા પછી પેલી ગાડી એક ઠેકાણે ઊભી રહી. નાથજી ગાડી પાસે પહોંચ્યા, એટલે કાકાસાહેબે નાથજીને કહ્યું :

'તમે પણ અમારી સાથે બેસી જાઓ. અમે બે જણ ગાડીમાં બેસીએ અને તમે ચાલતા આવો, એ અમને ગમતું નથી. ગાડી હાંકનારની સાથે વાતચીત થઈ ગઈ છે. આપણે ત્રણે બેસીએ એમાં તેની સંમતિ છે.'

કૃપાલાણીજીએ પણ એમાં સૂર પુરાવ્યો. ગાડીવાળાએ પણ નાથજીને ગાડીમાં બેસવાનું કહ્યું.

કાકાસાહેબે પાછું કહ્યું :

'નાથજી, તમે અમારી સાથે બેસી જાઓ. અમે ગાડીવાળાને પૂછ્યું છે અને સમજાવ્યો છે. તેથી તેણે ખુશીથી હા પાડી છે. માટે સંકોચ ન રાખો.'

નાથજી એ સાંભળી સ્મિત ફરકાવતા બોલ્યા :

'તમે ગાડીવાળાને પૂછ્યું તે જાણ્યું. પણ ઘોડાને પૂછ્યું છે? ભાર તો ઘોડાને ઉપાડવાનો છે ને!'

બિચારા મૂગા પ્રાણીને ત્રાસ પડશે એનો એ ત્રણે જણને વિચાર નહોતો આવ્યો. એ ત્રણે બેસનારે નક્કી કર્યું, પછી ઘોડાની તકલીફનો વિચાર કરવાની જરૂર ક્યાંથી હોય?

નાથજીને પહાડી રસ્તા પર ચાલવામાં ઊલટી મજા પડતી હતી. તેમને ચાલવામાં જરાયે તકલીફ પડતી ન હતી. ઘોડો બાપડો બોલી ન શકે, એટલે તેના દુઃખનો વિચાર જ કરવાનો ન હોય? એટલે નાથજીએ વિનયપૂર્વક ગાડીમાં બેસવાની ના પાડી. નાથજીને થયું : ખરેખર, આપણે બધાં આપણો જ વિચાર કરતાં હોઈએ છીએ. બીજાનો પણ વિચાર કરતાં હોઈએ તો કેવું સારું!

આવું હતું નાથજીનું કરુણાભર્યું હૈયું.

સાથે સાથે એક બીજો પ્રસંગ પણ જોઈ લઈએ.

સાબરમતી આશ્રમમાં એક વાર એક નાનકડી બાળા માંદી પડી ગઈ. તે અતિશય પીડા અનુભવતી હતી. જ્યારે આશ્રમવાસીઓને તેના સમાચાર મળતા, ત્યારે ત્યારે સૌની પેઠે નાથજીને પણ દુઃખ થઈ આવતું.

આ જોઈને કિશોરલાલભાઈના ભત્રીજા નીલકંઠભાઈને નવાઈ લાગતી. તેમણે એક દિવસ નાથજીને કહ્યું :

'નાથજી, આ બાળાનું દુઃખ સાંભળીને અમને લાગી આવે એ સહજ છે. પરંતુ આપને શા માટે લાગી આવે છે? આપ તો સુખદુઃખાતીત!'

એ સાંભળીને નાથજી બોલ્યા :

'તને શું હું પથરા જેવો જડ કે કઠોર થયેલો લાગું છું? વિચારી માણસ માટે આમ સમજવું યોગ્ય નથી. જો તું માનતો હોય, તારી એવી

શ્રદ્ધા હોય કે હું વિચારવાન છું, તો હું નિષ્ઠુર માણસના જેવો કેમ હોઈ શકું? આ પણ આપણા લોકોમાં ચાલી આવેલી એક ભૂલ છે।

'સામાન્ય માણસનુંયે મન કોમળ હોય છે. પછી વિચાર કરીને જેણે પોતાનું મન વધારે સારું બનાવ્યું હોય, તેના મનની કોમળતા નાશ પામે અને તે નિષ્ઠુર થાય એનું શું કારણ? માટે માણસ જ્ઞાની હોય કે ન હોય તેના મનમાં કોમળતા અને દુઃખીઓ વિશે લાગણી હોવાં જોઈએ.

'વિચારવાન માણસ દુઃખી વ્યક્તિ દુઃખમાંથી છૂટે એ માટે ક્ષણે ક્ષણે સંકલ્પ, ઉપાય ને કાળજી કર્યા કરે અને દુઃખી માણસને વારંવાર ધૈર્ય આપ્યા કરે. સાધારણ માણસના કરતાં તેનામાં એટલી જ વિશેષતા હોય કે તે દુઃખથી ગભરાઈ જશે નહિ, ઉદ્વિગ્ન થશે નહિ, કોઈ પણ અવિચારી કૃત્ય કરશે નહિ.

'દુઃખના પ્રસંગે સાધારણ માણસ વ્યાકુળતાથી ઉપાય ન કરતાં ગભરાઈ જાય છે. જ્યારે વિચારી માણસ સામાનું દુઃખનિવારણ કરવાનો સતત પ્રયત્ન કરે છે. નિષ્ફળતા આવે તો સાધારણ માણસ દુઃખ કરે છે, તે વખતે શાંત, ધીર અને ઉદાત્ત પુરુષ તેમાં વિશ્વનો નિયમ, ઈશ્વરની ઇચ્છા સમજીને વ્યાકુળ થતો નથી; અને વિચાર કરીને સુખદુઃખમાંથી અલિપ્ત રહે છે. આ જ તેની વિશેષતા.'

આમ, કરુણારૂપે ઈશ્વરની આવી ઉપાસનાનું નાથજીના સ્વભાવ પર એક મોટું પરિણામ એ આવ્યું હતું કે, માંદાની શુશ્રૂષા અને સગાંઓના મંદવાડ તથા મરણથી વિપત્તિમાં સંડોવાયેલાં કુટુંબીજનોની ફિકર અને તેમને માટે પરિશ્રમ એ એમના જીવનનો સૌથી મહત્ત્વનો વ્યવસાય બની ગયો હતો.

સગાંવહાલાં, સ્નેહી વગેરેના સુખના પ્રસંગોમાં નાથજી હાજર હોય જ એમ ન કહેવાય. પણ કોઈક માંદું છે અને યોગ્ય સેવાચાકરીને અભાવે અથવા સમભાવી સ્નેહીઓને અભાવે મૂંઝવણમાં છે, એની તેમને ખબર પડે છતાં પોતે જાય નહિ એમ ન બને.

અને નાથજીના જેવી સેવાચાકરી મા પણ ન કરી શકે એટલી કાળજી-ભરેલી હોય. ઘણાં વર્ષ ઉપર નાથજીની સેવાચાકરીનો અનુભવ કરનાર

'બેટા, તારું સદા મંગલ થાઓ! ભગવાન તારી વિદ્યાને સફળ કરો!

'પણ બેટા, મારે તો આ લવિંગથી વિશેષ કંઈ જોઈએ છે. બેટા, એ ગુરુદક્ષિણા આપવાની તારી શક્તિ છે? બોલ, આપીશ?'

શિષ્ય નમ્રભાવે વિનયથી કહે :

'ગુરુદેવ, મારું બધું જીવન આપને ચરણે સમર્પિત છે. આજ્ઞા આપો, ગુરુદેવ!'

વિરજાનંદજી પ્રસન્ન વદને બોલ્યા :

'બેટા, આપણો આ ભારત દેશ દીનહીન થઈ ગયો છે. વિદેશી સત્તા નીચે નિસ્તેજ અને હતપ્રભ થઈ ગયો છે. આપણો ધર્મ પણ પોતાનું ગૌરવ ગુમાવી બેઠો છે. તું એનો ઉદ્ધાર કર. મતમતાંતરો, રુઢિજડતા અને કુરિવાજોની જડ તું ઉખાડી નાખ. વૈદિક ગ્રંથોના અભ્યાસની પ્રવૃત્તિ ચલાવ. ગંગા અને યમુનાની માફક નિરંતર પ્રગતિશીલ રહેજે. લોકસેવાની મને કામનાથી સદા ક્રિયાત્મક જીવન જીવજે. આ જ બેટા, હું ગુરુદક્ષિણા તારો પાસે માગું છું. બીજી કોઈ સાંસારિક કામના મને નથી.'

સ્વામીજીએ ગુરુજીને ચરણે માથું નમાવીને કહ્યું :

'ગુરુદેવ! જેવી આપની આજ્ઞા'

ગુરુવર્યના મંગલ આશીર્વાદની અમોલી થાપણ લઈને ગુરુકુળમાંથી બહાર નીકળનારા આ સ્વામીજીને ઓળખ્યા?

તેઓ હતા મહર્ષિ દયાનન્દ સરસ્વતી।

ગુરુજીના આદેશ અનુસાર જિંદગીને ભોગે પણ યુગપ્રવર્તક ધર્મકાર્ય કરનાર દયાનન્દજીનું જીવન ઊગતી પેઢીને પ્રેરક ભાથું પૂરું પાડે એવું છે. ચાલો, એ પુનિત જીવન-તીર્થમાં અવગાહન કરીએ.

## ક્રાંતિકારી જીવન-પ્રસંગ

સૌરાષ્ટ્રમાં આવેલા મોરબી રાજ્યમાં મચ્છુ નદીને તીરે ટંકારા નામનું

ગામ છે. એ નાનકડા ગામમાં મહર્ષિ દયાનન્દ સરસ્વતીનો જન્મ સંવત ૧૮૮૧માં એટલે ઈ. સ. ૧૮૨૪માં થયો હતો. તે દિવસે તિથિ હતી ફાગણ વદ દશમ.

તેમનું પૂર્વાશ્રમનું નામ હતું મૂળશંકર.

પિતાશ્રીનું નામ હતું કરસનજી ત્રવાડી–ત્રિવેદી. તે કુળવાન ઔદિચ્ય બ્રાહ્મણ હતા. તેમની પાસે જરજમીન ઠીક ઠીક હતાં. રાજ્યના થાણદાર હતા. તેથી તેમને ત્યાં સિપાઈસપરાં પણ રહેતાં હતાં. તે પ્રાચીન ધર્મવૃત્તિના હતા, શિવમાર્ગી હતા.

આવા પિતા અને વાત્સલ્યમૂર્તિ માતાની શીળી છાયામાં મૂળશંકરે પાંચ વરસની ઉમ્મરે એકડો ઘૂંટવા માંડ્યો. પછી તો મૂળશંકરને સંસ્કૃત શ્લોકો, મંત્રો અને સ્તોત્રો પણ મોઢે કરવાના આવ્યા. ત્રણ વર્ષમાં એમણે સારી પ્રગતિ કરી.

આઠમે વરસે એમને જનોઈ આપવામાં આવી. ગાયત્રી મંત્રની દીક્ષા મળી. હવે પિતા તેમને પોતાની સાથે ફેરવવા લાગ્યા. સાથોસાથ ધર્મશાસ્ત્રો અને વ્યવહારની કેળવણી આપવા લાગ્યા.

ચૌદમું વરસ થતાં સુધીમાં મૂળશંકરે આખી યજુર્વેદસંહિતા મોઢે કરી નાખી! વળી એમણે બીજા વેદોના કંઈક ભાગો પણ જોઈ નાખ્યા. વ્યાકરણના નાના ગ્રન્થો પણ ભણી લીધા.

વળી પિતા મૂળશંકરને વ્રત–ઉપવાસમાં જોડવાનો સતત પ્રયત્ન કરતા હતા.

માતા સમજુ હતાં. તેમણે પતિને કેટલીયે વાર કહ્યું:

'મૂળશંકર હજી બાળક છે. એનાથી આવાં આકરાં વ્રતો ને ઉપવાસો રાખી શકાશે નહિ. અને એ રાખવાનો આપણે આગ્રહ કરીશું, તો એનું શરીર તૂટી જશે।'

પણ પિતા માને એવા ન હતા. તેમણે તો કુળના આચાર પ્રમાણે વ્રત–ઉપવાસ કરવાની આજ્ઞા આપી દીધી. તેમણે પુત્ર આગળ વ્રતના માહાત્મ્યની તથા સ્વર્ગનાં સુખોની રોચક વાતો કહેવા માંડી.

(૫) અસ્થિ કોઈ તીર્થસ્થાનમાં લઈ જઈ ત્યાં સમર્પણ કરવા જવાની જરૂર નથી. અસ્થિ દરિયામાં સમર્પિત કરવાં વધુ ઉચિત છે.

(૬) મારા અવસાન બાદ ૧૦મો, ૧૧ મો, ૧૨ મો કે ૧૩ મો દિવસ ખાસ તિથિ તરીકે ન રાખવો.

સામૂહિક પ્રાર્થના કે ધર્મવિધિની આવશ્યકતા નથી. વ્યક્તિગત રીતે દરેક જણ પોતપોતાના મનના સમાધાન માટે અલગ અલગ પ્રાર્થના કરી શાંતિ પ્રાપ્ત કરે. સૌને મારી આ નમ્ર વિનંતી છે.

મારાં કુટુંબીજનો પણ મારા નિમિત્તે કોઈ પ્રકારની ધાર્મિક ક્રિયા ન કરે.

(૭) આપ સૌ શાંત રહીને મેં જે વિનંતી કરી છે તે સ્વીકારજો.

પરમાત્મા બધાને સુખી રાખે એ જ મારી અંતિમ પ્રાર્થના છે.

તમારા સર્વેનો શુભેચ્છક અને નમ્ર

— કેદારનાથ

આ રીતે પરમ વિભૂતિ કેદારનાથજી અનંત બ્રહ્માંડમાં વિલીન થઈ ગયા. તેઓશ્રીનું પવિત્ર સ્મરણ કરતાં અહોભાવપૂર્વક મુખમાંથી શબ્દો સરી પડે છે.

'वचसि एकं, मनसि एकं,
कर्मणि एकं महात्मानाम् !'

૫

# મહર્ષિ દયાનંદ સરસ્વતી

એક જુવાનજોધ સ્વામીજી હતા. તેમને સત્યની શોધ કરવાની અને પારખવાની તીવ્ર તમન્ના હતી. મુક્તિ મેળવવાની અદમ્ય ઝંખના હતી. હિમાલય વગેરે સ્થળે ભમતા ભમતા તે જમના નદી પરના વિશ્રામઘાટ પાસે આવ્યા.

ત્યાં સ્વામી વિરજાનંદજી નામે મહાન સિદ્ધ પુરુષ રહેતા હતા. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. નાનપણમાં બળિયામાં તેમણે બંને આંખો ગુમાવી હતી.

આ જુવાન સ્વામી અહીં આવ્યા. વિરજાનંદજી ગુરુ પાસે જ્ઞાનસાધના કરવા લાગ્યા. ૮૧ વર્ષના વયોવૃદ્ધ ગુરુજીના હાથ નીચે સ્વામીજીએ વિદ્યા સંપાદન કરી. ગુરુજીના જ્ઞાનનાં ગૂઢતમ રહસ્યો પામીને સ્વામીજી ગુરુકુળમાંથી વિદાય લેવા તૈયાર થયા.

સ્વામીજી ગુરુજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બોલ્યા :

'ગુરુજી હું આપની વિદાય–આશિષ ઇચ્છું છું. આપે મને જે આપ્યું છે, જે પ્રેમથી આપે મને નવડાવી દીધો છે અને જે પ્રકાશ આપે મારામાં સિંચ્યો છે, એ સૌ માટે મારું હૃદય અહોભાવથી ભરાઈ જાય છે.

'ગુરુજી, હું તો સાવ અકિંચન છું ! આપને ગુરુદક્ષિણામાં શું આપું ? ગુરુદેવ, એવી કોઈ ચીજ મારી પાસે નથી ! આ માત્ર થોડાં લવિંગ છે. આપ એ સ્વીકારો.'

વયોવૃદ્ધ પ્રજ્ઞાચક્ષુ ગુરુજીનાં અંગેઅંગ ભાવથી ભીનાં થઈ ગયાં. શિષ્યના માથા પર હાથ મૂકીને ગુરુજી ભાવભીના સ્વરે બોલ્યા :

એક ભાઈએ અહોભાવથી કહ્યું હતું કે, 'જો નાથજીની સેવાચાકરીનો લહાવો મળતો હોય, તો એ માટે ફરીથી માંદા પડવાનું મન થાય એવું છે!'

## અંતિમ વિદાય

બહુ મોટા સાધક હોવા છતાં નાથજી ખૂબ વત્સલ, પ્રેમાળ, કરુણામય, વિનમ્ર, સહૃદયી હતા. એમનાં લખાણ પરથી કોઈને એમ જ લાગે કે, તેઓ ખૂબ કડક હશે. પરંતુ તેઓશ્રીના સમાગમમાં આવનારને એમની સ્નેહીભીની, વડીલતુલ્ય ઉષ્માનો ખ્યાલ આવી શકે. તેઓ કેટલાંય ભાઈ-બહેનોના માર્ગ–દર્શક હતા. છેલ્લે સુધી નાથજી દરેકની વાત ખૂબ સહૃદયતાથી સાંભળતા અને સલાહ–સૂચના ખૂબ મીઠાશથી આપતા. એમનામાં વિનોદ પણ એટલો જ હતો. એ તો એમના પરિચયમાં આવનારાં જ માણી શકે.

નેવું વર્ષની ઉંમર પછી નાથજીની તબિયત ધીમે ધીમે કથળતી જતી હતી. છેલ્લાં વરસોમાં તેમને ચક્કર પણ આવી જતાં. એક વાર તેઓ રૂમમાં એકલા જ હતા. ચક્કર આવતાં જોરથી નીચે જમીન પર પછડાઈ પડ્યા! થાપાના હાડકાને નુકસાન થયું. હૉસ્પિટલ અને ઘેર પાંચ–છ મહિના તેઓ પથારીમાં જ પડ્યા રહ્યા.

આમ ધીમે ધીમે તેઓ શરીરે અશક્ત થતા જતા હતા. આમ કરતાં કરતાં તા. ૯મી ઑગસ્ટ ૧૯૭૮ને રોજ વધારે નબળાઈ વર્તાતાં ડૉક્ટરોની સલાહથી તેમને મુંબઈની હરકિશનદાસ હૉસ્પિટલમાં લઈ જવાનું વિચારવામાં આવ્યું.

નાથજી માટુંગામાં શ્રી કાંતિભાઈ પાલને ઘેર રહેતા હતા. નાથજીએ તે દિવસે સવારે સાડા આઠ વાગ્યે હૉસ્પિટલ જવા ઘર છોડ્યું. તે વખતે જાણે વિદાયની પૂરી તૈયારી કરી હોય એમ જૂનો માલસામાન વ્યવસ્થિત કરેલો અને કાગળ–ચશ્માં વગેરેની બે નાની થેલી સંભાળીને સાથે રાખેલી.

પથારી છોડી ખુરશીમાં ને ખુરશી છોડી સ્ટ્રેચર અને એમ્બ્યુલન્સમાં સૂતા, ત્યારે સૌની વંદના ઝીલીને શાંત અને બાળસહજ નિખાલસ ચહેરે તેમણે દીર્ઘ આશીર્વાદ આપ્યા હતા. એ પછી હૉસ્પિટલમાં છેલ્લી રાત

સુધી મુલાકાતીઓને મળ્યા. સૌની સાથે ધીમે મૃદુ સ્વરે ૨–૪ વાકયોની આપ–લે કરતા. છેક ૧૪મી ઑગસ્ટની સાંજ સુધી તેમની તબિયત ચિંતાજનક જણાયેલી નહિ.

નાથજીનો સારવારમાં રહેલા શ્રી પ્રતાપભાઈ ગાંધીના જણાવ્યા મુજબ ૧૫મી ઑગસ્ટ ૧૯૭૮ના પ્રભાતે લગભગ ૩ વાગ્યે તેઓ થોડા અસ્વસ્થ બન્યા અને ૪ વાગ્યે નાથજી બોલ્યા :

'अब प्राण जा रहा है।'

એ પછી થોડી મિનિટોમાં જ નાથજીએ દેહ છોડયો !

નાથજીના અવસાન બાદ એમના હસ્તાક્ષરમાં હિંદીમાં લખાયેલો પત્ર નીચે મુજબનો મળ્યો હતો :

## મારી ખાસ વિનંતી

(૧) મારી અંતિમ અવસ્થામાં, બીમારીમાં કે દેહાંત પછી કોઈએ મારા ફોટા ન પાડવા.

મારા દેહાંત પછી કે પહેલાં મને કોઈએ ફૂલહાર અર્પણ ન કરવાં.

એકાદું ફૂલ ધરે તો વાંધો નથી.

(૨) મારી અંતિમ યાત્રામાં કોઈ પ્રકારનો આડંબર કરવો નહિ.

હું સામાન્ય માનવીની જેમ જીવ્યો છું. તેથી દેહાંત બાદ પણ કશી વિશેષતા ન હોવી જોઈએ.

(૩) મારો કૌટુંબિક અને સામાજિક સંબંધ તેમ જ મિત્રો સાથેનો સંબંધ વિશાળ હોવાથી મારી અંતિમ યાત્રામાં આવવા ઇચ્છનારાને થોડો સમય મળે એ રીતે યાત્રાની યોજના કરવી.

(૪) મારા અગ્નિસંસ્કાર ઈલેકટ્રિકથી કરવા કે ચાલુ પદ્ધતિ મુજબ કરવા તેનો નિર્ણય અંતિમ યાત્રા વખતે હાજર રહેનારાઓએ અનુકૂળતા અને સગવડ મુજબ કરવો.

તે પ્રસંગે કોઈ ધાર્મિક વિધિ કરવો જરૂરી નથી.

આમ કરતાં કરતાં સંવત ૧૮૯૫ના મહા માસની વદ ચૌદશે મહા-શિવરાત્રી આવી. આ પવિત્ર દિવસે પિતાએ મૂળશંકર પાસે એ વ્રત કરાવવાનું રાખ્યું.

ગામ બહાર એક મોટું શિવાલય હતું. ગામના સૌ ભક્તજનો તે દિવસે ત્યાં જઈ પૂજાપાઠ, જપ અને જાગરણ કરતા હતા.

પિતા–પુત્ર સંધ્યાકાળે શિવાલયે ગયા. ત્યાં બ્રાહ્મણો વેદના મંત્રોનો ઘોષ કરતા હતા. ઘંટારવ થતો હતો. દીપક ઝળહળી રહ્યા હતા. પિતાએ મૂળશંકર પાસે આખા દિવસનો ઉપવાસ કરાવ્યો હતો. રાતે જાગરણ કરવાનું હતું. પિતાએ મૂળશંકરને કહ્યું હતું :

'દીકરા, તું આ વ્રત બરોબર કરીશ અને આખી રાત જાગરણ કરીશ, તો સાક્ષાત્ મહાદેવ તારા ઉપર પ્રસન્ન થશે અને તારા સર્વ મનોરથો પૂરા કરશે.'

તે રાતે મૂળશંકરે ઉત્સાહભેર જાગરણ શરૂ કર્યું. 'ૐ નમો શિવાય 'નો જાપ જપવા માંડ્યો.

મધરાત થવા આવી. પિતા ઊંઘી ગયા. બીજા ભક્તો પણ ઘોરવા મંડી પડ્યા. પણ મૂળશંકર તો જાગતા જ બેઠા હતા. એમની દૃષ્ટિ શિવલિંગ ઉપર જ સ્થિર હતી. મહાદેવજીનાં દર્શન કરવા નયણાં આતુર હતાં.

એવામાં એક ઉંદર દરમાંથી બહાર આવ્યો અને શિવલિંગ ઉપર ચડી ગયો! તે શિવજીને ધરાવેલા નૈવેદ્યને ખાવા લાગ્યો.

એ જોઈને મૂળશંકર ચમકી ગયો! તેને થયું :

'અરે! આ શું? મહાદેવજી તો સર્વશક્તિમાન છે. આ તુચ્છ ઉંદરડાને પણ દૂર ખસેડી શકતા નથી! નક્કી આ શિવલિંગ મહાદેવ નથી, પણ પથરો જ છે!'

મૂળશંકર આ સહી શક્યા નહિ. તેમણે પિતાજીને જગાડીને કહ્યું :

'આ શિવલિંગ મહાદેવ હોય? બાપુ, જુઓને, એના પર ઉંદર દોડાદોડ કરે છે!'

પિતાને આ વાત સાંભળી ગુસ્સો આવ્યો. તે બોલી ઊઠ્યા :

'સાવ નાસ્તિક પાક્યો! આપણાથી આવી શંકા થાય નહિ. દોઢડાહ્યો થા મા!'

મૂળશંકરનો બધો ઉત્સાહ ઊતરી ગયો. તે તો જવા તૈયાર થયા. પિતાએ ચિડાઈને કહ્યું :

'જા, મર! પણ ઉપવાસ તોડ્યો છે ને તો તારી વાત છે!'

મૂળશંકરે ઘેર આવી માતાને કહ્યું :

'બા, મારે ખાવું છે. મારાથી રહેવાતું નથી!'

માતા કહે :

'દીકરા, એ તો હું જાણતી જ હતી. ચાલ, ખાઈ લે. પણ જોજે, તારા બાપાને આની ખબર પડવા દઈશ નહિ. પાછા એ ગુસ્સે થશે!'

પિતા એ વાત જાણી ગયા. માતાએ અને પ્રેમાળ કાકાએ મૂળશંકરનો બચાવ કર્યો. પણ પિતાનો રોષ ઊતર્યો નહિ. આખરે કાકાએ કહ્યું :

'મોટાભાઈ, એને અભ્યાસ કરવા દો. આમ ઉપવાસમાં નાખી એને શા માટે તાવી નાખો છો? સમજણો થશે, એટલે પોતાની મેળે બધું કરશે.'

પછી મૂળશંકર એક પંડિત પાસે નિઘંટુ, નિરુક્ત, પૂર્વમીમાંસા અને કર્મકાંડના ગ્રન્થો ભણવા લાગ્યા. પણ તેમના મનની અંદર પેલા પ્રસંગની છાપ ઊંડી અંકાઈ ગઈ હતી.

આપણને આ પ્રસંગ સામાન્ય લાગે. પરંતુ તમામ મહાપુરુષોનો સામાન્ય જીવનપ્રવાહ, બીજાઓને જેની લેશમાત્ર અસર ન થાય એવી ઘટનાઓને કારણે જ અલગ ફંટાઈ જાય છે.

## વૈરાગ્યભાવનાનો ઉદ્ભવ

મૂળશંકરમાં મહાપુરુષનાં લક્ષણો નાનપણથી જ જોવા મળે છે. તેથી જ આ નાનકડા પ્રસંગે તેમને મૂર્તિપૂજાની નિરર્થકતા તુરત જ સ્પષ્ટપણે સમજાઈ ગઈ. આ માનસિક જાગૃતિની અસર ક્ષણજીવી ન હતી. તેમાંથી

તેમના જીવનનું ઘડતર થયું. તેમના વિચારોએ એવો પ્રભાવશાળી વળાંક લીધો કે તે મોટપણે મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી બની ગયા અને તેમણે અંતપર્યંત એની વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી.

એ પછી બનેલા બે પ્રસંગોએ મૂળશંકરમાં વૈરાગ્યભાવના જાગ્રત કરી.

મૂળશંકરને બે નાની બહેનો અને બે નાના ભાઈઓ હતાં. એ પાંચ ભાઈબહેનો પ્રેમભર્યું સુખ અનુભવતાં હતાં.

ત્યાં તો સંવત ૧૮૯૬માં એક રાતે એમની ચૌદ વરસની એક બહેન કોગળિયામાં સપડાઈ ગઈ. સારામાં સારી દવાઓ કરવામાં આવી અને સૌએ તનતોડ સેવાચાકરી કરી. પરંતુ બધા ઉપાયો નિષ્ફળ નીવડ્યા. બહેનનું દુઃખદ અવસાન થયું !

આ દુઃખદ પ્રસંગે મૂળશંકરના મન પર ઊંડી છાપ પાડી. તે વખતે એમની ઉંમર ૧૬ વરસની હતી. પોતાની વહાલસોયી બહેનનો જીવન-દીપ આમ બૂઝાઈ ગયો, એ જોઈને તે એટલા દિગ્મૂઢ બની ગયા કે, તે આંસુ સારીને હૃદયનો બોજ હળવો કરી શક્યા નહિ.

ભગવાન બુદ્ધની માફક મૂળશંકરને જીવનની ક્ષણભંગુરતાનો અને મરણની અનિવાર્યતાનો ખ્યાલ આવ્યો. જીવન-મરણની ઘટમાળે તેમના બાળમાનસમાં ભારે ઊથલપાથલ મચાવી દીધી. તેથને થયું :

'આજે આ મારી વહાલી બહેન જોતજોતામાં મરણ પામી. અમે બધાં એને મરતી જોઈ રહ્યાં, પણ એને બચાવી ન જ શક્યાં ! એ જ રીતે સૌ એક પછી એક મૃત્યુનો કોળિયો થશે. મૃત્યુ કોઈને મૂકતું નથી. અને મારેય કોઈ દિવસ આમ ચાલ્યા જવાનું થશે !'

તેમને થયું કે, વ્રત-ઉપવાસ એ બધું નિરર્થક છે. તેમણે આધ્યાત્મિક શક્તિનું ચિંતન શરૂ કર્યું. જીવનમરણના ફંદામાંથી ઉગારે એવો મુક્તિનો માર્ગ શી રીતે પ્રાપ્ત થાય ?

આમ મનમાં ને મનમાં મૂળશંકર મનોમંથન અનુભવતા હતા. એવામાં સંવત ૧૮૯૯માં બીજો દુઃખદ પ્રસંગ બન્યો !

કાકાને મૂળશંકર પર ખૂબ વહાલ હતું. તેમને પણ કોગળિયું થયું. તેમનો જીવ રૂંધાવા લાગ્યો. તેમણે મૂળશંકરને પ્રેમપૂર્વક પાસે બોલાવ્યા. કાકાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

વહાલસોયા કાકાના અચાનક અવસાનથી મૂળશંકર હૈયાફાટ રડી પડ્યો. કાકાના અવસાનથી મૃત્યુ વિશેનું મનોમંથન વધારે તીવ્રપણે થવા લાગ્યું. તેમને થયું: 'મૃત્યુની કારમી ભીંસમાંથી ઉગારવાનો શું કશો ઉપાય જ નથી? શું આવો દોહ્યલો મનુષ્ય–જન્મ આમ એળે જતો રહેશે? કાળ ઉપર વિજય મેળવી નહિ શકાય?'

આમ મૂળશંકરમાં સંસાર પ્રત્યે વૈરાગ્ય પ્રબળ બનતો ગયો.

## ગૃહત્યાગ

દિવસ અને રાત મૂળશંકરનું મન વિચારમાં ને વિચારમાં ડૂબેલું રહેવા લાગ્યું. ઘરકામમાં કે કશામાં એમનું ચિત્ત ચોંટતું નહિ.

એવામાં એક જણે એમાં નવો ઉમેરો કરી આપ્યો. કોઈએ વાતમાં ને વાતમાં મૂળશંકરને કહ્યું :

'યોગાભ્યાસ એ જ પરમ પદ પામવાનો સારામાં સારો ઉપાય છે.'

એટલે મૂળશંકરે મનમાં નક્કી કર્યું :

'આ સંસારની મિથ્યા જંજાળમાંથી નીકળીને જીવનનું સત્ય પામવા માટે અહીંથી જતા રહીને યોગનો અભ્યાસ કોઈ પણ હિસાબે કરવો જોઈએ. मृत्योर्मा अमृत गमय । મહામૃત્યુમાંથી અમૃતને માર્ગે જવા સાધના કરવી.'

કોણ જાણે કેમ એમનાં માતાપિતાને આ વાતની જાણ થઈ ગઈ. તેમણે પુત્રને લગ્નના બંધનમાં બાંધી દેવાનો વિચાર કર્યો. પરંતુ મૂળશંકરે ચોખ્ખી ના કહી દીધી.

આમ ને આમ એક વરસ વીતી ગયું. મૂળશંકરે પિતાને કહ્યું :

'પિતાજી, મારે વ્યાકરણ વગેરે શીખવું છે. માટે કાશી જવાની રજા આપો.'

એકવીસ વરસના જુવાનજોધ દીકરાને આટલે બધે દૂર મોકલવાની માબાપને ક્યાંથી ઇચ્છા થાય ? માતાએ પ્રેમથી કહ્યું :

'દીકરા, હું બરાબર જાણું છું કે, બહુ ભણેલોગણેલો છોકરો લગ્ન કરવાને ઇચ્છતો નથી. તારી કાશી જવાની વાતમાં તારો પણ એવો જ ઇરાદો હશે.'

પછી મૂળશંકરે થોડા દિવસ બાદ પિતાને કહ્યું :

'પિતાજી, તમે ભલે મને કાશી જવા ન દો. પણ અહીંથી ત્રણ ગાઉ દૂર વયોવૃદ્ધ શાસ્ત્રીજી રહે છે. એમની પાસે મને ભણવા જવા દો.'

પિતાજીએ ક્રમને સંમતિ આપી. મૂળશંકર શાસ્ત્રીજી પાસે ભણવા રહ્યા. ત્યાં ગુરુજી સાથે વાત કરતાં કરતાં મૂળશંકરે એક દિવસ કહ્યું :

'પંડિતજી, મને લગ્ન કરવાની જરાયે ઇચ્છા નથી. માતાપિતા મને એ બંધનમાં જકડવા માગે છે. માતાપિતાને મારે કઈ રીતે સમજાવવાં ?'

પંડિતજીએ આ વાત કરસનજી ત્રવાડીને પહોંચાડી. એટલે પિતા ચેતી ગયા. તેમણે મૂળશંકરને જણાવ્યા વિના લગ્નની તૈયારી કરવા માંડી. મૂળશંકરને ઘેર બોલાવી લીધા.

મૂળશંકર આ બધી ધમાલ જોઈને આભા જ બની ગયા ! તેમને થયું :

'આ ધનધાન્યથી ભરેલું ઘર છે. વાત્સલ્યભરી માતા છે. કડક છતાં પ્રેમાળ પિતા છે. આ સ્નેહે છલકાતાં સગાંવહાલાં છે. મારું પણ યૌવન પાંગરી રહ્યું છે. પણ મારે આ બધું છોડવું જ પડશે; અમર જીવન શોધવા માટે આ બધાંનો ત્યાગ કરવો જ પડશે. મારે તો મૃત્યુની મહાઔષધિ જોઈએ છે. આ મિથ્યા સંસારસુખમાં ફસાવું નથી.'

સંવત ૧૯૦૩ની રાત હતી. ઘરમાં નીરવ શાંતિ હતી. મૂળશંકર ઊઠ્યા. સૌ સ્નેહી સંબંધીઓને, માતાપિતાને છોડીને તેમણે મહાભિનિષ્ક્રમણ કર્યું.

સ્થિર પગલે અને પવનવેગે મૂળશંકર ગામ બહાર નીકળી ગયા. તે જાણીતા માર્ગો લેતા ન હતા. તે તો અજાણી અને અવાવરી કેડીઓ જ પકડતા હતા.

પિતાને સવારે જાણ થતાં તેમણે ઘોડેસવારો અને પાળાઓને પુત્રની શોધ કરવા ચારે બાજુ મોકલ્યા. પરંતુ તેઓ બધા વીલે મોઢે પાછા ફર્યા. મૂળશંકર તો પ્રભુનું સ્મરણ કરતા આગળ ને આગળ ધપવા લાગ્યા.

## જ્ઞાનપ્રાપ્તિ માટે પરિભ્રમણ

મૂળશંકર ચાલતા ચાલતા સાયલા ગામમાં આવ્યા. અહીં લાલા ભગતના સ્થાનકમાં એક બ્રહ્મચારીજીએ મૂળશંકરને નૈષ્ઠિક બ્રહ્મચર્યની દીક્ષા આપી. હવે એમનું નામ 'શુદ્ધચૈતન્ય' રાખવામાં આવ્યું. એમને કષાય વસ્ત્રો અને તુંબીપાત્ર આપવામાં આવ્યાં. ત્યાં રહી તે યોગનો અભ્યાસ કરવા લાગ્યા.

પરંતુ મૂળશંકરને એથી ક્યાંથી સંતોષ થાય? એમને તો વિશેષ જોઈતું હતું. એટલે સાયલા ગામ છોડીને તે ચાલતા ચાલતા અમદાવાદ જિલ્લાના કોઠગાંગડ ગામે આવ્યા. ત્યાં વૈરાગીઓનો અખાડો હતો. એ વૈરાગીઓ એમને પોતાના ટોળામાં ભેળવી દેવા માગતા હતા. પરંતુ મૂળશંકર એમ ભોળવાઈ જાય એવા ન હતા.

એવામાં તેમણે સાંભળ્યું કે, સિદ્ધપુરમાં મોટો મેળો ભરાવાનો છે અને ત્યાં ઘણા બધા સાધુ–સંતો–સંન્યાસીઓ આવનાર છે. એટલે શુદ્ધ-ચૈતન્ય સિદ્ધપુર જવા નીકળ્યા. રસ્તામાં એક પરિચિત સંન્યાસીનો ભેટો થઈ ગયો. એ સંન્યાસી મૂળશંકરના કુટુંબને ઓળખતો હતો.

એ સંન્યાસીએ મૂળશંકરના પિતાજીને ખબર પહોંચાડી. એટલે તેમના પિતા ઘોડેસવારની ટુકડી લઈ સિદ્ધપુર આવ્યા અને તેમણે મૂળ-શંકરને પકડ્યા. આખી રાત તેમના પર કડક પહેરો ગોઠવી દીધો.

પરન્તુ વહેલી સવારે મૂળશંકર ઊઠ્યા ત્યારે બધા સિપાઈઓ ઘસઘસાટ ઊંઘતા હતા. આ તકનો લાભ લઈને મૂળશંકર છાનામાના ત્યાંથી છટકી ગયા. ગાઉ બે ગાઉ ઉપર આવેલા એક મંદિર પાસેના ઘટાદાર ઝાડ પર ચડીને મૂળશંકર સંતાઈ ગયા. પાછી શોધાશોધ થઈ. ઘોડેસવારો એ મંદિર આગળ આવીને આસપાસ શોધી વળ્યા. પણ ઘટાદાર ઝાડને લીધે મૂળશંકર તેમના હાથમાં આવ્યા નહિ.

પછી મૂળશંકર નર્મદાકિનારે ગયા. ત્યાં પરમાનંદ સંન્યાસી પાસે રહીને તેમણે વેદાંતનો અભ્યાસ થોડા મહિના કર્યો. પરંતુ એટલાથી તેમને સંતોષ થયો નહિ.

એવામાં તેમને ખબર મળી કે દક્ષિણના પ્રસિદ્ધ દંડી સંન્યાસી પૂર્ણાનંદ સરસ્વતીજી દ્વારકાં તરફ જાય છે. એટલે તેમણે તરત જ એમનું શરણું લીધું. મૂળશંકરે તેમની એવા ભક્તિભાવથી સેવા કરી કે, પૂર્ણાનંદજીએ એમને સંન્યાસની દીક્ષા આપી. ત્યારથી તે ‘ દયાનંદ સરસ્વતી ’ કહેવાયા. એ વખતે તેમની ઉંમર પચ્ચીસ વરસની હતી.

ગુરુજી પાસે એકાદ વરસ રહી વધુ જ્ઞાન પ્રાપ્ત કરવા દયાનંદ કાશી ગયા. પરંતુ ત્યાં એમને સાચું આત્મજ્ઞાન આપે એવું કોઈ મળ્યું નહિ. એટલે તેઓ હિમાલય ભણી ઊપડચા.

## હિમાલય ખૂંદી વળ્યા

સ્વામી દયાનંદ સરસ્વતીએ સાચા યોગી પુરુષો અને સંતો-સિદ્ધોની શોધ કરવાની અદમ્ય ઉત્કંઠાથી જ હિમાલયનું ભ્રમણ કર્યું હતું. તેમણે સાંભળ્યું હતું કે, હિમાલયમાં જ્યાં કોઈ માણસ પહોંચી પણ ન શકે એવાં સ્થાનો, અભેદ્ય ગુફાઓ અને પહાડોની ઊંડી ખીણોમાં પવિત્ર નદીઓ અને ઝરણાંને તીરે તથા પર્વતોની ઊંચી ટોચ ઉપર દિવ્ય શક્તિ ધરાવતા યોગીઓ વસે છે. તેઓ આવાં દુર્ગમ સ્થળોમાં એકાંતમાં રહીને કઠોર તપશ્ચર્યા કરે છે.

એવી મહાન વિભૂતિઓનાં દર્શન કરવાં અને બની શકે તો તેઓનો સમાગમ કરીને આધ્યાત્મિક જ્ઞાન મેળવવું એવી તેમની તીવ્ર ઝંખના હતી. તેથી દયાનંદે તમામ કુદરતી સંકટોનો સામનો કર્યો અને જે કંઈ ભારે મુસીબતો આવી એ હસતે મોઢે વધાવી લીધી. જંગલી પશુઓ મુક્તપણે વિચરતાં હોય એવાં સ્થાનો પણ તેઓ ખૂંદી વળ્યા. ઊંચી ભેખડો અને ખડકો પર ઘૂમી વળ્યા.

પોતાની એ લગન ખાતર સ્વામીજીને ખાવા-પીવાનું કે આરામ કરવાનું પણ ભાન રહેતું ન હતું. એ બધી કપરી વિટંબણાઓનું બયાન સ્વામીજીના શ્રીમુખે જ સાંભળીએ :

'હું હિમાચ્છાદિત બરફના પહાડો ખૂંદવા થનગની રહ્યો હતો, કારણકે મેં જોયું તો નહોતું, પણ સાંભળેલું કે એ ગિરિકંદરાઓમાં મહાન તપસ્વીઓ અને યોગીઓ વસે છે. એ માન્યતા સાચી છે કે નહિ એની ખાતરી કરવા મેં એ વિકટ પહાડોની અવિરત ખોજ કરવાનો નિશ્ચય કર્યો.

'પરન્તુ હાડ થીજવી નાખે એવી કાતિલ ઠંડી અને ભારે ભુલભુલામણી કેડીઓના ભયે, પહેલાં તો મેં ત્યાંના સ્થાનિક લોકો પાસેથી એવા યોગીઓ વિષે માહિતી મેળવવાનું ઉચિત માન્યું. પરન્તુ જે કોઈને મેં તેઓ વિષે પૂછ્યું, તો એ બધા લોકોએ મને 'મોટો મૂરખ' અથવા ખોટે માર્ગે દોરવાયેલો પાગલ માણસ ગણીને હસી કાઢયો!

'આમ વીસેક દિવસના સતત રઝળપાટ પછી મારો બધો ઉત્સાહ ઓસરી ગયો....'

પરન્તુ દયાનંદજીએ પોતાની મજલ ચાલુ જ રાખી. આગળ જતાં તેઓ તુંગનાથ શિખર ઉપર પહોંચી ગયા. પરન્તુ ત્યાં કશું ખાસ ન જોતાં તેઓ નીચે ઊતરવા લાગ્યા. તેઓ રસ્તો ભૂલ્યા અને કેવા અટવાઈ ગયા એનું વર્ણન કરતાં તેઓ લખે છે:

'નીચે ઊતરી રહ્યો હતો ત્યાં મેં બે કેડી જોઈ. કઈ કેડી લેવી એની ગડમથલમાં હું પડયો. આખરે મેં જંગલની જ વાટ પકડી અને થોડે દૂર ગયો ત્યાં તો ગીચ જંગલમાં જઈ પહોંચ્યો. એ જંગલમાં અનેક ઠેકાણે તોતિંગ ખરબચડી શિલાઓ પડી હતી અને સુકાઈ ગયેલી નદીઓના નાનકડા પટ પથરાયેલા હતા.

'થોડું ચાલ્યો અને જોયું તો આગળ જવાનો રસ્તો જ નહોતો! હવે શું કરવું? આસપાસ ક્યાંય નાની સરખી કેડી પણ દેખાતી નહોતી. હવે નીચે ઊતરવું કે પાછા ઉપર ચડવું એની વિમાસણમાં પડયો. જો ઉપર ચડવાનું નક્કી કરું, તો મારે અનેક મુસીબતો વેઠવી પડે એમ હતી; એટલું જ નહિ, પણ હું ઉપર ચડી રહું એ પહેલાં અંધારું છવાઈ જાય તો શું કરવું?

'ખૂબ વિચાર કર્યા પછી છેવટે મેં નીચે ઊતરવાનું જ નક્કી કર્યું. ઝાડની ડાળીઓ ઘાસ અને ઝાંખરાંને મજબૂત રીતે પકડીને મેં

એ ખીણમાં ઊતરવા માંડ્યું. થોડી વારમાં હું સુકાઈ ગયેલી નદીના ઊંચા કાંઠે આવી પહોંચ્યો. નદીના પટની પાછળ એક વિકરાળ ભેખડ જાણે કે મોં ફાડીને ઊભી હતી.

'હું તેના ઉપર ઊભો રહ્યો અને ચોપાસ નજર ફેરવી. જ્યાં સુધી નજર પહોંચતી હતી, ત્યાં સુધી ઊંચી ખડકાળ ભૂમિ જ દેખાતી હતી. વચ્ચે વચ્ચે નાની નાની ટેકરીઓ ઊપસી આવી હોય એમ લાગતું હતું. એ સિવાય જ્યાં પહોંચવું દુષ્કર થઈ પડે એવાં ભયાનક જંગલો દેખાતાં હતાં.

'સૂરજ આથમવા લાગ્યો હતો. મને થયું કે, ઘડી બે ઘડીમાં તો આ બધું નિર્જન સ્થાન કાળા ઘોર અંધકારના ઢગ નીચે ઢંકાઈ જશે! અરે, અહીં તો ચકલુંય ફરકતું નથી. તાપણું સળગાવવાનીય સગવડ નથી. આવા નિબિડ અંધકારમાં મારે એકલાઅટૂલા રાત કાઢવાની હતી. એ વખતે તો મારે મારા પોતાના જોરે જ કંઈક રસ્તો કાઢ્યા વિના છૂટકો ન હતો.

'એ જંગલમાં રઝળપાટ દરમિયાન મારાં રહ્યાંસહ્યાં કપડાં પણ ફાટી ગયાં હતાં. આખું શરીર ઉઝરડા થવાથી અને પડવા–આખડવાથી સૂજી ગયું હતું. પગમાં કેટલાય કાંટા ભોંકાયા હતા. હું લંગડાતે પગે ચાલતો હતો. તોપણ હતી એટલી હિંમત અને મનોબળને સહારે હું એ પહાડ તો ઓળંગી ગયો.

'એક ટેકરીની તળેટીએ પહોંચ્યા પછી મને એક કેડી લાધી. આમ તો બધે અંધકાર વ્યાપી ગયો હતો, તોપણ મેં વધારે ચિંતા કર્યા વિના એ કેડીએ ચાલવા માંડ્યું. થોડે દૂર ગયા પછી મેં એક ઝૂંપડી જોઈ. ત્યાં પૂછપરછ કરતાં ખબર પડી કે, આ કેડીએ ચાલ્યા જવાથી ઓખી-મઠ પહોંચી જવાશે. એટલે આપણા રામે તો એ જ દિશામાં ચાલ્યે રાખ્યું અને જોતજોતામાં હું ઓખીમઠ પહોંચ્યો.'

ઓખીમઠ બહુ પ્રખ્યાત મઠ છે. દયાનંદ ત્યાં થોડા દિવસ રહ્યા.

ત્યાંના મઠાધીશ દયાનંદના પ્રભાવશાળી વ્યક્તિત્વથી ખૂબ પ્રભાવિત થયા. જો દયાનંદ તેમના શિષ્ય બનીને મઠમાં રહેવાનું સ્વીકારે, તો પોતાના દેહત્યાગ પછી, અનુગામી મઠાધીશનું પદ એમને સોંપવાની મઠાધીશે તૈયારી બતાવી. પરંતુ દયાનંદ પોતાના ધ્યેયમાંથી ચલિત થઈ પ્રલોભનમાં પડી

જાય એવા ન હતા. તેમણે મઠાધીશનું સૂચન સ્વીકાર્યું નહિ અને તેઓ જોશીમઠ ભણી આગળ વધ્યા.

જોશીમઠમાં યોગનાં ગૂઢ રહસ્યો પામવા સંન્યાસીઓ અને જોગીઓના સહવાસમાં દયાનંદ થોડા દિવસ રહ્યા. પછી બદ્રીનાથ તરફ પ્રયાણ કર્યું. ત્યાં દયાનંદે થોડા દિવસ ગાળ્યા. સાચા સિદ્ધપુરુષો અને યોગીઓ વિશે પૂછપરછ કર્યા પછી, ફરીથી એવા મહાત્માની શોધમાં તેમણે આગળ પ્રયાણ કર્યું.

ખૂબ ખૂબ કપરી વિટંબણાઓ સહીને, મોત સામે પણ બાથ ભીડીને દયાનંદજી હિંમતભેર જીવન–સત્ય અને જ્ઞાનની ખોજમાં દુર્ગમ પંથે ઠેર ઠેર ભટકતા રહ્યા. સાચા સંતો અને યોગીમહાત્માઓને શોધવામાં તેમણે જરાય કચાશ ન રાખી. પોતાની ધ્યેય–સિદ્ધિ ખાતર ગમે તેવો ભોગ આપવો પડે, તો તેમ કરવામાં તેમણે પાછી પાની કરી નહોતી. યોગી-મહાત્માઓ માટેની તેમની ઘેલછા અજોડ હતી.

આમ હિમાલયમાં સ્વામીજીએ બધે ફરીને બે વર્ષ ગાળ્યાં. પછી બેત્રણ વર્ષ અન્ય સ્થળોએ ઘૂમી વળ્યા. ઈ. સ. ૧૮૫૯માં મથુરા પહોંચ્યા.

## સ્વામી વિરજાનંદજીના શિષ્ય બન્યા

મથુરામાં સ્વામી વિરજાનંદજીનો આશ્રમ હતો. સ્વામીજી પ્રજ્ઞાચક્ષુ હતા. નાનપણમાં તેમને શીતળા નીકળ્યા હતા. એમાં તેમણે બંને આંખો ગુમાવી હતી. પરંતુ તે હિંમત હાર્યા નહિ. ખૂબ પુરુષાર્થ કરીને મહાપંડિત બન્યા હતા. તેમના નાનકડા આશ્રમમાં તેઓ શિષ્યોને ઋષિપ્રણીત ગ્રંથો જ શીખવતા હતા. એ ધ્યાનપરાયણ સંન્યાસી તેમના પ્રખર પાંડિત્ય માટે સુપ્રસિદ્ધ હતા.

દયાનંદે એમની ખ્યાતિ સાંભળી હતી. તેઓ એમના દર્શન માટે આતુર હતા.

સંવત ૧૯૧૭ના કારતક સુદ બીજને દિવસે દયાનંદ એમને દ્વારે આવીને ઊભા રહ્યા. ૮૧ વર્ષના વયોવૃદ્ધ વિરજાનંદજીએ તેમને કહ્યું :

'દયાનંદ, તું અત્યાર સુધી અનાર્ય ગ્રંથો ભણ્યો છે. તારે મારી પાસે ભણવું હોય તો એ બધા ગ્રંથોને ખાડામાં નાખી દે. મારી પાસે તો ઋષિપ્રણીત ગ્રંથોનો જ અભ્યાસ થઈ શકશે. અને દયાનન્દ, તું તો સંન્યાસી છે. તારા ભોજન વગેરે માટે અહીં કોઈ ગોઠવણ નથી એ બાબતની નિશ્ચિતતા વિના ભણાય નહિ. માટે જા.'

પરંતુ આ શિષ્ય આમ ચાલ્યો જાય એવો ન હતો. દયાનંદજીએ વિનયપૂર્વક કહ્યું :

'ગુરુજી, આ અનાર્ય ગ્રંથો તો મેં ફેંકી જ દીધા. ભોજન વગેરેની વ્યવસ્થા હું કરી લઈશ. આપ મને વિદ્યાદાન આપો.'

વિરજાનંદજી આ ચોત્રીસ વરસના શિષ્યનો ભારે ઉત્સાહ અને ઉત્કંઠા જોઈને મનમાં પ્રસન્ન થયા. તેમણે શહેરમાં ફાળો ઉઘરાવી દયાનંદજી માટે રૂ. ૩૧) ખરચીને મહાભાષ્યની પ્રત મેળવી આપી.

દયાનંદજીનો અભ્યાસ શરૂ થઈ ગયો. શરૂઆતના દિવસોમાં તેમને ભોજનની અગવડ પડવા માંડી. ઉપવાસ પણ કરવા પડતા. પરંતુ અભ્યાસમાં જરાયે કચાશ તેઓ આવવા દેતા ન હતા. આગળ જતાં મથુરામાં રહેતા એક ગુજરાતી સજ્જન અમરતલાલે એમને ભોજન તથા ગ્રંથ વગેરેની બાબતમાં સહાય કરી નિશ્ચિત કર્યા. રહેવા માટે લક્ષ્મીનારાયણના મંદિરમાં એક નાનકડી કોટડી મેળવી લીધી હતી. એ એટલી સાંકડી હતી કે, સ્વામીજી મોકળાશથી પોતાના પગ પણ પસારી શકતા ન હતા !

સ્વામીજી ગુરુજીની સેવા પણ નિષ્ઠાપૂર્વક કરતા. તેમને માટે દયાનંદ રોજ જમના નદીમાંથી વીસ વીસ ઘડા પાણી લઈ આવતા. ગુરુસેવામાં ટાઢતડકો કશાની પણ પરવા કરતા નહિ.

એક વાર ગુરુજીએ આપેલો પાઠ દયાનંદ ભૂલી ગયા. ગુરુ વિરજાનન્દજીનો નિયમ હતો કે, એક પાઠ બીજી વાર શીખવવો નહિ. એટલે ગુરુજી ચિડાઈને બોલ્યા :

'ન આવડે તો જમનાજીમાં ડૂબી મર ! હું ફરી પાઠ નહિ જ આપું.'

દયાનંદે પોતાની સ્મરણશક્તિને ખૂબ ખૂબ કસી. પણ કેમે કર્યો પેલો પાઠ યાદ આવ્યો જ નહિ ! છેવટે તેમણે જમનાજીમાં ઝંપલાવી

દેવાનું નક્કી કર્યું. ત્યાં તો રાતે સ્વપ્નમાં પેલા ભુલાઈ ગયેલા પાઠનું કોઈ વ્યક્તિએ સ્મરણ કરાવ્યું !

આમ પાઠ યાદ આવતાં દયાનંદ ગુરુજી પાસે દોડી ગયા. દયાનંદની વાત સાંભળીને ગુરુજી ખૂબ આનન્દ પામ્યા. શિષ્યને વહાલથી ભેટીને તેમણે શુભ આશીર્વાદ આપ્યા.

દયાનન્દ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળતા હતા. ગુરુજીના ગુરુકુળમાં તેઓ અઢી વરસ રહ્યા. પણ તેમણે સ્ત્રીઓ ભણી આંખ માંડી ન હતી. તેઓ હંમેશાં નીચું જોઈને ચાલતા હતા.

એક દિવસ સ્વામીજી જમનાજીમાં સ્નાન કરી પદ્માસન વાળીને ધ્યાનમાં બેઠા હતા. તેવામાં કોઈ ભક્તિશીલ સાધ્વી બાઈએ આવીને સ્વામીજીની ચરણરજ લઈ એમને નમસ્કાર કર્યા.

અચાનક સ્પર્શ થતાં સ્વામીજી સફાળા જાગી ગયા. જુએ તો કોઈ સાધ્વી સ્ત્રી મસ્તક નમાવી નમસ્કાર કરી રહી છે! સ્વામીજી તરત જ ઊભા થઈ ગયા. 'માઈ! માઈ!' કહેતાં તે નિર્જન એકાંતમાં જતા રહ્યા.

ત્યાં ત્રણ દિવસ ઉપવાસ કરી ધ્યાન–પરાયણ રહીને અજાણતાં થઈ ગયેલા સ્ત્રીસ્પર્શનું સ્વામીજીએ પ્રાયશ્ચિત્ત કર્યું. ચોથે દિવસે ગુરુજી પાસે અધ્યયન કરવા બેઠા.

ગુરુજીએ નવાઈ પામી પૂછયું :

'અલ્યા દયાનન્દ, આટલા દિવસ તું ક્યાં ગયો હતો?'

દયાનન્દજીએ બધી વાત ગુરુજીને કહી. વયોવૃદ્ધ વિરજાનન્દજી એ સાંભળીને ખૂબ હર્ષ પામ્યા.

વિરજાનન્દજી ખૂબ કડક ગુરુજી હતા. આમ ભલે પ્રેમાળ હતા, પણ ભણાવતી વખતે વજ્રકઠોર બની જતા. એમની પાસે કાચાપોચા વિદ્યાર્થીનું કામ જ નહિ.

એક વખત વિરજાનંદજી દયાનંદ પર ખૂબ તપી ગયા. આવેશમાં આવી જઈ તેમણે દયાનંદના હાથ પર જોરથી દંડો ફટકારી દીધો.

દયાનન્દ સ્વસ્થતાથી બોલી ઊઠયા :

'ગુરુદેવ, હું તો ખૂબ કઠોર છું. મને મારતાં આપના કોમળ હાથને કષ્ટ થશે.'

આ દંડાનો ઘા દયાનંદજીને ઠેઠ સુધી રહ્યો હતો. એને જોતાં જ એમના મનમાં ગુરુજીના અગણિત ઉપકારોનાં સ્મરણો ઊભરાઈ આવતાં.

દયાનંદજીના સાથીઓમાં એક નયનસુખ નામનો તેજસ્વી જુવાન હતો. એક વાર ગુરુજી દયાનંદજી પર ચિડાઈ ગયા. તેઓ ફરીથી દયાનંદજીને લાઠી નો ઝપાટો લગાવી બેઠા।

દયાનંદજી તો જાણે કશું બન્યું જ નથી, એમ પોતાનો પાઠ કરવા મંડી પડયા. પણ નયનસુખથી રહેવાયું નહિ. તેણે એકલા જઈને વિરંજા-નંદજીને કહ્યું :

'ગુરુજી, આ દયાનંદ કંઈ અમારા જેવો ગૃહસ્થ નથી. એ તો સંન્યાસી છે. આપ એમને ગમે તેવું કહો અને ગમે તેમ મારો એ બરાબર નથી.'

વિરજાનંદજી બોલ્યા :

'બરાબર છે. હવે હું એને માન ને પ્રતિષ્ઠા સાથે ભણાવીશ.'

આ વાતની દયાનંદજીને જાણ થઈ. એટલે તેમણે નયનસુખને કહ્યું :

'ભાઈ, આ તેં શું કર્યું ? તેં ગુરુજીને શા માટે આમ કહ્યું ? જોને ભાઈ, કુંભાર માટીને ટીપીટીપીને જ ઘાટ ઘડે છે ને ? તેમ જ ગુરુજી પણ મને ઘડી રહ્યા છે. મારું કલ્યાણ એ જ એમની મહેચ્છા છે.'

વાત પણ સાચી છે. વિરજાનંદજી દયાનંદ ઉપર ખૂબ જ પ્રસન્ન હતા. ભણવાની એમની ઉત્કટ તમન્ના જોઈને મુગ્ધ બની જઈ તેઓ કહેતા :

'દયાનંદ, આ જ સુધીમાં મેં અનેકને ભણાવ્યા છે. પણ તારા જેવો વિદ્યાર્થી મને મળ્યો નથી. તને ભણાવવામાં મને જે રસ અને આનંદ મળ્યા છે, તે બીજા કોઈને ભણાવવામાં મળ્યાં નથી.'

એટલે આવા લાયક શિષ્યને પ્રજ્ઞાચક્ષુ ગુરુજીએ પોતાની પાસેની બધી જ વિદ્યાઓ અર્પણ કરી દીધી.

વિદ્યાકાળ પૂરો થતાં દયાનંદ ગુરુજી પાસે વિદાય લેવા–તેમના આશીર્વાદ લેવા ગયા. તે વખતે ગુરુજીએ કેવી અદ્‌ભુત ગુરુદક્ષિણા માગી, એ આપણે શરૂઆતમાં જોઈ ગયા.

ગુરુજીની મહેચ્છા ભારે વસમી હતી. કોઈ સાધારણ શિષ્યનાં તો આ શબ્દો સાંભળીને ગાત્રો શિથિલ થઈ ગયાં હોત. પરંતુ દયાનંદ તો જુદી જ માટીના હતા. એમનો વેલો જ જુદો. ગુરુજી પણ એમને પારખી ગયા હતા. તેથી જ એમણે દયાનંદ પાસે ભારે ગુરુદક્ષિણા માગી.

ગુરુજીને ભક્તિભાવપૂર્વક પ્રણામ કરી એ મહાન જ્યોતિર્ધર ગુરુજીની વિદાય લઈને નીકળી પડ્યા. તેમના કાનમાં ગુરુદેવના શબ્દો ગુંજતા હતા :

'...વત્સ, મારે દ્રવ્ય કે બીજી કોઈ વસ્તુ ગુરુદક્ષિણા તરીકે ન ખપે.

'હું તો તારું સમગ્ર જીવન માગું છું.

'મને વચન આપ કે, જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી આર્યાવર્તમાં પ્રાચીન વિદ્યાની યશગાથા ગાવામાં જ જીવન વ્યતીત કરીશ.

ભારતવર્ષમાં વેદ–ધર્મની પ્રતિષ્ઠા ઉચ્ચ પીઠિકા પર કરવાના વ્રતપાલન કાજે જરૂર પડશે, તો મૃત્યુને પણ વહાલું ગણીશ.'

## માથું હાથમાં લઈને ઘૂમી વળ્યા

ગુરુવર્ય વિરજાનંદજીના આશીર્વાદ લઈ સ્વામી દયાનંદ સરસ્વતી સાંસ્કૃતિક નવજાગૃતિના મશાલચી બની આખા ભારતદેશમાં ઠેર ઠેર ઘૂમવા લાગ્યા. મૂર્તિપૂજા સામે તેમણે પ્રચંડ ખંડનાત્મક ઝુંબેશ ઉઠાવી. સનાતની પંડિતો, સાધુ–મહંતો, જનસમાજ એનાથી ખળભળી ઊઠ્યા. વરસોજૂની મૂર્તિપૂજા તરફની ભારતીય ધર્મનીતિ ઉપર આવો કુઠારાઘાત થાય, એ સનાતનીઓ શાના સહન કરે ? તેઓ બધા દયાનંદજી સામે પોતાનો ઉગ્ર વિરોધ દર્શાવવા લાગ્યા.

પરંતુ દયાનંદજી તો નિર્ભયતાની મૂર્તિ હતા. તેમણે તો આ પ્રચંડ વાવંટોળ સામે થઈને અનેક વાદવિવાદો અને શાસ્ત્રાર્થો કરીને તથા ઠેર ઠેર પ્રવચનો કરીને ભારે ભારે ખળભળાટ મચાવી મૂક્યો. એ આખો પ્રવાસ-કાળ રોમાંચકારી છે. અહીં કેટલાક પ્રસંગો જ લઈએ.

સ્વામી દયાનન્દજી કર્ણવાસ નામના સ્થળે આવ્યા હતા. ત્યાં પંડિત હરિવલ્લભ નામનો એક સમર્થ પંડિત હતો. ઋગ્વેદ અને યજુર્વેદ તેને મોઢે હતા. કેટલાક પંડિતોને લઈને તે દયાનંદજી પાસે આવ્યો. સભાની વચ્ચે તેણે શાલિગ્રામ, બાલમુકુંદ અને શંખચક્ર વગેરે મૂક્યાં અને જાહેરમાં જોરથી પ્રતિજ્ઞા કરી :

'આજે દયાનંદને સજ્જડ હરાવીને તેની પાસે ઠાકોરજીને ભોગ ધરાવું ત્યારે ખરો ! '

લાગલાગટ છ દિવસ સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો. એમાં એક દિવસ તો નવ કલાક સુધી અવિરામ ગરમાગરમ ચર્ચા ચાલી. આખરે પંડિતજી હાર્યા અને બોલ્યા :

'સ્વામીજી જે કાંઈ કહે છે, તે સત્ય અને પ્રમાણિક છે. એમની વિદ્યા અગાધ છે. એમનું શાસ્ત્રાનુશીલન અપાર છે.'

આમ કહી પંડિતજીએ પેલી બધી મૂર્તિઓને પાસે વહેતી ગંગાજીમાં પધરાવી દીધી અને ખાલી પડેલા સિંહાસન ઉપર તેમણે વેદગ્રંથોની સ્થાપના કરી.

◻

સોરો નામના સ્થળે એક પહેલવાન જાટ કાંધ ઉપર મોટી ડાંગ રાખી સ્વામીજી પાસે આવ્યો. તે ઘાંટા પાડતો બોલ્યો :

'એય સાધુડા, તું ઠાકોરપૂજાનું ખંડન કરે છે અને દેવદેવીઓની નિંદા કરે છે કેમ ? આજે તો તને સીધોદોર કરી દઉં. બોલ જોઉં, તને મારી આ ડાંગ ક્યાં ફટકારું કે તારો અધ્યાય પૂરો થઈ જાય ? '

સ્વામી દયાનંદજીએ શાંત સ્વસ્થ અવાજે કહ્યું :

'ભાઈ, મારા માથા પર જ ફટકારજે. એ મસ્તકમાં જ આવા બધા વિચારો જાગે છે.'

સ્વામીજીની આવી નિર્ભયતા અને શાંતિ જોઈને પેલા પહેલવાનનો બધો જુસ્સો કયાં ને કયાં ગાયબ થઈ ગયો. તે સ્વામીજીનાં ચરણમાં પડીને રડતો રડતો બોલ્યો :

'સ્વામીજી, મને માફ કરો. હું ભાન ભૂલ્યો હતો !'

સ્વામીજીએ તેને આશ્વાસન આપતાં પ્રેમથી કહ્યું :

'ભાઈ, રડ નહિ. તેં મને માર્યો હોત, તોય શું થઈ જાત ? જા, ઈશ્વર તને સાચો માર્ગ બતાવે !'

◘

એક વાર ગંગાસ્નાન વેળાએ સંવત ૧૯૨૫ના જેઠ માસમાં સ્વામીજી પાસે બસૈલીના જાણીતા રાવ કર્ણસિંહજી આવ્યા હતા. મૂર્તિપૂજા વિરુદ્ધના સ્વામીજીના પ્રવચનથી તે ખૂબ ઉશ્કેરાઈ ગયા. તે સ્વામીજી સાથે ગરમાગરમ બકવાદ કરવા લાગ્યા. સ્વામીજીએ ધીમેથી પૂછ્યું :

'રાવ મહાશય ! આપના કપાળમાં આ શું તાણ્યું છે ?'

રાવસાહેબ સ્વામીજીના આવા પ્રશ્નથી ધૂંધવાઈને કહે :

'એ તો શ્રી છે. જે એને ધારણ કરતો નથી, તે માણસ ચાંડાળ છે.

સ્વામીજીએ એટલી જ શાંતિથી બીજો સવાલ પૂછ્યો :

'ત્યારે આપ કયારના વૈષ્ણવ થયા છો ?'

રાવસાહેબે જવાબ આપ્યો :

'હમણાંના જ.'

સ્વામીજીએ આગળ સવાલ કર્યો :

'અચ્છા, તો આપના પિતા પણ વૈષ્ણવ સંપ્રદાયના જ હતા કે ?'

રાવસાહેબ કહે :

'ના, ના. તેઓ નહોતા.'

એટલે સ્વામીજીએ સપાટો લગાવ્યો :

'તો તો આપના કહેવા પ્રમાણે આપના પિતા અને થોડાં વરસો પહેલાં આપ પણ ચાંડાળ સિદ્ધ થઈ જાઓ છો!'

રાવસાહેબ આ સાંભળી બરાડી ઊઠ્યા :

'એય બાવા, મોં સંભાળીને બોલ!'

એટલામાં રાવસાહેબના માણસો હથિયાર સાબદાં કરવા લાગી ગયા. ત્યાં ભેગા થયેલા શ્રોતાજનો મામલો તંગ થતો જોઈને ગભરાઈ ગયા.

એટલે સ્વામી દયાનંદજી બોલ્યા :

'તમે બધા શા માટે ડરો છો? મારી રક્ષા કરનાર ઈશ્વર છે. તમે કોઈ વાતની ચિંતા કરશો નહિ. મેં જે કાંઈ કહ્યું છે તે સત્ય જ કહ્યું છે.'

આ સાંભળીને રાવસાહેબ ધૂંઆપૂંઆ થઈ ગયા. તે એલફેલ બોલવા મંડી પડ્યા.

એટલે સ્વામી દયાનંદજી બોલ્યા :

'રાવસાહેબ, જો તમારે શાસ્ત્રાર્થ કરાવવો હોય, તો તમે વૃંદાવનથી રંગાચાર્યને બોલાવો.'

ત્યાં તો રાવસાહેબ ઉદ્ધતાઈથી બોલી ઊઠ્યા :

'અરે! કર્યા શાસ્ત્રાર્થ તેં રંગાચાર્યજી સાથે! તારા જેવા તો કંઈ એમના જોડા સાફ કરે છે!'

આટલું કહી રાવસાહેબ વારંવાર પોતાની તલવારની મૂઠ ઉપર હાથ મૂકવા લાગ્યા.

એટલે સ્વામીજીએ પડકાર કર્યો :

'જુઓ, શાસ્ત્રાર્થ કરાવવો હોય, તો તમારા ગુરુ રંગાચાર્યને બોલાવો અને તમારે શસ્ત્રાર્થ કરવો હોય, તો શા માટે એક સંન્યાસી સામે કેડ બાંધવા નીકળ્યા છો? જાઓને જયપુર-જોધપુર સામે!'

ત્યાં તો રાવસાહેબ ઉશ્કેરાઈને તલવારનો ઘા કરવા સ્વામીજી ઉપર ધસી આવ્યા.

સ્વામીજીએ એક વાર તો એમને હડસેલો મારી ખસેડી નાખ્યા. પણ તે પાછા સ્વામીજી તરફ ધસ્યા. એટલે સ્વામીજીએ ઝટ દઈને એમની તલવાર ઝૂંટવી લીધી !

પછી સ્વામીજીએ તલવારને મૂઠેથી પકડીને જમીન પર એવા જોરથી દબાવી કે, તલવારના બે કટકા થઈ ગયા !

આ જોઈને રાવસાહેબનું મોં પડી ગયું. જાણે એમને મૂર્ચ્છા આવી ગઈ. માંડ માંડ તે પડતા પડતા બચી ગયા.

ત્યાં તો સ્વામીજીએ શાંત અવાજે મીઠાશથી કહ્યું :

'ભાઈ, હું તો સંન્યાસી છું. તમે અત્યાચાર કર્યો છે. તેથી હું ગુસ્સે થઈ ન શકું. હું તમારું કદી ભૂંડું ઇચ્છું નહિ. જાઓ, ઈશ્વર તમને સન્મતિ આપો !'

ત્યાં ભેગા થયેલા લોકોએ સ્વામીજીને કહ્યું :

'સ્વામીજી, આવાને તો બરોબર પાઠ શીખવવો રહ્યો. એના ઉપર કેસ કરવો જોઈએ. એની બધી તોરી ઉતારી નાખવી જોઈએ. આપ રજા આપો એટલી જ વાર.'

સ્વામી દયાનંદજી સહજ ભાવે બોલ્યા :

'ના, ભાઈઓ, આપણાથી એવું ન થાય. એણે ભલે ક્ષત્રિયત્વ છોડ્યું, પણ મારાથી મારું બ્રાહ્મણત્વ ન જ છોડાય. આપણાથી આપણો ધર્મ ન છોડાય. એને સાચવીએ તો જ તે આપણને સાચવે. એને મારીએ તો એ આપણને મારી જ નાખે !'

અને સ્વામીજીની ધર્મ-ભાવનાને પણ સમજવા જેવી છે. માનવ-પ્રેમ એ જ પ્રભુ-પ્રેમ. તેમનું દિલ તો ઝંખતું હતું :

'कामये दुःखतप्तानां प्राणीनां आर्तीनाशनम् ।'

—'છે કામના એક ખપી જવાની,
પીડિતનાં દુઃખ નિવારવામાં.'

એક વાર એક વયોવૃદ્ધ સાધુએ સ્વામીજીને કહ્યું :

'આપ તો મહાન ત્યાગી પરમહંસ છો. તમે આવી ખંડનમંડનની જાળમાં ક્યાં અટવાઈ પડ્યા ! નિર્લેપ થઈ જાઓ.'

એ સાંભળીને સ્વામી દયાનંદે પોતાના દિલની ભાવના વ્યક્ત કરતાં કહ્યું :

'મહારાજ, એમ કરવા છતાં હું નિર્લેપ જ છું. તમે મને નિવૃત્તિ લેવાનું કહો છો. પણ માનવ-પ્રેમથી પ્રેરિત થઈ સૌએ કંઈ ને કંઈ પ્રવૃત્તિ કરવી જ રહી.'

એટલે સાધુ બોલ્યા :

'અરે, આ માનવ-પ્રેમની ઝંઝટ છોડો ! આત્મા સાથે પ્રેમ કરો, મહારાજ !'

ત્યાં તો સ્વામીજી પોતાના મનની વાત રજૂ કરતા બોલી ઊઠ્યા :

'સાધુબાબા, તમે આત્માને સર્વમાં રહેલો માનો છો. પણ તમે મહાન આત્મા સાથે પ્રેમ જ કરતા નથી. તમને તો તમારી ભિક્ષાની ચિંતા છે અને લંગોટીને ઊજળી રાખવાની પડી છે. પણ તમે કદી આ વિચાર કર્યો જ નથી.

'આપણા દેશના લાખો માણસો રાતદિવસ ભૂખ અને તરસની ભડભડતી ચિતા ઉપર સૂઈ રહ્યા છે; તેમને પહેરવાને એક લંગોટી સરખું ચીંથરું પણ નથી. પશુની જેમ તેઓ કાદવકીચડમાં દિવસ કાઢે છે અને કોઈ તેમને સહાયની આંગળી સરખી આપતું નથી ! લાખો માણસો રસ્તા પર રડવડતાં પ્રાણ મૂકે છે. પણ કોઈ એમની ભાળ લેવા નીકળતું નથી.

'સાધુમહારાજ, તમે આત્મા સાથે-વિરાટ આત્મા સાથે પ્રેમ કરતા હો, તો આ સૌને તમારે તમારા આત્મારૂપ ગણી અપનાવવા પડશે. આપણી ભૂખ ભાંગતાં અને તરસ છિપાવતાં પહેલાં આપણે એ લાખો ને કરોડોની ચિંતા કરવી પડશે.

'પરમાત્માનો સાચો પ્રેમી કોઈની ઘૃણા કરતો નથી. તે ઊંચનીચના ભેદભાવોને તિલાંજલિ આપે છે. તે પુરુષાર્થથી બીજાનાં દુ:ખ કાપે છે;

કષ્ટ–કલેશ દૂર કરે છે. જેટલું તે પોતાને માટે કરે છે, તેટલું એ બીજા માટે કરે છે. આવો જ્ઞાની જ આત્મપ્રેમી છે.'

◘

એક વખત સ્વામીજીને તાવ આવ્યો હતો. છતાં પોતાના નિત્ય-નિયમમાંથી તેઓ જરાય ચળ્યા નહિ. વ્યાખ્યાનનો સમય થયો અને ભક્તોએ સ્વામીજીને કહ્યું :

'ભગવન્, આપને આજે તાવ છે, તો વ્યાખ્યાન બંધ રાખો.'

સ્વામીજી એ સાંભળીને બોલ્યા :

'તાવ તાવનું કામ કરે છે અને હું મારું.'

એમ કહીને સ્વામીજી ઊઠયા અને સભાસ્થાને જઈને વ્યાખ્યાન આપવા લાગ્યા.

વ્યાખ્યાન પછી એક સાધુમહાત્માએ સ્વામીજીને સદ્ભાવથી પ્રેરાઈને કહ્યું :

'તમે નિવૃત્તિમાર્ગ ઉપર સ્થિર થયા હોત અને આ બધા પરોપ-કારના ઝઘડામાં ન પડ્યા હોત, તો તમને આ જન્મમાં જ મુક્તિ મળી ચૂકી હોત.'

સ્વામીજીએ શાંતિથી જવાબ આપ્યો :

'મહાત્માજી, મને મારી મુક્તિની ફિકર નથી.

'મને તો આ દેશનાં લાખો મનુષ્યની મુક્તિની ચિંતા છે. એમની મુક્તિ થઈ જાય, તો બસ.

'પછી ભલે મારે અનેક જન્મો ધારણ કરવા પડે.'

'પરમ પિતા પરમેશ્વરના પુત્રોને દુઃખો, ત્રાસ, દીનદશા અને દુર્બળતા-માંથી મુક્તિ અપાવીશ, એટલે મારી આપોઆપ મુક્તિ થઈ જશે.'

## કંગાળ ભારતનું દર્શન

સ્વામી દયાનંદજીને આ યાત્રા દરમિયાન ભારતની કંગાળ દરિદ્રતાનું હૃદયદ્રાવક દર્શન થયું હતું.

એક દિવસ સ્વામીજી ગંગાજીના પવિત્ર તીરે બેસીને ધ્યાન કરતા હતા. તે વખતે એક ગરીબ માતા પોતાના મરી ગયેલા બાળકના મૃતદેહને ગંગાજીમાં પધરાવવા આવી. તે મૂગું રુદન કરી રહી હતી. ખૂબ દુઃખી દિલે માતાએ વહાલાસોયા મૃત બાળકને ગંગામૈયાની ગોદમાં તરતું મૂકી દીધું.

પરંતુ એ માતાએ મૃત બાળકને ગંગાજીમાં પધરાવતાં પહેલાં તેના શરીર પરનું વસ્ત્ર કાઢી લીધું અને પોતાના મીઠડા બાળકના દેહને વસ્ત્રવિહીન દશામાં ગંગાજીમાં વહેતો મૂકયો! પછી તે રડતી રડતી પાછી ફરી.

આવું કરુણ દશ્ય જોઈને સ્વામી દયાનંદજીનું હૈયું દ્રવી ઊઠયું. તેઓ ઊંડા વિચારમાં ડૂબી ગયા :

'અરેરે! જે દેશમાં આવી માતાને પોતાના પ્યારા બચ્ચાને આખરી મજલે પહોંચાડતી વખતે એના શરીર પર ઓઢાડેલું એક કપડું સુદ્ધાં ખેંચી લેવું પડે એવી ભીષણ ગરીબી છે, ત્યાં કેવળ પોતાના જ આત્માની ઉન્નતિ માટે સાધના કરવી એ નર્યો સ્વાર્થ જ છે. આ દુઃખનિવારણનો ઉપાય શોધવો જ રહ્યો. દેશને આ કારમી અવદશામાંથી ઉગારી લેવા બનતો પ્રયત્ન કરવો જ રહ્યો.'

એટલે જ સ્વામી દયાનંદજી માત્ર ધર્મધુરંધર નહિ, પણ પ્રખર સમાજસુધારક તરીકે પણ જનસમાજમાં ઘૂમતા રહ્યા.

## બ્રહ્મચર્યના ચમકારા

સ્વામી દયાનંદજી બ્રહ્મચર્યને ખૂબ મહત્ત્વ આપતા હતા. બ્રહ્મચર્ય પાળવા માટે તેમણે ભારે સાધના કરી હતી.

મીરતમાં સ્વામીજીએ ગંગારામ નામના પોતાના એક ભક્તને અભ્રકભસ્મનું વિધાન પ્રત્યક્ષ પ્રયોગ કરીને શીખવ્યું. એ જોઈને આશ્ચર્ય પામી ગંગારામે સ્વામી દયાનંદજીને કહ્યું :

'મહારાજશ્રી, અભ્રક તો વાજીકરણ ઔષધ છે. અભ્રક ખાવા છતાં આપ કેવી રીતે ઇન્દ્રિયવિજય મેળવી રહ્યા છો?'

સ્વામીજીએ ધીર ગંભીર અવાજે કહ્યું :

'ભાઈ, કામવાસના જીતવા માટે આ વિધાન છે. એકાંત સ્થાનમાં રહેવું, નાચરંગ કદી ન જોવા, અનુચિત સ્વરૂપ ન જોવું, અનુચિત શબ્દ ન સાંભળવો અને અનુચિત વસ્તુઓનું સ્મરણ ન કરવું; સ્ત્રીઓ સામે જોવું નહિ. નિયમપૂર્વક જીવન ગાળવું : આ બધાં સાધનોથી વાસના મંદ પડી જાય છે,

'પરંતુ માણસ વાસના તૃપ્ત કરવા જે કરે છે, તેનાથી તો વાસના વધે છે, પણ શાંત થતી નથી. આથી વિષયવાસનાનું ચિંતન પણ ચિત્તમાં ન કરવું.

'જિતેન્દ્રિય થવાની અભિલાષા સેવનારે રાતદિવસ પ્રણવનો જપ કરવો. રાતે જપ કરતાં આળસ વધી જાય, તો બે કલાક ઊંઘ લઈને ફરી ઊઠવું ને જપ કરવો. અતિનિદ્રાથી વધારે સ્વપ્નાં આવે છે. બ્રહ્મચર્ય પાળનાર માટે એ અનિષ્ટ છે. આમ, જપ વગેરે સાધનોથી કામવાસના જીતી શકાય છે.'

સ્વામીજીનો યોગાભ્યાસ એમના આવા તપની પ્રસાદીરૂપ હતો. હિમ પડ્યું હોય, પાણી જામી ગયું હોય અને અંગોપાંગને વીંધી નાખતી ઠંડી સુસવાતી હોય, તોપણ દયાનંદજી માત્ર એક કૌપીનભેર ગંગાની ઠંડી રેતીમાં પદ્માસન લગાવી બેસી રહેતા હતા!

સ્વામીજી ધ્યાનમાં લીન હોય, ત્યારે કોઈ ભક્તજન એમને કામળી ઓઢાડી જતું, તો તે કાઢી નાખતા.

એક વાર એમના એક ભકત ગોપાળસિંહજીએ દયાનંદજીને પૂછ્યું :

'મહારાજશ્રી, આવી ભયંકર ઠંડીમાં અમે તો ધ્રુજી રહ્યા છીએ. અમારા દાંત કચકચે છે. પરંતુ આપને તો આમાંની જરાયે અસર લાગતી નથી! એનું કારણ શું?'

સ્વામી દયાનંદજી સ્મિત ફરકાવતા બોલ્યા :

'એ તો બ્રહ્મચર્ય અને યોગાભ્યાસનો પ્રતાપ છે.'

એક વાર સ્વામી દયાનંદજી રાવલપિંડી ગયા હતા. ત્યાંના સરદાર વિક્રમસિંહે વાત વાતમાં સ્વામીજીને કહ્યું :

'મહારાજ, આપ બ્રહ્મચારી છો. પણ અમે આપનામાં કંઈ વિશેષ બળ જોયું નહિ.'

સ્વામીજીએ તે વખતે તો કોઈ જવાબ આપ્યો નહિ. પછી વિક્રમસિંહજી ઘોડાગાડીમાં બેસી ઘેર જવા-નીકળ્યા. પણ એમના ઘોડા એક ડગલું પણ ચસક્યા નહિ! સરદારે ચાબુકો મારી પણ ઘોડાઓ જરાય ખસ્યા નહિ!

ત્યાં તો સરદારે પાછળ જોયું, તો સ્વામી દયાનંદજી ગાડીને પાછળથી પકડીને ઊભા હતા. સ્વામીજીએ ગાડી છોડી દીધી અને કહ્યું :

'બ્રહ્મચર્યના બળનું પ્રમાણ તમને મળી ગયું ને?'

## સ્વામીજીની નિર્ભયતા

સ્વામીજી હિંદુધર્મનું પણ રક્ષણ કરવા માગતા હતા. તેથી ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ દ્વારા વટાળપદ્ધતિ ઠેર ઠેર ચાલી રહી હતી, એનો તેઓ છડેચોક વિરોધ કરતા હતા.

એક વાર આ અંગે શૂલબ્રેડ નામના પાદરી સાથે તેઓ ચર્ચામાં ઊતર્યા હતા. પેલા પાદરીએ ખ્રિસ્તી ધર્મ વિરુદ્ધની સ્વામીજીની વાતો સાંભળીને ગુસ્સે થઈને કહ્યું :

'આવી વાતો કરશો, તો તમારે જેલ ભેગા થવું પડશે. ખબર છે તમારા ઉપર કોનું શાસન છે?'

એ સાંભળીને સ્વામી દયાનંદજી બોલ્યા :

'સત્ય માટે કારાવાસ સેવવો, એ કોઈ રીતે શરમાવા જેવું નથી. ધર્મના માર્ગ ઉપર ચડી હું આવી વાતોથી તદ્દન નિર્ભય છું. મારા વિરોધીઓ પોતાનું જોર ચલાવી ભલે મને કષ્ટમાં નાખે. એ કષ્ટ સહન કરતાં મને મનમાં જરાયે દુઃખ નહિ થાય.

'હું વિરોધીઓનું બૂરું તો ક્યારેય ન ઇચ્છું. પાદરીસાહેબ, લોકોનો ડરાવ્યો હું સત્ય છોડી દઉં એમ નથી. જુઓને, લોકોએ જ સત્યનિષ્ઠ ઈશુને ફાંસી પર લટકાવી દીધા હતા ને!'

એક વખત હરિગોપાળ નામના શાસ્ત્રી સાથે દયાનંદજીનો શાસ્ત્રાર્થ થયો. એમાં શાસ્ત્રી હારી ગયો. એટલે તેણે સ્વામીજી પર વેર વાળવા ગુંડાઓને ઉશ્કેર્યા.

આ વાતની સ્વામીજીના ભક્ત સજ્જન લાલા જગન્નાથને જાણ થઈ ગઈ. એટલે તેમણે સ્વામીજીને ચેતવવા કહ્યું :

'સ્વામીજી, અહીંના કેટલાક ખરાબ માણસો આપણા પર હુમલો કરવાની પેરવી કરી રહ્યા છે. માટે કૃપા કરી આપ ઘરની અંદરના ભાગમાં સૂવા–બેસવાનું રાખો. અમે બરોબર સાબદા રહીશું.'

એ સાંભળીને સ્વામીજીએ કહ્યું :

'ભાઈ, અહીં તો તમે બધા મારી રક્ષા કરશો, પણ બીજે કોણ રક્ષા કરશે? જુઓ, પરમાત્મા જ સર્વત્ર મારી રક્ષા કરે છે. આથી હું હંમેશાં નિર્ભય રહું છું.'

સંવત ૧૯૨૬ના કારતક માસમાં કાશીમાં સ્વામીજી અને વિશુદ્ધાનંદ વગેરે અઠ્ઠાવીસ પંડિતો વચ્ચે મોટો શાસ્ત્રાર્થ થયો. એ સભામાં ગડબડ અને હુમલાની ભીતિ તો આગળથી હતી જ. એક જણે સ્વામીજીને ચેતાવ્યા. એટલે સ્વામીજી સ્વસ્થતાથી બોલ્યા :

'ભાઈ, ઈશ્વરની આજ્ઞા અનુસાર માણસ સત્યનો ઉપદેશ કરે, તેમાં ભય ક્યાં હોય? સત્પુરુષ ભયભીત થઈ સત્યને કદી છુપાવતો નથી. જીવન જાય તો ભલે જાય, પણ અંતરાત્માના આદેશને–સત્યને શા માટે છોડાય? એક હું છું—આત્મા છું; એક પરમાત્મા છે અને એક ધર્મ છે. પછી બીજા કોઈથીય હું ડરીને ધ્રુજું એમ નથી. ભલે સૌ કોઈ આવે. હું જોઈ લઈશ.'

અને ખરેખર એ સભામાં ખૂબ ધમાલ થઈ. પરંતુ સ્વામીજી અડગ જ રહ્યા.'

રામસ્વામી મિશ્ર મહામહોપાધ્યાય ફાવે તેમ બકવામાં શૂરા હતા. સ્વામીજીને તે કહે :

'તારા જેવા પતિત પુરુષ સાથે દેવવાણીમાં બોલવું, એને હું પાપ સમજું છું. આથી હું દેશભાષામાં જ વાતચીત કરીશ.'

સ્વામીજીએ કહ્યું :

'ભલે, પણ હું સંસ્કૃત શબ્દો વાપરું, તો તમને વાંધો નથી ને?'

એટલે પંડિતે એક શરત મૂકી :

'જો, મારી સાથે આ એક છરી લાવ્યો છું. જે કોઈ શાસ્ત્રાર્થમાં હારશે, તેનું નાક આ છરીથી કાપી નાખવામાં આવશે.'

ત્યારે સ્વામીજીએ પોતાના તરફથી બીજી પણ એક શરત મૂકી :

'ભાઈ, સાથે એક ચપ્પુ પણ રાખજો. જે કોઈ શાસ્ત્રાર્થમાં હારે તેની જીભ એ ચપ્પુથી કાપી નાખવામાં આવશે. બિચારા નાકનો શો ગુનો? ગુનો તો જીભનો જ છે.'

શાસ્ત્રી તો સ્વામીજીની નિર્ભયતા જોઈને ઠંડા જ થઈ ગયા.

## સ્વાજીમીનો ક્ષમાભાવ

ક્ષમા એ વીરનું ભૂષણ ગણાય છે. સ્વામી દયાનંદનો ક્ષમાભાવ પણ એવો જ હતો. જીવ લેવા આવનારને જીવતદાન આપનારા તેઓ મહાન વીર પુરુષ-સંતપુરુષ હતા.

એક દિવસ એક બ્રાહ્મણ અત્યંત વિનય બતાવતો બતાવતો સ્વામી દયાનંદ પાસે આવ્યો. ભક્તિભાવ બતાવી તેણે સ્વામીજીને પાનનું બીડું અર્પણ કર્યું.

સ્વામીજીએ એ બીડું તરત જ મોંમાં મૂકી દીધું. પરંતુ જરાક જુદો સ્વાદ આવતાં એ બીડું ઝેરવાળું લાગ્યું!

એટલે સ્વીમીજી તરત જ ગંગાતટે ચાલ્યા ગયા. ત્યાં બસ્તિ અને નોલીકર્મ કરીને બધું ઝેર કાઢી નાખ્યું. પછી પાછા આવીને સ્વસ્થતાપૂર્વક બેસી ઉપદેશ આપવા લાગ્યા.

પરંતુ ત્યાં ભેગા થયેલા લોકોને આ વાતની ગંધ આવી ગઈ. એ શહેરના તહસીલદાર સર સૈયદ મહમદ તો સ્વામીજીના ભકત જેવા બની ગયા હતા. તેમણે પેલા દગાબાજ બ્રાહ્મણને પકડીને જેલની કોટડીમાં પૂરી દીધો.

પછી સૈયદ મહમદ સ્વામીજી પાસે આવ્યા. એટલે સ્વામીજી તેમનાથી નજર ફેરવીને બેસી ગયા. તેમણે સ્વામીજીને બોલાવ્યા. પણ સ્વામીજીએ કશો જવાબ જ ન આપ્યો.

આ જોઈને ત્યાં બેઠેલા લોકોને બહુ નવાઈ લાગી. સર સૈયદસાહેબે વિનયપૂર્વક તેમને પૂછ્યું :

'આપ મારી ઉપર શા માટે નારાજ થઈ ગયા ?'

સ્વામી દયાનંદજી ગંભીર અવાજે બોલ્યા :

'મેં સાંભળ્યું છે કે, તમે આજે એક માણુસને મારે માટે કેદ કર્યો છે.'

'પણ ભાઈ, હું મનુષ્યોને બંધનમાં નાખવા આવ્યો નથી. હું તો તેઓને બંધનમાંથી છોડાવવાને આવ્યો છું. જો દુષ્ટ માણુસ પોતાની દુષ્ટતા છોડી શકતો નથી, તો હું મારી શ્રેષ્ઠતાને શા સારુ છોડું ?'

સ્વામીજીની આવી ઉદારતાભરી ક્ષમા જોઈને સૈયદસાહેબ મુગ્ધ બની ગયા. તેમણે તરત જ પેલા બ્રાહ્મણુને છોડી મૂકયો.

કાયમગંજ નામના સ્થળે સ્વામીજી એક દિવસ કથા–ઉપદેશ આપતા હતા. એવામાં કાલીનો એક ઉપાસક દારૂ પીને ત્યાં આવીને બેઠો. પહેલાં તો તેણે સ્વામીજીને ખૂબ ગાળો ભાંડી. પરંતુ સ્વામીજીએ તેના તરફ ધ્યાન જ ન આપ્યું. એટલે તેણે ઉશ્કેરાઈને સ્વામીજી ઉપર જોડો ઝીંકયો !

પરંતુ જોડો સ્વામીજી સુધી પહોંચ્યો જ નહિ. સભામાં બેઠેલા બીજા સાધુઓ આ જોઈને ગુસ્સે થઈ ગયા. એ લોકોએ પેલા કાલીભકતને પકડીને મારવા માંડયો.

સ્વામી દયાનંદજી તરત જ બોલી ઊઠયા :

'અરે સાધુજનો, ભલેને એણે આમ કર્યું, પણ મને તો કંઈ વાગ્યું નથી. અને એ જોડો વાગ્યો જ હોત, તોયે શું ? એ કયાં રામબાણ હતું, ભાઈ ! એણે તો અજ્ઞાનથી કર્યું છે. એને છોડી દો.'

કાલી ભકત તો આ જોઈને ભોંઠો પડી ગયો. તે નીચું મોં રાખી ત્યાંથી જતો રહ્યો.

અમૃતસરમાં સ્વામીજી પધાર્યા હતા. તે વખતે ત્યાંની એક પાઠશાળાના શિક્ષકે પોતાના વર્ગના નાના નાના વિદ્યાર્થીઓને ભેગા કરીને કહ્યું :

'હું આજે એક કથામાં જનાર છું. તમે બધા ઝોળીમાં ઈંટરોડાં ભરીને મારી સાથે આવજો. હું જ્યારે નિશાની કરું, ત્યારે તમે એ ઈંટરોડાં કથા કહેનાર ઉપર ફેંકવા માંડજો. આટલું કરશો, એટલે હું તમને બધાને લાડવા ખવડાવીશ.'

અને લાડુ ખાવાની લાલચે છોકરાઓએ સભામાં ઉપદેશ આપતા દયાનંદજી ઉપર ઈંટરોડાંનો વરસાદ વરસાવ્યો. સભામાં ધાંધલ મચી ગઈ.

એવામાં પોલીસો આવી પહોંચ્યા અને છોકરાઓને પકડવા લાગ્યા. આથી છોકરાઓ જોરશોરથી રડારોળ કરવા લાગી ગયા.

સ્વામી દયાનંદજીએ છોકરાઓ પાસે જઈ પૂછ્યું :

'તમે ઈંટરોડાં કેમ રાખ્યાં હતાં ?'

છોકરાઓ રડતા રડતા બોલ્યા :

'મહારાજ, અમારા ગુરુજીએ અમને આ પ્રમાણે કરવાનું કહ્યું હતું. એ કામના બદલામાં એમણે અમને બધાને લાડુ આપવા કહ્યું છે.'

આ સાંભળીને સ્વામીજીએ તરત જ લાડુ મંગાવ્યા. બધા છોકરાઓને લાડુ વહેંચીને તેઓ બોલ્યા :

'બચ્ચાઓ, કદાચ તમારા ગુરુજી તમને લાડુ નયે આપે; પણ લો, એ પહેલાં હું જ તમને લાડુ આપું છું. આવી લાલચમાં કદી ફસાવું નહિ. તમારું કલ્યાણ થાઓ.'

પછી સ્વામીજીએ પોલીસોને કહ્યું :

'આ બચ્ચાંઓ તો નાદાન છે. એમને છોડી દો.'

## આર્યસમાજની સ્થાપના

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ ભારતયાત્રામાં સુધારક પ્રવૃત્તિનું નિરીક્ષણ કર્યું હતું. બ્રહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજની કાર્યપદ્ધતિ એમણે

નિહાળી હતી. એ બધા અનુભવો પરથી સ્વામીજીને લાગ્યું કે, પોતાના જીવન-ધ્યેયને સક્રિય રૂપ આપવા માટે સંસ્થા સ્થાપવાની ખાસ આવશ્યકતા છે.

એ દૃષ્ટિએ મહર્ષિ દયાનંદજીએ તા. ૧૦મી એપ્રિલ ૧૮૭૫માં એટલે સંવત ૧૯૩૨ના ચૈત્ર સુદ પાંચમને દિને મુંબઈમાં ગીરગામ વિસ્તારમાં 'આર્યસમાજ'ની સ્થાપના કરી. તે સમયે એમણે આર્યસમાજના ૨૮ નિયમો ઘડયા હતા. બે વર્ષ પછી એ નિયમોમાં સુધારા-વધારા થયા અને દશ નિયમોની આચારસંહિતા ઘડવામાં આવી :

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨. ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશકિતમાન, ન્યાયી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું-ભણાવવું, સાંભળવું-સંભળાવવું એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્ય ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઈએ.

૫. સર્વ કાર્ય ધર્માનુસાર અથવા સત્ય-અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે. તેથી શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી.

૭. સૌની સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

૯. પ્રત્યેક માણસે પોતાની જ ઉન્નતિથી સંતુષ્ટ રહેવું ન જોઈએ. પરન્તુ સૌની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

૧૦. સૌ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ. અને પ્રત્યેક હિતકારી નિયમ પાળવામાં સ્વતંત્ર રહેવું જોઈએ.

મહર્ષિએ આર્યસમાજની ગીતા સમો એક ગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ' રચ્યો છે, એમાં એમણે પોતાનાં મંતવ્યોને રજૂ કર્યાં છે.

## 'મૃત્યુ મરી ગયું રે લોલ'

એક વાર ઇંદ્રાણી નામના એક પંડિતે સ્વામીજીને કહ્યું :

'આપ તો અવધૂત છો. તો પછી આપ આ ખંડનમંડનના ઝઘડામાં શા માટે ફસાઈ ગયા છો ?'

એ સાંભળીને સ્વામીજી ધીર ગંભીર અવાજે બોલ્યા :

'ભાઈ, મારે માટે આ કામ ઝઘડારૂપે નથી. આ તો હું મારા ઉપરનું ઋષિઋણ ઉતારી રહ્યો છું. ભારત–સંતાનોની દીનહીન દુર્દશા દેખી મારાથી રહેવાતું નથી. મેં તો પ્રતિજ્ઞા કરી છે કે, આ પ્રાણોને ભોગે પણ હું એ સૌને સન્માર્ગ ઉપર લાવવાનો પ્રયત્ન કર્યા જ કરીશ.'

અને આખરે મહર્ષિના એ બોલ સાચા પડ્યા !

મહર્ષિ દયાનંદજી જોધપુર ગયા હતા. જોધપુરના મહારાજા જશવંતસિંહજી એમના પ્રભાવ નીચે આવી રહ્યા હતા. સ્વામીજીના ઉપદેશથી તે સન્માર્ગે વળી રહ્યા હતા. તે વ્યસનો અને વિલાસ તજવા લાગ્યા.

મહારાજાની એક માનીતી વારાંગના હતી. એનું નામ હતું નન્નીજાન. જો મહારાજા ભોગવિલાસ છોડી દે, તો તેનું સ્થાન ટકે નહિ. મહારાજા તેનો પણ ત્યાગ કરે ! એટલે નન્નીજાનને સ્વામીજી કાંટાની માફક ખૂંચવા લાગ્યા. તેણે સ્વામીજીને માર્ગમાંથી દૂર કરવાનો નિર્ધાર કર્યો.

નન્નીજાને સ્વામીજીના રસોઈયા જગન્નાથને જ ફોડ્યો !

સ્વામીજી સૂતી વખતે રોજ રાતે કટોરો ભરીને દૂધ પીતા હતા. ઈ. સ. ૧૮૮૩ના સપ્ટેમ્બરની ૨૯મીની રાતે તેમણે જગન્નાથ પાસે દૂધ માગીને પીધું.

થોડી જ વારમાં સ્વામીજીના પેટમાં ચૂંક અને ખળભળાટ થવા લાગ્યાં. તેઓ સમજી ગયા કે, નક્કી કંઈ દગો થયો છે! બે-એક દિવસ ખૂબ બેચેનીમાં ગયા. સ્વામીજીને ખાતરી થઈ ગઈ કે, હળાહળ ઝેર આપવામાં આવ્યું છે! પરંતુ તેમણે આ વાત કોઈનેય કરી નહિ. કોઈનું અનિષ્ટ સરખુંય વિચાર્યું નહિ.

સ્વામીજીએ જગન્નાથને બોલાવ્યો. જગન્નાથે ડરતાં ડરતાં સ્વામીજીને બધી વાત કહી દીધી.

એ સાંભળીને મહર્ષિ દયાનંદજીએ કહ્યું :

'જગન્નાથ, તારા આ કામથી મારું કાર્ય અધૂરું રહી ગયું! તને ખબર નથી કે, આથી લોકહિતને કેવી ભારે હાનિ થઈ છે! ખેર! વિધાતાનું વિધાન જ એવું હશે. એમાં તારો શો દોષ, ભાઈ?

'લે ભાઈ, મારી પાસે આ થોડા રૂપિયા છે. તું એ લઈ અહીંથી નાસી છૂટ. જોધપુરના મહારાજાને આ વાતની જાણ થશે, તો તે તારા રાઈ રાઈ જેવડા કટકા કરી નાખશે! તું નાસી જ જા. નેપાળમાં સંતાઈ રહેજે. ઝટ કર. ભાગી જા. કોઈને પણ આ વાત કરીશ નહિ.'

જોધપુરથી દયાનંદજી આબુ પહાડ પર ગયા. પણ એમની સ્થિતિમાં કશો ફરક પડ્યો નહિ. ત્યાંથી તેઓ અજમેર ગયા. પણ કશો સુધારો માલૂમ પડ્યો નહિ. ઊલટું તબિયત વધારે ને વધારે કથળતી જતી હતી.

મંગળવાર ને અમાસ આવ્યાં. દિવાળીનો તે દિવસ હતો. નમતા પહોરે સ્વામીજીએ પોતાના ભક્તોને પાસે બોલાવ્યા અને થોડી થોડી વાત કરી. સૌને ઉદ્દેશીને મહર્ષિ દયાનન્દજી બોલ્યા :

'આપણું કર્તવ્યકર્મ આનંદથી કરતા રહેવું. જરાય ગભરાવું નહિ. સંસારમાં સંયોગ અને વિયોગ તો સ્વાભાવિક છે.'

કોઈકે પૂછ્યું : 'ભગવાન, આપની તબિયત કેમ છે?'

સ્વામીજીએ કહ્યું :

'સરસ છે. પ્રકાશ અને અંધકારનો ભાવ છે.'

સાંજે સાડાપાંચ વાગ્યા.

સ્વામીજીએ ઓરડાનાં બધાં બારીબારણાં ખોલાવી નંખાવ્યાં. પોતાની સેવામાં રહેલા મોહનલાલ પંડયાને પૂછ્યું :

'આજે શો પક્ષ છે? શી તિથિ છે? શો વાર છે?'

મોહનલાલે કહ્યું.

'પ્રભુ, આજ પછી કારતક સુદનો આરંભ થાય છે. આજે અમાવાસ્યા દિવાળીનો દિવસ છે અને મંગળવાર છે.'

એટલે ખંડમાં ચારેકોર પોતાની પ્રેમદષ્ટિ ફેરવીને મહર્ષિ દયાનંદજીએ ગંભીર ધ્વનિથી વેદપાઠ આરંભ્યો. એમનો આત્મા જાણે સકળ સામર્થ્યથી અને સકળ મધુરતાથી સુંદર ને કલ્યાણકારી સત્ય ગાન કરવા લાગ્યો.

વેદગાન પછી સ્વામીજીએ સંસ્કૃતમાં પરમાત્મ–સ્તુતિ કરી. પછી હિંદીમાં પ્રાર્થના કર્યા બાદ પોતે ગાયત્રીનો જપ કરવા લાગ્યા :

'ॐ भूर्भूवः स्वः तत्सवितुवरेण्यम् भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ! '

પછી પોતે નિશ્ચલ રૂપે સમાધિમાં રહ્યા. એમની દિવ્ય મૂર્તિ જાણે સુપ્રભાતની મંગળતા પ્રેરી રહી હતી.

સાંજે છ વાગવાનો વખત થયો. સ્વામીજી સમાધિમાંથી જાગ્રત થયા. પોતાની આંખો ઉઘાડીને દયાનંદજીએ પ્રાર્થના કરી :

'હે દયામય ! હે સર્વશકિતમાન ઈશ્વર ! તારી એ જ ઇચ્છા છે. સાચે જ તારી એ ઇચ્છા છે. તારી જ ઇચ્છા પૂરી થાઓ ! અહા ! પરમેશ્વર ! તેં સુંદર લીલા કરી છે !'

એટલી પ્રાર્થના કરીને મહર્ષિએ પોતાના પ્રાણને બ્રહ્માંદાર ઉપર ચડાવવા માંડયો અને થોડો વાર પછી ॐ પ્રણવનાદ સાથે પ્રાણ બહાર કાઢી નાખ્યો !

એ સંધ્યાએ ભારતભરનાં ઘેર ઘેર દિવાળીના શુભ પર્વ નિમિત્તે

દીપમાળાઓ પ્રકટી હતી અને એ જ સંધ્યાએ ભારતના પનોતા પુત્ર મહર્ષિ દયાનંદજીનો જીવનદીપ બ્રહ્મધામમાં પરમ જ્યોતિમાં લય પામી ગયો.

મહર્ષિ દયાનંદજીની ઉંમર તે વખતે ૫૯ વર્ષની હતી. ઈ. સ. ૧૮૮૩નાં ઑક્ટોબરની ૩૦ મીની સાંજે તેઓ ચિરવિદાય પામ્યા.

દયાનંદજી ખરેખર મૃત્યુંજય મહાત્મા હતા. પોતાના દેહનો અંત આણનારને પણ તેમણે અંતઃકરણપૂર્વક ક્ષમા આપી અને તેને વાટખરચી આપીને દૂર મોકલી દીધો ! તેઓ તો મરીને અમર થઈ ગયા.

આવા મહાન આત્માને ખૂબ ખૂબ વંદન હો !

ॐ शांतिः शांतिः शांतिः ।

□